દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૨

અધ્યાય ૨૦ થી ૪૦

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# દત્તપ્રણતિ

યસ્મિન્નોતંપ્રોતમશેષં જગદેતદ્
યજ્જં યત્સ્થં ચાન્તે યસ્મિંલ્લયમેતિ ।
વાચાગમ્યં વેદનરૂપં ત્રિગુણેશં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

પ્રાદુર્ભૂતં હ્યત્રિતપઃ કિં જગદર્થે
કિં હ્યનસૂયાપાતિવ્રત્યં ફલિતં તત્ ।
મૂર્તામૂર્તાતીતંજાતં હ્યજમેનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

અગ્નિર્યદ્ દત્તં તૃણમેકં ન શશાક
દગ્ધું વાયુર્હ્યુત્થાપયિતું સ્વબલેન ।
જ્ઞાતું ચેન્દ્ર-વિરોચન-પ્રમુખાઃ પ્રજ્ઞાનં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

એકોડહં સ્યાં બહ્વિતિ ભૂતોડનેકો યો
ભક્તાધીનો ભાવનરૂપો ગુરુરાદ્યઃ ।
યન્નિઃશ્વસિતં શાસ્ત્રમખણ્ડં નિગમાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

કાન્તં કારુણ્યાબ્ધિમકામં કમનીયં
દાન્તં દેવેડ્યં દમ્ભારિં દકદાભમ્ ।
શાન્તં સર્વેશં શમરૂપં શફરાક્ષં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

અગ્નિશ્ચૈકો યત્પ્રતિકાષ્ઠે વિવિધઃ સ્યાદ્
યદ્વચ્ચામ્ભઃ પાત્રવિભેદે બહુરૂપમ્ ।
તદ્વત્ તદ્ તદ્ રૂપમરૂપં વિભુમેકં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

યદ્ભાસા રવિચન્દ્રમસૌ તૌ ભાસ્વન્તૌ
યં ભાસયિતું નો શક્તૌ તૌ સ્વબલેન ।
યં ભાન્તં હ્યનુભાતિ સમસ્તં તડિદાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥



રંગ અવધૂત મહારાજ

દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૨

અધ્યાય ૨૦ થી ૪૦

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૨૫૪૫ ૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ' રંગ-પ્રેમની**
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમ જયંતી સમિતિ
'વરેણ્યમ્',
૬/એ, કલ્પતરુ સોસાયટી,
અંકુર, અમદાવાદ. ૩૮૦ ૦૧૩.
(૦૭૯-૨૭૪૮૦૦૮૮)

આવૃત્તિ : દ્વિતીય
અધિકશ્રાવણ એકાદશી, ૨૦૬૦.
બુધવાર, તા. ૨૮-૦૭-૨૦૦૪.

પ્રત : ૫૦૦.


શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી

શ્રી દિલીપ ર. ભટ્ટના સૌજન્યથી

ત્રીસ રૂપિયા



માલાકમંડલુરધઃ          કરપદ્મયુગમે
મધ્યસ્થ પાણિયુગલે ડમરુ ત્રિશૂલે ।
યસ્ત સ્ત ઊર્દ્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્ક યુક્તમ્ ॥



## મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥



# આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભક્તો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્વિક આનંદ પણ મળે છે પરંતુ તેઓ ઘણા દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણા ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભક્તો મુશ્કેલી અનુભવતા હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આજ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભક્તો તેમના કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાના-મોટા ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં ગઇ સાલ પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દૃષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ . એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવા કાર્યો કરવાની મતિ, શક્તિ અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથનું પ્રકાશન શ્રી દિલીપભાઇ ભટ્ટ તેમના માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડે છે તે અનુકરણીય છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઉતરો તેવી મનીષા સહ.

ૐ

**પ્રેમ**

અવધૂત કુટિર
લીંચ (૩૮૪૪૩૫)
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

# આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છેકારણકે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણીવાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા,પરંતુ તે બધાંએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા.કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ.પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **ગદ્યં કવીનાં નિકષં વદન્તિ** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રીકુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદુ છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

વડોદરા

- ધીરુભાઇ જોષી

# શ્રદ્ધાંજલિ

## | માતાપિતૃચરણકમલેભ્યો નમઃ |

મારા પિતાશ્રી ડૉ. રણજીતભાઇ ભટ્ટને બે કાકા હતા. એકનું નામ છગનકાકા અને બીજાનું નામ ફરસરામ. છગનકાકા ભરૂચમાં સ્કૂલ શિક્ષક તરીકેની નોકરી કરતા હતા. નસીબજોગે બન્ને કાકા નિ:સંતાન હતાં.

પ.પ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના દર્શનાર્થે તથા આશીર્વાદ મેળવવા માટે મારા બન્ને કાકાને પ.પૂ. ગાંડા મહારાજ ગરુડેશ્વર લઇ ગયા હતા. એ વખતે મારા પિતા શ્રી રણજીતભાઇની ઉંમર ઘણી નાની હતી. તેઓને પણ સ્વામી મહારાજના દર્શન કરવાનો લ્હાવો મળ્યો હતો. અને આને કારણે જ પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજે એમને ગુરુબંધુ માનીને એમને સેવાનો ઘણો લાભ આપ્યો. અમારું સમગ્ર કુટુંબ દર્શન માટે તેમ જ પ્રાર્થના કરવાના ઉદ્દેશથી વર્ષમાં અનેક વાર ગરુડેશ્વર જતું હતું.

સને ૧૯૪૬માં પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ સૂરત પધાર્યા હતા ત્યારે મારા પિતાશ્રીને પ્રથમ દર્શનનો લાભ મળ્યો હતો. એ પછી પૂ. શ્રી જ્યારે જ્યારે સૂરત પધારતા ત્યારે અમારા ઘરે મુકામ કરતા. અમારું આ મોટું સદ્‌ભાગ્ય ગણાય. પ.પૂ. બાપજી પણ પોતાનું ઘર સમજીને જ પધારતા. અમારા કુટુંબ ઉપર આશીર્વાદના પ્રતિકરૂપ પૂ. શ્રી અવધૂતજીનો મુકામ જ્યારે પણ સૂરત કે ડુમસમાં હોય ત્યારે મારા માતૃશ્રી પૂ. સૌ. શશીકાન્તા બેન પૂ.શ્રીને હંમેશાં ભિક્ષા કરાવતા. અમારા ઘરમાં અમે નાના મોટા બધા મારી બાને ‘ભાભી’ કહીને બોલાવતા તેથી પૂ. શ્રી અવધૂત બાપજી પણ એમને ‘ભાભી’ કહીને જ બોલાવતા. મારા બા સાલસ સ્વભાવના અને નિર્મળ હૃદયના હતા.

મારા પિતાશ્રીએ દત્ત સંસ્થાન, ગરુડેશ્વરના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સને ૧૯૪૦ થી ૧૯૮૦ સુધી સેવા આપી હતી. ગરુડેશ્વરના અનેક જટીલ પ્રશ્નોને ઉકેલવામાં પ.પૂ. શ્રી રંગ બાપજી મારા પિતાશ્રીને માર્ગદર્શન આપતાં અને મદદરૂપ બનતાં. મારા પિતાશ્રીને મન પણ પૂ. શ્રી બાપજીનું વાક્ય એ બ્રહ્મવાક્ય હતું.

પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે એમણે ઉપયોગમાં લીધેલી છાટી, વાપરેલો રૂમાલ અને અભિમંત્રિત ચાંદીની નાની પાદુકા આપીને અમારા કુટુંબ ઉપર કૃપાનો વરસાદ વરસાવ્યો હતો અને અમોને વિશિષ્ટ કૃપાને પાત્ર બનાવ્યા હતા. આ બધો અમૂલ્ય અમૃતમયી વારસો મારા પિતાશ્રીના બન્ને કાકા દ્વારા મળ્યો હતો.

મારા પિતાશ્રી ઉપર ભગવાનની અસીમ કૃપા હતી જેનો લાભ અમને મળ્યો અને અમે પ.પૂ. રંગ અવધૂત બાપજીના ઘણા નિકટના સંપર્કમાં આવ્યા. પૂ. શ્રીના ડુમસના મુકામ દરમ્યાન મને પણ સાથે રહેવાનો લાભ મળ્યો. પૂ. શ્રી સાથે દરિયા કિનારે ફરવા જવાનું મળતું અને પૂ. બાપજી ત્યાં ધ્યાનમાં બેસતા એના દર્શનનો લાભ મળતો. મારી વિનંતી સ્વીકારીને પૂ. શ્રીએ મને ધ્યાનનો ફોટો લેવા દીધો અને ફોટા ઉપર લાલ સહીથી ‘ભક્તિર્દંભો વિના ભાવમ્’ પણ લખી આપ્યું. એ જ રીતે એક બીજું પણ મહામૂલું સંભારણું મને પ્રાપ્ત થયું. પૂ. શ્રીનો એવો ફોટો કે જેમાં પૂ. શ્રી ખુરશીમાં બિરાજમાન છે. પાટલા ઉપર પાદુકા છે. વલ્કલ વસ્ત્રો પહેર્યા છે અને હાથમાં દંડ છે.

જેમના પુણ્ય પ્રતાપે આજે અમારી છેલ્લી ત્રણ પેઢી પર પ.પ. સ્વામી મહારાજના, પ.પૂ. શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજના અને પૂ. શ્રી પ્રેમ અવધૂતજીના અમોઘ અને અજસ્ર આશીર્વાદો વરસી રહ્યા છે એ માતા-પિતાના સ્મરણાર્થે

આ પુસ્તકનું પ્રકાશન કરતા મને ખૂબ ખૂબ આનંદની અનુભૂતિ થાય છે. આ અમી વર્ષામાં ભિંજાતા અમોને આંખના આંસુ વધુ ભીંજવે છે. આવા હર્ષાશ્રુ પણ ભાગ્યવંતની આંખમાં જ આવે છે. અમારી આ શ્રદ્ધાંજલિ અમારા માતા-પિતાના ચરણકમલમાં ભાવપૂર્વક અર્પીએ છીએ.

પ.પ. સ્વામી મહારાજની છાટી, રૂમાલ અને અભિમંત્રિત પાદુકાને અમે જીવની જેમ હજી જાળવી રાખ્યા છે. ત્રણે ગુરુના અને માતા-પિતાના આશીર્વાદ અને કૃપાના બળે અમે આવા વધુને વધુ સત્કાર્યો કરતા રહીએ એ જ પ્રાર્થના.

•દિલીપ ર. ભટ્ટ.

•સૌ. હર્ષિદા દિ. ભટ્ટ.

# ગદ્યકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યાંતરનો બીજો ભાગ અધ્યાય ૨૦થી૪૦ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્‌ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રી ગુરુલીલામૃતનું ગદ્યાંતર-ભાગ ૧ ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગ્યું.

આ ગ્રંથમાં અધ્યાય ૨૦થી૪૦નું ગદ્યાંતર અને પાદટીપ ઉપરાંત વાચકને થોડી વધારાની માહિતિરૂપે ત્રણ, ચાર, પાંચ જેવા અંકોને ધ્યાનમાં રાખીને વિશેષ માહિતિ આપી છે. આશા છે કે વાચકવર્ગને ગમશે.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ. ધીરુભાઇએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે. અમેરિકાના વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય કાઢીને એમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે કે એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

ગદ્યાંતર ભાગ ૧ અને પૂ. પ્રેમ અવધૂતજીએ આપેલા આશીર્વચન અને શ્રી ધીરુભાઇએ લખેલ આવકાર પણ આ ભાગ માટે સ્વીકાર્યા છે. બન્ને મહાનુભાવોનો ઋણ સ્વીકાર કરું છું. શ્રીગુરુલીલામૃતના ગદ્યાંતરના જે કાંઇ પ્રયત્નો થયાં એમાં મારા દ્વારા થયેલું ગદ્યાંતર પ્રકાશિત થયું એની પાછળ પૂ.પ્રેમ અવધૂતજીનો આદેશ જ માત્ર કારણરૂપ છે. શ્રીહરિભાઇ કોઠારીનું આ વિધાન આ વાતની પ્રતીતિ કરાવે છે.

**"મહાપુરુષના આદેશથી સર્જાયેલા વાઙ્‌મયમાં સહજ પ્રાસાદિકતા સ્વયં ભળે છે."**

પૂ. પ્રેમ અવધૂતજીએ આદેશ કર્યો કે તમે શ્રીગુરુલીલામૃતનું ગદ્યાંતર કરો એ આદેશ જ મારે માટે કામધેનુ, કલ્પતરુ અને ચિંતામણી બની ગયો. **સત્કાર્યમાં નિમિત્ત બનવાની આપણી તૈયારી આપણામાં સંતોના આશીર્વાદને ઝીલવાની ક્ષમતા અને પ્રભુકૃપાને જીરવવાની પાત્રતા નિર્માણ કરે છે** એવું શ્રી હરિભાઇ કોઠારીનું વિધાન મારા જીવનમાં સાચું પડો એવી પ્રભુને અને ગુરુમહારાજને પ્રાર્થના.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું અંકે કરવામાં મદદ કરનાર મુ. શ્રી ટી. આર. જોષી સાહેબનો અને મુ. નવનીતભાઇ પાઠકનો ઋણી છું. મુ. અનિલભાઇના સાથ, સહકાર અને હૂંફને યાદ કર્યા વિના કેમ ચાલે? સૌ. અંજનીની તથા કુટુંબીજનોની મદદને પણ બિરદાવું છું. ગ્રાફિક્સનું કામ કરનાર મારા ભત્રીજા રવીશ ઉપાધ્યાયનો તથા મુદ્રણકાર્ય કરાવી એને વ્યવસ્થિત પુસ્તક આકારે મૂકવામાં મદદરૂપ બનનાર પ્રેસના માલિક શ્રી ઇન્દ્રવદનભાઇ પટેલનો પણ આભારી છું. વાચકોના અભિપ્રાયો આવકારું છું.

**કુલીન ગ. ઉપાધ્યાય.**

વરેણ્યમ્
૬/એ, કલ્પતરુ,
અંકુર, અ'વાદ. (૩૮૦ ૦૧૩)
(૦૭૯-૭૪૮૦૦૮૮).

## એક = એક

૧. બ્રહ્મ : એક, અદ્વિતીય.

## દ્વિ = બે

૧. દ્વિજ : બે વાર જન્મે તે- બ્રાહ્મણ અને પક્ષી.

૨. દ્વિપક્ષ : શુકલ પક્ષ (અજવાળિયું-સુદ) અને કૃષ્ણ પક્ષ (અંધારિયું-વદ).

૩. બે વંશ : સૂર્યવંશ અને ચંદ્રવંશ.

૪. દ્વિ-અયન : ઉત્તરાયણ અને દક્ષિણાયન. (મકર રાશિમાં સૂર્ય પ્રવેશે ત્યારથી મિથુનના અંત સુધી ઉત્તરાયણ અને કર્ક રાશિથી ધન રાશિ પૂરી થાય ત્યાં સુધી-દક્ષિણાયન.)
છ રાશિ = એક અયન.

૫. દ્વિ-ધ્રુવ : ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ.

૬. બે પ્રકારની ઉપાસના : નિર્ગુણ ઉપાસના અને સગુણ ઉપાસના.

૭. બે પ્રકારના સંન્યાસ : વિવિદિષા સંન્યાસ અને વિદ્વત્સંન્યાસ.

## ત્રિ = ત્રણ

૧. ત્રિદેવ (ત્રિમૂર્તિ) : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.

૨. ત્રિગુણ : ત્રણ ગુણ : સત્ત્વ, રજસ્ અને તમસ્ .

૩. ત્ર્યવસ્થા :ત્રણ અવસ્થા : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ (અથવા બાલ્ય, યુવાની અને વૃદ્ધ)

૪. ત્રિકાલ : ત્રણ કાળ : ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ. (અથવા સવાર, બપોર અને સાંજ.)

૫. ત્રિજગત (ત્રિભુવન) : ત્રણ દુનિયા : સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ.

૬. ત્રિ-દેહ : સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ.

૭. ત્રિતાપ : આધિ, વ્યાધિ અને ઉપાધિ.

૮. ત્રિદંડ : વાગ્દંડ, મનોદંડ અને કાયાદંડ.

૯. ત્રિદોષ : વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષના પ્રકોપથી થતો રોગ.

૧૦. ત્રિપાઠી : વેદનો પાઠ કરવાની સંહિતા, પદ અને ક્રમ એ ત્રણે રીતો જાણનાર બ્રાહ્મણ.

૧૧. ત્રિપુર : મય દાનવે રાક્ષસો માટે આકાશ, અંતરિક્ષ અને પૃથ્વી પર બાંધેલા અનુક્રમે સોના, ચાંદી અને લોખંડના ત્રણ નગર (પુર).

૧૨. ત્રિવર્ગ : ધર્મ, અર્થ અને કામ. (ક્ષય, સ્થિતિ અને વૃદ્ધિ.)

૧૩. ત્રિવેણી : ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ; ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ.

૧૪. ત્રિસંધ્યા : સવાર, બપોર અને સાંજે કરવામાં આવતી સંધ્યા.

૧૫. ત્રિસ્થળી : કાશી, પ્રયાગ અને ગયા એ ત્રણ સ્થળ.

૧૬. પ્રસ્થાનત્રયી : વેદધર્મના પાયારૂપ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા એ ત્રણનો સમૂહ.

૧૭. ત્રિવેદી : ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમ ત્રણ વેદને જાણનાર.

૧૮. ત્રણ બંધ : મૂલ બંધ, જાલંદર બંધ અને ઉડ્ડિયાન બંધ.

૧૯. ત્રણ ગ્રંથી : બ્રહ્મગ્રંથી, વિષ્ણુગ્રંથી અને રુદ્રગ્રંથી.

૨૦. ત્રણ લક્ષણા : જહદ્‌લક્ષણા, અજહદ્‌લક્ષણા, જહદજહદ્‌લક્ષણા.

૨૧. તત્ત્વજ્ઞાનના ત્રણ પાયા : જ્ઞાન, કર્મ અને ઉપાસના.

૨૨. ત્રણ પ્રકારના સ્વર : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત.

૨૩. જ્ઞાનપ્રાપ્તિ માટે
ત્રણ વસ્તુ દૂર કરવી : મળ, વિક્ષેપ અને આવરણ.

૨૪. બ્રહ્મના ત્રણ નામ : ૐ, તત્‌ અને સત્‌.

૨૫. ત્રણ પ્રકારની એષણા : લૌકૈષણા, પુત્રૈષણા અને વિત્તૈષણા.

૨૬. જગત્‌ઉત્પત્તિના
ત્રણ વાદ : આરંભવાદ, પરિણામવાદ અને વિવર્તવાદ.

## ચતુ: = ચાર

૧. ચતુરાશ્રમ : ચાર આશ્રમ : બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત.

૨. ચતુર્વાવાક્ : ચાર પ્રકારની વાણી : પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી.

૩. ચતુર્દિશા : પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર.

૪. ચતુર્વર્ગ (પુરુષાર્થ) : **ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.**

૫. ચતુર્વેદ : **ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.**
↓ ↓ ↓ ↓
ચતુર્ઉપવેદ : આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને અર્થવેદ.

૬. ચતુર્યુગ : ચાર યુગ : સત્ય(કૃત)યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ.

૭. ચતુર્માસ : અષાઢ સુદ ૧૧ થી કારતક સુદ ૧૧ વચ્ચેના ચાર માસ.
(અષાઢ સુદ ૧૧= દેવશયની અથવા દેવપોઢી એકાદશી)
(કારતક સુદ ૧૧= દેવ પ્રબોધિની એકાદશી અથવા દેવ ઊઠી એકાદશી)

૮. ચતુર્વર્ણ : ચાર વર્ણ- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.

૯. ચતુરંગિણી સેના : હાથીદળ, અશ્વદળ, પાયદળ અને રથવાળી સેના.

૧૦. ચારધામ : જગન્નાથપુરી, સેતુબંધ-રામેશ્વર, દ્વારિકા અને બદ્રી કેદાર.

૧૧. સાધન ચતુષ્ટય : વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણુ એવા ચારે સાધનોનો સમૂહ.

૧૨. અંત:ચતુષ્ટય : અંત:કરણના ચાર પ્રકાર. ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર.

૧૩. યોગના ચાર મુખ્ય આસન : સ્વસ્તિકાસન, પદ્માસન, ભદ્રાસન અને સિદ્ધાસન.

૧૪. ચાર મહાવાક્યો : અહં બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનં બ્રહ્મ, અયમાત્મા બ્રહ્મ અને તત્ત્વમસિ.
↓ યજુર્વેદ ↓ ઋગ્વેદ ↓ અથર્વવેદ ↓ સામવેદ

૧૫. ચાર યોનિ : સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ.

૧૬. ચાર પ્રકારની સ્ત્રી : પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની.

૧૭. ચાર પ્રકારની હઠ : બાલહઠ, સ્ત્રીહઠ, રાજહઠ અને યોગીહઠ.

૧૮. ચાર પ્રકારના કર્મો : નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને પ્રાયશ્ચિત.

૧૯. ચાર પ્રકારના ભક્તો : અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની.

૨૦. ચાર પ્રકારની મુક્તિ : (૧) સાલોક્ય (પોતાના ધામમાં રાખવું) (૨) સામીપ્ય (પોતાની પાસે રાખવું) (૩) સાયુજ્ય (જોડે રાખવું) (૪) સારૂપ્ય (પોતાનું રૂપ આપવું)

૨૧. ચાર પ્રકારના પ્રલય : નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત અને આત્યંતિક.

૨૨. ચાર પ્રકારના બ્રહ્મચર્ય : કૃષ્ણ બ્રહ્મચર્ય, રક્ત બ્રહ્મચર્ય, શુક્લ બ્રહ્મચર્ય અને વિમલ બ્રહ્મચર્ય.

૨૩. ચાર પ્રકારના પુરુષો : પામર, વિષયી, જિજ્ઞાસુ અને મુક્ત.

૨૪. અનુબંધ ચતુષ્ટય : અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન.

૨૫. ચાર વેદનાં ચાર ઋત્વિજો : ઋગ્વેદનો ઋત્વિજ **હોતા** કહેવાય છે જે ભગવાનનું આવાહન કરે છે. યજુર્વેદનો ઋત્વિજ **અધ્વર્યુ** કહેવાય જેનું કામ આવેલા દેવોને આહુતિ આપવાનું છે. સામવેદનો ઋત્વિજ **ઉદ્ગાતા** કહેવાય અને તેનું કામ દેવોને પ્રસન્ન કરવાનું છે. અથર્વવેદનો ઋત્વિજ **બ્રહ્મા** કહેવાય છે. તેનું કામ ઉપરના ઋત્વિજો પર ધ્યાન રાખવાનું છે.

## પંચ = પાંચ

૧. પંચામૃત : પાંચ અમૃત- દૂધ, દહીં, ઘી, મધ અને સાકરનું મિશ્રણ.

૨. પંચાયતન દેવ : પાંચ દેવ : ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ અને શિવ.

૩. પંચાજીરી : સૂંઠ, ખસખસ, અજમો, કોપરું અને સવાના ભૂકામાં ખાંડ મેળવીને કરેલું મિશ્રણ.

૪. પંચભૂત : આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી.

૫. પંચપ્રાણ : પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન.

૬. પંચ ઉપપ્રાણ : નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય.

૭. પંચ બાણ : (પંચ શર) : કામદેવના પાંચ બાણ : અરવિંદ (કમળ), અશોક (આસોપાલવ), નવમાલિકા, આંબામોર અને નીલોત્પલ.

૮. પંચભદ્ર : કાળજું, મોં, પીઠ, પડખું અને કેડ આગળ ભમરો હોય તેવો ઘોડો.

૯. પંચભાગ : બ્રાહ્મણને રસોઇ માટે આપવા માટેની જુદી કાઢેલી સીધાની વસ્તુ : લોટ, ચોખા, દાળ, ઘી અને મીઠું.

૧૦. પંચ મહાયજ્ઞ : દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને નૃયજ્ઞ.

૧૧. પંચવટી : પાંચ ઝાડનો સમૂહ : પીપળો, બીલી, વડ, આંબલી અને અશોક (આસોપાલવ).

૧૨. પંચાગ્નિ : ગાર્હપત્ય, આહ્‌વનીય, દક્ષિણ, સભ્ય અને આવાસ્થ્ય. (અથવા ચાર બાજુ ચાર ધૂણીનો તાપ અને પાંચમો માથે સૂર્યનો તાપ)

૧૩. પંચગવ્ય : ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ.

૧૪. પંચક : ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી રેવતીના અંત સુધી આવતાં પાંચ નક્ષત્રો.

૧૫. પંચકલ્યાણી : ચાર પગ અને કપાળ એમ પાંચ ભાગ ધોળા હોય એવું શુભ ચિહ્નવાળું પશુ.

૧૬. પંચકેશ : શરીરના પાંચ ભાગના વાળ : માથું, ઉપલો હોઠ (મૂછ), બે બગલ અને ગુહ્યેન્દ્રિય.

૧૭. પંચકોશી : મોટા તીર્થની આસપાસની પાંચ કોશની જમીન. (એક કોશ = દોઢ માઇલ.)

૧૮. પંચ કોશ : અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ.

૧૯. પંચજ્ઞાનેન્દ્રિય : કાન, ત્વચા (ચામડી), આંખ, જીભ અને નાક.

૨૦. પંચ કર્મેન્દ્રિય : વાણી, હાથ, પગ, લિંગ અને ગુદા.

૨૧. પંચાંગ : વાર (૭), તિથિ (૧૬), નક્ષત્ર (૨૭), યોગ (૨૭) અને કરણ (૧૧) એવા પાંચ અંગ દર્શાવતું ટીપણું.

૨૨. પંચોપચાર : પૂજાના પાંચ ઉપચાર : ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય.

૨૩. પંચ મહાપાતક : પાંચ મોટા પાપ : બ્રાહ્મણની હત્યા કરવી, દારૂ પીવો, ગુરુની પત્નીને ભગાડી લઇ જવી, સોનાની ચોરી કરવી અને આ ચારનો સંગ કરવો.

૨૪. પંચતીર્થ : બ્રાહ્મણના જમણા હાથે આવેલા પાંચ તીર્થો : વહ્નિતીર્થ, બ્રાહ્મતીર્થ, પિતૃતીર્થ, દેવતીર્થ અને આર્ષતીર્થ.

૨૫. પંચ વિષય (પંચ તન્માત્રા) : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

૨૬. શ્રીપાંચ : ધન, ધાન્ય, પશુ, પુત્ર અને દીર્ઘાયુષ એવી પાંચ શોભા. (કોઇના નામની પૂર્વે માનવાચક લખાતો પૂર્વગ.)

૨૭. પંચીકરણ : આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ દરેક તત્ત્વમાં એના સિવાયના ચાર તત્ત્વો ભેળવીને દરેકમાં પાંચે તત્ત્વના અંશો ભેગા કરવાની ક્રિયા.

૨૮. ચિત્તની પાંચ પ્રકારની વૃત્તિઓ : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ.

૨૯. ઇંદ્રિયોનાં પાંચ રૂપ : ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય, અર્થવત્વ.

૩૦. પંચપર્વા અવિદ્યાના નામ : અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.

૩૧. પુરાણના પાંચ અંગો : (૧) સર્ગ (સૃષ્ટિની ઉત્પત્તિ), (૨) પ્રતિસર્ગ, (૩) વંશો, (૪) મન્વંતરો અને (૫) વંશાચરિત્ર.

૩૨. આતતાયીના પાંચ લક્ષણો : આગ લગાડનાર, વિષ દેનાર, હાથમાં શસ્ત્ર લઈ મારવા આવનાર, ધન લઈ લેનાર અને ભૂમિ તથા સ્ત્રીનું હરણ કરનાર.

## ષટ્ = છ

૧. ષટ્કર્મ : (છ કર્મ) : (અ) બ્રાહ્મણના છ કર્મ : ભણવું (અધ્યયન) અને ભણાવવું (અધ્યાપન); દાન કરવું અને દાન સ્વીકારવું (પ્રતિગ્રહ); યજન (યજ્ઞ કરવો) અને યાજન (યજ્ઞ કરાવવો).
(બ) તાંત્રિક છ કર્મ : જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન અને વિધ્વંસન.
(ક) યોગના છ કર્મ : ધૌતિ, બસ્તી, નેતિ, નૌલિ, ત્રાટક અને કપાલભાતી.

૨. ષટ્ચક્ર : મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહદ, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર.

૩. ષટ્સંપત્તિ : શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

૪. ષડંગ : વેદના છ અંગ : શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ.

૫. ષડ્ઋતુ : હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ.

૬. ષડ્દર્શન : સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિક, મીમાંસા અને વેદાંતદર્શન.

૭. ષડ્રસ (ષડ્રસ) : મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો.

૮. ષડ્રિપુ (ષડ્રિપુ) : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

૯. ષડ્વિકાર : અસ્તિ, જાયતે, વર્ધતે, પરિણમતિ, ક્ષયતિ, નશ્યતિ (નાશ થવો.).

૧૦. ષડૈશ્વર્ય : જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, યશ, વીર્ય અને શ્રી એવા છ (ષડ્) ઐશ્વર્ય (ઇશ્વરીય ગુણ).

૧૧. ષડ્લિંગ : છ લિંગ : ઉપક્રમ-ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ અને ઉપપતિ.

૧૨. ષડ્પ્રમાણ : પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ.

## સપ્ત = સાત

૧. સપ્તર્ષિ (સાત ઋષિ) : મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ.

૨. સપ્તદ્વિપ (સાત ટાપુ) : જમ્બુદ્વીપ, કુશદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિ દ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ.

૩. સપ્તલોક : ભૂલોક, ભુવર્લોક, સ્વલોક, મહઃલોક, તપલોક, જનલોક અને સત્યલોક.

૪. સપ્તપાતાલ : અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, મહાતલ અને પાતાલ.

૫. સપ્તસમુદ્ર : લવણ, ઇક્ષુરસ, સુરા, ઘૃત, ક્ષીર, દધિ અને શુદ્ધોદક.

૬. સપ્તસ્વર : ષડ્જ (સા), ઋષભ (રે), ગાંધાર (ગ), મધ્યમ (મ), પંચમ (પ), ધૈવત (ધ) અને નિષાદ્ (નિ)

૭. સાત ઈતિ (દૈવી ઉત્પાત)ઓ : અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મૂષકા: (ઉંદરડા), શલભા (તીડ), સ્વચક્રં અને પરચક્રં.

૮. સપ્તદેવ : બ્રાહ્મણના જમણા કાને આવેલા સાત દેવો : અગ્નિ, જળ, આકાશ, વરુણ, વાયુ, ચંદ્ર અને સૂર્ય.

૯. સપ્તપુરી : સાત પુરી : અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવન્તીકા (ઉજ્જૈયીની), દ્વારકા.

૧૦. સાત વાર : સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ.

૧૧. સપ્ત ધાતુ : શરીરમાં રહેલી સાત ધાતુ (દ્રવ્ય) : રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર.

૧૨. જ્ઞાનની સાત ભૂમિકા : શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થ ભાવિની અને તુર્યાવસ્થા.

૧૩. સાત નરક : અવિચિ, મહાકાલ, અંબરિષ, રૌરવ, મહારૌરવ, કાલસૂત્ર અને અંધતામિસ્ર.

## અષ્ટ=આઠ

૧. અષ્ટસિદ્ધિ : અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિતા અને વશિતા.

૨. અષ્ટમંગલ : રાજ્યાભિષેક વખતે જરૂરી ગણાતી આઠ મંગલ વસ્તુ : બ્રાહ્મણ, અગ્નિ, ગાય, સુવર્ણ, ઘૃત (ઘી), સૂર્ય, જળ અને રાજા. **અથવા** સિંહ, વૃષભ (આખલો), ગજ, પાણીથી ભરેલો કુંભ, પંખો, નિશાન, વાદ્ય અને દીપ (અથવા બ્રાહ્મણ).

૩. અષ્ટકલ્યાણી : આઠ શુભ ચિહ્નવાળો (ઘોડો) : ચાર પગ, કપાળ, છાતી, ખાંધ અને પૂછડી જેના ધોળા હોય તે.

૪. અષ્ટગુણ : બ્રાહ્મણોમાં જરૂરી એવા આઠ ગુણ : દયા, ક્ષમા, અનસૂયા, શૌચ, અનાયાસ મંગલ, અકાર્પણ્ય અને અસ્પૃહા.

૫. અષ્ટદ્રવ્ય : યજ્ઞમાં જરૂરી એવા આઠ દ્રવ્યો : પીપળો, ઉમરો (ઔદુંબર), પીપળ, ખાખર તથા વડ એ પાંચ વૃક્ષના સમિધ, તલ, ખીર અને ઘી.

૬. અષ્ટધાતુ : સોનું, રૂપું, તાંબુ, કથીર, પીતળ, સીસું, લોઢું અને પારો.

૭. અષ્ટપૂજા દ્રવ્ય : પાણી, દૂધ, દહીં, ઘી, મધ, દર્ભ, ચોખા તથા તલ.

૮. અષ્ટ પ્રધાન : આઠ પ્રકારના મંત્રી : પ્રધાન, અમાત્ય, સચિવ, મંત્રી, ધર્માધ્યક્ષ, ન્યાયશાસ્ત્રી, વૈદ્ય અને સેનાપતિ.

૯. અષ્ટ મહારોગ : વાત, અશ્મરી (પથરી), કૃચ્છ, મેહ, ઉદર, ભગંદર અને અર્શ.

૧૦. અષ્ટાંગ યોગ : યોગના આઠ અંગ : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ.

૧૧. સાષ્ટાંગ : આઠ (અષ્ટ) અંગ સાથે (સ) માથું, આંખ, હાથ, છાતી, પગ, જાંઘ, મન અને વાણી.

૧૨. અષ્ટ વસુ : ધર, ધ્રુવ, સોમ, અહ અથવા વિષ્ણુવા સાવિત્ર, અનિલ, અનલ, પ્રત્યુષ અને પ્રભાસ.

૧૩. અષ્ટ સૌભાગ્ય : સૌભાગ્યના આઠ ચિહ્ન : સેંથામાં સિંદૂર, કપાળે ચાંલ્લો, આંખમાં કાજળ, નાકે વાળી, કાનમાં કંઇક, કોટ (ગળા)માં કીડિયાસેર, હાથમાં ચૂડો કે બંગડી અને પગમાં અક્ષ્ણાસિયાં (કલ્લા.).

૧૪. અષ્ટ મૂર્તિ : પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને ઋત્વિજ એવા આઠ રૂપવાળા ભગવાન શંકર.

## નવમ્ = નવ

૧. નવખંડ : પૌરાણિક ભૂગોળ પ્રમાણે પૃથ્વીના નવ ખંડ : ઇલાવૃત્ત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્મય અને ઉત્તરકુરુ.
બીજા મત પ્રમાણે : ભરત, વર્ત, રામ, દ્રામાલા, કેતુમાલ, હિરે, વિધિવસ, મહિ અને સુવર્ણ.

૨. નવગ્રહ : સોમ (ચંદ્ર), મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રવિ (સૂર્ય), રાહુ અને કેતુ.

૩. નવધા ભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

૪. નવરત્ન : હિરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું અને નીલમ.
ભોજ રાજાના દરબારના નવરત્ન : કાલિદાસ, ધન્વંતરિ, ક્ષપણક, અમર, શંકુ, વેતાલ, ઘટકર્પર, વરાહમિહિર અને વરરુચિ.

૫. નવરસ : કાવ્યશાસ્ત્રના નવ રસ : શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત.

૬. નવદ્વાર : શરીરમાં આવેલા નવ દ્વારો : બે આંખ, બે કાન, બે નસકોરા, મોઢું, ઉપસ્થ અને ગુદા.

૭. નવનિધિ : કુબેરના નવ ભંડાર : મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલા, ખર્વ.

૮. પ્રાણાયામના નવ ભેદ : (૧) અનુલોમ વિલોમ, (૨) સૂર્યભેદન, (૩) ઉજ્જાયી, (૪) શીતલી, (૫) સીત્કારી, (૬) ભસ્ત્રા અથવા ભસ્ત્રિકા, (૭) મૂર્છા, (૮) પ્લાવિની અને (૯) ભ્રામરી.

૯. યોગમાં આવતા નવ પ્રકારના વિઘ્નો : વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધ ભૂમિકત્વ અને અનવસ્થિતત્વ.

## દશમ્ = દસ

૧. દશે દિશા : પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તર એ ચાર દિશા; અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઇશાન એ ચાર ખૂણા અને ઉપર તેમજ નીચે મળીને દશ દિશા.

૨. દશાવતાર : મત્સ્ય (માછલી), કૂર્મ (કાચબો), વરાહ (ડુક્કર), નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ.

૩. દશ યમ : અહિંસા, સત્ય, અસ્તેય, દયા, બ્રહ્મચર્ય, આર્જવ, ક્ષમા, ધૃતિ, મિતાહાર અને શૌચ.

૪. દશ નિયમ : તપ, સંતોષ, આસ્તિક્ય, શ્રવણ, દાન, પૂજન, શ્રદ્ધા, હ્રીં, વ્રત અને જપ.

૫. દશવિધનાદ : (૧) ચિણી (કિણી), (૨) ચિંચિણી (કિંકિણી), (૩) ઘંટનાદ, (૪) શંખનાદ, (૫) વિણાનાદ, (૬) કાંસીજોડા (ઝાંઝ), (૭) વેણુનાદ, (૮) ભેરીનાદ, (૯) મૃદંગનાદ અને (૧૦) મેઘનાદ.

૬. દશ વિશ્વેદેવો : ક્રતુ, દક્ષ, વસુ, સત્ય, કામ, કાલ, ધ્વનિ, રોચક, આર્દ્રવા અને પુરૂરવા.

## એકાદશ = અગિયાર

૧. એકાદશ રુદ્ર : અજૈકપાત્, અહિર્બુધ્ન, વિરૂપાક્ષ, સુરેશ્વર, જયંત, બહુરૂપ, ત્ર્યંબક, અપરાજિત, વૈવસ્વત, સાવિત્રી અને હર (શંકર).

૨. અગિયાર કરણ (પંચાંગનું એક અંગ) : બલ, બાલવ, કૌલવ, તૈતિલ, ગર, વણિજ, વિષ્ટિ, શકુની, ચતુષ્પદ, નાગ અને કિસ્તુઘ્ન.

## દ્વાદશ = બાર

૧. દ્વાદશ જ્યોતિર્લિંગ : સોમનાથ, કાશી વિશ્વનાથ, મલ્લિકાર્જુનમ્, ઘૃષ્ણેશ્વર, નાગેશં, રામેશ્વર, ત્ર્યંબકેશ્વર, વૈજનાથ, મહાકાલેશ્વર, ભીમાશંકર, કેદારેશ્વર, ૐકારેશ્વર.

૨. દ્વાદશ આદિત્ય : ધાતા, મિત્ર, અર્યમા, રુદ્ર, વરુણ, સૂર્ય, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ.

૩. બારાક્ષરી : બાર સ્વરો : અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ .

૪. બાર રાશિ : મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન. (નક્ષત્ર ૨૭ ÷ રાશિ ૧૨ ∴ સવા બે નક્ષત્ર = એક રાશિ.)

૫. બાર મહિના : કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો.

૬. દ્વાદશ સાધ્યદેવ : મન, મતા, પ્રાણ, નર, અપાન, વીર્યવાન, વિનિર્ભય, નય, દંસ, નારાયણ, વૃષ અને પ્રભુ.

## ચતુર્દશ: = ચૌદ

૧. ચૌદ ભુવન : (ભવન કે લોક) : ભૂલોક, ભૂવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક કે બ્રહ્મલોક, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

૨. ચૌદ રત્ન : લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરિ, ચંદ્રમા, કામદુધા, ઐરાવત, રંભા, સાતમુખી ઘોડો, ઝેર, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ અને અમૃત.

૩. ચૌદ વિદ્યા : ચાર વેદ, છ વેદાંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ.) અને ધર્મ, પુરાણ, ન્યાય અને મીમાંસા.

૪. ઇંદ્રિયો (પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય) અને અંત:કરણ (ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર)ના દેવો- કુલે ચૌદ દેવો :

| ઇંદ્રિય | દેવ | ઇંદ્રિય | દેવ | ઇંદ્રિય | દેવ |
|---|---|---|---|---|---|
| શ્રોત્ર (કાન)------- | દિશા | વાણી -------- | અગ્નિ | ચિત્ત -------- | નારાયણ |
| ત્વચા (ચામડી)-------- | વાયુ | હાથ ------- | ઇંદ્ર | મન ---------- | ચંદ્રમા |
| નેત્ર (આંખ)-------- | સૂર્ય | પગ ------- | વિષ્ણુ | બુદ્ધિ ---------- | બ્રહ્મ |
| જીભ (રસના)------- | વરુણ | ગુદા -------- | યમ | અહંકાર ------- | રુદ્ર |
| નાસિકા (નાક)------- | પૃથ્વી | શિશ્ન ------- | પ્રજાપતિ. | ------ | |

૫. ચૌદ મનુ : સ્વાયંભુવ, સ્વારોચિષ, ઔત્તમિ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ, દક્ષ સાવર્ણિ, બ્રહ્મ સાવર્ણિ, ધર્મ સાવર્ણિ, ઇંદ્ર સાવર્ણિ, દેવ સાવર્ણિ અને રુદ્ર સાવર્ણિ.

## ષોડશ: = સોળ

૧. ષોડશોપચાર પૂજન : આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનીયં, સ્નાનં, વસ્ત્રં, યજ્ઞોપવિત, ગંધ, અલંકાર, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ અને પ્રદક્ષિણા.

૨. દત્તના ષોડશ અવતાર : શ્રીયોગીરાજ, શ્રીઅત્રિવરદ, શ્રીદત્તાત્રેય, શ્રીકાલાગ્નિશમન, શ્રીયોગીજન વલ્લભ, શ્રીલીલાવિશ્વંભર, શ્રીસિદ્ધરાજ, શ્રીજ્ઞાનસાગર, શ્રીવિશ્વંભર અવધૂત, શ્રીમાયામુક્ત અવધૂત, શ્રીમાયાયુક્ત અવધૂત, આદિગુરુ, શ્રીશિવરૂપ, શ્રીદેવદેવ, શ્રીદિગંબર અને શ્રીકૃષ્ણ શ્યામ કમલ-નયન.

૩. ચંદ્રની ષોડશકલા : સુદ અને વદની પડવાથી ચૌદસ સુધીની ચૌદકળા, પૂનમ અને અમાસ.

૪. ષોડશ સંસ્કાર : બ્રાહ્મણને અપાતા સોળ સંસ્કાર : ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, વિષ્ણુબલિ, સિમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, સૂર્યાવલોકન, અન્નપ્રાશન, ચૂડાકર્મ, ઉપનયન, ગાયત્ર્યુપદેશ, સમાવર્તન, લગ્ન અને અગ્નિસંસ્કાર (અંત્યેષ્ટિ).

## અઢાર

૧. અઢાર પુરાણો : (૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) શિવપુરાણ, (૫) ભાગવતપુરાણ, (૬) નારદીય પુરાણ, (૭) માર્કંડેય પુરાણ, (૮) અગ્નિપુરાણ, (૯) ભવિષ્યપુરાણ, (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ, (૧૧) લિંગપુરાણ, (૧૨) વરાહપુરાણ, (૧૩) સ્કંદપુરાણ, (૧૪) વામનપુરાણ, (૧૫) કૂર્મપુરાણ, (૧૬) મત્સ્યપુરાણ, (૧૭) ગરુડપુરાણ અને (૧૮) બ્રહ્માંડપુરાણ.

## સત્તાવીસ

**૧. સત્તાવીસ નક્ષત્ર** :

| | | |
|---|---|---|
| ૧. અશ્વિની | ૧૦. મઘા | ૧૯. મૂલ |
| ૨. ભરણી | ૧૧. પૂર્વા ફાલ્ગુની | ૨૦. પૂર્વાષાઢા |
| ૩. કૃતિકા | ૧૨. ઉત્તરા ફાલ્ગુની | ૨૧. ઉત્તરાષાઢા |
| ૪. રોહિણી | ૧૩. હસ્ત | ૨૨. શ્રવણ |
| ૫. મૃગશિર્ષ (હરિણી) | ૧૪. ચિત્રા | ૨૩. ધનિષ્ઠા |
| ૬. આર્દ્રા | ૧૫. સ્વાતિ | ૨૪. શતતારા |
| ૭. પુનર્વસુ | ૧૬. વિશાખા | ૨૫. પૂર્વા ભાદ્રપદા |
| ૮. પુષ્ય | ૧૭. અનુરાધા | ૨૬. ઉત્તરા ભાદ્રપદા |
| ૯. આશ્લેષા | ૧૮. જ્યેષ્ઠા | ૨૭. રેવતી |

**૨. સત્તાવીસ યોગ** :

| | | |
|---|---|---|
| ૧. વિષ્કુંભ | ૧૦. ગંડ | ૧૯. પરિઘ |
| ૨. પ્રીતી | ૧૧. વૃદ્ધિ | ૨૦. શિવ |
| ૩. આયુષ્યમાન્ | ૧૨. ધ્રુવ | ૨૧. સિદ્ધ |
| ૪. સૌભાગ્ય | ૧૩. વ્યાઘાત | ૨૨. સાધ્ય |
| ૫. શોભન | ૧૪. હર્ષણ | ૨૩. શુભ |
| ૬. અતિગંડ | ૧૫. વજ્ર | ૨૪. શુક્લ |
| ૭. સુકર્મા | ૧૬. સિદ્ધિ | ૨૫. બ્રહ્મા |
| ૮. ધૃતિ | ૧૭. વ્યતીપાત્ | ૨૬. ઐંદ્ર |
| ૯. શૂલ | ૧૮. વરીયાન્ | ૨૭. વૈધૃતિ |

## ચોસઠ કળા

૧. ગાવાની કળા
૨. વાદ્ય વિદ્યા
૩. નૃત્યકળા
૪. નાટ્યકળા
૫. ચિત્રકળા
૬. બેલ-બૂટે બનાવવું
૭. ચોખા-ફૂલથી પૂજાની સામગ્રી રચવી
૮.ફૂલોની સેજ બનાવવી
૯. દાંત, વસ્ત્ર અને અંગોને રંગવાની કળા
૧૦. મણિયોંની ફર્શ બનાવવી
૧૧. પથારી તૈયાર કરવી
૧૨. પાણીને રોકી દેવું
૧૩. વિચિત્ર સિદ્ધિ બતાવવી
૧૪. હાર-માળા વગેરે બનાવવા
૧૫. કાન અને માથાના ફૂલના ઘરેણા બનાવવા
૧૬. કપડા અને આભૂષણો તૈયાર કરવા
૧૭. ફૂલના આભૂષણોથી શ્રૃંગાર કરવો
૧૮. કાનોના પત્તોની રચના
૧૯. તેલ, અત્તર સુગંધીદાર વસ્તુ બનાવવી
૨૦. જાદુગરી-ઇંદ્રજાળ
૨૧. ઇચ્છા પ્રમાણે વેષ લેવાની કળા
૨૨. હાથ કારીગરીનું કામ
૨૩. ભાત ભાતની સામગ્રી તૈયાર કરવી
૨૪. ભાત ભાતના પીણાં તૈયાર કરવા
૨૫. સીવણકળા
૨૬. કઠપૂતળી બનાવવી, નચાવવી
૨૭. ઉખાણા પૂછવાની કળા
૨૮. પ્રતિમા વગેરે બનાવવાની કળા
૨૯. કૂટનીતિ
૩૦. ગ્રંથો ભણાવવાની હોશિયારી
૩૧. નાટક, વાર્તા લખવા
૩૨. સમસ્યાની પૂર્તિ કરવી
૩૩. પટ્ટી, બેંત, બાણ બનાવવું
૩૪. ગાલિચા વગેરે બનાવવા
૩૫. બઢઇની કારીગરી
૩૬. ઘર વગેરે બનાવવાની કળા
૩૭. સોનું, ચાંદી, રત્ન, માણેકની પરીક્ષા-કળા
૩૮. સોનું, ચાંદી વગેરે બનાવવું
૩૯. મણિયોના રંગને પરખવાની કળા
૪૦. ખાણોની ઓળખ
૪૧. વૃક્ષોની સાર સંભાળ
૪૨. મરઘા-બતકા લડાવવાની કળા
૪૩. પોપટ-મેનાની બોલી બોલવી
૪૪. ઉચ્ચાટનની વિધિ
૪૫. વાળની સાફ-સુથરાઇ રાખવાની કળા
૪૬. મૂઠીમાં રાખેલી વસ્તુ અથવા મનની વાત કહી દેવી
૪૭. મલેચ્છના કાવ્યો સમજવા
૪૮. વિભિન્ન દેશોની ભાષાનું જ્ઞાન
૪૯. શુકન-અપશુકન જાણવાની કળા
૫૦. વિવિધ પ્રકારના માતૃકાયંત્ર બનાવવા
૫૧. રત્નોને જુદા જુદા આકારમાં કાપવા
૫૨. સાંકેતિક ભાષાની રચના કરવી
૫૩. મનમાં કટક રચના કરવી
૫૪. નવી નવી વાતો બનાવવી

૫૫. છળથી કામ ઉકેલવું

૫૬. બધા કોશોનું જ્ઞાન

૫૭. બધા છંદોનું જ્ઞાન

૫૮. વસ્ત્રો સંતાડવાની અથવા બદલવાની વિદ્યા

૫૯. દ્યુત ક્રીડા

૬૦. દૂર રહેલા મનુષ્ય અથવા વસ્તુઓને આકર્ષવી

૬૧. બાળકોની રમતની જાણકારી

૬૨. મંત્ર વિદ્યા

૬૩. વિજય પ્રાપ્ત કરાવનારી વિદ્યા

૬૪. વેતાલ વગેરેને વશમાં રાખવાની વિદ્યા


●

|| શ્રી ગણેશાય નમ: ||

# અનુક્રમણિકા

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યાંતર.



| અનુ. નં. | વિગત | દોહરા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અધ્યાય-૨૦ | ૧૨૦ | ૧-૬ |
| ૨. | અધ્યાય-૨૧ | ૧૧૬ | ૭-૧૨ |
| ૩. | અધ્યાય-૨૨ | ૧૫૮ | ૧૩-૨૦ |
| ૪. | અધ્યાય-૨૩ | ૧૧૮ | ૨૧-૨૬ |
| ૫. | અધ્યાય-૨૪ | ૧૮૪ | ૨૭-૩૬ |
| ૬. | અધ્યાય-૨૫ | ૧૩૦ | ૩૭-૪૩ |
| ૭. | અધ્યાય-૨૬ | ૧૨૪ | ૪૪-૪૯ |
| ૮. | અધ્યાય-૨૭ | ૧૨૪ | ૫૦-૫૫ |
| ૯. | અધ્યાય-૨૮ | ૧૬૫ | ૫૬-૬૨ |
| ૧૦. | અધ્યાય-૨૯ | ૧૧૫ | ૬૩-૬૮ |
| ૧૧. | અધ્યાય-૩૦ | ૧૨૮ | ૬૯-૭૫ |
| ૧૨. | અધ્યાય-૩૧ | ૧૪૨ | ૭૬-૮૫ |
| ૧૩. | અધ્યાય-૩૨ | ૧૧૫ | ૮૬-૯૩ |
| ૧૪. | અધ્યાય-૩૩ | ૧૩૦ | ૯૪-૯૯ |
| ૧૫. | અધ્યાય-૩૪ | ૯૮ | ૧૦૦-૧૦૫ |
| ૧૬. | અધ્યાય-૩૫ | ૧૧૮ | ૧૦૬-૧૧૧ |
| ૧૭. | અધ્યાય-૩૬ | ૧૩૫ | ૧૧૨-૧૧૭ |
| ૧૮. | અધ્યાય-૩૭ | ૧૩૫ | ૧૧૮-૧૨૪ |
| ૧૯. | અધ્યાય-૩૮ | ૧૬૮ | ૧૨૫-૧૩૧ |
| ૨૦. | અધ્યાય-૩૯ | ૯૨ | ૧૩૨-૧૩૬ |
| ૨૧. | અધ્યાય-૪૦ | ૧૦૨ | ૧૩૭-૧૪૫ |



**પ્રેમ અવધૂત (લીંચ)**

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રંગાશયજ્ઞં સ્મિતયુતવદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબંધું શરણગતજન-પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરૈફમ્ ॥

# ઋણ સ્વીકાર



સ્વ. ડૉ. રણજીતભાઈ જ. ભટ્ટ
(M. B. B. S.)
[જન્મઃ ૧૨ જાન્યુ. ૧૯૦૬] [મૃત્યુ : ૩ માર્ચ ૧૯૮૬]



સ્વ. સૌ. શશિકાન્તાબેન ર. ભટ્ટ
[જન્મઃ ૧૬ ફેબ્રુ. ૧૯૧૪] [મૃત્યુ : ૨૦ ઓગષ્ટ ૧૯૭૧]

રમાસૂનુ તણી કૃપા શક્તિ અંતરમાં ભરો,
વણ પ્રીછી પ્રભુ ભક્તિ શિર છત્ર બની રહો.
રંગાજી જીવને આવ્યા કાંતિ શાંતિ વધારતા,
શત શત વંદના આજે તારક એ પરિવારનાં.
રંગનીપ્રતિભા ઝીલે બેલડી ધનભાગી એ,
પ્રેમની શહનાઈ એ નન્દ નન્દન સાંભળે.

ડૉ. દિલીપ ર. ભટ્ટ
ડૉ. હર્ષિદા દિ. ભટ્ટ
(અમેરિકા)

# વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઇને હાથમાં,
તું પાન કર, પીવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત **વાસુદેવ**ના શ્રીપાદપદ્મે વંદના. ..... (૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગ**ના ચરણારવિંદે વંદના. ..... (૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીના છાંટણા,
એ સદ્‌ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. ..... (૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્‌લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. ..... (૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઇ ગાણગાપુર વાડીમાં કંઇ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભકતો, હર્યા વળી દુ:ખડા કંઇ રંકના,
**શ્રીપાદ નૃસિંહ સરસ્વતી**નાં પદસરોજે વંદના. ..... (૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસોમહી,
સુકાન લઇને હાથમાં, જે સાચવે પડખે રહી,
કયાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
**પાગલ પ્રકાશાનંદ**ના આ ચરણકમળે વંદના. ..... (૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ**,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણુ,
જેણે સિંચ્યા **સંસ્કાર** એ માતા **જયા**ની અર્ચના,
એવા રૂડા માતા-પિતાના ચરણકંજે વંદના. ..... (૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લ્હાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી **રંગ**ને, સહુની કરું હું વંદના. ..... (૮)

**- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.**

## અધ્યાય : ૨૦

આ અધ્યાયનું નામ '**અર્જુનરાજ્યાદિવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

આ અધ્યાયમાં દત્તાપ્રભુ અર્જુનને એક દિવસ માટે આરામ કરવાનું અને ભોજન કર્યા પછી ફરી સમાધિમાં બેસવાનું સૂચવે છે. (૧-૬).

પછી અર્જુન ગુફામાં જઇ ત્રણ માસ, છ માસ અને છેલ્લે એક વરસ સુધી સમાધિમાં બેઠો. (૭-૯). પછી દત્તાપ્રભુએ એને માથે હાથ ફેરવી જગાડ્યો અને એને રાજ્યમાં જવા સમજાવ્યો. (૧૦-૧૭). અર્જુનને જવાનું ગમતું ન હતું તેથી દત્તાપ્રભુએ તેને શા માટે જવું જોઇએ તે સમજાવ્યું. લોકોને શીખવાનું મળે એ રીતે એણે જીવવું એવું પણ સમજાવ્યું. (૧૮-૫૪). નગરમાં જતાં એનું ભવ્ય સ્વાગત થયું. રાજ્યાસન પર બેસી લોકશિક્ષણ માટે યોગ્ય કર્મો કરવા માંડ્યો. (૫૫-૮૭). કર્કોટક-સુતો સાથે યુદ્ધ કરી તેને હરાવ્યા. નર્મદામાં જલક્રીડા કરતો હતો તેથી ક્રોધે ભરાયેલા પશ્ચિમ સાગરને પરાજિત કર્યો. (૮૮-૧૦૦). દત્તાનો અત્યંત પ્રિય ભક્ત અને અનાસક્ત એવો અર્જુન શેષ પ્રારબ્ધ ભોગવી રહ્યો હતો. અને દેવો તેનાથી ડરી તેનું સત્ત્વહરણ કરવાનું વિચારતા હતા. (૧૦૧-૧૨૦).

અલખ નિરંજનને કહે છે, દયાઘન એવા દત્તાપ્રભુએ અર્જુનને ઊઠાડીને કહ્યું કે હવે તારા હૃદયમાં શી ઇચ્છા છે તે તું જલદીથી કહે. એટલે અર્જુન બોલ્યો કે હે ગુરુવર ! આપ જે આજ્ઞા કરશો તે મારે શિરોમાન્ય છે. (૧-૨). જો આપ આજ્ઞા કરો તો જઇને ધ્યાનમાં બેસું અને આ (આપનું) સગુણ સ્વરૂપ ધ્યાનમાં જોઇને કૃત કૃત્ય (ધન્ય ધન્ય) થઇ જઉં.(૩). દત્ત ભગવાને કહ્યું કે આજે સ્નાન વગેરેથી પરવારીને, સંધ્યા વગેરે કરીને ભોજન લે અને આજે આરામ કર. 'ભલે', એમ કહીને અર્જુને ભાવપૂર્વક ચરણવંદના કરી. (૪-૫). સંધ્યા વગેરે પોતાનાં કર્મથી પરવારીને પ્રસાદ (ભોજન) લઇને (અર્જુને) ભગવાનની સેવામાં દિવસ પસાર કર્યો. (૬). બીજે દિવસે પોતાનાં નિત્ય કર્મથી પરવારીને, સદ્‌ગુરુ ચરણમાં વંદન કરીને ગુફામાં ગયો. (૭). સિદ્ધાસન સાધીને તરત જ ચિત્તાને શાંત, ઇંદ્રિયોની ચંચળતા વિનાનું (સમાહિત) કર્યું. ત્રણ માસ સુધી સતત એ સમાધિ રહી. (૮). પછી ફરી પાછો છ માસ સુધી મન શાંત કરીને રહ્યો અને ફરી પાછું વરસ થવા છતાં પણ ઊઠ્યો નહિ. (૯). એ જોઇને દત્તાપ્રભુ બોલ્યા કે આ (અર્જુન) જાતે ઊઠે એમ લાગતું નથી. એટલે એના માથા પર હાથ મૂકીને પ્રભુએ એને પરાણે ઉઠાડ્યો. (૧૦). પ્રયત્નપૂર્વક અર્જુન દેહભાન ઉપર આવ્યો. તો પણ ઇંદ્રિયો તો સ્વસ્વરૂપમાં લીન જ રહી. (૧૧). એનું ચિત્ત પાછું ફરતું નથી એ જાણીને ગુરુ દત્તે પોતાના સંકલ્પબળે એની બધી ઇંદ્રિયો (અક્ષગણ= ઇંદ્રિયોનો સમૂહ)ને ફેરવી નાંખી અને પ્રયત્નપૂર્વક એનું અંગ (શરીર) હલાવ્યું તેથી ધીરે ધીરે દેહભાન પર આવીને અર્જુને આંખ ઉઘાડી. (૧૨-૧૩). કરોડો કામદેવના સ્વરૂપ જેવી ગુરુમૂર્તિ પાસે જ ઊભી હતી. એ જોઇને ચરણકમળમાં વંદન કરીને રાજા તલ્લીન થઇ ગયો. (૧૪). સમાધિનું સુખ ભૂલીને, એની દૃષ્ટિ, જેમ માખી મધ પર ચોંટી જાય તેમ મુખ પર ચોંટી ગઇ અને મુગ્ધ બનીને જોયા કર્યું. (૧૫). એ અનુપમ રૂપ જોઇને રાજા તન્મય થઇ ગયો અને લાકડાની પૂતળીની જેમ પાછો નિશ્ચેષ્ટ થઇ ગયો. (૧૬). આ જોઇને સદ્‌ગુરુએ પ્રેમથી એનો હાથ ઝાલીને એને ઢંઢોળીને જાગ્રત કર્યો અને કહ્યું કે હે અર્જુન ! તું ખરેખર મારો સાચો ભક્ત છે. હવે તારે કશું કરવાનું રહ્યું નથી. હવે તું તારા પોતાના સ્થાને (રાજ્યમાં) જઇને ભાવથી મારું ભજન કર. (૧૭-૧૮). મારું વચન માનીને અનાસક્ત ભાવથી અને ન્યાયપૂર્વક રાજ્યમાં રહીને યોગ્ય રીતે પ્રજાનું પાલન કર. (૧૯).

દત્તાપ્રભુનાં વચન સાંભળીને અર્જુન બોલ્યો કે હવે કયાં જવાનું અને કયાં આવવાનું? હવે મન માનતું નથી. (૨૦). (સમાધિસુખરૂપી) અમૃત છોડીને (રાજ્યાદિ સુખ-વૈભવની) રસ વગરની કાંજીનું કોણ સેવન કરે? હે સદ્‌ગુરુજી ! આ અક્ષયપદ આપનાર મોક્ષને શું કામ છોડું? (૨૧). દત્ત ભગવાને કહ્યું કે હવે તું કૃતાર્થ (ધન્ય) થઇ ગયો છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. છતાં હે રાજા ! આ સનાતન ધર્મ તું છોડીશ નહિ. (૨૨). સ્વ સ્વરૂપમાં પોતાનું ચિત્ત રાખીને, પોતાના વર્ણાશ્રમ ધર્મને અનુરૂપ કર્મો કરવાં અને આ રીતે થતાં કર્મોથી (બાહ્યાચારથી) બંધન થતું નથી. (૨૩). સ્વાભાવિક રીતે સ્વધર્માનુસાર વર્તવાથી લોકોને શીખવાનું મળે છે અને એ બહાને પરોપકાર થાય છે અને પરિણામે વિશ્વનો નાશ થતો અટકાવે છે. (૨૪). (સિદ્ધ પુરુષો જો કર્મ કરવાનું બંધ કરી દે તો) સિદ્ધ પુરુષોનું જોઇને લોકો પણ એ રીતે જ વર્તવાનું શરૂ કરશે અને એનાથી બધે અનાચાર ફેલાશે અને કુળનો નાશ થશે. (૨૫). માટે જ્ઞાની પુરુષે હંમેશાં પોતાનાં નિત્ય કર્મો કરતા રહેવું જોઇએ. પોતાના વર્ણાશ્રમ કર્મનો કદી પણ ત્યાગ કરવો જોઇએ નહિ. (૨૬). કોઇ વાર લોકોની ઉપાધિ ટાળવા માટે જ્ઞાની પુરુષ અનાસકત રહીને બાહ્ય દષ્ટિથી વિપરીત જણાય એવું વર્તન કરે પણ ખરા. (૨૭). પરંતુ એ લોકો કયાંય પણ મોહિત થતા નથી. એવા જીવન્મુકતોને ધન્ય છે. ત્રણે ભુવનમાં એવી કોઇ વસ્તુ નથી જે એમને મોહ પમાડી શકે. (૨૮). કદાચ નદી (વહેતી હોય તેનાથી) ઊંધી દિશામાં વહે, કદાચ ખારો સમુદ્ર મીઠો થઇ જાય, કદાચ સૂર્ય ઠંડો થઇ જાય પણ જ્ઞાની પુરુષ કદી પણ ચલાયમાન થતો નથી. (૨૯). કદાચ ઝાડ મનુષ્યને જન્મ આપે, કીડી હાથીને જન્મ આપે (આ બધું તદ્દન અશકય છે પણ માનો કે શકય બને) તો પણ જ્ઞાની એને આશ્ચર્યરૂપ માનતો નથી. (જ્ઞાનીની સ્થિતિમાં ફેરફાર થતો નથી.) (૩૦). જેમ માનસહંસ પાણીનું ખાબોચિયું જોઇને આકર્ષાતો નથી તેમ આત્મામાં આનંદ પામનાર (આરામ મેળવનાર) જ્ઞાની વિશ્વથી મોહ પામતો નથી. (૩૧). (જ્ઞાની) નહિ કરવાનાં કર્મો દોષબુદ્ધિથી છોડી દેતો નથી અને શાસ્ત્રે કરવાનાં કહેલાં કર્મો ગુણબુદ્ધિથી નાના બાળકની જેમ કરતો નથી. (૩૨). એ કદી પુણ્ય મળે એવાં કર્મો કરે તો સ્વર્ગમાં જતો નથી અને પાપ કર્મો કરે તો નરકમાં જતો નથી. એ મુકત પુરુષ એનાથી લેપાતો નથી. (૩૩). હંમેશાં અંતર્નિષ્ઠ રહેનાર એ આત્મતૃપ્ત અને આત્મજ્ઞ સ્વપ્નમાં પણ મમત્વ ધરાવતો નથી. એ બધું કરવા છતાં કશું પણ કરતો નથી. (૩૪). એ કર્મ કરવાનો આગ્રહી પણ નથી અને એ રીતે કર્મ ન કરવાનો પણ આગ્રહી નથી. એ કર્મ અને અકર્મ બન્નેથી પર છે અને નિષ્કામ કર્મમાં જ રહે છે. (૩૫).

આમ છતાં પણ એણે પુણ્ય મળે એવાં કાર્યો કરવામાં જ રત રહેવું જોઇએ અને કયારેય પણ કોઇનો પણ બુદ્ધિથી ભેદ કરવો જોઇએ નહિ. (ભેદદ્દષ્ટિ જ બધાં દુ:ખનું મૂળ છે.) (૩૬). શ્રેષ્ઠ પુરુષો જેવું આચરણ કરે છે તેને પ્રમાણ માનીને અન્ય લોકો પણ તેનું અનુકરણ કરે છે. (એ રીતે જ વર્તે છે.) (૩૭). ચિત્તને લક્ષમાં રાખીને અંતર્નિષ્ઠ અને અસંગવૃત્તિથી જંગલમાં અને લોકોની વચ્ચે અવળા ઢંગ છોડીને રહેવું. (૩૮). માટે હે રાજા ! તું રાજયમાં પાછો ફર અને પ્રારબ્ધાનુસાર પૃથ્વીનું સુખથી પાલન કર. (૩૯). દેવોને યજ્ઞોથી, પિતૃઓને શ્રાદ્ધથી અને બ્રાહ્મણોને દાનથી સંતોષીને, તું પ્રેમપૂર્વક પ્રજાનું પાલન કર. (૪૦). બ્રાહ્મણને ગાયો, જમીન, વસ્ત્ર, ધન, રથ, સોનું વગેરે આપીને એમને સંતુષ્ટ કર અને ગરીબ તેમજ અંધજનોનું તું જલદીથી જઇને પાલન કર. (૪૧). વારે વારે આવીને તું મારું દર્શન કરી જજે તેમજ રાજય કરે ત્યારે પણ હૃદયમાં મારું સ્મરણ કરતો રહેજે. (૪૨). તું આ પરમાનંદસ્વરૂપ કયારેય પણ ભૂલશે નહિ અને વ્યવહારમાં પણ તું મુકત રહીશ એ મારું વચન તું સત્ય માન. (૪૩). હંમેશાં અંતર્નિષ્ઠ રહીને જે કર્મ આવી પડે તે કર્મ તું કરજે. આ રીતે તું નિર્લેપ અને અકર્મ રહેવાથી તને પાપ-પુણ્ય સ્પર્શશે નહિ. (સાચા સંતો) સંકલ્પો કરી, તેની પૂર્તિ માટે કર્મો કરતા નથી પરંતુ સહજતાથી સામે આવી પડેલાં કર્મો નિષ્કામ ભાવથી કરે છે જે બંધનરૂપ બનતાં નથી. (૪૪). આત્મદષ્ટિથી તું જીવન્મુકત (જીવતે જીવ જ મુક્તિ મેળવનાર) થઇને તું સુખથી રહેજે અને તટસ્થભાવે (ઉદાસીનવત્) બાકીનું પ્રારબ્ધ

ભોગવી લેજે. (૪૫). છેવટે વિદેહમુક્તિ (દેહ છૂટયા પછીની મુક્તિ)થી તું મારા સ્વરૂપવાળો જ થઇ જઇશ. હે રાજા ! તું આનંદથી જા અને નીરોગી થઇને રહે. (૪૬). દત્ત ભગવાનનાં વચન સાંભળીને અર્જુન રાજી રાજી થઇ ગયો. સદ્‌ભાવપૂર્વક વંદન કરીને કહ્યું કે આ બધું જ મને માન્ય છે. (તમે કહો છો તે પ્રમાણે કરીશ.) (૪૭). પ્રભુનાં ચરણમાં વારંવાર વંદન કરવા લાગ્યો, આંખમાંથી પ્રેમનાં આંસુ વહી જાય છે, હૃદયમાં આનંદ સમાતો નથી અને તેથી એ કંઇ બોલી શકતો નથી. (૪૮). દેહભાન ભૂલીને જડની માફક ઊભો રહ્યો. એક ક્ષણ પછી જાગૃત થતાં ગળગળો થઇને કહેવા લાગ્યો કે અરેરે ! હવે ફરી કયારે આ ચરણોનાં દર્શન થશે? એમ કહીને મૂર્છા ખાઇને નીચે પડયો એટલે ગુરુરાય દોડયા.① (૪૯-૫૦). એને ભેટીને ક્ષણમાં સાવધ કરતાં કહ્યું કે હે અર્જુન! તું આમ મૂઢની જેમ કેમ કરે છે? (લાગણીશીલ થવું એ ગુણ ગણાય પણ લાગણીવેડા એ અવગુણ ગણાય.) (૫૧). તું મારું માનીને સુખેથી જા અને નિશ્ચિંત થઇ જા. તું જયારે પણ ચિંતન કરીશ ત્યારે તરત જ તારા હૃદયમાં આ ચરણ હાજર જ હશે. (૫૨). તને મારી આશિષ છે કે તારો મારા સ્મરણનો તાર તૂટશે નહિ. આવું કહીને ગુરુએ પ્રેમથી (અર્જુનના) મુખ પર હાથ ફેરવ્યો. (૫૩). ગુરુચરણનું સારી રીતે સ્મરણ કરીને અર્જુન હૃદયથી સ્વસ્થ થયો અને સદ્‌ભાવથી વંદન કરીને નગરમાં ગયો. (૫૪).

રાજયના મંત્રીઓએ પ્રેમથી સામૈયું કર્યું, આખી નગરી શણગારી અને મહોત્સવ મનાવ્યો. (૫૫). રાજમાર્ગ પર ચંદનજળ છાંટીને ગલીએ ગલીએ મોતીનાં તોરણો બાંધ્યાં. (૫૬). બધે ધજા અને પતાકા ફરફરે છે, મંગલદીપ શોભી રહ્યા છે, બ્રાહ્મણો આશીર્વાદના મંત્રો બોલી રહ્યા છે અને પાસે જ વાજિંત્રો વાગી રહ્યાં છે. (૫૭). ઠેર ઠેર અલંકારથી શોભતી વારાંગનાઓ (વેશ્યાઓ) નૃત્ય કરે છે અને ભાટ તથા બંદીજનો હર્ષથી યશોગાન કરે છે. (૫૮). નગરજનો જયજયકારની અખંડ ગર્જના કરે છે અને મંગલ દ્રવ્યો (અબીલ,ગુલાલ વગેરે) ઉડાડીને માન (આનંદ) પ્રદર્શિત કરે છે. (૫૯). નગરની બાલિકાઓ અગાસી પર ચઢી જઇને ધાણીથી (લાજા પુષ્પે) રાજાને વધાવી રહી છે. (૬૦). સોનાની થાળીમાં રત્નદીપ લઇને, લાંબા સમયના વિયોગનું દુ:ખ ભૂલીને, રાજસુંદરી આરતી કરી રહી છે. અર્જુનની એ સોળ હજાર રાણીઓ હાથમાં રત્નો લઇને આવી અને ચરણમાં વંદન કર્યા પછી એ રત્નો એના માથેથી ઓવારીને ચારે બાજુ વેરી દીધાં. ગરીબો રત્નો લૂંટીને પૈસાદાર થઇ ગયા અને પ્રેમથી આશીર્વાદ આપવા લાગ્યા. ('થયા ધનિક રંકો વીણી'નો બીજો અર્થ એવો પણ થઇ શકે કે આવાં કિંમતી રત્નોને વીણવા માટે પૈસાદારો પણ ગરીબ બનીને ગયા.) (૬૧-૬૩). આ પ્રમાણેના દબદબાપૂર્વકના સમારંભથી અર્જુન રાજમહેલમાં આવ્યો અને બધાને યથા યોગ્ય, એમના અધિકાર પ્રમાણે વસ્ત્ર અને અલંકારો (આભરણ) આપીને સંતોષીને વિદાય કર્યા અને પછી દત્તાની આજ્ઞા પ્રમાણે એણે રાજયની લગામ સંભાળી. (૬૪-૬૫).

વિશ્વમાં અનેક રૂપે ફરીને સાતે દ્વિપનું એ એકલે હાથે પાલન કરતો હતો. (૬૬). પોતાની ઇચ્છા પ્રમાણે પવનની જેમ કોઇ પણ જાતના અવરોધ વિના બધે ફરીને, દુષ્ટોને શોધીને એ શિક્ષા કરતો હતો અને સાધુ સંતોની રક્ષા કરતો હતો. (૬૭). પોતે બ્રહ્મનિષ્ઠ હોવા છતાં લોકોને શિક્ષણ મળે (શીખવાનું મળે) એ હેતુથી યજ્ઞ-યાગાદિ જેવાં વિધ વિધ કર્મો કરતો હતો.② (૬૮). સોનાની વેદીઓ તૈયાર કરાવી, સોનાના મંડપ બંધાવી, દેવોને અને ઋષિઓને નિમંત્રણ આપીને રાજાએ દશ હજાર યજ્ઞો ધામધૂમથી કર્યા અને ઋત્વિજ તરીકે વિદ્વાનોમાં શ્રેષ્ઠને પસંદ કરીને સોનાનાં દાન કર્યાં. (૬૯-૭૦). દિવ્ય અલંકારો સજીને દેવ દેવીઓ આ બધું જોવા માટે વિમાનમાં બેસીને ત્યાં આવ્યાં. (૭૧). અપ્સરાઓ નૃત્ય કરતી હતી, ગંધર્વો ગાન કરતા હતા, બ્રાહ્મણો વેદમંત્રોનો ઉચ્ચાર કરતા હતા અને એ રીતનો મહોત્સવ થઇ રહ્યો હતો. (૭૨). યજ્ઞોમાં પોતાનો ભાગ પામીને દેવો સંતુષ્ટ થયા. માગનારાનો આનંદ માતો નથી. નાના-મોટા બધા જ યાચકો રાજી રાજી થઇ ગયા. (૭૩). રાજાએ ધનના ભંડારો ખૂલ્લા મૂકી દીધા. જેને જેમ મનમાં આવ્યું તેમ ધન લૂટ્યું. બધા જ બ્રાહ્મણો સંતુષ્ટ થયા અને આશીર્વચન આપવા લાગ્યા. (૭૪). અપાર અન્નદાન કર્યું. રોજ રોજ નવાં નવાં પકવાન્ન

જમી બ્રાહ્મણો તૃપ્ત થયા અને અર્જુન સોનાથી શણગારેલી ગાયો, જમીન, સોનું, કન્યાદાન અને દક્ષિણા આપતો રહ્યો. (૭૫-૭૬). જ્યાં સિદ્ધિ જ સેવામાં ઊભી હોય ત્યાં શાની ખોટ હોય? ઊંચ અને નીચ બધાં સંતોષપૂર્વક રાજાની યશ-કીર્તિનાં ગાન ગાવા લાગ્યાં. (૭૭). આ રીતે અર્જુન ધર્માનુસાર રાજ્ય કરતો હતો. એના રાષ્ટ્રમાં ક્યારે પણ દુકાળ પડ્યો ન હતો. (૭૮). એના રાષ્ટ્રમાં સ્વપ્નમાં પણ કોઇનું અકાળે મૃત્યુ (અપમૃત્યુ) થતું ન હતું. ચોરી વ્યભિચારના ગુના થતા નહિં અને લોકો એવા ધાર્મિક હતા કે કોઇ અધર્મનું આચરણ કરતો નહિ. (૭૯). રાષ્ટ્રમાં કોઇ વાંઝણી સ્ત્રી (વંધ્યા) ન હતી કે કોઇ વિધવા સ્ત્રી પણ ન હતી. પ્રજા ધન અને ધાન્યથી બધી રીતે સંપન્ન હતી. (૮૦). પ્રજાનું પાલન કરવા માટે તે એકલો જ અનેક રૂપો લઇને હાથમાં શસ્ત્ર તેમજ અસ્ત્ર લઇને ફરતો હતો. (૮૧). કેવળ દષ્ટિ કરતાં જ એ સામી વ્યક્તિનું અંત:કરણ જાણી જતો અને દુષ્ટોને શિક્ષા કરતો તેમજ સજ્જનોનું પાલન કરતો હતો. (૮૨). શિક્ષાને પાત્ર ન હોય એવાને કદી શિક્ષા કરતો નહિ અને શિક્ષાને પાત્ર હોય એવાને કદી છોડતો નહિ (માફી આપતો નહિ). ન્યાયોચિત શિક્ષા કરવામાં કોઇની પણ શેહ શરમ રાખતો નહિ. (૮૩). કોઇ પણ દિવસ ક્રોધથી કે લોભથી કોઇને મારતો નહિ. હૃદયમાં હંમેશાં નિર્વિકાર અને વિરક્ત રહેતો હતો. (૮૪). કોઇ કાન ભંભેરણી કરે (ખરું-ખોટું ભેરવે) તો પણ ક્યારેય તે માનતો નહિ (એટલે કે કાચા કાનનો ન હતો.) ધર્મનો જાણનાર એ (અર્જુન) શાસ્ત્રોચિત વર્તન કરતો હતો. (૮૫). પૂજ્ય વ્યક્તિ (પૂજ્ય એટલે પૂજા કરવાને લાયક)ને પૂજતો અને ખૂબ માન-સન્માન આપતો. બ્રાહ્મણોને પોતાના પ્રાણ ગણીને હૃદયથી પગે લાગતો હતો. (૮૬). આવો વિષયમાં વિરક્ત એવો એ જીવનમુક્ત હતો અને ચિત્તામાં દત્તાનાં ચરણનું ચિંતન કરીને રાજ્યમાં આસક્ત થતો ન હતો. (૮૭).

એક દિવસ મનની મરજી પ્રમાણે ફરતાં ફરતાં એણે દુરાચારમાં રત એવા કર્કોટક નામના નાગના પુત્રોને જોયા. (૮૮). ઝડપથી એમની પાસે જઇ દારુણ યુદ્ધ કરી, એ બધાને કેદ કર્યા અને એમનું રાજ્ય હરી લીધું. (૮૯). એ સ્થળે નગર વસાવીને પછી નર્મદાને કિનારે આવ્યો. સ્ત્રીના સમૂહની સાથે એ ધીરપુરુષ આનંદથી જળક્રીડા કરવા લાગ્યો. (૯૦). ન ભાંગી શકાય એવો પુલ એક હજાર હાથથી ઝડપથી રચી દઇને, નદીનો પ્રવાહ પૂર્વ દિશામાં વાળી દઇને, ઇચ્છા પ્રમાણે આનંદ કરવા લાગ્યો. (નર્મદા પશ્ચિમ દિશામાં વહીને પશ્ચિમ સાગરને મળે છે. પ્રવાહની આખી દિશા જ પલટી નાંખી.) (૯૧). હજાર સ્ત્રીઓની વચ્ચે અર્જુન અનાસક્ત ભાવે ક્રીડા કરતો હતો અને એ જોઇને સુરવરો ડોલતા હતા. (દંગ થઇ જતા હતા.) (૯૨). ચકિત થયેલો દેવોનો સમૂહ પોતાના વિમાનને થોભાવીને બીકથી આ જલક્રીડા જોતો હતો અને અપ્સરાઓ પણ મુગ્ધ થઇ ગઇ હતી. (૯૩). આ ક્રીડાને જોઇને કિન્નરીઓ મૂર્છિત થઇ ગઇ અને તેમની પાટલીની ગાંઠ પણ છૂટી ગઇ અને શરીર પર પોતાનો કાબૂ ના રહ્યો. (૯૪). આ બધું જોઇને પશ્ચિમ સાગર (નર્મદાપતિ) અંતરમાં ખૂબ જ કોપાયમાન થયો અને ક્ષોભપૂર્વક એકદમ ઝડપથી દોડ્યો. (૯૫). અર્જુનના દેહ પર એણે દોડી આવીને એકદમ હુમલો કર્યો (ઊછળ્યો). આ જોઇને જ્ઞાની (સુજાણ) અર્જુન હસવા લાગ્યો. (૯૬). આ રીતે હસીને પછી ઝડપથી નિશ્ચલ થઇને એક હજાર હાથ ઊંચા કરીને અર્જુન કૂદ્યો અને સમુદ્રમાં પડી હાથથી તેને મારવા લાગ્યો. સમુદ્રનાં બધાં અંગોના ચૂરેચૂરા થતાં તે ભાગી ગયો. (૯૭-૯૮). જળચરો બધાં મરવા લાગ્યાં. પાતાળ ખળભળી ઊઠ્યાં અને નાગ વગેરે ગભરાઇ ગયા. આવો ન સહન થાય તેવો માર જોઇને સમુદ્ર (રત્નાકર) શરણે આવ્યો અને રત્નો આપીને અર્જુનની પૂજા કરવા લાગ્યો. (૯૯-૧૦૦). રાગ દ્વેષ રહિત એ અનાસક્ત રાજાએ એને અભયદાન આપીને વિદાય કર્યો. (૧૦૧). જેને વિષયાધ્યાસ જ નથી એને સ્ત્રીમાં શાની પ્રીત હોય? આમ છતાં પ્રારબ્ધ પ્રમાણે દેહ વર્તતો રહે છે એ ન સમજાય (ગૂઢ) એવી વાત છે. (૧૦૨). પાણીથી છલોછલ ભરેલા મહાસાગરમાં પ્રારબ્ધવશાત્ નદીઓ આવીને ભળે છે તો એ જેમ એને ધિક્કારતો નથી અને પોતાનામાં સમાવી લે છે તેમ જીવન્મુક્ત પણ અંતરથી હંમેશાં ઇચ્છા વિનાનો અને પૂર્ણપણે નિષ્કામ

હોય છે. પ્રારબ્ધવશ જે કાંઇ આવી મળે તે વિષયો એ ભોગવે છે પરંતુ એની ઇંદ્રિયો ચંચળ થતી નથી-ખળભળી ઊઠતી નથી અને એનું મન સંપૂર્ણપણે શાંત રહે છે. (૧૦૩-૧૦૫). જીવન્મુક્તો પથ્થરની જેમ બેસી રહે છે એવું જે માને છે તે મૂરખ છે. એને સાચી વાતની ખબર જ નથી. (૧૦૬). શાસ્ત્ર વગેરેથી પૂર્ણ જ્ઞાન અને અનુભવ થતાં તેમજ એ જ્ઞાન સુદૃઢ થતાં, કાર્યસહિત અજ્ઞાનનો નાશ થાય છે. (જાણવું તે જ્ઞાન, અનુભવ કરવો તે વિજ્ઞાન, અને એ જ્ઞાન દૃઢ થાય તે જ બ્રહ્મનિષ્ઠ અવસ્થા.) (૧૦૭). આ જ્ઞાનનો નાશ થાય એવી કોઇ સાબિતી પુરાવો નથી, એટલે એકવાર સ્વાત્મજ્ઞાન થયા પછી એ કોઇ કાળે નાશ પામતું નથી. (૧૦૮). આવી વ્યક્તિ ગમે તેવું વર્તન કરે તો પણ એ જ્ઞાનનો નાશ થતો નથી. પરંતુ આવું જ્ઞાન પણ પ્રારબ્ધનો નાશ કરતું નથી.③ (પ્રારબ્ધનો નાશ કરવું) એ એનું કામ જ નથી. (૧૦૯). આવાં જ્ઞાનથી આત્મા ઉપરના આવરણનો નિશ્ચિતરૂપથી નાશ થાય છે અને તેથી જ જીવનમુકત પણ ત્રાસ વગર પ્રારબ્ધ ભોગવે છે. (૧૧૦). જો મૂઢ અને જ્ઞાની બન્નેએ સરખી રીતે જ પ્રારબ્ધ ભોગવવાનું હોય તો પછી જ્ઞાનીમાં શ્રેષ્ઠતા કયાં રહી? એવી શંકા ઊઠે તો તું મનમાં વ્યાકુળ થઇશ નહિ. હું કહું તે ધ્યાન આપીને સાંભળ. જ્ઞાની ભોગને આમંત્રણ આપતો નથી (એની ઇચ્છા કરતો નથી) અને તેથી ખળભળી ઊઠતો નથી. આ બધું સ્વપ્ન સમાન છે એવું માનીને એ લેપાયા વગર રહે છે જયારે મૂઢ વ્યક્તિ જાદુગરની નજરબંધીમાં આવી જઇને (ઇંદ્રજાલવત્) આસકત થઇ જાય છે. (૧૧૧-૧૧૩). મુકત વ્યક્તિમાં રાગ-દ્વેષ વગેરે હોતા નથી તેથી તેને મોહ અને શોક થતાં નથી જયારે મૂઢ વ્યક્તિને-અજ્ઞાનીને એ પીડા આપે છે. (૧૧૪). અજ્ઞાની ભયભીત થઇને જીવે છે જયારે જ્ઞાની નિર્ભય હોય છે. અજ્ઞાની દુ:ખમાં મરે છે જયારે જ્ઞાની પુરુષ તો અમૃતની ખાણ છે. (૧૧૫). અજ્ઞાનીનું કર્મ પાપ અથવા પુણ્ય પ્રાપ્ત કરનારું હોય છે જયારે જ્ઞાનીનું કર્મ પુણ્ય-પાપથી અતીત હોય છે એ જ એની વિશેષતા છે. (૧૧૬). જ્ઞાની સદા વિરકત હોવાથી ભોગ વગેરેમાં તટસ્થ (ઉદાસીન) હોય છે અને તેથી તે દુ:ખ અને શોકથી પર હોય છે.④ (૧૧૭). માટે આવો મુકત અર્જુન પ્રારબ્ધ પ્રમાણે ઉદાસીન થઇને રાજયાદિક વિષે વર્તે છે. (૧૧૮). પરંતુ એનું આવું કઠોર તપ જોઇને દેવો બીકના માર્યા થરથર ધ્રૂજે છે અને સત્ત્વ હરણ કરવાની મથામણ કરે છે એ વાત હવે પછીના અધ્યાયમાં થશે. (૧૧૯). દત્તાની આજ્ઞાનુસાર અર્જુન કેવી રીતે રાજય કરતો હતો એનું વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવ્યું જે **રંગ** ને તરત જ તારનારું નીવડશે. (૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અર્જુનરાજયાદિવર્ણન'** નામનો **વીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૦

(૧) અર્જુન જયારે પહેલી વાર વરદાન પ્રાપ્તિ માટે આવ્યો હતો ત્યારે એને રાજયમાં પાછો મોકલવામાં મહેનત પડી ન હતી. એ તરત જ રાજયમાં જવા તૈયાર થઇ ગયો હતો અને એની એ વખતની સ્થિતિ પરણીને સાસરે જતી નવવધૂ જેવી હતી. (અ. ૧૨ દો. ૨૫) પરંતુ જ્ઞાન પ્રાપ્તિ માટે આવેલા અર્જુનને રાજયમાં પાછો મોકલવામાં દત્તપ્રભુને ઘણી મહેનત

પડે છે. કંઇ કેટલાંયે આશ્વાસનો આપે છે. અર્જુનને પણ હવે રાજ્યમાં મોહ નથી, પ્રભુનાં ચરણનાં દર્શનની જ અભિલાષા છે. આપણામાં પણ સંત અને સદ્‌ગુરુ સેવ્યા પછી આવી સમજ આવવી જોઇએ.

(૨) શ્રેષ્ઠ પુરુષોનું આચરણ જોઇને સામાન્ય લોકો પણ તે પ્રમાણે વર્તે છે તેથી લોકો ધર્માચરણ કરે એ હેતુથી, પોતાને જરૂર ન હોય તો પણ બ્રહ્મનિષ્ઠ પુરુષ ધર્માનુસાર વર્તે છે. આપણા બાપજીએ માતાની કરેલી સેવા, માતાના મૃત્યુ વખતે અને ત્યાર બાદ ઔર્ધ્વદેહિક ક્રિયાના સંબંધમાં કરેલું વર્તન એમની મહાનતા પ્રગટ કરે છે. પોતાની માતાની પ્રથમ પુણ્યતિથિ નિર્જળા એકાદશીને દિવસે (જેઠ સુદ ૧૧) આવતી હતી ત્યારે બધા ભકતોને ભોજન લેવા જણાવ્યું અને કહ્યું કે આનું જે કંઇ પાપ લાગે તે બધું અવધૂતના માથે. શ્રેષ્ઠ પુરુષો લોકોને સન્માર્ગે વાળવા માટે જ આવું બધું કરતા હોય છે, બાકી એ કરે તો પણ શું અને ન કરે તો પણ શું?

આ સંદર્ભમાં ભાગવત વિદ્યાપીઠ, સોલાનાં ખાતમુહૂર્ત વિશેનો પ્રસંગ જાણવા જેવો છે. પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ..... (જુઓ માતૃદેવો ભવ ટાઇટલ પેજ ૨ અને ૩).

નારેશ્વરમાં સર્જીકલ કેમ્પ વખતે પૂ.શ્રીએ દરદીઓને એમ કહ્યું હતું કે તમે આ ડૉકટરમાં અશ્વિનીકુમારને જોજો અને યમરાજની તાકાત નથી કે નારેશ્વરમાં પ્રવેશે. એ જ બાપજીએ સમાજને માતૃ આજ્ઞાપાલનનો આદર્શ શીખવવા આવો પત્રવ્યવહાર કર્યો. પૂ.શ્રી તો મૃત્યુને રોકી શકે એમ હતા છતાં માતાની આજ્ઞાનું ભકતો પાલન કરે એ ભાવનાવશ આદર્શ રજૂ કર્યો.

(૩) જ્ઞાન દ્વારા સંચિત અને ક્રિયમાણ કર્મો નાશ પામે છે પરંતુ પ્રારબ્ધ તો ભોગવવું જ પડે છે. પ્રારબ્ધથી જ દેહ ટકે છે. જયારે પ્રારબ્ધ પૂરું થાય ત્યારે જ દેહ પડે છે, મૃત્યુ આવે છે. પૂ.શ્રીએ 'મૂકી દીધી કલમ બંધો' ભજનમાં આ વાત કરી છે: વપુ (શરીર) પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને? હવે જેને જ્ઞાન થયું છે તેણે આ જ્ઞાનનો લાભ સમાજને આપી, અજ્ઞાન દૂર કરવાનું છે. જો જ્ઞાન થતાંની સાથે પ્રારબ્ધનો નાશ થાય તો પછી દેહ પણ ટકે નહિ અને જ્ઞાન થતાંની સાથે જ જ્ઞાનીનું મૃત્યુ થઇ જાય અને સમાજ એના જ્ઞાનના લાભથી વંચિત રહી જાય.

(૪) પ્રારબ્ધ તો જ્ઞાનીએ પણ ભોગવવું પડે છે પરંતુ એ ત્રાસરહિત ભોગવે છે. જેમ વેઠિયો માથા પર વજનનો બોજો લઇને જતો હોય છે, એવી ઉદાસીનવૃત્તિથી જ્ઞાની પ્રારબ્ધ ભોગવે છે. જ્ઞાની પુરુષો સામાન્ય માણસના જેમ જ કર્મો કરે છે પરંતુ એ પાછળની એમની વૃત્તિ જુદી હોય છે, ઉદાસીનવૃત્તિ હોય છે તેથી એ કર્મ પાપ કે પુણ્ય જન્માવતું નથી, બંધનકારક બનતું નથી. Winners do not do different things, they do things differently.

ન શોધે મોર ચિતારો, કદી ના પિક તંબૂરો,
કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલ્કની રો રો.
ખુશામત માળીની કદી ના કરે વસંત વનમાળી,
નિજાનંદે ફરે અવધૂત દઇને મોતને તાળી.

(પ્રભુ પરખ્યા હૃદે જેણે ભજનમાંથી)

●

## અધ્યાય : ૨૧

આ અધ્યાયનું નામ **'વસિષ્ઠશાપ વર્ણન'** છે. એમાં **૧૧૬** દોહરા છે.

આ અધ્યાયમાં અર્જુન દત્તપ્રભુનું ચિંતન કરતો કરતો કેવી રીતે રાજય ચલાવે છે તેનું વર્ણન છે. (૧-૭). એનાં તપથી ગભરાઇને દેવો સૂર્યદેવને એનું સત્ત્વહરક્ષણ કરવા મોકલે છે. (૮-૧૨). મધ્યાહ્ને બ્રાહ્મણવેષે સૂર્ય અર્જુનને દ્વારે આવીને ઊભા, એનું શરીર જોઇને અર્જુનને દુ:ખ અને આશ્ચર્ય થયું. એણે બ્રાહ્મણને પૂછયું કે તમારી શી ઇચ્છા છે? ત્યારે સૂર્યએ ઇચ્છા ભોજન માંગ્યું. અર્જુને હા કહી એટલે એણે બધાં ઝાડ અને વનસ્પતિ સૂકવી નાંખવા કહ્યું અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. (૧૩-૩૪). અર્જુને વાયવ્ય બાણથી વૃક્ષો અને વનસ્પતિ સૂકાં કર્યાં અને સૂર્ય દેવે બધાંને ભસ્મ કરવા માંડયાં. આ જોઇને વસિષ્ઠ ઋષિએ શાપ આપ્યો કે તને જમદગ્નિ સુત મારશે. આ શાપથી અર્જુનની બુદ્ધિમાં ફેર પડ્યો. (૩૫-૬૦). સ્વર્ગમાં જઇ દેવો સાથે યુદ્ધ કરી તેમને ભગાડી મૂકયા. બ્રહ્માને લઇને દેવો ભગવાન વિષ્ણુ પાસે આવ્યા. ભગવાને કહ્યું કે તમે ચિંતા ના કરો. હું જમદગ્નિને ત્યાં પુત્રરૂપે અવતરી અર્જુનને મારીશ. (૬૧-૧૧૬).

પ્રારબ્ધની ગહનગતિ સાંભળીને દિક્મૂઢ થઇ ગયેલા શિષ્ય નિરંજને વંદન કરીને અલખને પ્રેમથી પૂછ્યું કે હે ગુરો ! મને અર્જુન વિશેની આગળની કથા કહો અને દેવો એનું સત્ત્વહરણ કરવા શું કામ મથામણ કરે છે તે પણ કહો. (૧-૨). શિષ્યનો એ પ્રશ્ન સાંભળીને દયાળુ અલખજી બોલ્યા કે તારા વિવેકને ધન્ય છે. તું સાવધાન થઇને સાંભળ. (૩). અનેક રૂપો લઇને અર્જુન એકલો બધું જ સંભાળતો હતો છતાં એ આત્મનિષ્ઠનું અનુસંધાન તૂટતું ન હતું. (૪). યજ્ઞ, દાન અને તપમાં હંમેશાં રચ્યોપચ્યો રહેનાર એ (અર્જુન) હંમેશાં બ્રાહ્મણને પૂજતો હતો અને હૃદયમાં પ્રેમ રાખીને પ્રજાને પુત્રની માફક પાળતો હતો. (૫). અર્જુનને યજ્ઞ પર સવિશેષ પ્રેમ હતો. તેથી દેવો મનમાં ખોટી શંકા (સંદેહ) કરતા હતા. (૬). એનાં મનમાં સ્વપ્ને પણ સ્વર્ગની ઇચ્છા હતી નહિ, તો પણ દેવો એના મનની વાત ન જાણીને ઉદ્વેગ કરતા હતા. (૭). બધા દેવો એકઠા થઇને વિચારવા લાગ્યા કે હવે શું કરવું? આનું તેજ તો ખૂબ તપવા માંડયું છે. કિન્નરીઓ પણ એનાં યશોગીત ગાવા લાગી છે. (૮). હવે આપણાં સ્થાનો સલામત નથી. એ યજ્ઞ ઉપર યજ્ઞ કરીને પુણ્યબળ વધારી રહ્યો છે. (૯). હવે આ બાબતની વધારે વખત ઉપેક્ષા કરવી પોષાય એમ નથી. હવે એનું સત્ત્વહરણ કરવા પ્રયત્ન કરવો જોઇએ અને એને માટે આ જ ક્ષણે પ્રયાસ કરવો જોઇએ.① (૧૦). ખરેખર, આ રાજા બ્રાહ્મણ ભકત છે અને એને મન બ્રાહ્મણ પ્રાણસમાન છે. આ બ્રાહ્મણ વેષે જઇને આ મહાન કાર્ય સિદ્ધ કરો. (૧૧). આ સૂર્યદેવ સમર્થ છે અને એ ચોક્કસ આપણું કાર્ય સિદ્ધ કરશે, એમ કહી બધાએ સૂર્યને પૃથ્વી ઉપર મોકલ્યા. (૧૨). ભર બપોરે (મધ્યાહ્ને) બ્રાહ્મણના વેષે સૂર્યદેવ અચાનક જ રાજાના બારણે એની સન્મુખ આવીને ઊભા રહ્યા. (૧૩). વૈશ્વદેવ કરીને હાથમાં કાક બલિ લઇને અર્જુન જયાં બારણે આવ્યો ત્યાં જ તેણે બ્રાહ્મણને હાજરાહજૂર ઊભેલા જોયા. (૧૪). પેટ પીઠને ચોંટી ગયેલું છે. આંખો ઊંડી ઊતરી ગઇ છે. માથું, શરીર, હાડ્કાં બધું જ ધ્રૂજી રહ્યું છે અને તે બધાં છેક જર્જરિત છે. (૧૫). સ્પષ્ટ રીતે બોલી પણ શકતો નથી. ક્ષણે ક્ષણે પગ લથડિયાં ખાય છે. આ જોઇને રાજાને ખૂબ આશ્ચર્ય થયું અને થયું કે આ છે કોણ? (૧૬). મારા રાજયમાં આવો બ્રાહ્મણ મેં કયારે પણ જોયો નથી. આવો છેક દરિદ્ર એવો બ્રાહ્મણ આવ્યો કયાંથી? (૧૭). લાવ, એની પાસે જઇને એનું નામ, ગામ વગેરે પૂછું અને એને જે ઇચ્છા હોય તે આપું. આવું વિચારીને અર્જુન તરત જ એની પાસે ગયો. (૧૮).

ભાવપૂર્વક નમસ્કાર કરી એને મહેલમાં (મંદિરમાં) આણ્યો અને એને પ્રેમથી આસન આપીને એનું પૂજન કર્યું. (૧૯). પછી બન્ને હાથ જોડીને પૂછ્યું કે હે દેવ ! આપના મનમાં શી ઇચ્છા છે? તમે તમારાં નામ અને ગામ વિશે કહો અને કહો કે હું તમારી શી સેવા કરી શકું? (૨૦). બ્રાહ્મણ (સૂર્ય) બોલ્યો કે હે રાજા ! તારું નામ સાંભળીને કેવળ ભિક્ષા માટે તારા બારણે અતિથિ થઇને આવ્યો છું.② (૨૧). તું બ્રાહ્મણ ભકત રાજા છે એવી તારી કીર્તિ ત્રિલોકમાં બધે ફેલાયલી છે. એ સાંભળીને હું યાચક થઇને (માગવા માટે) આવ્યો છું. (૨૨). મારું નામ દિવાકર ભટ્ટ છે અને ઉદયાચળ (લોકાચળ-સૂર્ય જે પર્વતની પાછળથી ઊગે છે તે) પર રહું છું. પેટ ભરવા માટે બધે ફરુ છું. હે રાજા ! હું તને જે કહું છું તે બધું તું સાંભળ. (૨૩). હું બહુ દિવસનો ભૂખ્યો (ઉપવાસી) છું અને એવી સ્થિતિમાં આજે હું આમ આવ્યો છું. મને જેની ઇચ્છા છે એ વસ્તુનું ભોજન આપીને તું તારું નામ સાર્થક કર. (૨૪). તારા જેવો કોઇ બીજો ઉદાર નથી એવું જાણીને હું આવ્યો છું. તું અતિથિની સેવા કરનાર અને દયાળુ છે. તું મારી ભૂખ શાંત કર. (૨૫). અર્જુને કહ્યું કે બ્રાહ્મણ એ મારું દૈવત છે. એને માટે હું સર્વસ્વ આપી દેવા તૈયાર છું. તમારી તૃપ્તિ શાનાથી થશે એ બોલો. (૨૬). બ્રાહ્મણે કહ્યું કે આ સાતે દ્વિપના વનસ્પતિ અને ઝાડ મને આપી દે. તેનાથી મારી તૃપ્તિ થશે. એ સિવાય મને બીજી કોઇ ઇચ્છા નથી. એ સાંભળીને રાજાએ આનંદથી 'તથાસ્તુ' કહ્યું અને એને આશ્ચર્યચકિત થઇને જોઇ રહ્યો. (૨૭-૨૮). એનું (બ્રાહ્મણનું) તેજસ્વી મુખ જોઇને (અર્જુન) મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે એ નકકી છે કે આ કોઇ માનવી નથી. શું આ કોઇ દેવ (અમર) હશે? (૨૯). જેમ ભગવાન વિષ્ણુ બલિરાજાને બારણે (ભિક્ષા માગવા વામન વેશમાં) ગયા હતા, તેમ શું આ સ્વયં સૂર્યનારાયણ હશે? તો તો મારું ઘર (મહેલ) પાવન થઇ ગયું. (૩૦). હું પણ કેમ મૂરખના જેવી ભૂલ કરું છું? એણે પોતાનું નામ દિવાકર તો કહ્યું જ છે. આ સવિતા (સૂર્યદેવ) જ અતિથિ બનીને આવ્યા છે. આ તો મારા ભાગ્યનો ઉદય થયો છે. (૩૧). એવું વિચારીને બે હાથ જોડીને વંદન કરીને પૂછ્યું કે આપ કોણ છો? તમે મનુષ્ય નથી. તમે સૂર્યદેવ જણાવ છો. (૩૨). મેં આપને વનસ્પતિ-ઝાડનું દાન કર્યું છે તો એનું તમે સુખપૂર્વક ભક્ષણ કરો. એમ કહીને રાજાએ તે જ ક્ષણે સંકલ્પનું જળ મૂકયું. (૩૩). ત્યાં તો સૂર્યદેવ પ્રત્યક્ષરૂપે પ્રગટ થયા અને કહ્યું કે હે રાજા ! તને ધન્ય છે. પરંતુ તું મારી એક વાત માન. (૩૪). આ વાયવ્ય બાણ લે. એને તું ઝડપથી છોડ. એનાથી વનસ્પતિ અને ઝાડને એકદમ સૂકાં કરી દે. પછી હું તે આરોગીશ. (૩૫). તું (વનસ્પતિ-ઝાડમાંથી જળનું) શોષણ કરી આપ એટલે હું અગ્નિરૂપે એને તરત જ ભસ્મ કરી નાંખીશ. આ સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે મને એમ હતું કે એ વનસ્પતિ અને ઝાડ (ઉદ્ભિજ્જ)નું ભક્ષણ કરશે તો પણ હું સિદ્ધિના પ્રતાપે એને પહેલાંની જેમ ઉગાડીશ, પરંતુ એ સમૂળગાં ભસ્મ થઇ જાય તો ફરીથી હતાં તેવાં કરી શકાય નહિ. રાજાને શંકાશીલ જોઇને સૂર્યદેવ બોલ્યા કે ઉત્તમ દાન આપ્યા પછી હે રાજા ! મનમાં કેમ શંકા કરે છે? હે રાજા ! આ વાયવ્યાસ્ત્ર લે અને ઝડપથી છોડ. (૩૬-૩૯). આ ભીનાશવાળાં વૃક્ષો કેવી રીતે ભક્ષું? આ સાંભળીને રાજાએ 'અવશ્ય' કહી વાયવ્યાસ્ત્ર લીધું. (૪૦). એકી સાથે પાંચસો ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને એ સુંદર દેહધારી (અર્જુને)એ જળધારાની જેમ બાણની વર્ષા કરી. (૪૧). ક્ષણમાત્રમાં બધાં જ ઝાડ-પાન અને વનસ્પતિ સૂકાં થઇ ગયાં અને સૂર્યએ અગ્નિરૂપથી ક્ષણવારમાં એને ભસ્મ કરી દીધી. (૪૨). ગામમાં, નગરમાં, પર્વત ઉપર, અભેદ્ય એવાં જંગલોમાં અને નદી કિનારે આવેલાં વેલો, વૃક્ષોની ઝાડી વગેરે બધાં ઉદ્ભિજ્જો બળી ગયાં. (૪૩). સાક્ષાત્ પ્રલય થયો. વસિષ્ઠ ઋષિના આશ્રમની વેલો, ફૂલો અને ફળો સાથે બધાં ભસ્મ થઇ ગયાં. (૪૪). બધે હાહાકાર વર્તી ઊઠ્યો. (વસિષ્ઠ) મુનિ ધ્યાનમાંથી ઊઠ્યા અને જોયું તો જ્યાં ને ત્યાં બધે વૃક્ષો બળતાં હતાં. આ જોઇને ઋષિએ તરત જ શિષ્યોને પૂછ્યું કે અરે ! આ કોણ દુષ્ટ છે જે અગ્નિ વરસાવીને તરુવરને બાળી રહ્યો છે? (૪૫-૪૬). શિષ્યએ વંદન કરીને કહ્યું કે હે ઋષિવર ! સહસ્રાર્જુન નામે જે વિખ્યાત છે તેની આ બધી કરણી છે. (એણે આ બધું કર્યું છે.) (૪૭). આ વચનો સાંભળીને વસિષ્ઠે ધ્યાનમાં

જોયું અને ક્રોધથી બોલ્યા કે અરે ! ધિક્કાર છે. એ કેમ ઉન્મત થયો છે? અરે ! આ પુણ્યશાળી રાજાને આવું અવળું કેમ સૂઝ્યું? સિદ્ધિના જોરે એ અભિમાની બનીને ખોટું અભિમાન રાખી રહ્યો છે. (૪૮-૪૯). મારા જેવો બીજો કોઇ યોદ્ધો નથી એવું જાણીને શું એ આવી ખરાબ પ્રવૃત્તિ કરવા પ્રેરાયો હશે? હે અર્જુન ! તું સાંભળ. જમદગ્નિનો પુત્ર તને રણમાં મારીને ક્ષત્રિયોનો ગર્વ દૂર કરશે એમ તું ચોક્કસ માનજે, પરશુરામ પોતાની પરશુથી ઝાડની ડાળીની માફક તારા હજાર હાથો કાપી નાંખશે અને તારો ચોક્કસ વધ કરશે. (૫૦-૫૨). જે ભાવિ નિર્માણ થયું હોય તેને કોણ ફેરવી શકે છે? પ્રારબ્ધને બળવાન સમજીને વસિષ્ઠે ક્રોધથી શાપ આપ્યો. (૫૩). એક બાજુ વિપ્રભક્ત અર્જુન અને બીજી બાજુ જ્ઞાની અને શાંત વસિષ્ઠ ઋષિ. શાપ તો નિમિત્તમાત્ર હતો. આ તો કેવળ ઇશ્વરીય લીલા- ઇશ્વર કરણી જ હતી. (૫૪). બધી સ્થાવર વનસ્પતિ બાળીને સૂર્ય પોતાના સ્થાને જતો રહ્યો. ભગવાન શ્રીદત્તાનું સ્મરણ કરીને અર્જુને એ બધું જ પહેલાંની જેમ ઉગાડ્યું. (બધું હતું તેવું કરી દીધું.)

આમ છતાં શાપ તો વજ્રલેપ સમાન હતો. ત્યારથી એને લીધે રાજા ઉદ્ધત, અભિમાની અને અસહ્ય તાપવાળો થયો.③ (૫૫-૫૬). એને ઘણા પુત્રો થયા જે બધા જ પરાક્રમી હતા. સિદ્ધિ હંમેશાની દાસી થઇને રહેતી હતી અને અતુલ ઐશ્વર્ય હતું. (૫૭). સ્મરણ કરતાંની સાથે જ હાજર થનાર એ બધે ફરીને કડકપણે રાજ્ય કરતો હતો અને એ (અર્જુન) અનેક દેહો ધારણ કરીને ત્રિભુવનમાં મન ફાવે તેમ ફરતો હતો. (૫૮). કોઇ પણ વ્યક્તિ સ્વપ્નમાં પણ એની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી ન હતી. એ બધાનું અંતર જાણતો હતો અને એ નજરોનજર બધું જોઇ શકતો હતો. (૫૯). પરંતુ શાપને લીધે બુદ્ધિ બગડતાં અરેરે ! એને અવળો રસ્તો સૂઝ્યો. એને થયું કે હવે સ્વર્ગમાં જઇને દેવોને જીતું. (૬૦). પુત્રોને રાજધાનીમાં રાખીને, દિવ્ય વિમાનમાં બેસીને અર્જુન ઝડપથી સ્વર્ગમાં આવ્યો. (૬૧). જે ઉપવન (બગીચામાં) ચિત્રરથ ક્રીડા કરતો હતો તે ઉપવનને છિન્ન ભિન્ન કરી નાંખ્યું. આ જોઇને યક્ષો ક્રોધથી ધસી આવ્યા અને ત્યાં તે જ ક્ષણે યુદ્ધ થયું. (૬૨). અશ્વના મુખવાળા કિન્નરગણો ઝડપથી દોડયા પરંતુ મહા બળવાન અર્જુને તેમને ખરેખર મારીને ભગાડી મૂકયા. (૬૩). એકી સાથે પાંચસો ધનુષ પર બાણ ચઢાવીને બાણની વર્ષા કરી દીધી અને કાળો કેર વર્તાવી દીધો. (૬૪). દેહો છિન્ન ભિન્ન થતાં, પ્રાણ પણ આકુળ-વ્યાકુળ થયાં અને યક્ષ અને કિન્નર કુળના બધા શત્રુઓ બીકથી ભાગી ગયા. (૬૫). અર્જુનને જોઇને કુબેરના ગણો પણ પલાયન થઇ ગયા (નાસી ગયા.). એ બધાને પડતા મૂકીને અર્જુને સ્વર્ગ તરફ ચાલવા માંડ્યું. (૬૬). દેવદૂતે જઇને આ બધા સમાચાર ઇંદ્રને સંભળાવ્યા. એટલામાં તો યમરાજાની જેમ અર્જુન ત્યાં આવી પહોંચ્યો. (૬૭). પોતાની સામે હજાર હાથવાળા એ બળવાન અર્જુનને જોઇને, દેવોના સમૂહને લઇને ઇંદ્ર દોડ્યો. (શચી=ઇન્દ્રાણી, શચીપતિ= ઇંદ્ર) (૬૮). ત્યાં ભયંકર યુદ્ધ થયું. દેવગણો ત્યાં ઘવાયા. અર્જુનની શૂરવીરતા જોઇને સિદ્ધો પણ આશ્ચર્યચકિત થયા. (૬૯). બાણથી વીંધાયેલા દેવો ખાખરાનાં ઝાડનાં (પાન) જેવા જણાતા હતા. બધા શક્તિહીન થઇ ગયા હતા અને ઊંચુ જોવાની હિંમત પણ કરી શકતા ન હતા. (૭૦). પછી મોહનાસ્ત્ર છોડીને બધા દેવોને મૂર્છિત કરી દીધા અને પછી ઝડપથી અર્જુન નંદનવનમાં આવ્યો. (નંદનવન એ ઇંદ્રના બગીચાનું નામ છે.) બધા રક્ષકગણ (સમૂહ)ને મારી નાંખીને, કોઇની પણ પરવા કર્યા વિના ત્યાં કાર્તવીર્ય (અર્જુન) મોજથી આનંદ કરતો હતો-રમત કરતો હતો. (૭૧-૭૨). એક દિવસ દેવોની મદદે દિવ્ય વિમાનમાં બેસીને ઇંદ્ર ઇંદ્રાણી સાથે આવ્યો. (૭૩). સહસ્રબાહુ (અર્જુન)ને જોઇને સહસ્રનયન (ઇંદ્ર) ક્રોધે ભરાયો અને ઇંદ્રએ જયાં પોતાનું વજ્ર ઊંચું કર્યું ત્યાં રાજા તરત જ દોડયો.④ (૭૪). ઇંદ્ર અને ઇંદ્રાણીને અરેરે ! પોતાના હાથથી પકડીને ગર્જના કરતો કરતો અર્જુન ત્યાંથી ઝડપથી ચાલવા લાગ્યો. (૭૫). ત્યાં તો હાહાકાર વર્તી ગયો અને 'દોડો-દોડો' ની બૂમો પડી. દેવો ક્રોધના માર્યા શસ્ત્રો લઇને દોડયા. (૭૬). ફરીથી ભયંકર યુદ્ધ થયું અને તરત જ દેવો ડગી ગયા. અર્જુનનો અસહ્ય માર એ લોકો સહન કરી શકયા નહિ. (૭૭). કોઇ વસ્ત્રવિહીન

(નગ્ન) દશામાં ભાગ્યા તો કોઇ શસ્ત્ર મૂકીને નાઠા. કોઇ આંખો મીંચીને (ભાગ્યા) તો કોઇએ (શરમથી) નીચી આંખ કરી દીધી. (૭૮). કોઇ બે હાથ જોડીને વિનંતી કરતા હતા કે હે હૈહય (અર્જુન) તું અમને છોડી દે. તારા જેવો યોદ્ધો અમે જોયો નથી. તારી સાથે હોડ બકવી મિથ્યા છે. (૭૯). બધા દેવો લાચાર થઇ ગયા. એ જોઇને અર્જુને ઇંદ્રાણી સહિત ઇંદ્રને છોડી દીધો. (૮૦). બધા દેવો ત્યાંથી મેરુપર્વત ઉપર આવ્યા અને ત્યાં એકઠા થઇને ખિન્નતાપૂર્વક વિચારવા લાગ્યા. (૮૧). ઇન્દ્ર (શક્ર)એ કહ્યું કે જેણે સ્વર્ગ અને મૃત્યુલોક જેવાં જુદાં જુદાં ધામ (સ્થાન)ની રચના કરી છે તે બ્રહ્માજી પાસે ચાલો. (૮૨). મનુષ્યોને મૃત્યુલોક અને દેવોને સ્વર્ગલોક જેણે આપ્યા છે તેને જઇને આપણે આપણું દુઃખ કહીએ. (૮૩). મૃત્યુલોકનો માનવી એવો બળવાન અર્જુન સ્વર્ગમાં આવીને દેવોને અસહ્ય ત્રાસ આપે છે. (૮૪). દત્તાના વરદાનથી ઉન્મત્ત થયેલો એ અર્જુન ખરેખર અજેય છે. આપણે આ બધું બ્રહ્માજીને કહીએ. એ જરૂર કોઇ ઉપાય કરશે. (૮૫). દેવેંદ્રનાં આવાં વચન સાંભળીને દેવો રાજી રાજી થઇ ગયા અને ત્યાંથી ઇંદ્રની સાથે તેઓ આનંદથી બ્રહ્મલોકમાં આવ્યા. (૮૬). સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી બે હાથ જોડીને બ્રહ્માજીની સ્તુતિ કરીને દેવોએ બધી જ વિગતો તરત જ કહી સંભળાવી. (૮૭). હે કમળ ઉપર બિરાજનાર પ્રભુ ! આપનો જય હો ! જય હો ! આપ જ જગતનું સર્જન કરનાર છો અને આ દેવો તમારી આજ્ઞાનું પાલન કરનાર સેવક છે. (૮૮). તમારી આજ્ઞા પ્રમાણે વર્તીને અમે સુખેથી જીવીએ છીએ. પરંતુ એવામાં એક ભયંકર દુઃખ આવી પડયું છે. (૮૯). ઉન્મત્ત બનેલો કાર્તવીર્ય (અર્જુન) આવીને અમને ત્રાસ આપે છે. દત્ત પ્રભુનાં વરદાનને કારણે એ ખરેખર કેવળ અજેય બન્યો છે. (૯૦). હવે અમારી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ છે અને શું કરવું જોઇએ એ અમને સૂઝતું નથી. તમારા આજ્ઞાંકિત એવા સેવકો (કિંકરો) અમે આપના શરણે આવ્યા છીએ. (૯૧). બ્રહ્માજી બોલ્યા કે ચાલો, આપણે બધા વિષ્ણુ ભગવાન પાસે જઇએ. ભકતવત્સલ શ્રી હરિ કોઇ વિશિષ્ટ ઉપાય કરશે. (૯૨). પ્રેમથી ભગવાનનું નામ ગાતા ગાતા બ્રહ્મા, દેવો અને મુનિઓ બધા ત્યાંથી નીકળ્યા અને ઝડપથી વૈકુંઠધામમાં આવી પહોંચ્યા. (૯૩). જયાં હંમેશાં આનંદ આનંદ જ હોય છે, સ્વપ્નમાં પણ દુઃખ હોતું નથી, રોગ, ચિંતા કે કલેશ હોતાં નથી અને અખંડ કેવળ સુખ જ હોય છે એવા (વૈકુંઠ) ધામમાં શાન્ત, દાન્ત, નિષ્કપટી, એકનિષ્ઠ અને બીજે આસકત ન હોય તેવો હરિભકત જ નિષ્કામભાવે જતો હોય છે. (૯૪-૯૫). ત્યાં કલ્પવૃક્ષનાં જંગલ છે, કામધેનુનાં ટોળે ટોળાં છે, પારસમણિના પહાડો છે અને અમૃતના કુંભ શોભે છે. (૯૬). બધે સોનાની ભીંતો છે. રત્નથી જડિત બારણાંઓ છે. સાક્ષાત્ મુક્તિનું ધામ એવા વૈકુંઠધામને ધન્ય છે. (૯૭). આવા ધામમાં ઇંદ્ર અને વિરિંચિ સાથે દેવો આવ્યા. જય અને વિજય નામના દ્વારપાળે અંદર જઇને ભગવાનને સમાચાર આપ્યા. (૯૮). વિષ્ણુની આજ્ઞાનુસાર બધા દેવો વૈકુંઠની અંદર આવ્યા જયાં ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને ખોળામાં ડાબી બાજુએ બેસાડીને વિરાજતા હતા. (૯૯). આ જોઇને બધા દેવોએ વંદન કર્યાં અને એમનો જયજયકાર કરી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. (૧૦૦). હે દૈત્યોના કાળ ! હે વિભુ ! હે નાથ ! હે નારાયણ ! અમે તમને પ્રણામ કરીએ છીએ. તારા સેવકો એવા આ દેવો હે તાત ! આપના શરણે આવ્યા છે. (૧૦૧). દત્તરૂપથી હે હરિ ! તેં જે વરદાન આપ્યું છે એને કારણે આ કાર્તવીર્ય ખૂબ જ ઉન્મત્ત થયો છે. (૧૦૨). જરા પણ શરમ રાખ્યા વિના હવે એ દેવોને ત્રાસ આપી રહ્યો છે. હે પ્રભુ ! જાણે પ્રલયકાળ આવ્યો હોય એ રીતનો બધે કાળો કેર વ્યાપ્યો છે. (૧૦૩). માટે તું જ એનો પ્રતિકાર કર કારણ કે તારા વિના પ્રતિકાર કરવાની કોઇનામાં શક્તિ નથી. આ જગતનું રક્ષણ કરવા માટે હે હરિ ! તું તારા ભકત ને માર. આવું કહીને દેવોએ પ્રણામ કર્યાં. વિષ્ણુ વિચારવા લાગ્યા કે સાચે જ મુનિના શાપને લીધે અર્જુન મત્ત થયો છે. બાકી એના અંતરમાં તો સ્વર્ગની તલમાત્ર પણ ઇચ્છા નથી. આમ છતાં પ્રારબ્ધવશ એ અવળી ચેષ્ટા કરી રહ્યો છે. (૧૦૪-૧૦૬). હવે એનું પ્રારબ્ધ પણ પૂરું થવા આવ્યું છે. એટલે હવે એ દેહ છોડયા પછી મુક્તિને પામશે. આમ તો એ જીવન્મુકત છે જ. એટલે હવે આમાં મારે વાર કરવી જોઇએ નહિ. (૫) (૧૦૭).

એણે (અર્જુને) એના કરતાં વધુ ખ્યાતિ ધરાવનારના હાથથી મૃત્યુ માગ્યું હતું. એટલે એની આ ચેષ્ટાને બિચારા દેવો શું સમજી શકે? (૧૦૮). એનું વર્તન જોઇને ક્ષત્રિયો પણ ખરાબ વૃત્તિ-પ્રવૃત્તિવાળા થયા છે. હવે પૃથ્વીનો ભાર ઉતારવા માટે મારે અવતાર લેવો જોઇએ. (૧૦૯). મારા સિવાય બીજું કોઇ અર્જુનને મારી શકે એવું નથી. તેથી હું જ અવતાર લઇને આ અનન્ય (અજોડ) કાર્ય કરું. (૧૧૦). એને રણ મેદાનમાં મારીને વિદેહમુક્તિનું દાન એની ઇચ્છા મુજબ આપું. એવું વિચારીને ભગવાન વિષ્ણુ મોટેથી બોલ્યા કે રેણુકાની કૂખે જમદગ્નિ દ્વારા હું જાતે અવતાર લઇશ અને રણસંગ્રામમાં એને જીતીને (હું અર્જુનને) મારીશ. હવે તમે કોઇ પણ જાતની શંકા રાખ્યા વગર તમારાં પોતપોતાનાં સ્થાને જાઓ. (૧૧૧-૧૧૩). વિષ્ણુ ભગવાનનાં વચન સાંભળીને દેવોને સંતોષ થયો અને પ્રણામ કરીને રજા લઇને આનંદપૂર્વક પોતાના ધામમાં ગયા. (૧૧૪). ભકતનું કલ્યાણ કરનાર એ ભગવાન બ્રાહ્મણરૂપે અવતરીને ક્ષત્રિયોનું અભિમાન દૂર કરવા અર્જુનનો વધ કરશે.(૬) (૧૧૫). આગળ ઉપર આ અપૂર્વ **રંગ**ને ગંભીર સંતો માણશે (લૂંટશે). આ અધ્યાયમાં હે ધીર ! શાપનું વર્ણન કર્યું છે. (૧૧૬).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વશિષ્ઠશાપ વર્ણન'** નામનો **એકવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૧

(૧) સત્ત્વ હરણના બંને પ્રસંગો જ્ઞાનકાંડમાં જ આવ્યા છે. ઊંચા સ્થાને બેઠેલા દેવો કે દેવીઓએ સતી અનસૂયાનું કે ભકત અર્જુનનું સત્ત્વ હરણ કરવાનું ષડ્યંત્ર ગોઠવ્યું છે. પોતાના વર્ણાશ્રમધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરનારના તેજથી ઊંચે સ્થાને બેઠેલા ગભરાય છે અને વિના કારણે સામી વ્યક્તિની કસોટી કરે છે. ઝડપી પ્રગતિથી બધાને જ આનંદ થતો હોતો નથી. નાની વયે, ઝડપથી પ્રગતિ કરનારના જાણે-અજાણે દુશ્મનો ઊભા થતા હોય છે. આનાથી સાવધ રહેવાનું છે.

જે કેટલીક બાબતોને ભગવાન પણ જાણી શકતાં નથી તેમાં એક છે દુર્જન માણસોનાં મનના વિચારો.

રાજ્ઞસ્ય ચિત્તં કૃપણસ્ય વિત્તં મનોરથં દુર્જન માનસાનાં |
સ્ત્રીયસ્ય ચરિતં પુરુષસ્ય ભાગ્યં દેવોપિ ના જાનાતિ કુતઃ મનુષ્યઃ ||

પાંચ બાબતને કળવી અતિ મુશ્કેલ છે. (૧) રાજાનું મન (૨) કૃપણનું ધન (૩) દુર્જન (હલકાં) માણસનાં મનનાં વિચારો (૪) સ્ત્રીનું ચરિત્ર અને (૫) પુરુષનું ભાગ્ય.

દુર્જન માણસ એવા હલકા સ્વભાવનો છે કે પોતાનું નુકસાન થતું હોય તો તે થવા દે પણ બીજાનું તો ખરાબ કરે જ. જેમ માખી પોતે મરી જઇને પણ બીજાને દૂધ કે ચા પીતાં અટકાવે છે.

પ્રગતિ કરનારે દુર્જનને સંભાળી લેવો.

સત્ત્વહરણ કરનારા ઊંચા સ્થાને બેઠેલા જ હોય છે. એ પોતાનું સ્થાપિત હિત ન જોખમાય એની બરોબર સંભાળ લેતા હોય છે. આવું સત્ત્વહરણ કરવા જનારે વામણા (નાના) બનવું પડે છે એ ભૂલવું ન જોઇએ. બલિરાજાને ત્યાં વિરાટ સ્વરૂપવાળા વિષ્ણુ ભગવાને વામન થવું પડ્યું હતું અને અહીં તેજસ્વી સૂર્યદેવે દયા આવે એવા બ્રાહ્મણનું રૂપ લેવું પડ્યું હતું.

પોતાનાથી નાનો હોય એની પ્રગતિથી રાજી થનારા લોકો બહુ ઓછા હોય છે. તેજોદ્વેષી વ્યક્તિ ગમે તેવું હલકાઇવાળું પગલું ભરી શકે.

(૨) બ્રાહ્મણના વેષમાં આવેલા સૂર્યદેવને જોઇને અર્જુન એને 'દેવ' તરીકે સંબોધે છે. વળી 'અતિથિદેવો ભવ' એ ન્યાયે પણ મધ્યાહ્ને આવેલ અતિથિ એ દેવસ્વરૂપ જ છે એનું પણ સૂચન છે.

(૩) ઝાડ અને વનસ્પતિ જેવાં હતાં તેવાં જ સૂર્યએ બાળ્યાં હોત તો ભીનાશને કારણે ભસ્મ થઇ ગયાં ન હોત અને તો અર્જુન પોતાની સિદ્ધિના બળે બધું પૂર્વવત્ કરી શકયો હોત. પરંતુ વાયવ્યાસ્ત્રથી ઝાડ અને વનસ્પતિને સૂકાં કરી નાંખ્યાં તેથી બધું ભસ્મીભૂત થઇ ગયું. જયાં એની સિદ્ધિ કામ કરી શકી નહિ ત્યાં સદ્ગુરુ શ્રી દત્તાનું સ્મરણ કરીને એ ગુરુની કૃપાથી બધું પૂર્વવત્ કરી દીધું.

(૪) ઇંદ્રનું એક નામ સહસ્રનયન (હજાર આંખોવાળા) છે. ગૌતમ ઋષિની પત્ની અહલ્યાના સતીત્વનો ભંગ કરનાર ઇંદ્રને ગૌતમ ઋષિએ શાપ આપ્યો હતો કે તારા શરીર ઉપર હજાર યોનિ ફૂટી નીકળો. ઇંદ્રએ વિનંતી કરી એટલે એને હજાર આંખવાળો થા એવો શાપ આપ્યો.

(૫) શરીર હોવા છતાં (જીવતા હોવા છતાં) જેને પોતાના આત્માનો બ્રહ્મથી સ્પષ્ટ અભેદનો અનુભવ થાય એવી જ્ઞાનની પાંચમી ભૂમિકાને પામેલો પુરુષ જીવન્મુકત કહેવાય. જીવતાં જીવતાં જ મુક્તિનો અનુભવ કરનાર જીવન્મુકત કહેવાય. ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ભૂમિકા પામેલા પુરુષનો દેહ પડયા પછી તેમનો બ્રહ્મથી અભેદ થાય છે તે પુરુષ વિદેહમુકત કહેવાય. દેહ પડ્યા પછી મુક્તિનો અનુભવ કરનાર વિદેહમુકત કહેવાય. (શ્રીમન્નથ્થુ શર્મા પ્રણિત શ્રીપ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશના આધારે).

(૬) ભગવાનને ભકત કેટલો વહાલો હોય છે એનું અહીં સરસ નિરૂપણ થયું છે. એક બાજુ દેવો અને બીજી બાજુ પોતાનો ભકત એ બેમાં ભગવાનને ભકત જ વહાલો હોય છે. દોહરા ૧૦૬ અને ૧૦૭માં ભકત વિશેનો અને દોહરા ૧૦૮માં દેવો વિશેનો ભગવાનનો અભિપ્રાય કેવો છે તે જાણવા મળે છે. દોહરા ૧૧૦ અને ૧૧૧ ભગવાનની ભકતવત્સલતા દર્શાવે છે.

●

## અધ્યાય : ૨૨

આ અધ્યાયનું નામ: **'વિશ્વામિત્રાદિજન્મકથન'** છે. આ અધ્યાયમાં **૧૫૮** દોહરા છે.

આ અધ્યાયમાં જમદગ્નિ અને રેણુકાની કથાનું વર્ણન છે. ભગવાન પોતાના ભકતનો શા માટે વધ કરે છે એ પાછળનું તત્ત્વજ્ઞાન સમજાવવામાં આવ્યું છે. (૧-૧૫).

ભૃગુઋષિ અને ખ્યાતિનો પુત્ર ઋચીક તપસ્યા કર્યા બાદ પિતાની આજ્ઞાથી લગ્ન કરવા માટે કાન્યકુબ્જ (કનોજ)ના રાજા ગાધિની શરતને સંતોષે છે અને એની પુત્રી સત્યવતી સાથે લગ્ન કરે છે. (૧૬-૫૮). ગાધિરાજાએ યોગિવર ઋચીકને મહેલમાં રાખીને તેની એકનિષ્ઠ ભાવે સેવા કરી તેથી એણે વરદાન માગવાનું કહ્યું. રાજાએ પુત્ર સંતતિ થાય એવી ઇચ્છા વ્યકત કરી. (૫૯-૬૬).

ઋચીક અને સત્યવતી માતા-પિતા પાસે જઇને રહ્યાં. સત્યવતીની સેવાથી પ્રસન્ન થઇને ભૃગુઋષિએ વરદાન માગવા કહ્યું ત્યારે એણે પોતાને તથા પોતાની માતાને પુત્ર સંતતિ થાય એવું માંગ્યું. (૬૭-૭૫).

ભૃગુઋષિએ પુત્ર કામેષ્ટિ યજ્ઞ કરવા જણાવ્યું અને તેનું વિધિ વિધાન ઋચીકને સમજાવ્યું. એમના જણાવ્યા પ્રમાણે બધું થયું પણ અભિમંત્રિત ચરુમાં અદલબદલ થઇ ગઇ. સત્યવતીની વિનંતી માનીને ભૃગુઋષિએ કહ્યું કે તને પુત્ર બ્રાહ્મણ થશે પરંતુ તારો પૌત્ર ક્ષાત્રવૃત્તિનો થશે. સત્યવતીએ જમદગ્નિને અને એની માતાએ વિશ્વામિત્રને જન્મ આપ્યો. (૭૬-૧૧૧). ક્ષત્રિય કુળમાં જન્મેલા વિશ્વામિત્રે વસિષ્ઠના સાઠ હજાર પુત્રો મારી નાંખ્યા પરંતુ અંતે વસિષ્ઠે બતાવેલા ઉપાય દ્વારા બ્રહ્મત્વ સંપાદન કર્યું. (૧૧૨-૧૫૮).

પ્રેમથી પ્રણામ કરીને શિષ્ય નિરંજને પૂછ્યું કે આ જમદગ્નિ અને રેણુકા કોણ હતાં? (૧). કરુણાકર ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણરૂપે જાતે અવતરીને અર્જુનને કેમ માર્યો? (૨). તમારા મુખ કમળમાંથી ઝરતા અમૃતથી (તમારી વાણીથી) ભ્રાંતિનો નાશ થાય છે. આ સાંભળીને અલખજીએ કહ્યું કે હે શિષ્ય ! તું ઉદાસ થઇશ નહિ. (મા=નહિ) (૩). જેણે સ્વપ્નમાં પણ દેવનું સ્મરણ કર્યું નથી તેવી વ્યક્તિ પણ જો સંકટમાં અનન્યભાવે એક વખત પણ ભગવાનને યાદ કરે અને કહે કે "હે ભગવાન! દોડ અને મને તાર" તો ભગવાન જગદીશ એવાને પણ ભૂલતા નથી અને શ્રીહરિ તરત જ દોડીને એને ધ્રુવપદ આપે છે. (૪-૫). આ અર્જુન તો હંમેશ માટે ભગવાનથી જોડાયેલો હતો. એને ભગવાન ભૂલે જ કેવી રીતે? તું મનમાં મિથ્યા શંકા કરીશ નહિ. અવતાર ધારણ કરીને ભગવાન એને એની ઇચ્છા મુજબનું આપે છે. (૬). અર્જુને એવું માગ્યું હતું કે હું મારાથી ઊતરતી વ્યક્તિના હાથે કે રોગ વગેરેથી ન મરું, પણ મારું મૃત્યુ મારા કરતાં વધારે ખ્યાતિ ધરાવતી વ્યક્તિના હાથે થાઓ. (૭). સમગ્ર બ્રહ્માંડમાં અર્જુન સમાન કોઇ બીજો હતો નહિ, તો એના કરતાં વધુ બળવાળો તો કયાંથી હોય? માટે સર્વશ્રેષ્ઠ અને વરિષ્ઠ એવા શ્રીહરિ તેનો જાતે વધ કરે છે. (૮). બ્રાહ્મણના વેષમાં ભગવાન ભકતની ઇચ્છા મુજબ વર્તે છે. શ્રીહરિ તટસ્થભાવે (ઉદાસીનવૃત્તિથી) વર્તે છે તેથી તેમને દોષ કે ગુણ લાગતા નથી. (૯). સર્જન, સ્થિતિ અને સંહાર કરવા છતાં તે હંમેશાં નિર્લેપ રહે છે. નિત્યમુકત એવા એ (શ્રીહરિ) બાળકવત્ ક્રીડા કરે છે. (રમત રમે છે.) (૧૦). જન્મ (મરણ)નો નાશ કરનાર એ જગદીશને કયાંથી બંધન નડે? જન્મ અને મૃત્યુ એ તો કેવળ શરીરની ગંધ છે અને મિથ્યા છે. (૧૧). જીવન્મુકતનું શરીર છૂટતાં એને શું નુકસાન થાય? એણે તો જ્ઞાનબળે જીવતા જીવ જ મૃત્યુ અવરોધ્યું

હતું.① (૧૨). જેમ પાણીની અંદર તરંગ (પરપોટો) ઊઠે અને ફૂટી જાય તો પણ પાણી તો એવુંને એવું જ રહે છે. એને કોઇ લાભ કે ગેરલાભ થતો નથી. (૧૩). એ જ રીતે આ વિકારી દેહનો સંપૂર્ણ નાશ થતાં આત્માના સ્વરૂપમાં કોઇ પણ પ્રકારની લેશમાત્ર હાનિ કે કલેશ થતાં નથી એ તું જાણી લે. (૧૪). માટે આમાં કોઇ કહેતાં કોઇનો દોષ નથી. જમદગ્નિ કોણ હતા એની અપૂર્વ કથા હું આગળ કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. (૧૫).

નર્મદા નદીના પાવન તટ ઉપર ગુજરાત નામના દેશમાં પરમ પ્રસિદ્ધ એવા મહાત્મા ભૃગુઋષિ વસતા હતા. (૧૬). એ પવિત્ર ભૃગુક્ષેત્ર (ભરૂચ)નું સ્થાન સુંદર રીતે શોભી રહ્યું હતું. ત્યાં ભૃગુઋષિ તપશ્ચર્યા કરતા હતા અને સુંદર મંત્ર-તંત્રની સાધના કરતા હતા. (૧૭). કર્દમઋષિની દીકરી અને કપિલ મુનિની બહેન ખ્યાતિ એમની પતિવ્રતા પત્ની હતી. (૧૮). એ હંમેશાં પતિની સેવા કરતી હતી. એણે ઋચીક નામે પુત્રને જન્મ આપ્યો, જે જમદગ્નિનો પિતા હતો. (૧૯). હિમાલય પર જઇને એણે (ઋચીકે) કઠોર તપશ્ચર્યા કરી અને બધી વિદ્યા સંપાદન કરીને એ તરત જ ઘરે આવ્યો. (૨૦). આવીને પિતાશ્રીને પ્રણામ કર્યા. ભૃગુઋષિ રાજી થયા અને કહ્યું કે હે પુત્ર ! તને ધન્ય છે. તેં દેવો અને ઋષિઓને સંતુષ્ટ કર્યા છે. (૨૧). હવે મારું માનીને તું આનંદથી લગ્ન કર. ગૃહસ્થાશ્રમ ભોગવીને પછી તું જંગલમાં જજે.② (૨૨). હે બુદ્ધિમાન ! પુત્રનું મોં જોઇને પિતૃઋણમાંથી મુકત થઇને તું લોકોની વચ્ચે અને જંગલમાં રહેજે અને જીવન્મુકત સમાન જીવજે. (૨૩). પોતાના પિતાનું વચન સાંભળીને ઋચીકે પ્રણામ કર્યા અને આજ્ઞા માથે ચઢાવીને કન્યારત્નની શોધ કરવા માંડી. (૨૪). એણે ધ્યાનમાં જાયું તો કાન્યકુબ્જ દેશ (કનોજ)માં મહાતપસ્વી એવો ગાધિરાજા રહેતો હતો. તેને એક સુંદર કન્યા હતી. એ સત્યવતીની માછલી જેવી આંખો હતી, ચંદ્ર જેવું મુખ હતું, સિંહના જેવી કેડ હતી અને એનાં સ્તન કઠણ હતાં. એ કેવળ પોતાને માટે લાયક હતી. આવું જોઇને મનાવેગથી ત્યાં આવીને ઋચીકે કન્યાનું દાન માગ્યું. (૨૫-૨૭). એનું તપસ્વી તરીકેનું રૂપ જોઇને ગાધિરાજા વિચારવા લાગ્યો કે મારી દીકરી તો કમળના ફૂલના જેવી કોમળ છે. (૨૮). મહાન તપશ્ચર્યાથી ભગવાન શંકરે પ્રસન્ન થતાં એ મને પ્રાપ્ત થઇ છે. આવી દીકરી આને કયાંથી આપું? (૨૯). વનમાં ફરનાર આ તો કેવળ દરિદ્ર જણાય છે. જો એને મારી દીકરી પરણાવું તો એ (મારી દીકરી) હેરાન પરેશાન થઇ જશે. (૩૦). રાજમહેલમાં રહેનારી એ વન વગડામાં બીકથી મરી જશે અને પકવાન્ન જમનારી એ ભૂખે મરી જશે. (૩૧). જો એને હું ના પાડીશ તો એ તેજસ્વી (તપસ્વી) ઋષિ તરત જ કોપાયમાન થશે અને ક્ષણમાત્રમાં શાપ આપીને બાળીને ખાખ કરી નાંખશે. (૩૨). એટલે કોઇ યુક્તિ યોજીને હું એને ખાલી હાથે પાછો કાઢું. એ ન આપી શકે એવી દુર્લભ વસ્તુની માગણી કરું. (૩૩). એવું વિચારીને એણે કહ્યું કે હે ભૃગુઋષિના સુપુત્ર ! તમે સાંભળો. મારી દીકરીને જોઇને અનેક વીરપુરુષો એની માગણી કરે છે. તેથી મેં એક વિચિત્ર કહેવાય એવી પ્રતિજ્ઞા કરી છે. જે વ્યક્તિ મને કાળા કાનવાળા (અને સફેદ શરીરવાળા) હજાર ઘોડા આપશે તેને હું મારી દીકરી પરણાવીશ. આ કાર્ય કેવી રીતે બનશે? ઋચીક બોલ્યો કે હે રાજા ! તમે જણાવેલા ઘોડા હું લાવી આપીશ. તું તારી પ્રતિજ્ઞા (પણ) ફેરવીશ નહિ. (૩૪-૩૬).

આવું કહીને ઋચીકે ધ્યાન કર્યું તો વરુણલોકમાં સફેદ શરીર અને કાળા કાનવાળા ઘોડા જોયા. (૩૭). મનની ઝડપે (મનોવેગે) અંતરિક્ષ માર્ગથી આવીને એણે વરુણને બધી વાત કહી સંભળાવી અને કહ્યું કે હે વરુણદેવ ! હું ભૃગુઋષિનો પુત્ર છું અને મારું નામ ઋચીક છે. પિતાની આજ્ઞાને લીધે હું લગ્ન કરવા માટે તૈયાર થયો છું. (૩૮-૩૯). એને માટે હું અહીં આવ્યો છું. શ્યામ કાનવાળા હજાર ઘોડા આપીને તું મારું લગ્ન કરાવ અને કાયમ માટે (અખંડ) સુખી રહે. (૪૦). ગાધિરાજાની પ્રતિજ્ઞા ખૂબ કપરી છે. એ આવા ઘોડા માગે છે. એ વગર એ એની પુત્રી પરણાવવા તૈયાર નથી. એટલે તું મારું આટલું કામ કર. (૪૧). આ સાંભળીને વરુણ અંતરમાં ગભરાયો. એને થયું કે ના પાડીશ તો આ તપસ્વી શાપ આપશે. (૪૨). એટલે એણે ઘોડાને દારૂ પાઇને તોફાની બનાવી છૂટા મૂકી દીધા અને પછી મુનિને પ્રાર્થના

કરતાં કહ્યું કે હે ઋષિવર ! સાંભળો. આ ઉન્મત બનેલા ઘોડાઓ માનવના હાથમાં આવે એવા નથી. હવે તમે જ કહો કે હું શું કરું? (૪૩-૪૪). એને પકડવા જતાંની સાથે જ પવનની જેમ અદ્ધર થઇને ભાગે છે અને પાસે જતાં કરડે છે અને લાત મારે છે. (૪૫). માણસને જોતાંની સાથે જ તે ભડકે છે. હવે એને કોણ વળાવે? જો તમારી સાથે આવતા હોય તો ઘોડા એ રહ્યા. તમે એને દોરી લો. (૪૬). ઋષિએ કહ્યું કે બતાવો કયાં છે? એની સાથે વરુણે તે ઘોડા બતાવ્યા. એની (ઋચીક) દૃષ્ટિ પડતાં જ ઘોડા એકદમ શાંત થઇ ગયા. (૪૭). કુમુદના ફૂલ જેવા સફેદ અને શ્યામ કર્ણવાળા શ્રેષ્ઠ ઘોડા પૃથ્વીને પગ ના અડે એ રીતે પવનની જેમ ચાલતા હતા. (૪૮). વરુણને આશિષ આપીને ઋચીક ત્યાંથી જળમાર્ગથી ઝડપથી ચાલી નીકળ્યો. (૪૯). જયાંથી આ ઘોડાઓ નીકળ્યા એ ગંગાસાગર સંગમ ઉપર અશ્વતીર્થ થયું કે જે સઘળાં પાપો હરનાર છે એમ તું માન. ત્યાં આવીને ઋચીકે ગાધિરાજાને ઘોડા આપીને કહ્યું કે હવે તું તારી પ્રતિજ્ઞાનું પાલન કર. તું હવે વિલંબ કર્યા વગર તારી કન્યાને મારી સાથે પરણાવ. એની આવી અદ્ભુત શક્તિ જોઇને રાજા તો દંગ જ થઇ ગયો. (૫૦-૫૨). એણે મનમાં વિચાર્યું કે હું પણ કેવો મૂઢ છું કે મેં આને દીન માન્યો. યોગીજનો ધારે તે કરી શકે છે. એ ખરેખર પ્રત્યક્ષ દેવ છે. (૫૩). એમના પગમાં સિદ્ધિઓ આળોટતી હોવા છતાં તેઓ આ રીતે વિરક્ત રહે છે અને આ રીતે ગુપ્તવેષે ફરે છે. તેઓ પૂર્ણપણે આત્મસંતોષી (પૂર્ણકામ) પુરુષો છે. (૫૪). એને મારી દીકરી પરણાવીને હું ધન્ય (કૃતાર્થ) થઇ જાઉં. કારણ કે એ જમાઇ થતાં મારા વંશનો ઉદ્ધાર કરશે. (૫૫). મનમાં એવો નિશ્ચય કરીને, સારું મુહૂર્ત જોઇને વિધિ અનુસાર ગાધિરાજાએ કન્યાદાન કર્યું અને મહોત્સવ યોજીને લગ્ન કરાવ્યું. (૫૬). મુનિ (ઋચીક)ને પણ આનંદ થયો અને થોડા દિવસ સસરાના મહેલમાં આનંદથી રહ્યો. (૫૭). આવો અપૂર્વ યોગ જોઇને દેવોએ એનાં વખાણ કરતાં કહ્યું કે ખરેખર આ કન્યારત્ન અનુપમ છે અને ઋચીકને ધન્ય છે. (૫૮).

ગાધિરાજા અને તેની રાણી પ્રસન્ન મનથી અને એકનિષ્ઠ ભાવે સેવા કરતાં હતાં. એક દિવસ એ યોગિવરે પૂછ્યું કે તમારા મનમાં શી ઇચ્છા છે? જે ઇચ્છા હોય તે વર માગી લો. આ સાંભળીને રાજા (રાવ) અને રાણી બન્નેએ હાથ જોડીને કહ્યું કે તમે ભારે તપસ્વી છો (તપના ભંડારરૂપ છો.) અને ઇશ્વરથી પણ ન થઇ શકે તે કરી શકવાને હે સ્વામી ! તમે સમર્થ છો. (૫૯-૬૧). અમારી પાછળ અમારો વંશ ચાલુ રાખે અને અમને પિંડ અને જળ આપે એવો પુત્ર નથી. (૬૨). અમારા પિતૃઓનું પોતાના સ્થાનથી છેક પતન ન થાય એ માટે હે સદ્બુદ્ધિવાળા યોગીશ્વર ! અમને એક પુત્ર આપ, જે પુણ્યશીલ, ઉદાર, તપમાં સૂર્ય જેવો, વંશનો ઉદ્ધાર કરનારો અને દશે દિશામાં ખ્યાતિ પામેલો હોય. (૬૩-૬૪). આમ કહીને રાજા-રાણીએ પ્રણામ કર્યા એટલે (ઋચીકે) કહ્યું કે જાવ તમને એવો જ પુત્ર થશે. તમે એમાં શંકા રાખશો નહિ. (૬૫). જયાં સુધી ચાંદો સૂરજ રહેશે ત્યાં સુધી એની કીર્તિ ત્રિભુવનમાં અજર અમર રહેશે અને એ બ્રહ્મવિદ્ધર થશે. (૬૬). આ સાંભળીને રાજારાણી અતિ પ્રસન્ન થયાં. પછી બન્નેની રજા લઇને સત્યવતીને લઇને ત્યાંથી ઋચીક ઘરે જવા નીકળ્યો અને પત્ની સાથે આવીને માતા-પિતાનાં ચરણમાં પ્રણામ કર્યા. (૬૭-૬૮). એણ બનેલી બધી વાતો કહી સંભળાવી. એ સાંભળીને ભૃગુઋષિને ખૂબ જ સંતોષ થયો અને દેવી સમાન પુત્રવધૂ જોઇને અતિશય પ્રસન્ન થયા. (૬૯). બંનેને આશીર્વાદ આપીને પોતાની પાસે રાખ્યાં. પતિવ્રતા એવી (સત્યવતી) રાજાની દીકરી (સાસુ સસરાની) સેવા કરતી. (૭૦). એનો (સત્યવતીનો) સુશીલ સ્વભાવ અને સેવા જોઇને એક દિવસ સંતુષ્ટ થઇને ભૃગુઋષિ રાજી થઇને બોલ્યા કે હે પુત્રવધૂ ! તારી સેવા જાઇને મને ખૂબ જ સંતોષ થયો છે. હું તારા પર પ્રસન્ન થયો છું. તારે જે વરદાન જોઇતું હોય તે માગી લે. (૭૧-૭૨). સત્યવતીએ બે હાથ જોડીને (પગે લાગીને) કહ્યું કે હે દેવ ! આપ બધું જ જાણો છો. મારી મતિ ધર્મમાં સ્થિર રહો અને મને અખંડ આપની સેવા મળો. (૭૩). બીજું તો હે પ્રભુ ! હું શું માગું? આપ બધું જાણો જ છો. મને અને મારી માતાને પુત્ર નથી. એ દુ:ખ દૂર કરો. (૭૪). આપની કૃપાદૃષ્ટિથી દુ:ખ સંપૂર્ણપણે ટળી જાય છે. અમને બંનેને

તમે જલદીથી સુપુત્ર આપીને કૃતાર્થ કરો. (૭૫). ભૃગુઋષિ બોલ્યા કે તમને બન્નેને ચોક્કસ પુત્ર થશે. હું ઉત્તમ ઉપાય બતાવું છું તે પ્રમાણે તમે બન્ને કરો. (૭૬). તું માસિક ધર્મને અંતે (ચોથે દિવસે) સ્નાન કર્યા પછી, ચિત્તમાં બ્રહ્મનું ચિંતન કરીને તરત જ વિધિ મુજબ પીપળાનું (અશ્વત્થ વૃક્ષનું) પૂજન કર અને પીપળાને આલિંગન આપ (ભેટ). એ જ રીતે (તારી) માતા ઔદુંબરની પૂજા કરીને તેને આનંદથી ભેટે (આલિંગન આપે).③ (૭૭-૭૮). ત્યાર પછી પુત્ર કામેષ્ટિ યજ્ઞ કરી, સાવધાન રહીને તારે બ્રાહ્મમંત્રથી અભિમંત્રિત ચરુનું ભક્ષણ કરવું. એને કારણે તને બ્રહ્મતેજથી યુક્ત એવો પુત્ર થશે, જે વેદ અને શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર અને સર્વત્ર પૂજ્ય (પૂજાને યોગ્ય) બનશે. (૭૯-૮૦). તારી માતાને બ્રાહ્મણો ક્ષાત્રમંત્રથી અભિમંત્રિત કરીને જે ચરુ આપે તે ચરુ એણે ખાવો. એના પ્રભાવથી તારી માતાને વીર, ક્ષત્રિયોમાં રત્ન સમાન અને ઉદાર પુત્ર થશે જે વંશનો ઉદ્ધાર કરશે. (૮૧-૮૨). આ સાંભળીને સત્યવતીએ વંદન કર્યું એટલે ભૃગુઋષિએ પુત્રવધૂને આશિષ આપી અને પછી પુત્ર (ઋચીક)ને કહ્યું કે મેં જે કહ્યું તે તેં સાંભળ્યું છે. તું સસરાના ઘરે જઇને કહ્યા મુજબ બધું કરાવ. (૮૩-૮૪).

આ સાંભળીને ઋચીકે પત્ની સાથે વંદન કર્યું અને આજ્ઞા લઇને સસરાના ઘરે જલદીથી આવી પહોંચ્યો અને બધી વાતો કરી. આ સાંભળીને ગાધિરાજા ખૂબ પ્રસન્ન થયા. સસરા-જમાઇએ ખૂબ પ્રેમથી અને આનંદપૂર્વક પુત્ર કામેષ્ટિ યજ્ઞ કર્યો. (૮૫-૮૬). બધું જ કહ્યા મુજબ યોગ્ય રીતે (સાંગોપાંગ) થયું પરંતુ ચરુનું ભક્ષણ કરવામાં પ્રારબ્ધવશાત્ બહુ મોટી ભૂલ થઇ ગઇ. (૮૭). કન્યા (દીકરી) માટેનો જે બ્રાહ્મમંત્રથી અભિમંત્રિત ચરુ હતો તે રાણીએ ખાધો અને રાણી માટેનો ક્ષાત્રમંત્રથી અભિમંત્રિત ચરુ દીકરીએ (કન્યા) ખાધો. (૮૮). પ્રારબ્ધવશ આ મોટી ભૂલ થઇ. એ વિપરીતતા ત્રિકાલદર્શી ભૃગુઋષિએ જ્ઞાનચક્ષુથી ધ્યાન દ્વારા જાણી. (૮૯). મનની ઝડપે (મનોવેગથી) ત્યાં આવીને કહ્યું કે તેં આ શું કર્યું? ચરુ ભક્ષવામાં થયેલી ઊલટાસૂલટીથી (વિપરીતતાથી) પુત્ર પણ એ રીતનો જ થશે. (૯૦). હે પુત્રવધૂ! તેં ક્ષાત્રમંત્ર અભિમંત્રિત ચરુ ખાધો તેથી તને ક્ષાત્રગર્ભ રહેશે. પરિણામે તને બળવાન પુત્ર થશે. (૯૧). તારી માતાએ બ્રાહ્મમંત્રથી અભિમંત્રિત ચરુ ખાધો છે તેથી એના પ્રભાવથી એને બ્રહ્મર્ષિ પુત્ર થશે. (૯૨). તારો પુત્ર બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિયવૃત્તિનો થશે અને માતાનો પુત્ર ક્ષત્રિય હોવા છતાં બ્રહ્મવૃત્તિવાળો થશે. (૯૩). ભૃગુઋષિનાં આવાં વચનો સાંભળીને જ્ઞાની સસરાના પગમાં માથું મૂકીને સત્યવતીએ પ્રાર્થના કરતાં કહ્યું કે હું બ્રાહ્મણ સ્ત્રી તરીકે ખ્યાતિ પામી છું એટલે મને ક્ષત્રિયવૃત્તિવાળો પુત્ર ન જ થવો જોઇએ. મને તો બ્રહ્મવેત્તા, સર્વાભિજ્ઞ (બધું જાણનારો), ઋષિ સમાન, સુપાત્ર, પૂર્ણ ત્રિકાળજ્ઞાની, કુળને અમર કરે એવો અને હે પ્રભુ ! બ્રાહ્મણોનાં વંદનને યોગ્ય એવો આપ સમાન પુત્ર જોઇએ. આ સાંભળીને ભૃગુઋષિ તરત જ બોલ્યા કે આવું હવે કોઇ દિવસ બની શકે એમ નથી. આ સાંભળીને અતિશય દુ:ખી થઇને પુત્રવધૂ મૂર્છિત થઇને પૃથ્વી ઉપર ઢળી પડી અને દુ:ખથી આક્રંદન (રોકકળ) કરતાં કહેવા લાગી કે આપ સમર્થ છો. તમે મારા પર આટલી દયા કરો. નહિતર મારું જીવ્યું વ્યર્થ છે. (મારા જીવતરમાં ધૂળ પડી ગણાશે.) (૯૪-૯૮). પુત્રવધૂનું દુ:ખ જોઇને ઋષીશ્વરને દયા આવી (પીગળ્યા) અને કહ્યું કે બેટા! (વહુ!) હું મંત્ર વગેરેથી ગર્ભ ફેરવું છું. એનાથી તને બ્રાહ્મણવૃત્તિનો પુત્ર થશે પણ પૌત્ર ક્ષત્રિયવૃત્તિનો થશે. સત્યવતીએ પગે પડીને કહ્યું કે હે પ્રભુ ! ભલે એ પ્રમાણે થાવ. (૯૯-૧૦૦). એને આશીર્વાદ આપીને ભૃગુઋષિએ મંત્ર પ્રભાવથી ગર્ભ ફેરવ્યો અને પછી પોતાના આશ્રમે ગયા.④ (૧૦૧). ગાધિરાજા ખૂબ જ પ્રસન્ન થયો અને કહ્યું કે ભલે બ્રાહ્મણવૃત્તિનો પુત્ર થાય. આવો સત્પુત્ર વંશમાં જન્મવાથી કુળનું અધ:પતન ટળશે. (૧૦૨). કુળમાં આવો બ્રહ્મવેત્તા (બ્રહ્મને જાણનારો) પુત્ર થતાં પિતૃઓનો ઉદ્ધાર થશે, ત્રણે લોકમાં નામના થશે અને હંમેશાનો જયજયકાર થશે. (૧૦૩). મા અને દીકરી બંને આ રીતે ગર્ભવતી થઇ. બંનેને ઉત્તમ ઇચ્છાઓ (દોહદ) થવા લાગી અને તેજથી શરીર શોભતું હતું. (૧૦૪). પોતાની પત્ની બ્રહ્મજ્ઞાનની વાતો કરવા

લાગી તેથી ગાધિરાજાને ખૂબ આનંદ થયો. જમાઇની સાથે એણે બધા જ સંસ્કારો યથાવિધિ આનંદપૂર્વક કર્યા. (૧૦૫). નવ મહિના પૂરા થતાં બંનેએ (મા અને દીકરીએ) શુભ લગ્નમાં પુત્રરત્નને જન્મ આપ્યો. બધાને અનહદ આનંદ થયો. (૧૦૬). ધામધૂમથી જાતકર્મ (જન્મ સમયે કરાતો સોળ સંસ્કારો પૈકીનો સંસ્કાર) વગેરે કર્યું અને ધન, વસ્ત્ર વગેરે આપીને લોકોને રાજી કર્યા. (૧૦૭). નામકરણનો મહાન ઉત્સવ કરીને બંનેનાં વારાફરતી નામ પાડયાં. સત્યવતીના પુત્રરત્નનું નામ જમદગ્નિ પાડયું. (૧૦૮). સમગ્ર જગતના વંદનને યોગ્ય એવા એ બ્રહ્મર્ષિ સાક્ષાત્ ભગવાન શિવશંકર જ હતા. ધર્મની સ્થાપના કરવા માટે ભગવાન શંકર પૃથ્વી પર અવતર્યા હતા. (૧૦૯). સત્યવતીની અનન્ય ભક્તિ અને અનન્ય પ્રેમ જોઇને ઉમાપતિ (શંકર) પ્રસન્ન થઇને પુત્રરૂપે આવ્યા હતા. (૧૧૦). ગાધિરાજાના પુત્રનું નામ વિશ્વામિત્ર પાડયું જે ગાયત્રીમંત્રના દ્દષ્ટા તરીકે અને બીજી સૃષ્ટિનું સર્જન કરનાર તરીકે પ્રસિદ્ધ થયા.⑤ (૧૧૧). ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થવા છતાં ચરુના પ્રભાવને લીધે એ (વિશ્વામિત્ર) બ્રાહ્મણપણું મેળવવા માટે પ્રયત્નો કરતા હતા. (૧૧૨). સાઠ હજાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કર્યા પછી એણે દેવ, ઋષિ અને મુનિને કહ્યું કે મને સત્વરે બ્રાહ્મણ બનાવો. (બ્રાહ્મણ જાહેર કરો.) (૧૧૩). મારી માતાએ બ્રાહ્મમંત્રથી અભિમંત્રિત ચરુ ખાધો એના પ્રભાવથી મારો જન્મ થયો છે માટે મને બ્રાહ્મણ કહો. એની એવી પ્રાર્થના સાંભળીને બધાએ કહ્યું કે આ બની શકે જ નહિ, કારણ કે તારું શરીર તો ક્ષત્રિયનું છે. (૧૧૪-૧૧૫). બ્રાહ્મચરુના પ્રભાવથી તું સર્વજ્ઞ થઇશ તો પણ તારો આ દેહ કયારે પણ પૂજ્ય તો થશે જ નહિ. (૧૧૬). બધા જ શાસ્ત્રો એવું કહે છે કે બ્રાહ્મણ સ્ત્રીના પેટે જન્મ લીધા સિવાય બ્રાહ્મણત્વ મળતું નથી. આમ છતાં સર્વશ્રેષ્ઠ એવા બ્રહ્મવિદ્‌વરિષ્ઠ વસિષ્ઠ ઋષિનો અભિપ્રાય બધાને માન્ય રહેશે એ તને યોગ્ય ઉપાય બતાવશે.⑥ (૧૧૭-૧૧૮). દેવો અને ઋષિઓનાં આવાં વચન સાંભળીને તરત જ વિશ્વામિત્ર વસિષ્ઠ પાસે જઇને પ્રાર્થવા લાગ્યા કે મને બ્રાહ્મણ કહો. (૧૧૯). વસિષ્ઠે કહ્યું કે એ શકય નથી. એટલે વિશ્વામિત્ર ક્રોધે ભરાયા અને વસિષ્ઠના સાઠ પુત્રોને જેમ દુશ્મન મારે તેમ મારી નાંખ્યા. (૧૨૦). આમ છતાં શાંત એવા વસિષ્ઠ ક્રોધાયમાન થયા નહિ અને એને બ્રાહ્મણ કહ્યો નહિ. એટલે ગાધિસુત (વિશ્વામિત્ર) દુ:ખી દુ:ખી થઇ ગયો. (૧૨૧). વસિષ્ઠને મારી નાંખું અને એના પ્રાણ હરી લઉં એવું વિચારીને એક દિવસ તલવાર, ધનુષ્ય અને બાણ લઇને એ વસિષ્ઠ ઋષિના આશ્રમમાં આવ્યો. શરદપૂર્ણિમાની ચાંદનીમાં આંગણામાં વસિષ્ઠ ઋષિ અરુંધતી સાથે બેઠા હતા. (૧૨૨-૧૨૩). સતી અરુંધતીએ પૂછયું કે હે મુનિઓમાં ઇન્દ્ર સમાન ! આ શરદપૂર્ણિમાનો ચંદ્ર સ્વચ્છ આકાશમાં શોભે છે અને આનંદ આપે છે. એની શોભા કેવી અનન્ય છે ! હે નાથ ! આ ત્રણે લોકમાં એના જેવું બીજું કાંઇ નિર્મળ અને ધન્ય હશે ખરું? (૧૨૪-૧૨૫). મુનિએ કહ્યું કે આ વિશ્વમાં એના જેવું નિર્મળ અને વિશુદ્ધ તપ તો કેવળ વિશ્વામિત્રનું છે. એના સિવાય આવું બીજું કશું નથી. એના તપને બીજી ઉપમા આપી ન શકાય એવું નિરૂપમ છે અને એ ખરેખર આનંદ પમાડે એવું છે. તું મનમાં એ વિશે શંકા કરીશ નહિ. (૧૨૬-૧૨૭). આવાં વચન સાંભળીને ગાધિપુત્ર વિશ્વામિત્ર પશ્ચાત્તાપને લીધે અંતરમાં દુ:ખી થઇ ગયો. (૧૨૮). મૂળમાંથી જ અહંતા ગળી જવાને લીધે હાથમાંનાં તલવાર, ધનુષ અને બાણ ફેંકી દઇને એ અંદર દોડયો અને સાષ્ટાંગ પ્રણામ કરીને વસિષ્ઠના પગ પકડીને ગળગળો થઇને નમ્ર વચનથી પ્રાર્થના કરવા લાગ્યો કે તમે ખરેખર સાચા સંત છો. તમે મારા દોષ જોતા નથી. આપમાં લેશમાત્ર ક્રોધ નથી. જયારે હું તો દુર્ગુણનો ભંડાર છું. આપમાં રાગ-દ્રેષ નથી અને આપ નિર્ભય અને નિર્મળ છો. આપ હંમેશાં આનંદમાં રહો છો. હું આપનો ગુનેગાર છું. (૧૨૯-૧૩૨). હું માતૃદોષને કારણે રજોગુણી અને પાપી છું અને અયોગ્ય રીતે બ્રાહ્મણપણું મેળવવા માટે હે પ્રભુ ! મેં ભયંકર ઘાતકી થઇને આપના પુત્રો મારી નાંખ્યા હતા. એ અન્યાય ભૂલી જઇને આપ મારી પ્રશંસા કરો છો. હું આપને શરણ આવ્યો છું. હું દુષ્ટ આજે આપને મારવા માટે આવ્યો હતો. પરંતુ આપની શાંતિ જોઇને હું તો દિઙ્મૂઢ જ થઇ ગયો.⑦⑧ (૧૩૩-૧૩૫). આપ મને બ્રાહ્મણ કહો તો જ મને બ્રાહ્મણત્વ મળે પરંતુ એનું રહસ્ય

ના જાણીને હું કેવો મૂઢ તે આપને મારી નાંખવા ધસી આવ્યો. (૧૩૬). આપ જ સમર્થ છો અને જેમ બીજ વિના વૃક્ષ શક્ય નથી તેમ હે પ્રભુ ! આપ વગર મને કોણ બ્રાહ્મણ બનાવી શકે? (૧૩૭). હે નાથ ! ગુરુના હત્યારાને કોણ બ્રાહ્મણ કહેશે? હે પ્રભુ ! હું દુષ્ટ અને અપરાધી છું. હે ગુરુનાથ ! મને માફ કરો. (૧૩૮). આ સાંભળીને તેજોરાશી અને ગંભીર એવા વસિષ્ઠ મુનિ બોલ્યા કે હે વિશ્વામિત્ર ! તમે સાંભળો. હે ધીર પુરુષ! પશ્ચાત્તાપને લીધે તારું અંતઃકરણ શુદ્ધ થયું છે અને તારા બધા દોષ બળી ગયા છે. તારું નિર્મળ તપ જોઇને મને સંતોષ થયો છે.(૯) (૧૩૯-૧૪૦). આવું કહીને વસિષ્ઠે મનમાં વિચાર્યું કે અપકારીનું પણ જે ભલું કરે છે (કલ્યાણ કરે છે) તે જ સાચો સાધુ છે.(૧૦) (૧૪૧). માટે હું એની ઇચ્છા તાત્કાલિક પૂરી કરું. એમ વિચારીને જવાબમાં મુનિશ્રેષ્ઠ વસિષ્ઠ બોલ્યા કે હે વિશ્વામિત્ર! તું જ કહે કે ખરેખર બળજબરીથી કોઇ દિવસ કોઇ બ્રાહ્મણ થયો છે ખરો? જો તું કહે તો હું તને (બ્રાહ્મણ) કહી દઉં. (૧૪૨-૧૪૩). વિશ્વામિત્ર બોલ્યા કે મારે બળજબરીથી-પરાણે બ્રાહ્મણ થવું નથી. તમે જેમ કહો તેમ કરવા હું તૈયાર છું. (૧૪૪). મારે માટે આપની આજ્ઞા શિરોમાન્ય છે. આપ જે જે શાસ્ત્રાજ્ઞા કહેશો તે પ્રમાણે હું બધી રીતે પ્રાયશ્ચિત કરીશ. (૧૪૫). ભલે મારું મૃત્યુ થાય પરંતુ હું આપની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરું. હું તો આપનો દાસ છું. આપ મારો ઉદ્ધાર કરો. (૧૪૬). એનો દ્દઢ નિશ્ચય જોઇને વસિષ્ઠ ઋષિ બોલ્યા કે એક પાત્રમાં દાળ અને ચોખા ભેગા કરીને (એમાં પાણી રેડીને) પછી એને આનંદપૂર્વક માથા ઉપર મૂકી વેદમાંથી જન્મેલા, ત્રણ પગવાળા અને સાત હાથવાળા અગ્નિનું ધ્યાન કર અને તેનું આવાહન કર. યોગાગ્નિથી એ અન્ન સિદ્ધ કરીને પછી તું મને જમાડ. આવું કરવાથી તું બ્રાહ્મણ થઇશ. આ એક જ ઉપાય છે તે તું સમજ. વિશ્વામિત્રે કહ્યું કે હે પ્રભુ ! મને આપની આજ્ઞા માન્ય છે. (૧૪૭-૧૫૦). એવું કહીને એણે દાળ-ચોખાના મિશ્ર અન્નનું પાત્ર માથા ઉપર મૂક્યું. અગ્નિનું ધ્યાન ધરવાથી એ ક્ષત્રિય શરીર બળીને ખાખ થઇ ગયું. (૧૫૧). આ જોઇને ઋષિએ તરત જ કૃપાદષ્ટિ કરીને સિદ્ધ સંજીવની મંત્રથી જળનું પ્રોક્ષણ કર્યું. (જળ છાંટ્યું.) (૧૫૨). (વસિષ્ઠ ઋષિનાં) કમંડળનું એ જળ કેવળ અમૃતરૂપ જ હતું. ભસ્મમાં એનું સિંચન કરતાંની સાથે વિશ્વામિત્ર નવા શરીરના રૂપમાં પ્રગટ થયા. ત્યારથી એ વિશ્વામિત્ર બ્રાહ્મણ થયા એ તું જાણ. સાધુની કૃપાનું ફળ આવું સુંદર (ચિત્ર) હોય છે. ત્યારથી વિશ્વામિત્ર રાજર્ષિ મટીને બ્રહ્મર્ષિ થયા અને જમદગ્નિ પણ તપ કરીને પ્રસિદ્ધ થયા. (૧૫૩-૧૫૫). ક્ષત્રિયોનું અભિમાન ઉતારવા માટે સંસાર સાગર તારનાર સ્વયં વિષ્ણુ ભગવાન એમના ઘરમાં પરશુરામ રૂપે અવતાર ધારણ કરે છે. (૧૫૬). આગળ ઉપર એ રસ સભર કથા અતિ નમ્ર થઇને **રંગ** કહેશે જે શ્રદ્ધાપૂર્વક સાંભળતાં ભકત તલ્લીન થઇ જશે. (૧૫૭). આ અધ્યાયમાં જમદગ્નિ અને વિશ્વામિત્રની જન્મકથાનું વર્ણન કર્યું જે સંતોએ પ્રેમપૂર્વક સાંભળ્યું. (૧૫૮).

શ્રી દત્તાપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વિશ્વામિત્રાદિજન્મકથન'** નામનો **બાવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૨

(૧) દોહરા ૧ થી ૧૨માં ભક્ત પ્રત્યેનો ભગવાનનો વાત્સલ્યભાવ અને જ્ઞાનીની જીવન દષ્ટિનું સુંદર વર્ણન છે. જન્મ-મૃત્યુ તો શરીરની ગંધ માત્ર છે એટલે એને બિનજરૂરી મહત્ત્વ આપવા જેવું નથી. શરીર પ્રત્યેની વધુ પડતી આસક્તિ જ દુ:ખનું કારણ છે. "સુખ દુ:ખ મનનાં સોણલાં, જન્મ મરણ તન ગંધ" એવું પૂ.શ્રીએ એક ભજનમાં પણ ગાયું જ છે. આ શરીર નાશવંત છે, દુ:ખરૂપ છે અને ગંદુ છે એવી પાકી સમજ કેળવવાને જ વિવેક કહેવામાં આવે છે સાથે સાથે મુક્તિનું દ્વાર છે માટે અવગણના પણ ન કરાય.

(૨) દોહરા ૨૨ થી ૫૮ સુધીનું વર્ણન લગ્નજીવન વિશેના આપણા ધર્મના ઊંચા ખ્યાલો રજૂ કરે છે. "ન પરણવાની ઘેલછા અને પરણવા વિશેના ખોટા અને ગંદા ખ્યાલોનો છેદ ઉડાડી દે એવું વર્ણન છે. ભૃગુઋષિ, ઋચીક અને જમદગ્નિ બધાએ લગ્નજીવન જીવીને પણ આધ્યાત્મિક ઉન્નતિનાં શિખરો સર કર્યાં હતાં. 'ધન્યો ગૃહસ્થાશ્રમ: |' સૂત્રને સાર્થક કરે એવી અહીં ચર્ચા છે. જેમ મૃત્યુ એ માતૃત્વનું નિમિત્ત બને છે તેમ લગ્નજીવન 'માતૃદેવો ભવ' અને 'પિતૃદેવો ભવ' નું વાતાવરણ સર્જે છે. ભૂખ, આરામ અને જાતીયવૃત્તિ આ ત્રણ વસ્તુ પ્રાણીમાત્રને જન્મથી મળતી હોય છે એટલે એના પ્રત્યે સૂગ કેળવવાની ભૂલ નહિ કરવી.

(૩) વૃક્ષોમાં પીપળો બ્રાહ્મણ છે અને ઔદુંબર ક્ષત્રિય છે. તેથી સત્યવતી ઋષિપત્ની હોવાથી પીપળાને અને ગાધિરાજાની રાણી ક્ષત્રિય હોવાથી ઔદુંબરને આલિંગન આપે એ યોગ્ય છે. આનાથી વિરુદ્ધ દેવોમાં દત્તાત્રેય ભગવાન બ્રાહ્મણ છે જ્યારે વિષ્ણુ ભગવાન ક્ષત્રિય છે. દત્તાત્રેય ભગવાન (બ્રાહ્મણ)નો વાસ ઔદુંબર (ક્ષત્રિય)માં છે જ્યારે વિષ્ણુ ભગવાન (ક્ષત્રિય)નો વાસ પીપળા (બ્રાહ્મણ)માં છે.

(૪) દોહરા ૭૯ થી ૧૦૧ સુધીમાં મંત્રશક્તિનો પ્રભાવ જોવા મળે છે. ત્યારના ઋષિમુનિઓ મંત્ર દ્વારા ગર્ભને ફેરવી પણ શકતા હતા જે શક્તિ આજના વિજ્ઞાને સિદ્ધ કરી નથી. વળી પુત્રપ્રાપ્તિ પહેલાં ચિત્તમાં બ્રહ્મનું ચિંતન-સારા વિચારોની આવશ્યકતા સ્વીકારાઇ છે. આ બધી વાતોને આજનું વિજ્ઞાન હવે સ્વીકારતું થયું છે.

(૫) વિશ્વામિત્ર ગાયત્રીમંત્રના દષ્ટા છે, મંત્રના રચયિતા નથી. ઋષિ મુનિ મંત્રોને જોતા હતા. ત્રિશંકુ પર પ્રસન્ન થઇને વિશ્વામિત્રે એને સ્વર્ગમાં મોકલ્યો પણ ત્યાંથી એને પાછો મોકલ્યો તો વિશ્વામિત્રે પોતાના તપના જોરે અંતરિક્ષમાં બીજી સૃષ્ટિ ઊભી કરી દીધી. એમનામાં આવી શક્તિ હતી.

(૬) લગ્નજીવન વિશેની બે બાબતો નોંધવા જેવી છે. એમાં પુરુષનું મહત્ત્વ સંતાનની દષ્ટિથી ઘણું છે તે સમજાય છે.

એક તો કન્યાને ઊંચા કુળમાં લગ્ન કરવાની છૂટ છે, નીચા કુળમાં જવાની છૂટ નથી. સત્યવતી ક્ષત્રિય છે, પરંતુ એ ઋષિકુળના ઋચીકને પરણે છે. આપણાં શાસ્ત્રોમાં આવાં અનેક ઉદાહરણો છે. બ્રાહ્મણની કન્યા ક્ષત્રિય પુરુષને પરણી શકે નહિ. દેવયાનીએ શાપને લીધે યયાતિ (ક્ષત્રિય) સાથે લગ્ન કરવાં પડયાં હતાં. 'સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકર:||' એ ગીતાનું વાકય (અ.૧/શ્લોક ૪૧) આ સંદર્ભમાં વિચારવા જેવું છે.

બીજું ક્ષત્રિય કન્યા બ્રાહ્મણ પુરુષને પરણે એટલે એને આપોઆપ બ્રહ્મત્વ મળી જ જાય છે. એટલે સત્યવતીની કુખે જન્મેલા જમદગ્નિ બ્રાહ્મણ છે પરંતુ બ્રાહ્મણ સ્ત્રી ક્ષત્રિય પુરુષને પરણે તો એના પુત્રને બ્રહ્મત્વ મળતું નથી.

સંતાનોના શારીરિક વિકાસમાં પુરુષ મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકને સંસ્કાર આપવામાં માતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૭) દોહરા ૧૩૧ અને ૧૩૨ માં સંતોનાં લક્ષણ જણાવ્યાં છે તે સમજવા જેવાં છે. (૧) સંત બીજાના દોષ જોતા નથી. (૨) એનામાં જરા સરખો પણ ક્રોધ હોતો નથી. (ક્રોધ અને ગુસ્સામાં ફેર છે એ યાદ રાખવું.) (૩) એનામાં રાગ દ્વેષ હોતા નથી. પરિણામે શોક-મોહ હોતા નથી. (૪) એ નિર્ભય અને નિર્મળ હોય છે. (૫) એ હંમેશાં આનંદમાં રહે છે. કોઇને પણ સંત માનીને એનાં ચરણમાં માથું મૂકતાં પહેલાં આ બાબતો યાદ રાખવા જેવી છે.

(૮) દોહરો ૧૩૪ મહત્ત્વનો છે. માણસમાં દુશ્મનની પ્રશંસા કરવાની હિંમત હોવી જોઇએ અને મિત્રની પણ ખુશામત કરવી જોઇએ નહિ. પ્રશંસા અને કદર કરવી એ ગુણ છે પરંતુ ખુશામત કરવી એ અવગુણ છે.

(૯) હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે, (કલાપી).

પશ્ચાત્તાપ દ્વારા નવું જીવન જીવવાની તક આપીને ભગવાને માનવ જાત ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. પશ્ચાત્તાપનો અર્થ છે: કાર્ય કર્યા પછીથી (પશ્ચાત્) થતો સંતાપ (તાપ). પાછળથી (પશ્ચાત્) સંતાપ (તાપ) થાય એવું કરીએ જ નહિ તો કેવું?

(૧૦) ઉપકારિષુ યઃ સાધુઃ સાધુત્વે તસ્ય કો ગુણઃ ।
અપકારિષુ યઃ સાધુઃ સ સાધુ સદ્ભિરુચ્યતે ॥

ઉપકાર કરનાર પ્રત્યે જે ભલાઇ કરે તેની ભલાઇમાં શું નવાઇ? અપકાર કરનાર પ્રત્યે ભલાઇ કરે તો સત્પુરુષો તેનાં વખાણ કરે છે.

●

## અધ્યાય : ૨૩

આ અધ્યાયનું નામ '**પરશુરામ અવતાર**' છે. આ અધ્યાયમાં **૧૧૮** દોહરા છે.

આ અધ્યાયમાં સૌ પ્રથમ જમદગ્નિ અને રેણુકાનાં લગ્નની અને એને વસુમંત, વસુ, સુષેણ, વિશ્વાવસુ અને પરશુરામ એમ થયેલા પાંચ પુત્રોનું વર્ણન છે. વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતીયા)ને દિવસે ભગવાન વિષ્ણુ પરશુરામરૂપે અવતાર ધરે છે એનું વર્ણન છે. (૧-૧૪). ક્ષાત્રમંત્ર અભિમંત્રિત ચરુના પ્રભાવને લીધે ક્ષાત્રતેજ ચમકે છે. ભગવાન શંકર પાસે જઇને ધનુર્વિદ્યા શીખીને શસ્ત્રાસ્ત્રમાં નિપુણ થઇને પરશુરામ ઘરે આવ્યા અને માત-પિતાની સેવામાં રહ્યા. (૧૫-૨૧).

એક દિવસ સ્નાન માટે ગયેલી રેણુકાએ ગંધર્વરાજ ચિત્રરથની સ્ત્રી સાથેની ક્રીડા જોઇ અને મનથી વિચલિત થઇ. પરિણામે વસ્ત્રમાં પાણી બાંધીને લાવવાની પોતાની શક્તિ નકામી બની ગઇ. જમદગ્નિને આ વાતની જાણ થતાં એણે વારાફરતી પુત્રોને રેણુકાનો વધ કરવા કહ્યું પણ પરશુરામ સિવાય બધાએ 'ના' કહી તેથી જમદગ્નિએ તેમને શાપથી ભસ્મ કરી નાખ્યા. (૨૨-૭૯).

વનમાંથી સમિધ-પુષ્પો લઇને આવેલા પરશુરામને જમદગ્નિએ રેણુકાનો વધ કરવા કહ્યું. પરશુરામે હૈયું કઠણ કરીને, બધાને જીવતા કરવા, માતાનો વધ કર્યો. પ્રસન્ન થઇને જમદગ્નિએ વરદાન માગવા કહ્યું એટલે એણે માગ્યું કે એક તો માતા સહિત ભાઇઓને જીવતાં કરો અને બીજું માતાના વધની મને યાદ ન રહે એવું કરો. જમદગ્નિએ બધાને જીવતાં કર્યાં. પરશુરામે માતાનાં ચરણમાં વંદન કર્યાં. (૮૦-૧૦૧).

માતાએ આશીર્વાદ આપ્યા અને બધે આનંદ આનંદ વર્તી રહ્યો. (૧૦૨-૧૧૮).

અલખે નિરંજનને કહ્યું કે હે બાળ ! તું સાવધાન થઇને સાંભળ. સાક્ષાત્ શંકર ભગવાને જ જમદગ્નિના રૂપે અવતાર ધારણ કર્યો હતો. (૧). આ જાણીને હિમાલય પર્વત (હિમનગ)ની પુત્રી (નંદિની) સ્વયં પાર્વતીએ કર્ણાટકમાં રેણુ નામના રાજાના ઘરે અવતાર લીધો. (૨). રાજાઓમાં શ્રેષ્ઠ એવા રેણુએ દીકરીનું નામ રેણુકા પાડયું. પક્ષ (સુદ પક્ષ)ના ચંદ્રની જેમ એ સુકુમારી મોટી થતી જતી હતી. (૩). આજે પણ લોકો 'એલમ્મા માતા'ના નામથી ભવાનીનું (પાર્વતી-રેણુકાનું) જન્મસ્થાન બતાવે છે જે દર્શન માત્રે શોક હરી લે છે. (૪). નાની બાળા પરણવાને યોગ્ય થઇ એટલે શિવનું ચિંતન કરવા લાગી અને જમદગ્નિને શિવશંકર માનીને એનું રાત દિવસ ધ્યાન કરવા લાગી. (૫). એનો (રેણુકાનો) નિશ્ચય જોઇને રેણુ રાજાએ પણ જમદગ્નિને બોલાવીને પોતાની દીકરી પરણાવી દીધી. (૬). વિધિ અનુસાર હસ્ત (પાણિ) મેળાપ (ગ્રહણ) થતાં (લગ્ન થતાં) રેણુકા પણ અંતરમાં અતિશય રાજી થઇને પ્રેમથી પતિને ભજવા લાગી. (૭). ગંગાનદીના કિનારે વનમાં આશ્રમ બાંધીને બંને જણાં ગૃહસ્થધર્મથી રહેવા લાગ્યાં. (૮). જમદગ્નિ ઋષિ અખંડ અગ્નિ રાખીને તપશ્ચર્યા કરતા હતા અને સતી રેણુકા સેવામાં અખંડપણે હાજર રહેતાં હતાં. (૯).

એને પાંચ પુત્રો થયાં જે બધા જ ધાર્મિક, વેદમાં નિપુણ, પવિત્ર અને સેવામાં તત્પર રહેનાર હતા.(૧) (૧૦). સૌથી મોટા દીકરાનું નામ વસુમંત હતું, બીજો વસુ નામે વિખ્યાત હતો. ત્રીજાનું નામ સુષેણ હતું અને એના પછીના (ચોથા)નું નામ વિશ્વાવસુ હતું. (૧૧). વૈશાખ માસના શુકલ પક્ષની પુણ્યકારક ત્રીજના દિવસે, સિંહલગ્નમાં મધ્યાહ્ને રેણુકાની કુખે દેવ પ્રાર્થનાવશ ભગવાન હૃષીકેશ અવતર્યા. સ્વર્ગમાં દુંદુભિ વાગવા લાગ્યાં અને પુષ્પવૃષ્ટિ થવા લાગી.

(હૃષીક=ઇન્દ્રિયો, ઇશ=વશ કરનાર). (૧૨-૧૩). પાંચમો પુત્ર ભાર્ગવરામ સ્વયં વિષ્ણુનો અંશ જ હતો અને પૃથ્વીનો ભાર ઉતારવા માટે જ એણે અવતાર ધારણ કર્યો હતો. (૧૪). ક્ષાત્રમંત્ર અભિમંત્રિત ચરુના પ્રભાવથી એનું શરીર તેજ તેજના અંબાર સમાન હતું. ભૃગુઋષિનાં વચન અનુસાર રામ (પરશુરામ) ક્ષાત્રધર્મમાં રત અને ધીર થયો. (૧૫). સમય જતાં એને યજ્ઞોપવીત (જનોઇ) આપવામાં આવી. બ્રહ્મચર્યનું પાલન કરીને તપશ્ચર્યા દ્વારા તેણે પાર્વતી અને શંકરને પ્રસન્ન કર્યા. (૧૬). ધનુર્વેદ ભણીને શસ્ત્ર અને અસ્ત્રમાં નિપુણ થયો. ગુરુને દક્ષિણા આપીને તરત જ ઘેર આવ્યો.(૨) (૧૭). બધા વેદોનો સાંગોપાંગ અભ્યાસ કર્યો અને પછી માતા-પિતાની સેવા કરીને એ સમજુ (દીકરા)એ માતાપિતાને સંતુષ્ટ કર્યા. (૧૮). એનો વિવેક અને સુશીલ સ્વભાવ જોઇને ઋષિમુનિઓ પણ એને માન આપવા લાગ્યા અને બધા માટે પૂજ્ય બન્યો. (૧૯). ઇશ્વરનો અવતાર હોવા છતાં એ પુત્રની જેમ રહીને માતા-પિતાની ભાવથી સેવા કરતો હતો. (૨૦).

માતાપિતાની સાથે રહીને એ રોજ જંગલમાં જઇને સમિધ, ફૂલ, ફળ, દર્ભ વગેરે જાતે લાવતો હતો. (૨૧). હે જમદગ્નિ ઋષિ ! તમને ધન્ય છે કારણ કે તમારી પત્ની અને તમારા પુત્રો તમારી આજ્ઞામાં રહે છે. (ઋષિ) વનમાં રહીને તપશ્ચર્યા કરીને આલોક અને પરલોકને સાધતા હતા.(૩) (૨૨). એક દિવસ પતિનાં ચરણનું ચિંતન કરતી કરતી માતા રેણુકા સ્નાન કરવા માટે એકલી ગંગા નદીના તીરે આવી. (૨૩). એ વખતે ગંધર્વરાજ ચિત્રરથ મદોન્મત હાથીની જેમ પોતાની સ્ત્રીઓ સાથે ક્રીડા કરી રહ્યો હતો તે માતા રેણુકાએ જોયું. (૨૪). વિવિધ પ્રકારનાં (નાના) પુષ્પોની સુગંધીથી સુશોભિત રાજા જાણે બીજો કામદેવ હોય એ રીતે નિ:શંક (શંકા રહિત) ક્રીડા કરતો હતો. (૨૫). સુંદર યુવાન સ્ત્રીઓનો સમૂહ એને વીંટળાઇને કૌતુકથી (આશ્ચર્યના ભાવથી) ક્રીડા કરી રહ્યો હતો. આ જોઇને રેણુકા અંતરમાં રાજી થઇ અને વિચારવા લાગી કે આ સ્ત્રીઓને ધન્ય છે અને ધન્ય છે એમની ક્રીડાને. (આ પ્રકારનું) સુખ એ ઉત્તમ સુખ છે એમ જાણો ! આવું (મનોમન) બોલીને આનંદથી એ ક્રીડા જોઇ રહી. પ્રારબ્ધની ગતિ વિચિત્ર છે. આજે સતી ભુલાવામાં પડી. (૨૬-૨૮). કામદેવ કોઇને છોડતો નથી. એ કામદેવ (મન્મથ)નાં બાણ સહન કરવાં અતિ મુશ્કેલ છે. જયાં દેવો પણ પછડાયા ત્યાં માણસની શી વિસાત? (૨૯). માટે કામની નિંદા ન કરતાં તેની સ્તુતિ કરી તેની કૃપા પ્રાપ્ત કરી સાવધાન થઇને રહેવું.(૪) (૩૦). જુઓ ! જગતની માતા એવી રેણુકા કે જે પરમ સતી પણ છે તે પણ કામથી વ્યાકુળ બનીને જડની જેમ ઊભી રહી. (૩૧). જેનામાં વસ્ત્રમાં પાણી બાંધીને ઘરે લઇ જવાની શક્તિ હતી એવી એ પણ મોહમાં પડી. (૩૨). જેના પતિવ્રતાપણાથી પાંચે ભૂતો (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) પણ ડરતાં હતાં, સ્થાવરો (પર્વત, ઝાડ-પાન વગેરે) પણ સાવધાન થઇને વર્તતા હતાં, દેવો અને મનુષ્યો બીકથી ધ્રૂજતા હતા અને જે સ્વપ્નમાં પણ કોઇ પરપુરુષનું મોં જોતી ન હતી તે (રેણુકા) આજે મોહમાં પડીને બીજાની ક્રીડા જોતી રહી. (૩૩-૩૪). ખરેખર એના વ્રતમાં ન્યૂનતા (શિથિલતા) આવી અને સતી શરમાઇ ગઇ. વસ્ત્રમાં પાણી રહેતું ન હતું તેથી રેણુકા બીકની મારી રડતી હતી. (૩૫). એ વિચારવા લાગી (મનોમન બોલી) કે અરેરે! આ શું થઇ ગયું? મેં ઊંચી આંખે કેમ જોયું? બીજાની કામ-ક્રીડા જોતાં અરેરે ! તરત જ મૃત્યુ કેમ ના થયું? (૩૬). જે કોઇ સ્ત્રી બીજાની કામ-ક્રીડા જુએ છે તે જારિણી થાય છે. અરેરે! હે કામ ! તારા જેવો ત્રિભુવનમાં કોઇ ચોર નથી. (૩૭). હે કામદેવ ! આ રીતે બધાનું પુણ્ય હરી લઇને તું પ્રાણીમાત્રને વશ કરે છે. તને હજાર વાર પ્રણામ હો. (૩૮). પહેલાં તું સર્વાંગ સંપૂર્ણ હતો, પરંતુ શિવજીની સમાધિનો ભંગ કરવા જતાં શિવે તને શાપ આપી ભસ્મીભૂત કર્યો. તો પણ તારો જીવ ઠરીને બેઠો નહિ. (૩૯). (તારી પત્ની રતિએ) શંકર ભગવાનને પ્રાર્થના કરી ત્યારે ભોળાનાથે તને ફરી જીવતો કર્યો. (કામદેવ અંગ વિનાનો છે એટલે સૂક્ષ્મરૂપે મનમાં રહીને વ્યક્તિને આકુળવ્યાકુળ કરે છે.) (૪૦). તને અંગ વગરનો કરવા છતાં પણ તું તારું કામ ભૂલ્યો નથી. અરે ! તેં મારા પર દયા કેમ ન કરી? ધિક્કાર છે આ જીવનને અને ધિક્કાર છે આ શરીરને. (૪૧). અરેરે ! હે દેવ ! તેં આ શું કર્યું? તેં કોપ કરીને તારી

જ દીકરીને તારી જાતે જ દોષના સાગરમાં કેમ હડસેલી? (૪૨). હે નારાયણ ! હે વિભુ ! હે પતિત પાવન પરમાત્મા (અનંત)! હું બાલિકા અપરાધી છું. મારા ઉપર મારા પતિ ચોક્કસ કોપાયમાન થશે. (૪૩). હે નાથ ! મને કામદેવે લૂંટી છે તેથી મને કાંઇ સૂઝતું નથી. મને અસહ્ય વ્યથા થાય છે. હું અનાથ શું કરું? (૪૪). હવે ઘરે જઇને પતિને શું મોં બતાવું? આમ ભયભીત થયેલી રેણુકા માથા પર જળ લઇને વિચારમાં મગ્ન બનીને તરત જ આશ્રમમાં આવી. આ બધું (પોતાના) ચિત્તમાં જાણી જવાથી ઋષિ કાળની જેમ ઊભા રહ્યા. (૪૫-૪૬). બ્રહ્મતેજથી રહિત અને ભ્રષ્ટ ધૈર્યવાળી રેણુકાને નીચે મોઢે ઊભેલી જોઇને ક્રોધપૂર્વક મુનિ બોલ્યા કે હું અતિશય ગરીબ એવો બ્રાહ્મણ છું, ફળ-ફૂલ ખાઇને અને ઝાડની છાલનાં વસ્ત્ર (વલ્કલ) પહેરીને જંગલમાં દુ:ખથી રહું છું. મારી તો ઘાસની ઝૂંપડી છે. અહીંયા રાજાના ઘરનું સુખ કયાંથી હોય? તને આ કયાંથી ગમે? તું સુખેથી જતી રહે અને મખમલનાં વસ્ત્રો પહેર. અહીં તો ગાયનું મૂતર ગંધાય છે જયારે ત્યાં તો અત્તરના ફુવારા ઊડે છે. અહીં બેસવા માટે લાકડાનું કે પથ્થરનું આસન છે જયારે ત્યાં તો ગાલીચા ઢાળેલા હોય છે. (૪૭-૫૦). આખરે તો તું રાજાની દીકરી છે. તારે શા માટે આ બધી વેઠ કરવી પડે? તું સુખેથી રાજા સાથે જા અને પકવાનથી પેટ ભર. (૫૧). મારે હવે તારું કોઇ કામ નથી. તને મન ફાવે ત્યાં તું જા. આનંદથી મોજ-મસ્તી કર અને તારા શરીરને સુખથી લાડ લડાવ. (૫૨). તારું મન મારાથી કંટાળી ગયું છે. તારું મન બીજાના રંગે રંગાયું છે. તને ફાવે તેમ તું કર. (૫૩). તું સમજી લે કે જે સ્ત્રી પરપુરુષમાં આસકત થાય તેને તરત જ ત્યજવી જોઇએ એવું બધાં શાસ્ત્રો કહે છે. (૫૪). આજથી તારો અને મારો સંબંધ સદંતર તૂટી ગયો છે. તું હવે તરત જ પાછી જતી રહે. તું એક ડગલું પણ આગળ આવીશ નહિ.⑤ (૫૫). ન બોલાય (સાંભળવા ના ગમે) એવા બોલ સાંભળીને રેણુકા મા બીકની મારી થર થર ધ્રૂજતી મૂગે મોઢે ઊભી રહી. (૫૬). આંખમાંથી આંસુ વહી રહ્યાં છે, શોકથી મુખ સુકાયું છે અને પરસેવે વસ્ત્રો રેબઝેબ થયાં છે એવી મા નીચે મોઢે જોઇ રહી. (૫૭). અંતરમાં અતિ ઉદાસીન એવી એને કાંઇ સૂઝતું નથી. કંઠ રૂંધાયો હોવાથી મોંમાંથી એક શબ્દ પણ નીકળતો નથી. (૫૮). ખૂબ જ વ્યથિત થયેલી રેણુકા એક ડગલું પણ આગળ ભરી શકી નહિ. એનું બધું તેજ વિલાઇ ગયું અને હૈયામાં હિંમત પણ રહી નહિ. (૫૯). એને લાકડાની પૂતળીની જેમ સ્થિર ઊભેલી જોઇને જમદગ્નિ ફરી વાણીનાં બાણોથી એને વીંધવા લાગ્યા અને બોલ્યા કે હજી તું ઉદ્ધત (બેશરમ) થઇને અહીં જ ઊભી છે? જા તારું મોં કાળું કર. (અહીંથી જતી રહે.) મારો ક્રોધ બહુ જ ખરાબ છે. તું નહિ જાય તો ચોક્કસ તારા પ્રાણ લઇશ. (૬૦-૬૧). મારું મન ખૂબ જ નિષ્ઠુર થઇ ગયું છે. તું નાહકની પ્રાણ ગુમાવશે. આવું સાંભળીને સતી મનોમન બોલી (વિચાર્યું) કે મારા પ્રારબ્ધમાં આવો યોગ કયાંથી? (૬૨). એકવાર ભાગ્યવશાત્ ભૂલ કરી. હવે આ ચરણ નહિ છોડું. ભલે મૃત્યુ આવે (દેહ પડે) પરંતુ અહીંથી એક ક્ષણ માટે પણ ખસવાની નથી. (૬૩). સાધુની કૃપા મેળવવી અતિ દુર્લભ છે પરંતુ એનો ક્રોધ મેળવવો તો અશકય જ છે. મારું તો બંને રીતે કલ્યાણ જ છે. પછી હું નાહકની શું કામ ડરું? (૬૪). પતિના હાથે મૃત્યુ થશે તો પાપનો નાશ થશે, આગળ ઉપરની દુર્ગતિ ટળશે અને હું વિશેષ રીતે મુકત થઇશ. (૬૫). 'તું જતી રહે, જતી રહે' એમ કહેવા છતાં રેણુકા બોલ્યા ચાલ્યા વગર બારણામાં સ્થિર ઊભી રહી. એ જોઇને પ્રલય સમયના અગ્નિ સમાન કોપાયમાન થઇને જમદગ્નિએ સૌથી મોટા (જયેષ્ઠ) પુત્રને બોલાવીને કહ્યું કે (હે વસુમંત!) તારી મા માનસપાપે ભ્રષ્ટ થઇને દોષયુકત થઇ છે. તેથી તું શંકા કર્યા વગર એનો શિરચ્છેદ કર. (૬૬-૬૮). પિતાશ્રીનાં આવાં વચનો સાંભળીને એમનાં પવિત્ર (મનોહર) ચરણને વંદન કરીને વસુમંત બોલ્યો કે હે પિતાશ્રી ! શાસ્ત્રમાં ક્રોધની ઘણી જ નિંદા કરી છે તેથી તમે આ ક્રોધ શાંત કરો. મા કરતાં બીજું કોઇ અન્ય દૈવત નથી એટલે એને મારી નાંખવાથી હું ચોક્કસ દુર્ગતિને જ પામું. (૬૯-૭૦). પુત્રનાં આવાં વચન સાંભળીને (જમદગ્નિએ) કહ્યું કે તને ધિક્કાર છે. તું મને ન્યાયશાસ્ત્ર શીખવે છે? તારો કાળ આવીને ઊભો છે. (૭૧). જે પુત્ર પિતાની આજ્ઞાનું હંમેશાં પાલન કરે તે જ પુત્ર સત્પાત્ર છે. એ સિવાયના બીજા બધા કીડા સમાન જાણવા અને એવા

કુપાત્ર ફોગટના જીવે છે. (૭૨). તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પાછો અભિમાની થઇને ફરે છે? 'જા તું બળીને ભસ્મ થઇ જા' એવું એમણે ક્રોધમાં કહ્યું. (૭૩). વસુમંત ત્યાં ને ત્યાં ભસ્મીભૂત થઇ ગયો. એ જોઇને તરત જ બીજા પુત્ર વસુને બોલાવીને કહ્યું કે તું તારી માનું માથું કાપી નાંખ. (૭૪). વસુએ કહ્યું કે પિતાજી ! તમે આ શું કહો છો? આવું તો કોઇ દિવસ બની શકે જ નહિ. બધાં શાસ્ત્રો 'માતાને પિતાથી સો ગણી શ્રેષ્ઠ છે' એવું કહે છે. (૭૫). એક વાર સ્તનપાન કર્યાનો માતાનો ઉપકાર પણ કોઇ દિવસ વાળી શકાતો નથી. જો હું માતાનો વધ કરું તો ત્રણે લોકનો મારા પર ફિટકાર વરસશે. (૭૬). અરેરે ! માતાએ વેઠેલાં કષ્ટોનું કોણ વર્ણન કરી શકે? એને શબ્દો દ્વારા (કડવાં વચનો દ્વારા) દુઃખ આપનાર પણ રૌરવ નામના નરકમાં જાય છે. (૭૭). ઘીની આહુતિથી જેમ અગ્નિ ભડકે બળે તેમ આવાં વચનો સાંભળીને જમદગ્નિ અતિશય કોપાયમાન થયા અને એને પણ બાળીને ભસ્મ કરી દીધો. (૭૮). વિશ્વાવસુ અને સુષેણને પણ એ જ રીતે શાપ આપીને તરત જ ત્યાં ભસ્મીભૂત કરી દીધા તો પણ એમનો ક્રોધ શાંત ના થયો. (૭૯). એ મનોમન બોલ્યા કે હજી રામ (પરશુરામ) જંગલમાંથી કેમ પાછો ફર્યો નથી? એની સાથે જ પાંચમો પુત્ર હાથમાં પરશુ (ફરશી) લઇને આવ્યો. (૮૦). જંગલમાંથી સમિધ, પુષ્પ વગેરે લાવીને પિતાના ચરણમાં મૂકીને વંદન કર્યું. (૮૧). એને જોઇને ઋષિ બોલ્યા કે હે રામ ! તું પિતૃભકત છે. એટલે મારું આટલું કામ કરીને તું મારા મનનું સમાધાન કર. (૮૨). આ રેણુકા (તારી મા) માનસપાપથી ભ્રષ્ટ થઇ છે. પહેલાં એનો શિરચ્છેદ કર અને પછી તું બેસ. (૮૩). તારા ચાર ભાઇઓએ (શિરચ્છેદ કરવાની) ના પાડી તેથી એ લોકો મારા શાપને કારણે ભસ્મીભૂત થઇ ગયા છે. તું એકદમ પરશુ ઊઠાવ. હે બુદ્ધિશાળી (રામ) ! તું માયાને વશ થઇશ નહિ. શૂરવીર પરશુધરે (પરશુરામે) મનોમન વિચાર્યું કે જો હું ના પાડીશ તો પણ માતા બચવાની તો નથી જ. અમને બંનેને શાપ આપીને ચોક્કસ રાખ કરી નાંખશે. (૮૪-૮૬). મારા પિતા શિવનો અવતાર છે, સમર્થ છે અને સાક્ષાત્ કૈલાસપતિ છે. એટલે તે કર્તું (કરવા જેવું), અકર્તું (નહિ કરવા જેવું) એને અન્યથા કર્તું (ઊલટું કરવા)ની શક્તિ ધરાવે છે. (૮૭). માયાપતિ (ભગવાન) એક જ ક્ષણમાં નવી સૃષ્ટિનું સર્જન કરી દે છે તેમ એમની કૃપાદૃષ્ટિ થતાં શું નહિ થાય? (એટલે કે બધું જ શકય છે.) (૮૮). હું એમની આજ્ઞાનું નાહક ઉલ્લંઘન શું કામ કરું? એમને રાજી કરું. એ રાજી થતાં હું માતાને ભાઇઓ સાથે ફરી જીવતાં કરીશ. (૮૯). આવું ઝડપથી વિચારીને પરશુ લઇને તરત જ માતાનું માથું ધડથી જુદું કરી દીધું. (૯૦). આ મહાન આશ્ચર્યકારક બાબત છે. એને દયા કેમ ના આવી? શું એનું હૃદય પથ્થર જેવું કઠણ હતું કે લોઢા જેવું? (૯૧). માતાનું ગળું કાપતાં જેનું હૃદય લેશમાત્ર ગભરાયું નહિ તેનું હૃદય ક્ષત્રિયવંશનો નાશ કરતાં શાનું ગભરાય? (૯૨). ગળું કપાતાં જ લોહીના ફૂવારા ઊડ્યા. તો પણ એની આંખ ભીની થઇ નહિ. આવી (એમની) અભેદ દૃષ્ટિ હતી. (૯૩). એનું આવું અદ્ભુત શૌર્ય અને અડગ ઔદાર્ય (ઉદારતા) જોઇને ઋષિએ વિચાર્યું કે આ અનાર્ય નથી. (આર્ય જ છે.) એ શ્રેષ્ઠ પિતૃભકત છે. (૯૪). પુત્રના પ્રેમને વશ થઇ, એને આનંદથી ભેટીને શાંત થઇને પછી બોલ્યા કે હે રામ (પરશુરામ) ! તને ધન્ય છે. પાપ-પુણ્યનો વિચાર કર્યા વગર જ કેવળ અનન્ય ભાવથી તેં મારી આજ્ઞાનું પાલન કર્યું તેથી તું મારા આશીર્વાદથી ત્રણે લોક (સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ)માં તરત જ પૂજ્ય થઇશ. હું તારા પર પ્રસન્ન થયો છું. તારા મનમાં જે ઇચ્છા હોય તે તું મુકત મનથી માગ. હું માંગેલું ચોક્કસ આપીશ. (૯૫-૯૭). આ સાંભળીને પ્રણામ કરીને પરશુરામ બોલ્યા કે માતા સહિત મારા બધા ભાઇઓને જીવતા કરો. મારા મનમાં મેં માતાના કરેલા વધની જરા પણ સ્મૃતિ ના રહો. હું ચિરંજીવ થાઉં, હંમેશાં બધે વિજયી થાઉં અને કલેશ વિનાનો થાઉં.(૬) (૯૮-૯૯). એ સાંભળીને જમદગ્નિએ 'તથાસ્તુ' (તેમ થાવ.) એમ કહ્યું એટલે પુત્રો સહિત માતા રેણુકા જીવતાં થયાં. (૧૦૦).

આ જોઇને રામને ખૂબ જ આનંદ થયો. પ્રેમથી દોડી જઇને માતાના ચરણમાં પ્રણામ કર્યા. એટલે માતાએ આશિષ આપી. (૧૦૧). માતા-પુત્રનું એ મિલન અવર્ણનીય છે. પ્રેમથી કંઠ રુંધાયો હોવાથી બેમાંથી કોઇ બોલી

શક્યું નહિ. (૧૦૨). રેણુકા બોલ્યાં કે તને ધન્ય છે. તેં ઉત્તમ કામ કર્યું છે. મારા મનને ઘણો જ સંતોષ થયો છે. જા, તારું નામ અમર થશે. (૧૦૩). તને કોઇ દિવસ પણ કળિયુગ (અથવા કળિ અને કાળ) પીડા કરશે નહિ. તું બધે પૂજ્ય થઇશ. તારાં યશોગાન કરનારા આલોકમાં અને પરલોકમાં સુખી થશે. (૧૦૪). આમ કરીને પતિનાં ચરણમાં માથું મૂક્યું અને બોલી કે હું ખરેખર પાપિણી છું અને મેં જ આ બધી ઉપાધિ ઊભી કરી છે. (૧૦૫). તમે તો કેવળ દયાની મૂર્તિ છો. મારા પર ક્રોધ કરવાનું બહાનું બનાવીને મારા ક્રિયમાણ અને સંચિત કર્મો ભસ્મ કરી દીધાં. (૧૦૬). હું એને ખરેખર શાપ માનતી જ નથી, એને મારા પર તમે કરેલી કૃપા જ માનું છું. હે નાથ ! તમે મારું બધું પાપ ધોઇ નાંખી મને પાપરહિત કરી નાંખી. (૧૦૭). આપ સમાન બીજો કોણ દયાળુ દેવ છે જે કોઇપણ પ્રકારની સેવા કર્યા વગર મારા ઉપર પ્રસન્ન થઇને મારો ઉદ્ધાર કરે. મને આપનાં ચરણની અખંડ સેવા આપો. (૧૦૮). હે ઇશ્વર! હું તને પ્રાર્થના કરું છું કે તું મને જનમોજનમ આ જ પતિ મળે એવો યોગ આપજે અને એનાથી હું કદીપણ છૂટી ન પડું. (૧૦૯). એવું બોલીને પતિના પગમાં વારે વારે વંદન કરવા લાગી. એટલે પ્રસન્ન થઇને મુનિ બોલ્યા કે તું તો શુદ્ધ મનની જ હતી પણ બીજા લોકોને શીખવાનું મળે એટલા માટે મેં તને (બાળીને) મારી નંખાવીને તને શુદ્ધ કરી. બીજા કોઇથી આવું બની શકે જ નહિ. (૧૧૦-૧૧૧). એ બહાને પરશુરામની પણ પરીક્ષા કરી. એ પિતૃભક્ત છે એ વાત સાચી છે. એ આપણું નામ ચોક્કસ અમર કરશે એની તું મનમાં ખાતરી રાખજે. (૧૧૨). આવું કહીને બીજા બધાનું પણ સમાધાન કર્યું અને પછી બધા જ પોતપોતાના ધર્મમાં આનંદથી વર્તવા લાગ્યા. (૧૧૩). પરશુધારી રામ સાક્ષાત્ વિષ્ણુના અંશ હતા. (જમદગ્નિની સેવા દ્વારા) ભગવાન શંકરની સેવામાં તત્પર રહી શિવ-વિષ્ણુ વચ્ચેનું અપૂર્વ ઐકય દર્શાવે છે. (૧૧૪). ભક્ત કાર્તવીર્ય(અર્જુન)ના કોડ પૂરવા અને ક્ષત્રિયોનું અભિમાન ઉતારવા સ્વયં લક્ષ્મીપતિ બ્રાહ્મણવેષે પ્રસિદ્ધ પરશુરામ થઇને અવતર્યા. હે સુસિદ્ધ સંતો ! આ અધ્યાયમાં તમે એ કથા સાંભળી છે. (૧૧૫-૧૧૬). હવે પછીના અધ્યાયમાં કામધેનુના હરણનું બહાનું (નિમિત્ત) કરીને શ્રીહરિ અર્જુનનો વધ કરીને એને મુક્તિ આપશે ત્યારે અલૌકિક રંગ જામશે. એનું વર્ણન કોણ કરી શકે? **રંગ** તો માત્ર નિમિત્ત છે બાકી જેનું છે તે જ (આ બધું) બોલે છે. (૧૧૭-૧૧૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પરશુરામ અવતાર'** નામનો **ત્રેવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

### પાદટીપ :

### અધ્યાય : ૨૩

(૧) ભગવાન શંકરસ્વરૂપ જમદગ્નિ અને પાર્વતીસ્વરૂપ રેણુકાના મહેંકતા ગૃહસ્થાશ્રમનું વર્ણન છે. એમને પાંચ પુત્રો થયા એટલે લગ્ન કરી, કૌટુંબિક જીવન જીવીને પણ આધ્યાત્મિક ક્ષેત્રે ઊંચાં શિખરો કેવી રીતે સિદ્ધ કરી શકાય તેનું માર્ગદર્શન છે અને ગૃહસ્થાશ્રમીને મોટી હૂંફ છે. પરમાત્માની પ્રાપ્તિમાં લગ્ન હંમેશાં બાધક નથી. પૂ. ડોંગરે મહારાજ એવું કહેતા કે ખુલ્લા મેદાનમાં રહીને લડવા કરતાં (સંન્યાસી થઇને પ્રભુ પ્રાપ્તિ કરવા કરતાં) કિલ્લામાં રહીને

લડવાનું (ગૃહસ્થાશ્રમી રહીને પ્રભુ પ્રાપ્તિ કરવાનું) સરળ છે. વળી ઊંચા આદર્શોવાળું જીવન જીવતી વ્યક્તિઓ લગ્નજીવન સ્વીકારે તો સમાજને સંસ્કારી સંતાનો મળે અને સમાજ ઉપર ઉપકાર થયો ગણાય.

(૨) ક્ષાત્રચરુના પ્રભાવે પરશુરામે ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવી. એમના ગુરુ ભગવાન શંકર છે. આમ વેદ-શાસ્ત્રોના અભ્યાસ ઉપરાંત ક્ષાત્રધર્મ અનુરૂપ ધનુર્વિદ્યા શીખ્યા અને શસ્ત્ર તેમજ અસ્ત્રમાં નિપુણતા મેળવી. (અસ્ત્ર એટલે ફેંકવાનું હથિયાર- બાણ, ચક્ર, ભાલો વગેરે. શસ્ત્ર એટલે હાથમાં રાખીને લડવાનું હથિયાર- તલવાર, ગદા વગેરે.)

(૩) આ ખૂબ જ સુંદર દોહરો છે. મોટી ઉંમરે પત્ની અને પુત્રો આજ્ઞામાં રહે એ સાચું સુખ છે. સામાન્યતઃ આવું ઓછું જોવા મળે છે. પરંતુ પત્ની અને પુત્રો આજ્ઞાનું પાલન કરે એવું વડીલે જીવવું પડે એ ભૂલવા જેવું નથી. ગૃહસ્થાશ્રમી રહીને મિશનનું કામ કરવું, કુટુંબની વ્યક્તિઓ પણ એમાં સહભાગી બને અને ગામના લોકો પણ પ્રેમથી સહકાર આપે એવું જીવન જીવે એવા સંતને કોટી કોટી વંદના કરવી જોઇએ. આ ખૂબ અઘરું છે. "વિશ્વપ્રેમ કરવો સહેલો છે, પરંતુ પડોશીને પ્રેમ કરવો કઠણ છે." વળી તુલસીદાસજી કહે છે તેમ:

તુલસી કભુ ન જાઇયો જહાં બાપકો ગાંવ,
દાસ ગયો, તુલસી ગયો, રહ્યો તુલસિયો નામ.

(૪) રેણુકા માતાના પ્રસંગના વર્ણનમાં આ દોહરા દ્વારા પૂ. બાપજીએ આપણને સાચી અને સુંદર સમજ આપી છે. એવું કહેવાય છે કે આ ભારત દેશ જ એવો છે કે જયાં બ્રહ્મસૂત્ર અને કામસૂત્ર બન્ને લખાયા છે અને તે લખનારા પણ ઋષિ જ છે.

કામની નિંદા કરવાને બદલે, એના પ્રત્યે સૂગ કેળવવાને બદલે એનાથી સાવધાન રહીને ચાલવાનું છે. કામવૃત્તિ દરેક પ્રાણીમાં જન્મથી જ હોય છે અને એ ઇશ્વરે સંસાર ચાલુ રાખવા માટે મૂકેલી છે. એ વૃત્તિ ઉપર સંયમ હોવો જોઇએ, સમજપૂર્વકનો સંયમ આવકાર્ય છે. એ અંગે દઢાગ્રહ હોવો જોઇએ, દુરાગ્રહ નહિ.

પતંજલિ કૃત યોગદર્શનનું પહેલું જ સૂત્ર છે: 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ|'.

જેણે આધ્યાત્મિક પ્રગતિ કરવી છે તેણે આ સમજ કેળવવી રહી.

(૫) ૪૮ થી ૫૫ સુધીના દોહરાનું વિશેષ રીતે ચિંતન થવું જોઇએ. શેકસપિયર કહે છે કે He is to command and She is to obey. હવે જમાનો (પરિસ્થિતિ) બદલાયો છે તેમ છતાં કોઇ પણ પુરુષને ખબર પડે કે પોતાની પત્ની પોતાને વફાદાર નથી તો એનું એને મહા દુઃખ હોય છે. એ સ્થિતિ એ સહન કરી શકતો નથી. કદાચ સહન કરે તો એમાં મહદંશે લાચારી હોય છે. એ અંદરથી પામર અને નિસ્તેજ બની ગયો હોય છે. કદાચ આમાં Sense of possession-પોતીકાપણાનો અને માલિકીપણાનો ભાવ પણ હોઇ શકે. હકીકત એ છે કે પર-પુરુષના પ્રેમમાં પોતાની પત્ની છે એવું જાણ્યા પછી પુરુષ સ્વસ્થ રહી શકતો નથી. સ્ત્રીનામાં જે સહનશક્તિ છે, જે સમજશક્તિ છે, અનુકૂળ થવાની જે શક્તિ છે તેની પુરુષમાં ઉણપ છે. 'પુરુષ' શબ્દનો અર્થ જ કઠોર થાય છે.

(૬) પરશુરામે માગેલા વરદાનમાં 'માતૃવધની મને લેશમાત્ર સ્મૃતિ ન રહો' એ વરદાન સમજવા જેવું છે. ગમે તેટલા શુભ હેતુથી પણ કોઇનું મૃત્યુ નીપજાવ્યું હોય તો પણ એની યાદ ભવિષ્યમાં જે તે વ્યક્તિને પરેશાન કરે છે. આવાં કાર્યો મૃત્યુ સમયે અથવા દુઃખના સમયે તરત જ યાદ આવે છે અને અકળાવે છે. ખોટું કાર્ય વધુ સાવધાનીથી કરાતું હોવાથી એની યાદ મગજમાં અકબંધ રહે છે. ઘણી વાતો એવી છે કે જે ભૂલી જવાય તો આશીર્વાદરૂપ ગણાય. આવી વાતોની સ્મૃતિ હેરાન-પરેશાન કરી મૂકે અને કોઇ વાર વ્યક્તિને આપઘાત કરવા પ્રેરે. પૂ.શ્રીના અમર આદેશનું વાંચન આ સંદર્ભમાં થવું જોઇએ. દયાવૃત્તિથી કોઇને મારી નાંખવાની (Mercy Killing) વિચારધારાનો આને કારણે વિરોધ થાય છે.

●

## અધ્યાય : ૨૪

આ અધ્યાયનું નામ '**પરશુરામેણ કાર્તવીર્યાર્જુનવધ**' છે. આ અધ્યાયમાં **૧૮૪** દોહરા છે.

આ અધ્યાયમાં સૌ પ્રથમ તો પ્રારબ્ધ કેવું બળવાન હોય છે એનું વર્ણન છે. (૧-૧૨). એક વાર કાર્તવીર્ય અર્જુન લશ્કર સાથે જંગલમાં ગયો ત્યારે એણે જમદગ્નિ ઋષિનો આશ્રમ જોયો. ઋષિના દર્શને લશ્કર સાથે ગયો ત્યારે ઋષિએ કહ્યું કે તમે સ્નાન સંધ્યા વગેરે કરીને આવો અને પ્રસાદ લઇને જ જજો. (૧૩-૨૯).

જમદગ્નિએ જે ઠાઠ અને વૈભવથી આગતા સ્વાગતા કરીને જમાડ્યા એનાથી રાજા તો દંગ જ થઇ ગયો. આટલું બધું આટલી ઝડપથી કેવી રીતે થયું એ પ્રશ્નના સંદર્ભમાં મુનિએ કહ્યું કે આ કામધેનુનો પ્રભાવ છે. રાજાએ કહ્યું કે કોઇ પણ કિંમતે આ ગાય (ધેનુ) આપો. ઋષિએ સમજાવ્યો પણ રાજા સમજ્યો નહિ અને સિપાઇ દ્વારા એકલી ગાય લઇને ચાલવા માંડ્યું. (૩૦-૬૬).

શાંત મુનિ કશું જ બોલ્યા નહિ એટલામાં જંગલમાંથી સમિધ વગેરે લઇને પરશુરામ આવ્યો. એણે બધી વાતો સાંભળી અને ક્રોધે ભરાઇને પરશુ લઇને દોડ્યો. (૬૭-૮૬).

અર્જુનને જોતાં જ એણે સિંહગર્જના કરી અને એને વેધક વાણીરૂપી બાણો માર્યાં. અર્જુને એનો જવાબ આપ્યો. પરંતુ આખરે યુદ્ધ શરુ થયું. અર્જુન પણ પરશુરામને ઓળખી ગયો. પોતાના વરદાન પ્રમાણે હવે મૃત્યુ નજીક છે એવું જાણવા છતાં બહારથી ઘમાસાણ યુદ્ધ કર્યું અને અંતે યોગીને છાજે એવા મૃત્યુને વર્યો. (૮૭-૧૮૪).

વંદન કરીને શિષ્ય ફરીથી બોલ્યો કે હે ગુરુરાય! મને અર્જુનની કથા આગળ કહો જેથી મારી શંકા દૂર થાય. (૧). (મને એવી શંકા થાય છે કે) જે રાજા બ્રાહ્મણોનો ભક્ત હતો, જે અપૂર્વ પ્રમાણમાં દાન કરતો હતો, જેની સેવામાં સિદ્ધિઓ ખડે પગે હાજર રહેતી હતી, જેનું અનુપમ ઐશ્વર્ય હતું તે રાજા બ્રાહ્મણની ગાય બળજબરીથી લઇ જવાનું અઘટિત કાર્ય શું કામ કરે? એટલે અલખે કહ્યું કે તું શાંતિથી સાંભળ. આ બધો પ્રારબ્ધનો ખેલ છે (રમત છે). (૨-૩). વસિષ્ઠ ઋષિના શાપને કારણે એની બુદ્ધિ ફરી હતી. શાપ તો નિમિત્તમાત્ર હતો. મુનિ પણ એમાં શું કરે? ખરેખર પ્રારબ્ધ જ બળવાન હતું. (૪). પોતે જ્ઞાની, ધર્માત્મા અને ઇચ્છારહિત હોવા છતાં અને સદા નીતિથી વર્તતો હોવા છતાં તે પણ પ્રારબ્ધવશાત્ ભૂલથાપ ખાઇ જાય છે. (૫).

ભલે દેવ હોય કે મુક્ત હોય પરંતુ પ્રારબ્ધ કોઇને છોડતું નથી. એ ઇશ્વર દ્વારા નક્કી થયેલું હોય છે અને એ પોતાનું જોર બતાવવા હંમેશાં તત્પર રહે છે. (૬). જ્યાં પ્રારબ્ધવશાત્ સૂર્યદેવ (સવારથી સાંજ સુધી) ભમ્યા કરે છે, શંકર ભગવાન (રોજ બપોરે) ભીખ માગે છે, વિષ્ણુ ભગવાન માછલી અને કાચબારૂપે અવતાર ધારણ કરે છે ત્યાં માણસનું તો શું ગજું? (૭). બ્રહ્માજી પણ પોતાની દીકરી(સરસ્વતી)ને જોઇને કામથી વિહ્વળ થયા હતા, ઇંદ્રદેવે અહલ્યા સાથે ક્રીડા કરી હતી અને ચંદ્ર પોતાના ગુરુ (બૃહસ્પતિ)ની પત્નીને લઇને ભાગી ગયો હતો. (૮). રાવણે સીતાનું હરણ કર્યું હતું અને નળ તથા યુધિષ્ઠિર (ધર્મ) જેવા જુગાર રમ્યા હતા. આ બધી એમની ન સમજાય તેવી વિચિત્ર લીલા છે. એનું રહસ્ય કોણ સમજી શકે?① (૯). પરંતુ જ્ઞાની પુરુષને એનાથી કશું નુકસાન થતું નથી. એ તો દેહને પ્રારબ્ધ પર છોડીને પોતાની મસ્તીમાં નિરભિમાની થઇને રમતો રહે છે. (૧૦). પ્રારબ્ધવશાત્ દેહ ભલે ભમ્યા કરે અને સુખ કે દુ:ખ પામ્યા કરે.

પરંતુ જ્ઞાની તો તટસ્થભાવે, મૂગે મોંઢે આ બધી લીલા દૂરથી જોયા કરે છે. (૧૧). જ્ઞાનીને તો સ્વપ્નમાં પણ લાભ-ગેરલાભ હોતા નથી. એ તો સાચે જ પાપ અને પુણ્યથી પર હોય છે. આ બધાં જીવન્મુકતનાં પ્રમાણો (સાબિતી) છે.② (૧૨).

પ્રારબ્ધવશાત્ શાપથી ઘેરાયલા એ અર્જુને એક દિવસ વનમાં વિહાર કરતાં જમદગ્નિ ઋષિનો નંદનવન સમાન આશ્રમ જોયો. થાકી ગયેલો એ રાજા ત્યાં સૈન્ય સાથે આવી પહોંચ્યો. (૧૩-૧૪). એણે મનમાં વિચાર્યું કે શાંતિથી દર્શન કરીને પછી નગરમાં જઇશું. આવો લાભ ફરી ક્યારે મળવાનો છે? આવો વિચાર કરીને, સેનાને દૂર રાખીને, બે-ત્રણ મિત્રોને સાથે લઇને શૂરવીર સહસ્રાર્જુન પગે ચાલીને ત્યાં આવ્યો.③ (૧૫-૧૬). આશ્રમનાં દર્શન માત્રથી જ થાક ઊતરી ગયો. રાજા અતિ પ્રસન્ન થયો અને બોલ્યો કે સ્વયં ધર્મથી સંતુષ્ટ એવા આ તપોધનને (તપ એ જ જેનું ધન છે) ધન્ય છે. (૧૭). આવું બોલીને એ વિનમ્રભાવે અંદર ગયો તો ત્યાં સૂર્ય સમાન તેજસ્વી મુનિવરને જોયા. (૧૮). ભગવાન શિવની અને સતી પાર્વતીની જીવતી જાગતી મૂર્તિ સમા જમદગ્નિને અને સતી રેણુકાને જોઇને અર્જુને પ્રણામ કર્યા. (૧૯). સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરીને પછી બન્ને હાથ જોડીને એ ઊભો રહ્યો અને અનેક સ્તોત્રો દ્વારા રાજાએ ખરેખર સુંદર સ્તુતિ કરી. (૨૦). એ જોઇને જમદગ્નિએ તેને આસન આપીને પોતાની પાસે પ્રેમથી બેસાડ્યા અને આશિષ આપીને કુશળ સમાચાર પૂછ્યા. એટલે રાજાએ કહ્યું કે આપની કૃપાથી રાષ્ટ્રનો ખજાનો અને બીજું બધું ક્ષેમકુશળ (સલામત-બરાબર) છે.④ (૨૧-૨૨). હે ગુરુરાય ! હું આપનાં દર્શનમાત્રથી જ ધન્ય થઇ ગયો છું મારે લાયક કોઇ સેવા બતાવો. હું આપને વારે વારે પ્રણામ કરું છું. (૨૩). ઋષિ બોલ્યા કે હે રાજા ! તું ખરેખર પરમાત્માના હાથરૂપ (બ્રહ્મબાહુ) છે. તું રક્ષણ કરે છે એટલે અમે આ વનમાં નિર્ભય થઇને રહીએ છીએ અને વિઘ્ન (અડચણ) વગર તપ કરીને હંમેશાં સંતુષ્ટ રહીએ છીએ. અમારે તો કોઇ કહેતાં કોઇ જ ઇચ્છા નથી. પછી અમારે શાની ઊણપ હોય? (૨૪-૨૫). સમગ્ર સૈન્ય સાથે તું આજે પ્રસાદ લઇને પછી નિરાંતે નગરમાં જા એવી મારી એક વિનંતી તું માન. (૨૬). તમે બધા સ્નાન-સંધ્યા વગેરે પતાવીને જલદીથી આવો. બધી રસોઇ તૈયાર છે એટલે હવે વાર નહિ લાગે. (૨૭). "ભલે ત્યારે" એમ કહીને, લશ્કરને થોભાવીને એ ભોજન કરતાં પહેલાં સ્નાન માટે ગયો. (૨૮). જમદગ્નિ ઋષિએ તરત જ કામધેનુ (સુરભિ)ને પ્રાર્થના કરી અને પલકવારમાં જ બધું સાહિત્ય સિદ્ધ કરી લીધું. (૨૯).

ચંદનના બાજઠ પર શુદ્ધ રૂપાના તાટમાં (છીછરી મોટી થાળીમાં) સોનાના વાડકા મૂકયા. સોનાના લોટા જળથી ભર્યા અને ઉપર રત્નજડિત નાનાં પવાલાં (ઉપપાત્ર) મૂક્યાં. વળી રંગોળી વગેરે પૂરી અને છ રસવાળા અન્નથી થાળી શોભતી હતી. આનું વર્ણન કોણ કરી શકે? (૩૦-૩૧). થાળીએ થાળીએ દીપની અવર્ણ્ય શોભા કરી હતી. સુગંધ મિશ્રિત ધૂપસળી ખૂબ જ મહેકતી હતી. (૩૨). ચાર પ્રકારનાં અન્ન એના યોગ્ય સ્થાને પીરસ્યાં. જમવામાં જાત જાતનાં પકવાનો અને શાક, રાઇતાં હતાં. [ ચાર પ્રકારનાં અન્નમાં ભક્ષ્ય (ચાવીને ખવાય તેવા પૂરી,શાક વગેરે), લેહ્ય (ચાટણ દ્રવ્યો-મઠો), પેય (પી શકાય તેવા- દૂધપાક વગેરે) અને ચોષ્ય (ચૂસીને ખવાય તેવા- કેરી વગેરે) હતાં. ] (૩૩). બધાને યોગ્ય સ્થાને બેસાડી, ખૂબ ખૂબ આગ્રહ કરીને એમની ઇચ્છા મુજબનું ભોજન આપીને તૃપ્ત કર્યા. (૩૪). ઘોડાને, હાથીને, ઊંટને વગેરેને ઘાસ, ચણા વગેરે આપીને તૃપ્ત કર્યાં. કોઇ ભૂખ્યું રહ્યું નહિ. (૩૫). બધા જમ્યા પછી પેટ પર હાથ ફેરવતાં ફેરવતાં જમવાનું વખાણતા હતા અને બોલ્યા કે આવું જમવાનું તો જન્મીને કયારેય જોયું નથી. (૩૬). ભરપેટ ભોજન થતાં હાથ સાફ કરવા માટે જમદગ્નિએ ચંદન અને કસ્તુરી આપ્યાં. (૩૭). મુખવાસમાં મુનિવરે સોપારી સાથે કેસરવાળું પાન આપ્યું અને વિવિધ પ્રકારનાં ફળો અને સૂકા મેવા આપ્યા. (૩૮). બધે ચંદનનું જળ છાંટ્યું હોવાથી ઠંડો પવન વાતો હતો. બધા તરત જ બોલ્યા કે આની આગળ તો દેવલોકનો પણ કોઇ હિસાબ નથી. (તુચ્છ છે.) (૩૯). આ બધો વૈભવ જોઇને રાજા તો દંગ થઇ ગયો (રાજાની તો આંખ જ ફાટી ગઇ.) અને મનમાં બોલ્યો કે આ ગરીબ બ્રાહ્મણનું ઘર આટલી બધી

સમૃદ્ધિવાળું કેવી રીતે?⑤ (૪૦). સિદ્ધિઓ મારી દાસી છે અને હું સાર્વભૌમ (ચક્રવર્તી) રાજા છું તો પણ મેં આવો જલસો કોઇ દિવસ કર્યો નથી. (૪૧). દેવ અને દાનવોનો પણ બધો વૈભવ અહીં તુચ્છ લાગે ત્યાં મારા જેવા ગરીબ રાજાની શી વાત? આનું રહસ્ય સમજાતું નથી. (૪૨). ત્યાં તો જમદગ્નિ બોલ્યા કે આ થાળી-લોટા-વાટકી વગેરે બધું તમારા ઘરે લઇ જાઓ. મારે માટે તો આ નકામો કચરો છે. (૪૩). આ સાંભળીને પ્રણામ કરીને રાજાએ પૂછ્યું કે હે ઋષિરાજ ! તમે આ બધું આજે ક્ષણવારમાં ક્યાંથી લાવ્યા? (૪૪). જ્યારે અમે ગંગાજી (પર સ્નાન કરવા) ગયા ત્યારે તો આમાંનું કશું હતું નહિ. તો આ બધું ક્યાંથી આવ્યું એ મને સાચેસાચું કહો. (૪૫). આ સાંભળીને મુનિ બોલ્યા કે આ કામધેનુ છે તે જો. આ કામધેનુ આપણે જેનો વિચાર કરીએ તે બધું જ ઇચ્છા પ્રમાણે આપી દે છે. (૪૬). હે રાજા ! આવી વરદ ધેનુ (ગાય)ના કૃપા-પ્રતાપે આજે મેં જંગલમાં મંગલ કરાવી દીધું. (૪૭). એટલે રાજા બોલ્યો કે હે નાથ ! હું સાત દ્વિપનો સમ્રાટ છું. અષ્ટ સિદ્ધિઓ મારા બારણે ઊભી છે અને નવ નિધિ મારી સેવામાં ઊભા છે. પરંતુ આ કામધેનુ વિના એ બધું અપૂર્ણ લાગે છે. માટે કૃપા કરીને મને આ કામધેનુ (સુરભિ) આપો. (૪૮-૪૯). રાજાને(પાર્થિવને) રત્નહારી (જ્યાં પણ રત્ન જણાય તે લેનારો-બળથી કે કળથી) કહ્યો છે માટે હે મુનીશ્વર ! આ ધેનુરત્ન આપ મને આપો. એ સાચે જ રાજદરબારમાં જ શોભશે. (૫૦).

મુનિ બોલ્યા કે હે રાજા ! આ તો મારી હોમ ધેનુ છે. એના ઘી-દૂધથી હું હંમેશાં હોમ-હવન કરું છું. (૫૧). મને એના વિના એક ઘડી પણ ચાલે નહિ. એને આપું તો મારા કર્મનો લોપ થાય માટે હું નહિ આપું. (૫૨). રાજાએ કહ્યું કે એના બદલામાં હજારો ગાયો, સુવર્ણ, રત્ન વગેરે જે ઇચ્છો તે આપું. આપ માગો તો દાસ, દાસીઓ, શહેરો કે દેશ પણ આપી દઉં. પરંતુ હે મુનિ ! મારું આટલું વચન માન્ય રાખીને મને આ ગાય આપી દો. (૫૩-૫૪). મુનિ બોલ્યા કે હે રાજા ! તને આવું કરવું શોભતું નથી. તારા સદ્‌ગુરુ સમર્થ છે અને એનાં ચરણમાં તારું કલ્યાણ (શ્રેય) રહેલું છે. (૫૫). કોઇ દિવસ બ્રાહ્મણે ગાય વેચી હોય એવું જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી. હૈયામાં વિવેક રાખીને તું શાંતિથી પાછો જતો રહે. (૫૬). વેદ વિદ્યાને છોડીને મૂઢની જેમ કામશાસ્ત્ર (કોકશાસ્ત્ર)માં કોણ મન પરોવે? તું ખોટો દુરાગ્રહ ન કરીશ. (૫૭). કામધેનુને છોડીને હું આ તારી દાસ-દાસીઓ કે ગાયો અને રત્નોનું પણ શું કરું? (મારે એનું શું કામ?) એને કોણ સંઘરે? (૫૮). તું અનસૂયાસુત (દત્ત)નાં ચરણમાં શાંત ચિત્ત રાખીને, મોહવશ દુ:ખી થયા સિવાય અહીંથી સુખપૂર્વક પાછો જા. (૫૯). તું બ્રાહ્મણનું રક્ષણ કરનારો રાજા છે. તું વિવેક ભૂલીશ નહિ. જ્યાં દયાના સાગર દત્તની કૃપા હોય ત્યાં શું ન હોય? તું ઘેલો થઇશ નહિ. (૬૦).

આમ અનેક રીતથી મુનિશ્રેષ્ઠે એને સમજાવ્યો, તો પણ વિવેકભ્રષ્ટ એ રાજા સમજ્યો નહિ. (૬૧). આ મુનિવર શાંત સ્વભાવના જણાય છે એટલે શાપ આપે એવી ભીતિ તો નથી જ. માટે ધેનુ (ગાય)ની કિંમત મૂકીને લઇ જવી. મનમાં આવો નિશ્ચય કરીને પોતાના માણસોને બોલાવીને કહ્યું કે આ ગાયને છોડી લો અને એને લઇને તરત જ ચાલવા માંડો. (૬૨-૬૩). આ સાંભળતાં જ સેવકો દોડ્યા અને ઝડપથી ગાયને છોડીને તરત જ નગર તરફ ચાલવા લાગ્યા. આનાથી રાજાને આનંદ થયો. (૬૪). ત્યાં અનેક ગાયો, રત્નો, ધન વગેરે મૂકીને અને મુનિનાં ચરણમાં પ્રણામ કરીને અર્જુન પણ ઝડપથી ચાલી નીકળ્યો. (૬૫). વાછરડું ભાંભરતું હતું તો તે પ્રત્યે પણ ધ્યાન આપ્યું નહિ. સદ્‌બુદ્ધિવાળો અને સમજુ રાજા પ્રારબ્ધવશાત્ નિષ્ઠુર થયો હતો. (૬૬). એક પણ શબ્દ બોલ્યા વગર અને શાપ વચન આપ્યા વગર એકદમ શાંત મન કરીને જમદગ્નિ ધ્યાનમાં બેસી ગયા.⑥ (૬૭). સમિધ વગેરે લઇને જંગલમાંથી પરશુરામ ઝડપથી આશ્રમમાં આવ્યો ત્યારે એણે જોયું તો ગાયનું વાછરડું દીન અવાજે ભાંભરતું (બાંધેડનું) હતું. હોમ ધેનુ (હોમ ગૌતમી) દેખાતી ન હતી. એટલે સમજુ રામે પૂછ્યું કે અરે ! આને શું થયું છે? આ કેમ આક્રંદ કરે છે? તમે બધા પણ કેમ (મૂંઝાયેલા અને) ઉદાસ દેખાવ છો? એટલે ભાઇઓ બોલ્યા કે આજે કાર્તવીર્ય (અર્જુન) આશ્રમમાં આવ્યો હતો. પિતાશ્રીએ એને ખૂબ માન આપીને

જમાડ્યો હતો. સૈન્ય સાથે ભોજનથી તૃપ્ત થયા પછી એણે હોમ ધેનુની માગણી કરી. પિતાશ્રીએ ના કહી તો એ બળજબરીથી લઇ ગયો. (૬૮-૭૨). એ દુષ્ટો વાછરડાને અહીં મૂકીને હમણાં જ ગાયને લઇને ગયા છે અને તેથી જ આ વાછરડું ભાંભરે છે. (આક્રંદે છે- રડે છે.) (અર્જુનને માગ્યું આપનાર ગાયમાં જ રસ હતો. ખરેખર ગાય સાથે વાછરડું પણ લઇ જવું જોઇએ. પરંતુ સ્વાર્થમાં માનવી અંધ થઇ જતો હોય છે.) (૭૩). આ સાંભળીને પરશુરામને ભારે ક્રોધ ઊપજ્યો અને બોલ્યો કે ખરેખર ! રાજાનો કાળ આવીને જ ઊભો છે. (૭૪). પ્રલય સમયના અગ્નિની જેમ ઊછળીને પરશુરામ બોલ્યો કે એ ગયો ક્યાં? હું એનું કેટલું જોર છે તે જોઉં. એને માર્યા વગર નહિ છોડું. (૭૫). અરેરે ! એણે આ શું નાનો અપરાધ કર્યો છે કે? એની એને શિક્ષા (સજા) કરીને યમપુરીનો રસ્તો બતાવી દઉં. (૭૬). બ્રાહ્મણનો દ્વેષ કરનાર એ ખૂબ જ ઉન્મત્ત થયો છે. જો હું એનું નિકંદન કાઢી નાંખુ તો જ મારું નામ રામ સાચું. (૭૭). બ્રાહ્મણ પાસેથી વિદ્યા શીખીને સમૃદ્ધ બન્યો અને એવા બ્રાહ્મણનું મૂળ જ એ નમકહરામીએ કાપ્યું? (૭૮). આજે એનો સમૃદ્ધિ ગર્વ ઉતારીને જ હું એને છોડીશ. એ હજી મને ઓળખતો નથી કે હું આવા દુષ્ટોને શિક્ષા કરનારો છું. (૭૯). એનું પાપ આજે ફરી વળ્યું છે એટલે એને આવો અવળો રસ્તો સૂઝ્યો છે. એણે સંતને નકામા સતાવ્યા છે. આજે હું એના હાથ કાપી નાંખીશ. (૮૦). એનું નસીબ એટલું સારું કે પિતાએ એને શાપ નથી આપ્યો. એને મારા હાથે મારી નાંખીને હું તરત જ ગાય (ધેનુ)ને લાવું છું એમ કહીને પિતાને પૂછ્યા વિના ક્રોધે ભરાઇને ચાલી નીકળ્યો. (૮૧-૮૨). હાથીને જોઇને સિંહ ગર્જના કરતો દોડે તેમ, હાથમાં પરશુ ઝાલીને લાલ આંખોવાળો એ (પરશુરામ) દોડ્યો. (૮૩). એક તો મૂળે પરાક્રમી અને અધૂરામાં પૂરું તે ક્રોધે ભરાયો. (પછી પૂછવું જ શું?) એ વિચારવા લાગ્યો કે ક્યારે રાજા મળે? એનું મોત આવી પહોંચ્યું છે. (૮૪). પવનની જેમ એ દોડતો હતો ત્યારે સાચે જ ધરતી પણ ધમ ધમ ગાજતી હતી. એનો જુસ્સો જોઇને રસ્તામાં લોકો આંખ ફાડીને જોઇ રહ્યા હતા. (ચમકી ઊઠ્યા હતા.) (૮૫). જાણે ભગવાન શંકર કોપ્યા હોય અને સૃષ્ટિનો સંહાર કરવાના હોય એવો એ લાગતો હતો. એવામાં એણે દૂરથી લશ્કર જોયું અને જોતાંની સાથે જ કાળના જેવી ગર્જના કરી. (૮૬). એય ચોરટા ! તું ક્યાં જાય છે? તારું મોઢું આ બાજુ ફેરવ. એ દુષ્ટ ! એય પાપી ! હું તને યમલોકમાં પહોંચાડી દઉં છું. (૮૭). તું કુલાંગાર (કુલના અંગાર જેવો) છે, તું ચોરટો છે. હું તારું ગળું છેદી નાંખું છું. એય ઘંટ ! તું એક ક્ષણ ઊભો રહે એટલે હું તારી શક્તિ જોઇ લઉં. (૮૮). તેં બેશરમ બનીને બ્રાહ્મણનું ધન એવી ગાયને ચોરીને તારો આ ક્ષત્રિયધર્મ ખરેખર શોભાવ્યો છે. (૮૯). એને આમ ગર્જના કરતો આવતો જોઇને રાજાએ પાછું વળીને જોયું અને જોતાં જ બોલ્યો કે અરે ! આ તો રામ જ છે, કેમ ! (૯૦). સૂર્ય સમાન તેજસ્વી એ બાળકને જોઇને અર્જુનને હૃદયમાં એવું લાગ્યું કે માન કે ના માન પણ આ ચોક્કસ વિષ્ણુ પોતે જ છે. નહિતર આ બ્રાહ્મણનો પુત્ર આમ નિર્ભય થઇને મારા પર હુમલો કરવા ધસે નહિ. (૯૧-૯૨). બ્રાહ્મણ તો શાપ આપીને સમગ્ર જગતને બાળી શકે છે. એ કદી પણ હાથમાં શસ્ત્ર પકડે નહિ. જ્યારે આ તો વિરુદ્ધ રીતે વર્તે છે. (૯૩). આ કિશોર વયનો બાળક સિંહ સમાન દેખાય છે. આ ચોક્કસ વૈકુંઠાધિપતિ વિષ્ણુ જ છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૯૪). મારા કરતાં વધારે ખ્યાતિ ધરાવનારના હાથે મારું મૃત્યુ થાય એવું મેં જે વરદાન માગ્યું હતું તે આજે સાચુ પડશે કે શું? સાચું પડશે એમ જ લાગે છે. (૯૫). આ બ્રાહ્મણનો પુત્ર મારા કરતાં સાચે જ વધુ ખ્યાતિ ધરાવનાર છે એટલે હવે આયુષ્ય પુરું થયું લાગે છે અને જીવનનો ખેલ પૂરો થયો છે. એટલે જ આ ગાયને હરી લેવાની મને કુબુદ્ધિ સૂઝી. ખરેખર પ્રારબ્ધની ગતિ મહાન છે. સદ્‌ગુરુને પણ ધન્ય છે. (૯૬-૯૭). રણમેદાનમાં લડતાં લડતાં હું મરું એવું વરદાન માગ્યું હતું. વિષ્ણુના હાથે મરવાનો આ સોનેરી મોકો આવી મળ્યો છે. (૯૮). લાચાર (ગરીબ બાપડો) થયા વિના ક્ષાત્રધર્મથી યુદ્ધ કરીને આ દેહ પાડીને એને પ્રસન્ન કરું અને એના ચરણમાં લીન થઇ જાઉં. (૯૯). મનમાં આવો નિશ્ચય કરીને અર્જુને એકદમ સેના ફેરવી અને તેની સામે આવીને ઊભો રહ્યો. (૧૦૦). રામે કહ્યું કે હે દુષ્ટ ! તું બ્રાહ્મણનું ધન ચોરીને સુખેથી કેવી રીતે જીવી શકે? તું ક્યાં

જાય છે? હું તારું જોર જોઉં તો ખરો. (૧૦૧). તું હજી મને ઓળખતો નથી. હું તારો કાળ થઇને આવ્યો છું. દુષ્ટ માણસોને શિક્ષા કરવા માટે જ હું બ્રાહ્મણના પુત્રરૂપે અવતર્યો છું. (૧૦૨). બ્રાહ્મણને ગોધન આપવું જોઇએ અને બ્રાહ્મણનું રક્ષણ કરવું જોઇએ એ સનાતન ધર્મ છોડીને તું કેમ મન ફાવે તેવું વર્તન કરે છે? (૧૦૩). તને આ હોમધેનુ ચોરી લેતાં શરમ કેમ ના આવી? હું આજે તારા હાથ અને માથું બન્ને છેદી નાંખું છું. (૧૦૪). આવી અપમાનજનક વાણી સાંભળીને (નિંદાજનક વચન સાંભળીને) અર્જુન બોલ્યો કે હું રાજા છું અને રત્નનો સંગ્રહ પ્રયત્નપૂર્વક કરું છું. (૧૦૫). આજે આ તદ્દન નવા પ્રકારનું ધેનુરત્ન જોઇને એને લઇને હે બ્રાહ્મણપુત્ર ! હું મારા નગરમાં જઇ રહ્યો છું તે જાણ. (૧૦૬). ત્યાં મોટી કિંમતમાં ગોધન, રત્નો મૂકીને હું આ ધેનુ લઇને આવ્યો છું એટલે તને પાછી નહિ મળે. (૧૦૭). આમ છતાં તારામાં તાકાત હોય તો તું મારી સાથે યુદ્ધ કરીને (મને મારીને) તું સુખેથી લઇ જા. બાકી આમ એમને એમ તો હું નથી આપવાનો. (૧૦૮). રામ બોલ્યો કે તું તારું બોલવાનું (મ્હોં) બંધ કર. કોઇ દિવસ બ્રાહ્મણ ગાય વેચે ખરો કે? તારાં એ રત્નો કોણે લીધાં? તું ચોર મટીને પાછો શાહુકાર થાય છે? (૧૦૯). અરે ! આ ગાય પર તો હું બ્રહ્માંડ ન્યોછાવર કરી દઉં તો પણ ઓછું છે. અરે ! ઓ હૈયાફૂટયા ! અને તું રત્નો મૂકીને એ હરી લે છે? (૧૧૦).આજે તારી સાથે યુદ્ધ (સમર) કરીને તારું માથું ફોડી નાંખું તો જ હું રેણુકાકુમાર સાચો નહિ તો અંત્યજના ઘરનું પાણી છું એમ સમજજે. (૧૧૧). આવું બોલીને એકદમ ઝડપથી હાથમાં પરશુ લઇને એ કાળની જેમ દોડ્યો. એ જોઇને અર્જુને સૈન્યને હુકમ કર્યો કે તમે જોઇ શું રહ્યા છો? એ મનફાવે તેમ બોલે છે તો એને એકદમ મારી નાંખો. (૧૧૨-૧૧૩). ભેરી અને રણશિંગાં ફૂંકાયાં અને યુદ્ધ શરૂ થયું. રામ તો જાણે વજ્રસ્થંભ હોય એમ અડગ ઊભો હતો. (૧૧૪). કોઇ તલવાર ચલાવતું હતું તો કોઇ બાણ છોડતું હતું. ગદા, તોમર (ભાલા જેવું હથિયાર) અને ભોગળ (મુદ્‌ગર)થી મારી નાંખવાનો પ્રયત્ન કરતા હતા. (૧૧૫). તો પણ રણધીર એવો રામ અડગ બનીને ઊભો હતો અને પ્રલયકાળના રુદ્રની માફક સમરાંગણમાં ઘૂમતો હતો. (૧૧૬). એક બાજુ એકલો રામ અને બીજી બાજુ એ ઘણા લોકો હતા. તો પણ નિર્ભય થઇને અચૂકપણે પરશુથી બધાને ઝડપથી વીંધતો હતો. (૧૧૭). કંઇ કેટલાયનાં બખ્તર તોડ્યાં અને અન્યના મુકુટ ફોડ્યા. શસ્ત્રો અને અસ્ત્રો તોડીને એનો તો પ્રચંડ ડુંગર ખડકી દીધો. (૧૧૮). કેટલાયનાં માથાં ફોડ્યાં અને કેટલાયની છાતી ફોડી. કેટલાયના હાથ-પગ તોડીને એ લોકોને વ્યાકુળ કરી દીધા. (૧૧૯). અસંખ્ય હાથીઓને મારીને એના ગંડસ્થળ ફોડી નાંખ્યાં હતાં. ઘોડાનાં માથાં તોડીને સૈન્યને બળ વગરનું કરી નાંખ્યું. (૧૨૦). એનો પરશુ કાળની દાઢ સમાન એવો તો ધારદાર હતો કે ક્ષણમાત્રમાં એ પ્રાણ હરી લેતો હતો અને પોતે અભેદ્ય રહેતો હતો. (૧૨૧). જેમ એકલો સિંહ અનેક હાથીઓને મારી નાંખે છે તેમ એકલો રામ શત્રુના સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાંખતો હતો. લોહીની રેલ (પૂર) વહેતી હતી અને એમાં મડદાં તરતાં હતાં. આ જોઇને દેવોને પણ આશ્ચર્ય થતું હતું. (૧૨૨-૧૨૩). નદી સમાન લોહીની નીકો વહેતી હતી અને શેવાળની જેમ વાળ જણાતા હતા. હાથ સાપ જેવા જણાતા હતા અને મડદાં જળચર સમાન હતાં. (૧૨૪). વમળની જેમ ઢાલો ઘૂમી રહી હતી. માંસ કાદવ જેવું જણાતું હતું અને તે હાથી અને ઘોડાને ગળી જતા હતા. બધું બિહામણું-બિહામણું જણાતું હતું. (૧૨૫). એકલો ગરુડ જેમ સાપના આખા કુળને મારી નાંખે તેમ પરશુધર (પરશુરામ) એકલા હાથે અર્જુનની સેનાને હણતો હતો. (૧૨૬). ખરેખર, જાણે કે વડવાનલ બનીને રામે પ્રજ્વલિત થઇને અર્જુનના સાગરને ક્ષણમાત્રમાં બાળી નાંખ્યો. (સૂકવી દીધો) અથવા સ્વયં અગત્સ્ય બનીને રામે ખળભળી ઊઠીને સૈન્ય સાગરને શોષી લીધો. અર્જુને આ જોઇને વિચાર્યું કે ખરેખર, આ મનુષ્ય નથી પણ સ્વયં શ્રીહરિ જ છે, નહિતર મારા અજય સૈન્યને કોણ મારી શકે? (૧૨૭-૧૨૯). જેમ સૂર્ય અંધારું હરી લે તેમ આણે પલકમાત્રમાં સઘળું સૈન્ય મારી નાંખ્યું. આ ચોક્કસ હૃષીકેશ જ છે. (૧૩૦). મારી સાથે દેવ કે દાનવમાં કોઇ ટકી શકતું નથી તો પછી યુદ્ધની વાત કરી શકે એવો માનવ બાપડો તો કોણ હોઇ શકે? (૧૩૧). માટે આ બ્રાહ્મણનંદન (પુત્ર)

ચોક્કસ લક્ષ્મીપતિ (વિષ્ણુ) જ છે. એના શરણે જતાં ચોક્કસ મૃત્યુ ટળી જશે. (૧૩૨). આવો મારનાર તો પાછો ક્યારે મળશે? આ શરીર તો ક્ષણભંગુર છે અને એનો નાશ ટાળી શકવાનો નથી. હું નકામી શંકા કરું છું. (૧૩૩). માટે આજે એના હાથે આ દેહનો અંત લાવી, ગુરુસ્વરૂપે આજે એને મળી જ લઉં. એવો નિશ્ચય કરીને તે જ ક્ષણે સામે આવીને ઊભો રહ્યો અને ધનુષનો ટંકાર કરીને કહ્યું કે હે રામ ! તું બ્રાહ્મણ છે અને સુકુમાર છે. જ્યારે હું ખરેખર ક્ષત્રિય છું. તું તો સાવ બાળક છે. તને હજી મૂછનો દોરો પણ ફૂટ્યો નથી. તને તો માખી કે મચ્છર કરડેને તો પણ તને તાવ આવી જાય એવો છે. (૧૩૪-૧૩૬). તું ઋષિબાળ છે અને તપસ્વી છે. તારો દેહ ખૂબ નાજુક છે. તું મારાં અસહ્ય બાણો કેવી રીતે ઝીલી શકીશ? (સામનો કરી શકીશ?) (૧૩૭). તારે તો કંદમૂળ ખાઇને શાંતિથી જપ-તપ કરવાં જોઇએ. આ તો ધકાધકીનો મામલો છે. એમાં તારું કામ નહિ. (૧૩૮). સહસ્રાર્જુનના નામથી તો કાળ પણ થર થર ધ્રૂજે છે ત્યાં બીજાની તો વાત જ શી? માટે હે બાળક ! તું પાછો વળી જા. (૧૩૯). તેં મારાં નામ અને પરાક્રમ સાંભળ્યાં લાગતાં નથી. નહિતર તેં આ જોખમ ખેડ્યું જ ના હોત. (૧૪૦). તું વગર મોતે શું કામ મરે છે? તારી માતા બિચારી રડતી રહી જશે. એટલે રામ બોલ્યો કે બસ કર ! બહુ થયું. હવે આડી અવળી વાત બંધ કર. (૧૪૧). વાણી વિલાસ છોડીને (મુખની શૂરવીરતા છોડીને) હવે તારી તાકાત બતાવ. હું પણ તારું પરાક્રમ જોઉં અને પછી તને મોતનો પ્રસાદ આપું. (૧૪૨). રામનાં આવાં વચન સાંભળીને રાજાએ દત્તપ્રભુનું ચિંતન કરીને તરત જ પાંચસો ધનુષ એકી સાથે હાથમાં લીધાં. (૧૪૩). સિંહના જેવી ગર્જના કરીને, જેમ મેઘ પર્વત ઉપર અનંતધારથી વરસે તેમ અર્જુને શસ્ત્રો ફેંક્યાં. (એક સાથે પાંચસો બાણ છૂટે ત્યારે વરસાદની ઝડી વરસતી હોય એવું લાગે.) (૧૪૪). વિમાનમાં બેસીને દેવો અંતરિક્ષમાંથી આનંદથી યુદ્ધ જોઇને માથું ડોલાવતા હતા. (૧૪૫). રથ ઉપર ચઢેલો અર્જુન, સામે ન જોઇ શકાય એવાં હજાર કિરણોવાળા સૂર્યની જેમ તેજથી શોભતો હતો. (૧૪૬). એકી સાથે પાંચસો દારુણ બાણ છોડીને રામને ઢાંકી દીધો તો પણ રામ તો અડગ જ હતો. (૧૪૭). એનું અતુલ પરાક્રમ અને હાથની નિપુણતા જોઇને, રાજી થઇને પરશુધર (રામ) મનમાં બોલ્યો કે વીર અર્જુનને ખરેખર ધન્ય છે. એ એકાએક જીતાય એમ નથી. દેવ-દાનવ જ્યાં થાકી ગયા ત્યાં માનવીનું તો શું ગજું? (૧૪૮-૧૪૯). એમ મનોમન બોલીને અતિશય વેગથી શસ્ત્ર અને અસ્ત્રની જાળ તોડી નાંખીને, અશ્વો (ઘોડા) તેમજ સારથિને મારી નાંખીને તરત જ રથ ભાંગી નાંખ્યો. (૧૫૦). ઝાડના અંકુરને તોડી નાંખે તે રીતે હાથો તોડી નાંખીને જ્યાં રામે ગર્જના કરી ત્યાં તો બીજા નવા હાથો પહેલાંની જેમ ફૂટી નીકળ્યા. એને ફરી પાછા રામે કાપી નાખ્યા. જેવા હાથ કાપે કે ફરી પાછા બીજા નવા ફૂટી નીકળે. રામને જંપીને બેસવા દેતા ન હતા. (૧૫૧-૧૫૨). અર્જુન રામને જેવો મારવા દોડે કે તરત જ વારે વારે એના હાથો છેદી નાંખતો હતો. પરંતુ એ તરત જ ફરીથી ફૂટી નીકળતા હતા એટલે રામને શંકા જાગી. (૧૫૩). છેદેલા હસ્તનો ત્યાં પ્રચંડ ડુંગર જેવો ઢગલો થઇ ગયો. રામ મનમાં નિરાશ થઇ ગયો અને હવે શું કરવું એ એને સૂઝતું ન હતું. (૧૫૪). એ મનમાં ગભરાયો અને વિચાર્યું કે જ્યાં સુધી હાથનો નાશ ન થાય ત્યાં સુધી બીજા પ્રયત્નો નકામા છે. (૧૫૫). (જ્યાં સુધી હાથનો નાશ ન થાય ત્યાં સુધી) એનું માથું છેદી શકાશે નહીં અને અર્જુન મરી શકશે નહીં. મેં કરેલી પ્રતિજ્ઞા વ્યર્થ જશે કે શું? હવે હું શું કરું? (૧૫૬). રામ હિંમત હારી ગયો અને મનમાં નિરાશ થઇ ગયો. એણે મનમાં વિચાર્યું કે મારી માતા રેણુકા પતિવ્રતા છે અને જમદગ્નિ મારા શ્રેષ્ઠ પિતા છે. મારા ગુરુ ભગવાન શંકર છે. મેં એમની બધાની અનન્ય ભાવથી સેવા કરી છે. જો એમની મારા પર કૃપા હશે તો એ આજે મરશે જ અને મને યશ પણ મળશે જ. હું નાહક શંકા કરું છું.⑦ (૧૫૭-૧૫૯). ત્યાં તો આકાશવાણી થઇ કે હે રામ ! તું સાંભળ. આ બધું દત્તપ્રભુની કૃપાથી બને છે અને દત્તપ્રભુની કરણી ન કળાય (અકળ-ન સમજાય) એવી છે. (૧૬૦). એનાં હૃદયમાં અમૃત રાખ્યું છે એને લીધે ત્યાંથી હાથ ફૂટે છે. માટે સૌ પ્રથમ એ અમૃત શોષી લે અને પછી એનું માથું છેદી નાંખ. (૧૬૧). આ સાંભળીને હરખભેર રામે અગ્ન્યાસ્ત્ર

છોડીને વક્ષ:સ્થળ ભેદીને અમૃત શોષી લીધું. (૧૬૨). જેમાંથી હાથ ફૂટતા હતાં તે બીજરૂપી અમૃત શોષાઇ જતાં ફરીથી હાથ ફૂટવાના બંધ થયા અને હવે માત્ર બે જ હાથ બાકી રહ્યા. ખરેખર અર્જુન સાચે જ અભેદ્ય હતો. (૧૬૩). આ જોઇને અર્જુન મનમાં સમજી ગયો કે હવે મૃત્યુ આવી ચૂક્યું છે. હવે એક ક્ષણની વાર લાગ્યા વિના આ દેહ પડી જશે. (૧૬૪). એ મનમાં ને મનમાં બોલ્યો કે મારી ઇચ્છા પૂરી કરનાર એ ગુરુમહારાજને ધન્ય છે. હવે આ દેહનો અવરોધ (પડદો) દૂર કરીને (ફાડીને) હું તરત જ એનામાં લીન થઇ જઉં. (૧૬૫). એનાં ચરણમાં મેં સર્વસ્વ અર્પણ કરી દીધું છે. હું પણ એનું સ્વરૂપ જ થઇને અભેદ થઇ જઉં. હું તો હંમેશાં સચ્ચિદાનંદ સ્વરૂપ જ છું. હવે કોઇ ખેદ રહેતો નથી. (૧૬૬). એવું મનમાં બોલીને રામનાં ચરણમાં વંદન કર્યું. એટલે રામ બોલ્યા કે હે અર્જુન ! હું તારું મસ્તક છેદું છું તેથી તું તારા ઇષ્ટદેવનું તરત જ ચિંતન કર. આ સાંભળીને તરત જ રાજાએ યોગબળે પોતાના પ્રાણ અદ્ધર (ઉપર) ખેંચ્યા. (પ્રાણનું ઉત્ક્રમણ કર્યું.) સ્વ સ્વરૂપમાં લક્ષ્ય રાખીને, ઇંદ્રિયોને વિષયોમાંથી હટાવીને, ઇંદ્રિયોને તરત જ મનમાં લીન કરી દીધી. ત્યાર બાદ મનનો પ્રાણમાં લય કર્યો અને પ્રાણને યુક્તિપૂર્વક સુષુમ્ણામાં ચઢાવીને પ્રાણનો તેજમાં લય કરી દીધો. પછી તેજનો લય સ્વાત્મરૂપ પરદૈવતમાં કરીને રાજા એ રીતે બ્રહ્મમય થઇને અદ્રશ્ય થઇ ગયો.⑧ (૧૬૭-૧૭૧). ક્ષણમાં વૃત્તિનો નિરોધ કરીને જ્યાં અંદર જોયું ત્યાં તો સુષુમ્ણાની અંદર કરોડો સૂર્યના જેવું તેજ ઝળહળવા લાગ્યું. (૧૭૨). એને એ જ સમયે રામે પરશુથી મસ્તક છેદી નાંખ્યું, એની સાથે જ ધમ ધમ કરતું શરીર પૃથ્વી પર પડ્યું. (૧૭૩). એ પ્રાણ જ્યોતિ સ્વરૂપે દત્તપ્રભુના સ્વરૂપમાં કલ્પના ન થઇ શકે એટલી ઝડપથી ભળી ગયા. આ જોઇને દેવો પણ દંગ થઇ ગયા. (૧૭૪). જેનું આખું જીવન દત્તપ્રભુના સ્મરણમાં ગયું તેને કોણ મારી શકે? રામ તો નિમિત્ત માત્ર હતો.⑨ (૧૭૫). એ દત્તપ્રભુનો પૂર્ણ ભક્ત હતો અને મૂળે જીવન્મુક્ત હતો. એ મનથી કેવળ અસંગ રહેતો હતો. હવે તે વિદેહમુક્ત થયો. (૧૭૬). આવું ભયંકર યુદ્ધ જોઇને અને અલૌકિક એવું પ્રયાણ જોઇને આનંદિત થઇને દેવો જયજયકારની ગર્જના કરવા લાગ્યા. (૧૭૭). સ્વર્ગમાં દુંદુભિ વાગવા લાગ્યાં, પુષ્પવૃષ્ટિ થવા લાગી, અપ્સરાઓ આનંદથી નૃત્ય કરવા લાગી અને ગંધર્વરાજ રામનાં ઉજ્જવલ યશોગાન ગાવા લાગ્યા. કિન્નરો સ્તુતિ કરવા લાગ્યા. દેવો બોલ્યા કે હે રામ ! તને ધન્ય છે. તેં તારું નામ અમર કરી લીધું છે. (૧૭૮-૧૭૯). જેની ધાકે દેવો, દાનવો અને યક્ષ પણ થર થર બીતા હતા એવા દુર્જય (મુશ્કેલીથી જીતી શકાય એવો) અર્જુનને હે રામ ! તેં સાચી વાતનો પક્ષ લઇને કુશળતાથી માર્યો છે. (૧૮૦). એવું કહીને બધા દેવો પગે લાગ્યા. એનાથી રામ પણ પ્રસન્ન થયો. એની પ્રતિજ્ઞા પૂરી થતાં એ પણ રાજી રાજી થતો ગાય લઇને ઝડપથી ઘરે ગયો અને પિતાનાં ચરણોમાં વંદન કરીને બધી વાત કહી સંભળાવી. એ સાંભળીને જમદગ્નિ જે બોલ્યા એ અપૂર્વ કથાનું અનુસંધાન આગળ ઉપર છે. ભગવાન દત્ત સ્વયં પોતાના મુખે આ બધું બોલી રહ્યા છે. હું (**રંગ**) તો કેવળ નિમિત્ત માત્ર છું.⑩ (૧૮૧-૧૮૩). આ અધ્યાયમાં કાર્તવીર્ય (અર્જુન)ના વધનું વર્ણન કર્યું છે. હે **રંગ** ! જો કોઇનામાં અનન્ય નિષ્ઠા હોય તો પછી એનો ઉદ્ધાર કેમ ના થાય? (૧૮૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પરશુરામેણ કાર્તવીર્યાર્જુનવધ'** નામનો **ચોવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૪

(૧) માણસ નિષ્ઠાપૂર્વક સાચી દિશામાં પૂરતા પ્રયત્નો કરે અને છતાં એને ઇચ્છિત પરિણામ ના મળે અથવા વિપરીત પરિણામ મળે ત્યારે પ્રારબ્ધને માનવું પડે છે. આનાથી વિરૂદ્ધ કશું કર્યા વિના, અકસ્માત ન ધારેલું મળે ત્યારે પણ પ્રારબ્ધને માનવું પડે. માણસની જીવનનૈયાને પુરુષાર્થ અને પ્રારબ્ધના બે હલેસાંથી ચલાવવાની છે અથવા મનુષ્યરૂપી પંખીની પુરુષાર્થ અને પ્રારબ્ધ એ બે પાંખો છે. એક પાંખથી પક્ષી ઊડી શકે નહિ.

(૨) આત્મજ્ઞાન થયા પછી પણ જ્ઞાનીએ પ્રારબ્ધ તો ભોગવવું જ પડે છે. તો પ્રશ્ન એ થાય કે પ્રારબ્ધ ભોગવતા સામાન્ય સંસારીમાં અને જ્ઞાનીમાં પછી શું ફેર? દોહરા ૧૦ થી ૧૨ માં આ ફેર સમજાવ્યો છે. નાટક જોનાર એક પ્રેક્ષક નાટકના પાત્ર સાથે આત્મીયતા કેળવી એના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થાય છે. જયારે સમજુ પ્રેક્ષક અભિનેતાના સુખે સુખી કે દુ:ખે દુ:ખી થતો નથી કારણ કે એ બે વાત સમજીને બેઠો છે. એક તો આ નાટક છે અને બીજું કે અભિનેતા અને પોતે જુદા છે તેથી એનાં દુ:ખ-સુખને એ નિરાંતે જુએ છે. સામાન્ય સંસારીમાં અને જ્ઞાનીમાં આટલો જ ફેર છે. નાટક તો બંને જુએ છે પણ જોવાની રીત જુદી છે. સાચી સમજ કેળવવા માટે જ આ બધી સાધના કરવાની છે. પૂ.શ્રી 'પ્રભુ પરખ્યા હૃદે જેણે' ભજનમાં લખે છે :

ન શોધે મોર ચિતારો, કદી પીક રંગ તંબૂરો,<br>
કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કની રો-રો.

(૩) આ દોહરો આપણને સંત સાથે કેવી રીતે વર્તવું એનો વિવેક શીખવે છે. આપણા ગુરુ મહારાજે આ રીતે જીવી બતાવ્યું છે. અર્જુન રાજા હોવા છતાં સંતનાં દર્શને જવાનો વિવેક જાણે છે, તેથી લશ્કરને દૂર રાખી, બે-ત્રણ મિત્રો સાથે પગે ચાલતો દર્શને ગયો. સંતનાં કે ગુરુનાં દર્શને જઇએ ત્યારે આપણી મોટાઇ કે વૈભવનું પ્રદર્શન થવું જોઇએ નહિ. નમ્રતા અને ખાનદાનીપૂર્વક વર્તવાનું છે. રાજા દશરથ વસિષ્ઠને મળવા માટે રથમાં જતા ત્યારે દૂરથી જેવો આશ્રમ દેખાય કે તરત જ રથમાંથી ઊતરી પડે અને પગપાળા જાય. આપણા ગુરુ મહારાજ પણ ગરુડેશ્વર જાય ત્યારે જેવી ગરુડેશ્વરની ધજા દેખાય કે તરત જ વાહનમાંથી ઊતરી પડે અને પગે ચાલવા માંડતા.

(૪) દોહરા ૨૦ થી ૨૮ સંત અને રાજાના વિવેકસભર વર્તનનું વર્ણન કરે છે. સંતના દરબારમાં આવનાર તો સામાન્ય રીતે વિવેકથી વર્તતો હોય છે પરંતુ સંતે કેવી રીતે વર્તવું જોઇએ તેનું વર્ણન સમજવા જેવું છે. અર્જુન રાજા છે એટલે નહિ પરંતુ કોઇ પણ દર્શનાર્થી સાથે સાચો સંત આવી રીતે જ વર્તે.

જમદગ્નિએ કેવળ આશિષ નથી આપી પણ એને બેસવા માટે જાતે આસન મૂકયું છે. એટલું જ નહિ પણ આનંદપૂર્વક અર્જુનને પોતાની પાસે બેસાડ્યો છે. બધામાં એક પરમાત્માનું દર્શન કરનાર સંત આ જ રીતે વર્તે. પાસે બેસાડીને તરત જ બધાના કુશળ સમાચાર પૂછ્યા. આવું પૂછવામાં પ્રેમ છે, વિવેક છે. એનાથી સંત કાંઇ સંસારમાં આસકત થતા નથી. છેલ્લે તમે બધા પ્રસાદ લઇને જજો એવો આગ્રહ કર્યો. (જમીને જજો એવો શબ્દ નથી વાપર્યો.) વળી પ્રસાદ લઇને જવાની આજ્ઞા નથી પણ વિનંતી છે. પૂ.શ્રીએ કેવળ સંસારીને માર્ગદર્શન નથી આપ્યું, સંતોને પણ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સંતના બારણે ગયેલો ભૂખ્યો-તરસ્યો પાછો ફરે તો એના સંતત્વ વિશે શું સમજવું?

(૫) માણસનું મન અને એમાં પણ રાજાનું મન (શ્રીમંતનું મન) કેવું હોય છે તે સમજાવતો આ દોહરો સમજવા જેવો છે.

પૂ.શ્રીના રંગપત્રમંજુષાના પત્રો વાંચવાથી એમની શ્રીમંત પ્રત્યેની દૃષ્ટિનો ખ્યાલ આવશે. આવા લોકો સ્વાર્થી અને જરૂર હોય ત્યાં સુધી જ સંબંધ રાખનારા હોય છે એવું સામાન્ય તારણ છે. આ તારણના અપવાદ હોય છે. ગીતા, એવા શ્રીમંતને 'પવિત્ર શ્રીમંત' તરીકે ઓળખે છે. યોગભ્રષ્ટ આત્મા શ્રીમંતને ત્યાં નથી જન્મતો, એ પવિત્ર શ્રીમંતના ઘરમાં જન્મે છે. '**શુચીનાં શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે** |' (અ-૬/શ્લોક-૪૧)

રાજાએ ઋષિનો વૈભવ જોયો તો એની આંખ પહોળી થઇ ગઇ. ઋષિ તો સાદું જીવન જીવે છે પણ રાજા જેવી વ્યક્તિનું સ્વાગત એને અનુરૂપ થવું જોઇએ એવા વિચારે કામધેનુની મદદ લે છે. રાજાનું મન અને દુર્જન વ્યક્તિના મનમાં ચાલતા વિચારોને દેવ પણ સમજી શકતા નથી તો મનુષ્ય તો શું સમજી શકે? શ્લોક છે :

રાજ્ઞસ્ય ચિત્તં, કૃપણસ્ય વિત્તં,
મનોરથં દુર્જનમાનસાનામ્ |
સ્ત્રીયસ્ય ચરિતં પુરુષસ્ય ભાગ્યમ્,
દેવોઽપિ ના જાનાતિ કુતો મનુષ્ય: ||

રાજાનું મન, કૃપણનું ધન, દુર્જનના મનના મનોરથો, સ્ત્રીનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય- આ પાંચ વસ્તુ દેવો પણ જાણી શકયા નથી, તો મનુષ્યની શું વાત?

શ્રીમંત માણસ બીજાની વધારે શ્રીમંતાઇ જોઇને ન કરવાનું ઘણું કરે છે. આ સાવધાન બનાવે એવી વાત છે. હલકા મનનો શ્રીમંત બીજાની વધુ શ્રીમંતાઇ સહી શકતો નથી.

(૬) સ્વયં ભગવાન શંકરનો અવતાર એવા જમદગ્નિ કપરી પરિસ્થિતિને કેવી રીતે સહે છે તે સમજાવતો આ દોહરો છે. એમનામાં શાપ આપવાની શક્તિ છે પરંતુ શાપ આપતા નથી. બધી વાતો કરવા છતાં અર્જુને અયોગ્ય વર્તન કર્યું ત્યારે એણે પોતાના મનની શાંતિ જાળવી રાખી અને ધ્યાનમાં બેસી ગયા. શાપ આપવાથી તપમાં ક્ષતિ આવે છે. વેરની વણઝાર અથવા દુ:ખના પ્રસંગની હારમાળા ઊભી થાય છે. જો વાદ-વિવાદની ઝાળમાં પ્રેમસંબંધ બળતા હોય તો પછી શાપ આપવાથી શું ન થાય? પૂ.શ્રી દત્તસ્મરણમાં લખે છે :

વધે વાદ વાદે જ એ વેરઝાળ,
બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ.

(૭) બધા ઉપાયો અજમાવવા છતાં અર્જુન મરતો નથી. રામ હાથો છેદતો જાય છે અને હાથો ફરી ફરી ફૂટતા જ જાય છે. રામ નિરાશ થઇ ગયો. આ પરિસ્થિતિમાં શું કરવું જોઇએ એનું સરસ સૂચન છે. શ્રીગુરુલીલામૃતમાં આ વાત એક કરતાં વધુ વાર અવધૂતજીએ કરી છે. સમાજને સુગ્રથિત કરે એવું સૂચન છે. સૌ પ્રથમ રામ માતા રેણુકાનું સ્મરણ કરે છે અને એની સાત્ત્વિકતાનું સ્મરણ કરે છે. પછી પિતાની શ્રેષ્ઠતા સ્વીકારે છે. પોતાના સદ્ગુરુને યાદ કરે છે અને કહે છે કે જો આ ત્રણની મારા કૃપા હશે તો અર્જુન મરશે જ. પ્રયત્નો પછી પરિણામ ના મળે ત્યારે નિરાશા અને હતાશા આવવાની પૂરી શકયતા છે. ત્યારે માતા-પિતા ને ગુરુનું સ્મરણ વ્યક્તિમાં હિંમત અને જોશ પૂરા પાડે છે, એને સંજોગો સામે લડવાની તાકાત આપે છે. 'સદ્ગુરુની હૂંફ' વિશેનું પૂ.શ્રીનું ચિંતન અમર આદેશમાં વાંચવાથી આ સ્પષ્ટ થશે.

(૮) દોહરા ૧૬૯ થી ૧૭૧ યોગી પુરુષની દેહ છોડી દેવાની ક્રિયા સમજાવે છે. ૧. સ્વ સ્વરૂપમાં લક્ષ્ય રાખવું. ૨. ઇંદ્રિયોને વિષયોમાંથી પાછી વાળી લેવી. ૩. ઇંદ્રિયોને મનમાં લીન કરવી. ૪. મનનો પ્રાણમાં લય કરવો. ૫. પ્રાણને સુષુમ્ણામાં કળથી ઉપર ચઢાવવી-પ્રાણોત્ક્રમણ કરવું. ૬. પ્રાણનો તેજમાં લય કરવો અને તેજનો પરદૈવતમાં લય કરવો. આપણા ગુરુ મહારાજે હરિદ્વારમાં જે રીતે લીલા સંકેલી તેનો અભ્યાસ આ સંદર્ભમાં કરી શકાય.

(૯) આ દોહરામાં પૂ.શ્રીએ નામસ્મરણનો મહિમા ખૂબ જ સુંદર રીતે વર્ણવ્યો છે. પૂ.શ્રીનાં નામસ્મરણ વિશેનાં ભજનો, દોહરાઓ અને અન્ય લખાણનો આ સંદર્ભમાં અભ્યાસ કરવો જોઇએ. નામસ્મરણ કરનારનું મૃત્યુ તો થાય જ, પરંતુ એ મૃત્યુની બીક એને રહેતી નથી. સાત દિવસ શુકદેવજીની પાસે કથા સાંભળ્યા પછી પણ પરીક્ષિતને તક્ષક કરડ્યો તો ખરો જ અને એનું મૃત્યુ પણ થયું જ. પરંતુ પહેલાં મૃત્યુની જે બીક હતી તે રહી ન હતી. સાપ જેમ કાંચળી ઉતારે તેમ નામસ્મરણ કરનાર એનો દેહ છોડી દે છે. આવી વ્યક્તિની મનની સ્થિતિ શાંત હોય છે. મરણ વખતની વૃત્તિનું ખૂબ જ મહત્ત્વ છે. **મરણે યા મતિ: સા ગતિ:** | એવું એક સૂત્ર છે.

(૧૦) શ્રીગુરુલીલામૃત લખાવનારો દત્તપ્રભુ છે અને પોતે તો કેવળ લખનાર છે, નિમિત્ત છે એવો નમ્ર ભાવ પૂ.શ્રીએ અનેક વાર દર્શાવ્યો છે. વળી એ વાસ્તવિકતાનો પણ નિર્દેશ કરે છે. પ્રભુપ્રેરિત આ ગ્રંથનું પારાયણ શું ન કરે? વળી આપણે તો પૂ.શ્રીને દત્તસ્વરૂપ જ માનીએ છીએ. એટલે આપણે મન તો લખાવનારો દત્ત છે. એનો અર્થ ગુરુ મહારાજ છે એવો પણ કરી શકીએ. જેમ વ્યાસ ભગવાને મહાભારત લખાવ્યું અને ભગવાન ગણપતિએ લખ્યું તે જ રીતે દત્તભગવાને આ શ્રીગુરુલીલામૃત લખાવ્યું અને રંગગુરુએ લખ્યું એવું માનવું વધુ ઉચિત જણાશે.

●

## અધ્યાય : ૨૫

આ અધ્યાયનું નામ '**અર્જુનપુત્રૈર્જમદગ્નિવધ**' છે. આ અધ્યાયમાં **૧૩૦** દોહરા છે.

આ અધ્યાયમાં અર્જુનના વધની વાત સાંભળીને જમદગ્નિ હૃદયમાં દુ:ખી થયા અને પરિણામે પરશુરામને પશ્ચાત્તાપરૂપે ભરતખંડનાં તીર્થોની યાત્રા કરવાનું કહ્યું એનું વર્ણન આવે છે. (૧-૧૬).

ચાર ધામ, સાત પુરી અને બાર જ્યોતિર્લિંગોની યાત્રા કરીને આવ્યા પછી પરશુરામ જંગલમાં ગયો હતો ત્યારે આશ્રમમાં આવ્યો હશે જાણીને એને મારવા માટે અર્જુનના પુત્રો લશ્કર સાથે આશ્રમમાં આવી પહોંચ્યા. આશ્રમને ચારે બાજુથી ઘેરીને જોયું તો પરશુરામ તો ન હતો. પણ એના પિતા જમદગ્નિ હતા એટલે એનો વધ કર્યો તેનું કરુણ વર્ણન છે. (૧૭-૭૨).

જમદગ્નિના વધને કારણે રેણુકાએ ખૂબ કલ્પાંત કર્યું. પરશુરામે આવીને જોયું તો એને ખૂબ ક્રોધ ઊપજ્યો અને એકદમ પરશુ લઇને દોડયો. એણે લશ્કર સહિત અર્જુનના બધા પુત્રોને મારી નાંખ્યા અને એકવીસ વાર પૃથ્વીને નિ:ક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા કરી. (૭૩-૧૧૨).

રેણુકાએ આ પ્રતિજ્ઞાની વાત જાણી એટલે એને પ્રતિજ્ઞાની સફળતાના આશીર્વાદ આપ્યા.

રેણુકાએ કહ્યું કે તું મને અને તારા પિતાના શબને કાવડમાં બેસાડીને દક્ષિણ દિશામાં લઇ જા. ત્યાં જ્યાં આકાશવાણી થાય ત્યાં તને બ્રહ્મનિષ્ઠ આચાર્ય મળશે. રેણુકાની આજ્ઞા પ્રમાણે પરશુરામ કાવડ લઇને નીકળ્યો અને સહ્યાદ્રિ પર્વત પર આકાશવાણી થઇ ત્યાં રોકાયો એ વર્ણન આ અધ્યાયમાં આવે છે. (૧૧૩-૧૩૦).

અલખ નિરંજનને કહે છે કે હે નિરંજન ! અર્જુનના વધની વાત સાંભળીને જમદગ્નિ અંતરથી ખૂબ દુ:ખી થયા. (૧). એમણે કહ્યું કે બેટા ! તેં આ શું કર્યું? તેં બધાના (પ્રજાના) પ્રત્યક્ષ પિતા સમાન આ રાજાને કેમ માર્યો? તેં તો ભયંકર પાપ આચર્યું છે. (૨). એ તો બધાનું દુ:ખ દૂર કરતો હતો એટલે એનાથી ત્રણે લોક ડરતા હતા. પોતાના પુત્ર સમાન પ્રજાનું પાલન કરનાર એ રાજા તો પુણ્યશ્લોકી હતો. (૩). એને કારણે આપણે નિર્વિઘ્ને તપ કરી શકતા હતા. તેં એના પર નાહકનો ક્રોધ કર્યો અને એમ કરીને મહા દોષ કર્યો છે. (૪). એમ જ વિનોદમાં એ ગૌતમી (કામધેનુ) લઇ ગયો હતો, તેથી તો મેં એને શાપ નો'તો આપ્યો. એને મારી નાંખીને બેટા ! તેં શું કર્યું? (૫). તું વિચાર તો કર કે જે રોજ હજારો ગાયનું દાન અને પુણ્ય કરતો હોય, જેની સેવામાં આઠે સિદ્ધિ અને નવે નિધિ હાજર રહેતાં હોય, જેનું મન હંમેશાં ગુરુચરણમાં લીન રહેતું હોય અને જેનાં સ્મરણથી પાપ ટળી જતું હોય, એ આપણી ગાય શું કામ રાખે? આ તો એણે વિનોદ કર્યો હતો તે તું સમજ્યો નહિ. એને મારી નાંખીને તેં નાહકનું પાપ માથે વહોર્યું છે. (૬-૮). બધાં શાસ્ત્રો રાજાને દશ શ્રોત્રિય સમાન ગણે છે. એમાં આ તો પાછો બ્રહ્મનિષ્ઠ હતો. એને મારવાનું ભયંકર પાપ કર્યું છે. એટલે હે રામ ! મને તારું મોઢું જોવાનું પણ ગમતું નથી. પિતાનાં આવાં વચનો સાંભળીને પરશુરામ રડવા લાગ્યા.(૧) (૯-૧૦). પિતાનાં ચરણમાં માથું મૂકીને દીનવચન બોલતાં કહ્યું કે જે થઇ ગયું છે તે હવે ટળવાનું નથી. હવે તો મને તમારું જ શરણ છે. (૧૧). હે પિતાશ્રી ! એ અપરાધ માફ કરી મને એમાંથી મુકત કરો. તમે જ સાક્ષાત્ ધર્મ છો. તમારા વિના મારું રક્ષણ કોણ કરશે? (૧૨). રામનાં કરુણ વચન સાંભળીને મુનીશ્વર એવું બોલ્યા કે હે રામ ! કરેલાં કર્મના પશ્ચાત્તાપરૂપે તું બધાં તીર્થોમાં ફર. (૧૩ ). ભરતખંડનાં

બધાં તીર્થોની પશ્ચાત્તાપરૂપે યાત્રા કરવાથી તારા પાપનું નિવારણ થશે. (૧૪). ખાંધે પ્રેમથી ગંગાજળની કાવડ મૂકીને દક્ષિણમાં આવેલા સમુદ્રમાં જઇ, વંદન કરીને એ ગંગાજળ અર્પણ કરવું. ત્યાં ગંગાનું જળ રેડીને ત્યાંથી રેતી લેવી અને એ રેતી લાવીને ગંગાજળમાં અર્પણ કરવી. (૧૫-૧૬). ચાર ધામ, સાત પુરી અને બાર જ્યોતિર્લિંગની યાત્રા શાસ્ત્રોક્ત વિધિથી કર. (૧૭).

આ વચન સાંભળીને માતા-પિતાને પગે લાગીને પિતાની આજ્ઞાનુસાર રામ ઝડપથી નીકળી ગયો. (૧૮). સાધુ જેવો કાપડીનો વેષ લઇને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંકલ્પ કરીને પશ્ચાત્તાપરૂપે પાપનો ઉચ્ચાર કરતો કરતો, પિતાની આજ્ઞા મુજબ લોકોને શીખવાનું મળે એ હેતુથી વિષ્ણુના અંશરૂપ રામ ભક્તિભાવથી યાત્રા કરતો હતો.② (૧૯-૨૦). જે વિશ્વરૂપ છે એ રામને શાનો ક્રોધ ચઢે? જેને સ્વપ્નમાં પણ પાપ લાગે નહિ એવા રામને વળી પ્રશ્ચાત્તાપ શાનો હોય? (૨૧). પામર મનુષ્ય અહંકાર રાખીને પાપ-તાપમાં પડે છે. જે સાક્ષાત્ ભગવાન છે એ તો અહંકાર વિનાના છે. (૨૨). જેની બધી ઇચ્છા પૂર્ણ થઇ છે (પૂર્ણકામ) અને જેને કોઇ ઇચ્છા જ નથી (નિષ્કામ) એવા રામ, લોકોને શીખવાનું મળે એ હેતુથી પોતે બધાં તીર્થોમાં ફરે છે. આ તો મનુષ્ય વેશમાં કરેલી લીલા છે. (૨૩). બદરિકાશ્રમમાં જઇને નારાયણને વંદન કરીને ત્યાંથી કાવડમાં ગંગાજળ લઇને પાવન તીર્થોની યાત્રાએ નીકળ્યો. (૨૪). યમુના, ક્ષિપ્રા, નર્મદા, તાપી, ગોદા, કૃષ્ણા, કાવેરી, તામ્રપર્ણી એવી બધી નદીઓની યાત્રા કરી, દક્ષિણમાં જઇને સેતુબંધ રામેશ્વરમાં જઇને સમુદ્રસ્નાન કર્યું. સમુદ્રમાં કાવડમાં લાવેલું ગંગાજળ રેડીને સમુદ્રની રેતી લીધી અને ઝડપથી નીકળી ગયો. કાર્તિકેયને વંદન કરી શિવ, કાંચી વગેરે ફરીને શ્રીશૈલ પર્વત ઉપર આવ્યો અને ભાવપૂર્વક મલ્લિકાર્જુનની પૂજા કરી. (૨૫-૨૮). વિરૂપાક્ષને નમસ્કાર કરી એ ગોકર્ણમાં આવ્યો અને પછી કોલ્હાપુરમાં આવ્યો. ત્ર્યંબકેશ્વર ગયો. (૨૯). પછી (સૌરાષ્ટ્રમાં આવેલા) સોમનાથના દર્શન કરીને દ્વારિકા થઇને સિદ્ધપુરમાં આવ્યો અને પછી ત્યાંથી પુષ્કર ગયો. (૩૦). પ્રયાગમાં જઇને સ્નાન કરીને ત્યાં સેતુબંધની રેતી અર્પણ કરી, યાત્રાની પૂર્તિમાં કાશીવિશ્વનાથનાં દર્શન કરીને એ ઝડપથી આશ્રમે આવ્યો અને પ્રેમથી માત-પિતાનાં ચરણમાં વંદન કરીને બધા સમાચાર કહી સંભળાવ્યા. (૩૧-૩૨).

જે સ્વયં વૈકુંઠાધિપતિ છે તેને વળી પાપ શાનું હોય? આ તો લોકોને બતાવવા પૂરતું પોતે લીલા કરતા હતા. (૩૩). સમગ્ર લશ્કર સહિત (અર્જુનને) રાજાને રણમેદાનમાં મારી નાંખીને રામે તો એને મુક્તિ જ આપી છે. સાધુના સંગનું ફળ આવું હોય છે. (૩૪). સ્વપ્નમાં પણ જેની કોઇ દિવસ ઝાંખી ન થાય એના હાથે મૃત્યુ થાય એ અહોભાગ્યની વાત કહેવાય. (૩૫). યુદ્ધના મેદાનમાં બધા મૃત્યુ પામ્યા. એમાંથી એક પણ બચ્યો નહિ. આ વાત જાણીને અર્જુનના પુત્ર અતિશય શોકાતુર થયા. શોકમાં ડૂબી ગયા. (૩૬). અર્જુનના સો પુત્રો પિતાના મૃત્યુના સમાચાર જાણીને, પિતાના ગુણોને યાદ કરીને મનમાં ખૂબ જ દુ:ખ કરવા લાગ્યા અને બોલ્યા કે અરેરે ! આ શું થઇ ગયું? ખરેખર ઇશ્વર કોપાયમાન થયો લાગે છે નહિ તો પ્રતાપ-પરાક્રમમાં સૂર્ય સમાન પિતાનો કેવી રીતે અસ્ત થાય? (૩૭-૩૮). બાર વર્ષની નાની ઉંમરના ઋષિપુત્રે દારુણ યુદ્ધ કરીને લશ્કર સાથે અરેરે ! પિતા અર્જુનને આજે મારી નાંખ્યો. (૩૯).

જેની ધાક ત્રિભુવનમાં રહેતી હતી અને જેનાથી કાળ પણ થર થર ધ્રૂજતો હતો એવા પિતાને આ બાળક આજે આંખ સામે યુદ્ધમાં મારી નાંખે, એવી અઘટિત (ન થાય તેવી) ઘટના આજે પ્રત્યક્ષ બની ગઇ છે. સ્વપ્નમાં પણ ન બને તે બધું આજે કેવી રીતે બન્યું? (૪૦-૪૧). આ તો જાણે આગિયો સૂર્યને ગળી ગયો હોય કે અળસિયું શેષનાગ ગળી ગયું હોય, કે ઉંદરે મેરુ પર્વત પાડી નાંખ્યો હોય કે ભૂતે ભગવાન શંકરને ગ્રસી લીધા હોય એવું લાગે છે. સસલું ઐરાવતને મારી નાંખે કે હોલો ગરુડને મારી નાંખે કે પથ્થર મારીને બાળક ચંદ્રને પાડી નાંખે એવું લાગે છે. (૪૨-૪૩). આ બધું એક દિવસ બની શકે તો પણ રણમેદાનમાં પિતા મૃત્યુ પામે એ તો ના જ બને. આવું બોલી બોલીને બધા એકઠા થઇને

રડતા હતા. (૪૪). પછી બધા પુત્રો રણમેદાનમાં આવ્યા. ત્યાં પિતાનું શબ જોઇને શોકમાં છાતી કૂટવા લાગ્યા અને ક્ષણે ક્ષણે મૂર્છિત થવા લાગ્યા. (૪૫). એમણે ક્રોધે ભરાઇને પ્રતિજ્ઞા કરી કે જો અમે અમારા પિતાના દુશ્મનને શોધીને ક્ષણવારમાં મારી નાંખીએ તો જ અમે ક્ષત્રિયવીર સાચા. જ્યાં સુધી એ દુષ્ટ ભાર્ગવરામ જીવતો ફરે ત્યાં સુધી અમોને ઋણમાંથી મુક્તિ મળી નથી અને બધા પ્રકારનાં સુખો અમારે મન હરામ બરાબર છે. (૪૬-૪૭). તરત જ આવી પ્રતિજ્ઞા કરી, પિતાના શબનો યથાવિધિ અગ્નિ સંસ્કાર કર્યો અને એની ઉત્તરક્રિયા કરી. (૪૮). તીર્થાટન કરીને રામ આવી ગયો છે એવી ખબર થતાં જ અર્જુનના પુત્રો સૈન્ય લઇને ઋષિ આશ્રમને ઘેરી વળ્યા. (૪૯). આ પહેલાં પરશુરામ પોતાના ભાઇઓ સાથે વનમાં ગયો હતો. અર્જુનના પુત્રોએ આશ્રમમાં બધે એને શોધ્યો પણ તે મળ્યો નહિ. એટલે તેઓ યજ્ઞશાળામાં ગયા તો ત્યાં મુનિને ધ્યાનમાં બેઠેલા જોયા એટલે બોલ્યા કે નક્કી આ રામના પિતા છે તો એને મારી નાંખો. (૫૦-૫૧). જેમ ગાયને જોઇને યવન દોડે તેમ બધા દોડ્યા અને જેમ વાઘ ગાયને મારવા તૈયાર થાય તેમ બધા મુનિને મારવા દોડ્યા. (૫૨). બધા યમના દૂતો જેવા લાગતા હતા. ક્રોધમાં દાંત ચાવતા હતા. એમણે બન્ને હાથ ઝાલીને જમદગ્નિને પકડ્યા. (૫૩). આ જોઇને રેણુકામાતા ભયનાં માર્યાં આકુળવ્યાકુળ થઇ ગયાં. બે હાથ જોડીને સતી વિનવવા લાગી. પરંતુ એ દુષ્ટો માન્યા નહિ. (૫૪). રેણુકાએ કહ્યું કે હે રાજપુત્રો ! તમે સાંભળો. હું ખરેખર ક્ષત્રિય કન્યા છું એટલે હું તમારી બેન છું. (૫૫). હું ખોળો પાથરીને તમારી પાસે મારા સૌભાગ્યનું દાન માગું છું. હે ભાઇઓ ! તમે વિવેક લાવીને મારા પર કૃપા કરો. (૫૬). તમે રાજવંશી અને દાનશૂરા છો તો હું એક જ દાન માગુ છું કે તમે મારા પતિના પ્રાણની રક્ષા કરો. તમને તમારા ઇષ્ટદેવના સોગંદ છે- આણ છે. (૫૭). તમે મને ભયથી મુકત કરીને તમારી બહેનની રક્ષા કરો અને મને સૌભાગ્યનું દાન આપીને તમે અમર યશને વરો. (૫૮). મારા પુત્રએ રણમેદાનમાં તમારા પિતાનો વધ કર્યો છે એ અપરાધ તમે ક્ષમા કરો. (માફ કરો.) એવું હું હાથ જોડીને વિનવું છું. (૫૯). એ તો બાળક બુદ્ધિનો (નાદાન) છે. પરંતુ તમે તો સાચે જ વડીલ છો એટલે ધર્મ અધર્મનો વિચાર કરીને અયોગ્ય વર્તન ના કરો. (૬૦). આમ વિવિધ રીતે દીન બનીને રેણુકા વિનવતી હોવા છતાં એ દુષ્ટો પીગળ્યા નહિ. એ જોઇને સતી ગમગીન થઇ ગઇ. (૬૧). મૃત્યુના પાશને વશ થયેલા એ લોકો કોઇનું પણ શું કામ માને? એ જોઇને જમદગ્નિ બોલ્યા કે બધા શાંત થાવ. (૬૨). તમે શું કામ અધર્મ કરો છો? તમે મારું કહેલું માનીને, મારી આશિષ મેળવીને તરત જ પાછા જાવ. (૬૩). તમે બ્રાહ્મણની હત્યા કરશો નહિ, નહિ તો તમારા કુળનો નાશ થશે. તમે ક્રોધ ત્યજીને પાછા વળશો તો બધા સુખી થશો. (૬૪). બ્રાહ્મણની હત્યા કરવાનું પાપ ઘોર છે. એનાથી સત્યાનાશ વળશે. તમે દિલથી મારું માનીને, નિકંદનને નોતરશો નહિ. (૬૫). તો પણ દુષ્ટોએ એ સાંભળ્યુ નહીં (માન્યા નહીં) અને મસ્તક કાપવા માટે તલવાર ખેંચીને ખુલ્લી કરી. આ જોઇને સતીએ તરત જ પોતાની ડોક આગળ કરીને કહ્યું કે હે ભાઇઓ ! તમે આવું ના કરો. પહેલાં તમે ઝડપથી મારું માથું કાપી લો. તમે તમારો ક્રોધ શાંત કરો અને મારા પતિના પ્રાણની રક્ષા કરો. રડતાં રડતાં આમ બોલીને સતીએ ખૂબ વિનવણી કરી પણ એ નાદાન (બગડેલી બુદ્ધિના) દ્રવ્યા નહિ. (૬૬-૬૮). આ (વેદનાસભર) વિનવણી સાંભળીને ખાટકી પણ ચોક્કસ પાછો વળી ગયો હોત પરંતુ જેઓ કાળથી ગ્રસ્ત હતા એવા એ નીચ વૃત્તિના રાજપુત્રો પલળ્યા નહિ. (૬૯). મુનિ શાપવચનો બોલ્યા નહિ. એમણે મનમાં વિચાર્યું કે આ ક્ષત્રિયો અતિશય માત્યા છે. એને રામ ચોક્કસ મારશે. આવું વિચારીને શાન્તિથી ઇષ્ટદેવનું ચિંતન કરવા લાગ્યા. એટલામાં તો સતીને ધક્કો મારીને દુષ્ટો તરત જ દોડ્યા. અને તલવારથી માથું છેદીને જયકારની ગર્જના કરી. આ જોઇને પથ્થર પણ પીગળી ઊઠે એ રીતે રેણુકા રુદન (કલ્પાંત) કરવા લાગ્યાં. (૭૦-૭૨).

## રુદન ગીત

અરેરે ! હાય હાય ! હવે હું શું કરું? પતિ વિનાનું જીવન નકામું છે. તો એવું જીવન જીવવાની જરૂર શી? આ રાજાના દીકરાઓ (તનય) વિવેકનો ત્યાગ કરીને આવો અધર્મ કરે છે. ખરેખર શું પ્રલય આવ્યો કે શું? આ દયાવાન પણ નિર્દય થઇ ગયા. (૧).

હે પુત્ર ! તું દોડીને અહીં આવ. તું કયાં ગયો છે? રોજ પાસે રહેનાર તું આજે આવો વિકટ (મુશ્કેલીથી આવનારો) કેમ થયો? (૨).

હે રામ ! તારા વિના અમારો કોઇ આધાર (નાથ) નથી. આ દુષ્ટોએ હાથમાં તલવાર લઇને, રાજી થઇને તારા સંતુષ્ટ પિતાને મારી નાંખ્યા છે. (૩).

હે રામ ! વારંવાર પોકાર કરવા છતાં તું કેમ આવતો નથી. હે રામ ! તું આજે મારી લાજ કેમ બચાવતો (રાખતો) નથી? (૪).

તું દૂર (જંગલમાં) છે એવું જાણીને, ઘરમાં શૂરવીર (ઘરશૂરા) એવા આ ક્રૂર આવ્યા છે. હે રામ ! તું આવ. આ શૂન્ય (સ્મશાનવત્) ઘરમાં આનંદ (આરામ) નથી રહ્યો. (૫).

હું કયાં જાઉં? અહીં બધું લોહીના રંગે રંગાયેલું છે. એ જોઇને હે દીકરા ! મારા પ્રાણ જાય છે અને છતાં તું બોલતો કેમ નથી? (૬).

●

આમ સતી અતિશય વિલાપ કરતી હતી. એ જોઇને દુષ્ટો હસતા હતા. પોતાને કૃતાર્થ માનીને એને પડતી મૂકીને નગરમાં ગયા અને જતાં જતાં કહેતા ગયા કે આજે રામ કયાંક સંતાઇ રહ્યો તેથી મળ્યો નથી પરંતુ એની ખબર લેવા માટે પાછા આવીશું. એવું કહીને એ લોકો નગરમાં જવા નીકળી ગયા અને સતી વિહ્વળ થઇને રડવા લાગી. (૭૩-૭૫).

રડતાં રડતાં સતી બોલવા લાગી કે આજે મારું પાપ મને ઘેરી વળ્યું. મારું પ્રારબ્ધ જ મને નડ્યું. અરેરે ! હવે હું શું કરું અને કેવી રીતે ધીરજ રાખું? (૭૬). છાતી અને માથું અફાળીને એ અપાર રુદન કરતી હતી. એ પેટમાં ચૂંટીઓ ખણતી હતી અને માથાના વાળ તોડતી હતી. (૭૭). એનું આક્રંદન સાંભળીને તપસ્વી સ્ત્રીઓ દોડી આવી અને એને વિવિધ રીતથી સાંત્વન આપતાં હતાં તો પણ એનો શોક દૂર થતો ન હતો. (૭૮). અનેક પ્રકારે ઘણું ઘણું આશ્વાસન આપવા છતાં પણ એ શાંત પડતી નથી અને કહેવા લાગી કે પતિ વગરનું સતીનું જીવન તદ્દન નકામું છે. (૭૯). હજી રામ કેમ ન આવ્યો? અરે ! એને કેમ આટલી બધી વાર લાગી? અરે ! જયાં નસીબ જ આડું ફાટે ત્યાં કોણ આપણને સંભાળે? (૮૦). હે રામ ! તું વનમાં ગયો અને આ દુષ્ટ ક્ષત્રિયો આવી પહોંચ્યા અને મારું સૌભાગ્ય લૂંટી લીધું. ભગવાન કોપાયમાન થયો કે શું? (૮૧).

હે જગદીશ ! હે પરમાત્મા ! તું મારા પુત્ર રામને મોકલ. એનું મુખ જોઇને હું પણ પતિની પાછળ સતી થાઉં. (૮૨). હે રામ ! તું કયાં ગયો છે? તું જલદી આવ. હવે હું જીવી શકું એમ લાગતું નથી. મરતાં પહેલાં છેવટે હું તને જોઇ લઉં એવી ઇચ્છા છે. (૮૩). મારું આયુષ્ય ખૂટી ગયું છે અને નસીબ (કપાળ) ફૂટી ગયું છે. આ જીવનસૂત્ર (મંગલસૂત્ર) તૂટી ગયું છે. અરે ! ખરેખર મારું પ્રારબ્ધ જ રૂઠી ગયું છે.③ (૮૪). હે રામ ! તું જલદી આવ. તું પણ રિસાઇ ગયો છે કે શું? એ રીતે રામ રામ બોલતાં બોલતાં સતી રેણુકા મૂર્છિત થઇને ઢળી પડી. (૮૫).

જંગલમાં રામને પણ અપશુકન થવા લાગ્યાં. એ મનથી ગભરાઇ ગયો અને ભાઇઓને કહેવા લાગ્યો કે આ હરણ ઊલટી બાજુએ (જમણી તરફથી ડાબી તરફ) દોડી રહ્યાં છે, દિવસના શિયાળ સામે આવીને રડે છે, દિશાઓ

ધુમાડાવાળી જણાય છે, સૂર્ય છિદ્રવાળો દેખાય છે, કારણ વિના આ કંઠ સુકાય છે, ડાબી આંખ બહુ જ ફરકે છે અને આ ડાબો હાથ ધ્રુજે છે. આવું બધું વિપરીત કેમ થાય છે? ચોક્કસ કોઇ આફત આવવાની છે એ વાત માનો. (૮૬-૮૯). આમ ઉદાસીન મનથી ભાઇઓ સાથે ઝડપથી આશ્રમમાં આવ્યો ત્યારે માતાને બેભાન પડેલી જોઇ. (૯૦). કપાયેલા મસ્તકે જમદગ્નિ ધરતી ઉપર પડ્યા હતા. આ અઘટિત ઘટના વિશે સાંભળીને બધા શોક કરવા લાગ્યા. (૯૧). રામ બોલ્યો કે હે પિતાજી ! તમે અમને વનમાં અનાથ આમ મૂકીને કેમ જતા રહ્યા? (૯૨). સાચે જ આ બધા અનર્થનું કારણ હું જ છું. હું ખરેખર તારો પુત્ર નથી. પરંતુ કેવળ દુષ્ટ અને હરામી શત્રુ છું. (૯૩). પિતાના ગુણને યાદ કરીને એ કલ્પાંત કરવા લાગ્યો અને બોલ્યો કે મારો તો સર્વાધાર જતો રહ્યો. હવે મારું કોણ? (૯૪). દુ:ખથી આકુળ-વ્યાકુળ થઇને એ ધરતી પર આળોટવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારા જીવતરમાં કાલિમા લાગી ગઇ. હવે આ કલંક (અપવાદ) કેવી રીતે દૂર થશે? (૯૫). અને પછી તરત જ સાવધાન થઇને બોલ્યો કે હું ઝડપથી જાઉં છું અને જો હું મારા પિતાના શત્રુને અબઘડી (હમણાં ને હમણાં) મારું તો જ હું રામ સાચો. (૯૬). એના પાટનગરનું તોડીફોડીને હું નિકંદન કાઢી નાંખું અને શત્રુનો સમગ્ર કુળ સાથે નાશ કરું તો જ પિતૃઋણ વળે. (૯૭). આવું બોલીને ક્રોધે ભરાઇને એણે હાથમાં પરશુ લીધો. માતાને સાંત્વન આપીને એકીશ્વાસે (ઝડપથી) દોડ્યો. (૯૮). માતા અને ભાઇઓએ એને રોકયો પણ એ માન્યો નહિ અને આડું-તેડું જોયા વગર સીધો જ ચાલી નીકળ્યો. (૯૯). ગર્જના કરીને એ બ્રહ્માંડને ધ્રુજાવતો હતો અને મનોવેગથી માહિષ્મતીમાં આવી પહોંચ્યો. (૧૦૦). રાજાના પુત્રોને લલકાર્યા અને કહ્યું કે મારી સાથે યુદ્ધ કરી મને તમારું બળ બતાવો. હું ક્ષત્રિયોના કાળ સમાન રામ છું. (૧૦૧). હું જયારે આશ્રમમાં ન હતો ત્યારે ચોરોની જેમ આવીને મારા પિતાનો વધ કરીને તમે એમાં શું મેળવ્યું? (૧૦૨). મેં તમારા પિતાને મારી નાંખ્યો હતો તો તેનું વેર વાળવા તમારે મારો વધ કરવો હતો. મુનિ ઉપર નાહક શું કામ કેર કર્યો? (૧૦૩). (તમે જે હાથે મારા પિતાનો વધ કર્યો હતો) એ હાથોને હું પણ જોઇ લઉં એમ કહીને તરત જ યુદ્ધ કરીને દુષ્ટ એવા એ બધા રાજપુત્રોને એણે મારી નાંખ્યા. (૧૦૪). કોઇના હાથ-પગ તોડ્યા તો કોઇના પેટ ફાડી (ચીરી) નાંખ્યાં અને કોઇની આંખો ફોડી નાંખીને બધાને ધૂળ ચાટતા કરી દીધા. (૧૦૫). લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. રાજપુત્રોને મારી નાંખ્યા પછી કિલ્લા, રાજાના મહેલો, ધજા પતાકા બધું તોડી નાંખીને આખી રાજધાની સ્મશાન જેવી શાંત કરી દીધી અને પાછો આશ્રમે આવ્યો. પોતાની માતાને વંદન કરીને એણે બધા સમાચાર સંભળાવતાં કહ્યું કે મેં બધા દુષ્ટોને મારી નાંખીને નગરને ખેદાનમેદાન કરી નાંખ્યું છે તો પણ મારું મન શાંત થતું નથી. હજી ક્ષત્રિયોનો વંશ તો હેમખેમ રહ્યો જ છે. (૧૦૬-૧૦૮). ઋષિમુનિઓના વારવા છતાં એ કોઇનું સાંભળતો ન હતો. સખત યુદ્ધ કરીને એણે ક્રોધે ભરાઇને ગર્જના કરી અને પ્રતિજ્ઞા કરી કે હે માતા ! હું આ પૃથ્વીને એકવીસ વાર નિ:ક્ષત્રિય (ક્ષત્રિય વિનાની) કરીશ. ક્ષત્રિયોને હતવીર્ય (પરાક્રમ વગરના) કરીને તેમના લોહીથી પાંચ કુંડો ભરીશ ત્યારે જ હું એને પિતૃઋણમાંથી મુકત કરનારું પિતૃતર્પણ થયેલું માનીશ અને તો જ મને સંતોષ થશે. આવું બોલીને એણે ફરી ગર્જના કરી. એને ભયંકર ક્રોધ ચઢ્યો હતો. (૧૦૯-૧૧૨).

એની પ્રતિજ્ઞા સાંભળીને માતા રેણુકા બોલી કે હે પુત્ર ! તને ધન્ય છે. તારી આ પ્રતિજ્ઞા જરૂરથી પૂરી થશે. (૧૧૩). હું પતિની પાછળ સતી થાઉં. પછી તું અમારી ઉત્તરક્રિયા કરીને તારું કાર્ય સાધજે. વળી બીજું રહસ્ય સાંભળ. દત્તભગવાનના શિષ્ય અર્જુનને તેં તારા હાથે માર્યો છે એટલે એ જો તારા પર ક્રોધ કરે તો તારું મોત જ આવે. (૧૧૪-૧૧૫). એ મહા બળવાન ભગવાન ભકતવત્સલ છે એ તું ભૂલીશ નહિ. એ ધારે તો એક ક્ષણમાં ત્રણે ભુવનને બાળી મૂકે. મારી આ વાત સાચી છે એ તું સ્વીકાર. માટે હું તને યુક્તિપૂર્વક દત્તચરણમાં સોંપીને પછી સતી થઇશ. એનાથી તું પણ કૃતાર્થ થઇશ.(૪) (૧૧૬-૧૧૭). એની આશિષ મળતાં તારી પ્રતિજ્ઞા નિર્વિઘ્ને પૂર્ણ થશે. હે દીકરા !

તું મારી આ વાત માન, નહિ તો તું મર્યો જ સમજ. (૧૧૮). દત્તની કૃપાથી કાળ પણ તારાથી ડરશે તો પછી આ ક્ષત્રિયોનો શો હિસાબ? માટે તું મારું કહ્યું માનીને કાવડના એક પલ્લામાં તેલવાળા કરંડિયામાં તારા પિતાનું શબ મૂકીને અને બીજા ત્રાજવામાં (પલ્લામાં) મને બેસાડીને તું એ કાવડ ખભે મૂકીને દક્ષિણ દિશામાં ઝડપથી ચાલવા માંડ. જ્યાં આકાશવાણી થાય ત્યાં તું આ કાવડ ઉતારજે. (૧૧૯-૧૨૧). ત્યાં તને બ્રહ્મનિષ્ઠ આચાર્ય મળશે અને સહગમન વગેરે બધી વિધિ ત્યાં શાસ્ત્રોકત વિધિ અનુસાર કરાવશે. (૧૨૨). માતાનાં એ વચનો સાંભળીને એને તરત જ શિરોમાન્ય રાખીને કાવડ તૈયાર કરી અને બંને જણને સંભાળપૂર્વક આનંદથી અંદર બેસાડીને એ કાવડ ખભે મૂકીને પિતૃભકત રામ દક્ષિણ દિશામાં જવા ઝડપથી ચાલી નીકળ્યો. (૧૨૩-૧૨૪). વિવિધ પ્રકારનાં (નાના) સ્થાનો અને આશ્રમો અને પાવનકારી તીર્થો જોતો જોતો શૈલ વન ઓળંગીને તે જ્યાં સહ્યાદ્રિ પાસે આવ્યો ત્યાં જ એકાએક આકાશવાણી થઇ કે હે રામ ! તું એક વાત માન. અહીં સહ્યાદ્રિ પર આમલકી નામના ગામમાં તને યોગ્ય અને સન્નિષ્ઠ આચાર્ય મળશે અને તારું કાર્ય થશે. તું વાર કર્યા વિના એ આચાર્યને શોધીને જલદીથી પિતાના અગ્નિસંસ્કાર કર. (૧૨૫-૧૨૮). આકાશવાણી (દિવવાણી) સાંભળતાં જ કાવડ મૂકીને માતાની આજ્ઞા પ્રમાણે રામ આચાર્યની શોધ કરવા લાગ્યા. (૧૨૯). દત્ત અવધૂતને આચાર્ય તરીકે પસંદ કરીને રામ આગળ કાર્ય કરશે. **રંગ** કહે છે કે જો સાચી નિષ્ઠા હોય તો કોણ કલ્યાણ ના પામે? (૧૩૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અર્જુનપુત્રૈર્જમદગ્નિવધ'** નામનો **પચ્ચીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૫

(૧) ૨ થી ૯ સુધીના દોહરા જમદગ્નિની હકારાત્મક વિચારધારા (**Positive thinking**) અંગે પ્રકાશ ફેંકે છે. અર્જુન કામધેનુને લઇને જતો રહ્યો એ વાતનું પરશુરામે ક્રોધભરી દષ્ટિથી જે મૂલ્યાંકન કર્યું તેમાં અને જમદગ્નિએ જે મૂલ્યાંકન કર્યું તેમાં આસમાન-જમીનનો ફેર છે. પરશુરામની વિચારધારા પ્રેયસ્કર (મનને ગમી જાય એવી) છે જ્યારે જમદગ્નિની વિચારધારા શ્રેયસ્કર (કલ્યાણ કરે એવી) છે. પરશુરામનું ચિંતન કદાપી કામચલાઉ સાચું જણાય પરંતુ જમદગ્નિનું ચિંતન તો કાયમ માટે સાચું જ નીવડે એવું છે. 'અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી' એ સૂત્ર સમજવું અને આચરણમાં ઉતારવું કઠણ છે પણ કલ્યાણ કરનારું છે.

(૨) ખોટું કર્મ કર્યા પછી (પશ્ચાત્) જે વેદના, દુ:ખ (તાપ) થાય છે તેનું નામ જ પશ્ચાતાપ. એવું શું કામ કરવું જોઇએ કે જે પાછળથી વેદના જન્માવે? ખોટું કર્મ કરવામાં કદાચ શરૂઆતમાં પુરુષાતન જણાય પરંતુ અંતે તો ખોટું કર્મ ખોટું જ રહે છે. આ પશ્ચાત્તાપમાં કરેલા પાપનો જાહેરમાં ઉચ્ચાર કરવો, જાહેરમાં કબૂલાત કરવી એ કપરું કામ છે પણ હૈયાને હળવું કરવાનો સાચો ઉપાય છે. પસ્તાવો એ સ્વર્ગમાંથી ઊતરી આવેલું એવું ઝરણું છે કે જેમાં ડૂબકી મારીને પાપી પાવન થાય છે. પશ્ચાત્તાપ એ શાંતિથી જીવવામાં મદદ કરનારું પરિબળ છે. માનવનું સ્વરૂપ 'આનંદમય' છે તેથી ખોટું

કરીને એ આનંદની પરિસ્થિતિમાં ખળભળાટ મચાવ્યા પછી જ્યાં સુધી એ ફરી સંવાદિતાને સ્થિર ન કરે ત્યાં સુધી એને ચેન પડતું નથી. એટલે પૂ.શ્રીએ એવું કહ્યું કે એક શબ્દ પણ એવો ન બોલો, અરે એક શ્વાસ પણ એવો ન લો કે જે એની સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન કરે.

(૩) આ દિવ્ય ગ્રંથની રચનામાં કરુણ પ્રસંગોનું વર્ણન પૂ.શ્રીએ બહુ જ માવજતથી કર્યું છે. જ્ઞાનકાંડમાં એવા બે કરુણ પ્રસંગો છે જે વાંચતાં વાચકની આંખ ભીની થઇ જાય. સાહિત્યની દૃષ્ટિથી પણ શ્રેષ્ઠ કહેવાય એવું વર્ણન અહીં દોહરા ૬૯માં છે અને પછી દોહરા ૭૭ થી ૮૪ સુધી છે. અધ્યાય ૪૬ તો આખો જ કરુણરસે ભર્યો છે એવું પૂ.શ્રીએ જ કહ્યું છે. દૈવી વર્ણનશક્તિનો સુંદર પરિચય મળે છે.

(૪) દોહરા ૧૧૫ થી ૧૧૯ ભારતની મહાન સતી સ્ત્રીઓનાં ચરિત્ર ઉપર સુંદર પ્રકાશ ફેંકે છે. માતા અનસૂયા, માતા રેણુકા કે માતા મદાલસા કેવળ ઘર સંસાર જ ચલાવતાં હતાં એવું નથી. એમનું ચિંતન, એમની સૂઝ, એમની દૃષ્ટિ કેવી વખાણવા જેવી છે તે પૂ.શ્રીએ ખૂબ જ કુશળતાથી બતાવ્યું છે.

પોતાના પુત્રનું અહિત કેવી રીતે રોકવું અને એનું હિત થાય એવું કેવી રીતે કરવું એનું સુંદર વર્ણન અહીં જોવા મળે છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે એ સાચું છે. રેણુકા માતાએ રામને કહ્યું કે તેં જે અર્જુનને માર્યો છે તે માત્ર રાજા નથી પરંતુ દત્તનો શિષ્ય છે અને દત્તને બહુ વ્હાલો ભક્ત છે. બીજું ભગવાન દત્ત ભક્તવત્સલ છે એટલે તે ભક્ત પ્રત્યે કોઇ અયોગ્ય રીતે વર્તે તો સહન કરી લેતા નથી. ત્રીજું દત્ત ભગવાન મહા બળવાન છે અને ધારે તો ક્ષણમાં જ ત્રણે લોકને બાળી શકે એમ છે. આનો સરવાળો એ થાય કે તેં અર્જુનને મારીને મધપૂડો છેડ્યો છે, દત્તપ્રભુને ખલેલ પહોંચાડી છે.

સાચો વડીલ કેવળ ટીકા નથી કરતો, ઉપાય પણ બતાવે છે. ઉપાય બતાવે છે એમ નહિ, તે જાતે ઉપાય કરી બતાવે છે. એટલે રેણુકા માતાએ કહ્યું કે તું ચિંતા ના કર. હું યુક્તિપૂર્વક તને એનાં ચરણોમાં સોંપી દઇશ.

ભારતની આર્યનારીની કેવી કુશળતા !

●

## અધ્યાય : ૨૬

આ અધ્યાયનું નામ **'રેણુકાયા: પત્યનુગમન'** છે. એમાં **૧૨૪** દોહરા છે.

આ અધ્યાયમાં સહ્યાદ્રિ (સહ્ય+અદ્રિ=પર્વત)ના કુદરતી સૌંદર્યનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. (૧-૪). દત્તભગવાન અને એની શક્તિનું વર્ણન કર્યા પછી રામ પોતાના પિતાના મૃત્યુની અને માતાના સહગમનની વિધિ કરાવવાની વિનંતી કરે છે અને પોતે આવું કરાવવાને લાયક નથી એવું વર્ણન દત્ત પ્રભુ કરે છે. (૫-૩૨). જ્યારે દત્તની વાતો સાંભળીને રામ સ્તબ્ધ થઇ ગયો ત્યારે માતા રેણુકાએ કુશળતાથી વાતો કરી. જ્ઞાનથી ભરેલી વાતનો એ જ રીતે જવાબ આપીને રેણુકાએ દત્ત પ્રભુને કર્મ કરાવવા રાજી કરી દીધા. (૩૩-૫૧). દત્તપ્રભુએ પછી રેણુકા માતાની સ્તુતિ કરી. (૫૨-૬૫).

પોતાના પિતાનો વધ ક્ષત્રિયોએ કર્યો એ વાત કરીને રામે દત્તની સહાનુભૂતિ મેળવી અને પછી પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. આ પ્રતિજ્ઞા પૂરી થશે એવા દત્તે જ્યાં આશીર્વાદ આપ્યાં ત્યાં જ રેણુકાના ઇશારે રામે અર્જુનને માર્યાની વાત કરીને એ અપરાધની ક્ષમા માગી. (૬૬-૮૧).

આ વાત એવા તંબક્કે કરી કે દત્તે એને હળવાશથી લઇ લીધી અને તેં કોઇ અપરાધ કર્યો નથી એવી ધરપત આપી. રામે આચાર્ય થવાની વિનંતી કરી જે દત્તપ્રભુએ માન્ય કરી. (૮૨-૮૫).

દત્તપ્રભુએ આચાર્ય થઇને જમદગ્નિના અગ્નિ સંસ્કાર અને રેણુકા માતાની સતી થવાની વિધિ કરાવી. કર્મ કરનાર અને કરાવનાર બંને દેવ પુરુષ હોય પછી કર્મ સાંગોપાંગ પાર ઉતરે એમાં શી નવાઇ? ઔર્ધ્વદૈહિક (ઉત્તરક્રિયા) ક્રિયાનું વર્ણન હવે પછીના અધ્યાયમાં આવશે એમ કહીને અધ્યાય પૂર્ણ કર્યો. (૮૬-૧૨૪).

ત્યાં સહ્યાદ્રિ (અદ્રિ=પર્વત) પર દિવ્ય આશ્રમ જોયો, જે ફળ-ફૂલ, તૃણ (ઘાસ), લતા વગેરેની ઝાડીથી વીંટળાયેલો હતો અને તુલસી, ઔદુંબર, શમી, બીલી, પીપળો વગેરેનાં વૃક્ષો (ઝાડ)થી અને વનસ્પતિની ઘટાથી અને પાણીથી શોભતો હતો. (૧-૨). મોર, ચાતક, કોયલ, ચક્રવાક, પોપટ, મેના અને ચાષ જેવાં પક્ષીઓ મીઠા મધુરા સ્વરથી ગાન કરતાં હતાં. (૩). ઇન્દ્રનો નંદનવન પણ જ્યાં તુચ્છ લાગે એવા એ આશ્રમમાં યોગદ્રુમ, શાંત, તપસ્વી, અગ્નિ જેવા, તેજના ઢગલા સમાન શરીરવાળા શ્રીદત્ત, દિશાના વસ્ત્રથી આચ્છાદિત (નગ્ન) વ્યાઘ્રાંબર (વાઘના ચામડાનું આસન) ઉપર બેઠા હતા. એવા એ ધીર અવધૂતને ધન્ય હો. (૪-૫). માથા ઉપર જટાજૂટ શોભે છે. ઘૂંટણ સુધીના લાંબા હાથ (આજાનબાહુ) છે. ચંદ્ર સમાન મુખ અને કમળ સમાન નયનો શોભી રહ્યાં છે. (૬). શંખ (કંબુ) સમાન કંઠવાળી અને મંદસ્મિતવાળી છબી શોભી રહી હતી. વિશાળ દ્વાર સમાન વક્ષ:સ્થળવાળા એ કરોડો કામદેવની જેમ શોભી રહ્યા હતા. (૭). આ જોઇને રામે વંદન કર્યા. ત્યાં દત્તે વિચાર્યું કે આનું મન જોવાને લાવ હું જરા અનુચિત વર્તન કરું.① (૮). એમણે પોતાના ખોળામાં, જેની આગળ અપ્સરા પણ પાણી ભરે, જેનું મુખારવિંદ જોઇને ચંદ્ર પણ શરમાઇ જાય, જેની આંખનું તેજ જોઇને હરિણીનો સમૂહ ચમકી ઊઠે, પાકા ગીલોડા (બિંબ) જેવા હોઠવાળી, શંખ સમાન ડોકવાળી, દાડમની કળી જેવા દાંતવાળી, પોપટ જેવા નાકવાળી, સુંદર શરીરવાળી, ઘટ્ટ સ્તનવાળી, શિલા જેવા નિતંબવાળી, જુવાન હાથીની જાંઘ જેવી પુષ્ટ જાંઘવાળી, હાથીના જેવી ચાલવાળી અને સિંહના જેવી (પાતળી) કમર (કેડ)વાળી એક દિવ્ય સુંદરીને બેસાડી, જે દત્તના ખોળામાં વીજળીની જેમ ચમકતી હતી. એને આનંદપૂર્વક આલિંગન આપીને બન્ને જણા રમત

કરતાં હતાં. કટાક્ષયુક્ત હાવભાવથી બંને ચુંબન કરતાં હતાં. જેનામાં અદ્વૈતભાવ જ નથી એવાં એ અભિન્ન બનીને ક્રીડા કરે છે. (૯-૧૪). આવી સાત્વિક ક્રીડા જોઇને જે એની નિંદા કરે છે તે ખરેખર પામર અને પાપી છે અને નરકમાં પડે છે. (૧૫). રામને વિચલિત કરવા માટે બન્ને જણાં આ રીતે ક્રીડા કરતાં હતાં. રામ એમની સમક્ષ આવ્યો તો પણ બન્ને જણાં ખસ્યાં નહિ. (૧૬). બ્રહ્મનિષ્ઠ, વેદોને સર્જનાર, પાપ પુણ્યથી પર, જેને કદી પણ માયા ન સ્પર્શી શકે, નિત્ય દિગંબર (વાસના વગરના) તત્ત્વવેત્તા અને જે સંકલ્પ વિકલ્પ રહિત છે એવા સાધુનું રહસ્ય જાણીને રામ પણ ઊભો રહ્યો અને પછી સાષ્ટાંગ પ્રણામ કરી, બન્ને હાથ જોડી, નમ્ર થઇને પ્રસન્નતાપૂર્વક વિનંતી કરવા લાગ્યો કે હે સાક્ષાત્ દેવ ! મારા પિતા જમદગ્નિ મૃત્યુ પામ્યા છે અને એની સાથે સહગમન કરવા મારી માતા રેણુકા પણ સાથે આવી છે. (૧૭-૨૦). હું તેમનો પુત્ર રામ બન્નેને કનોજથી ખાંધે કાવડ મૂકીને લાવ્યો છું. અહીં દેવવાણી થઇ તેથી હું અહીં આપની પાસે આવ્યો છું. હું આપનાં દર્શનથી ખરેખર ધન્ય થયો છું અને આ લોકમાં તેમજ પરલોકમાં નિર્ભય થયો છું. (૨૧-૨૨). હવે મારા પર કૃપા કરીને તમે આચાર્ય થઇને વિધિ પ્રમાણે કર્મ કરાવો એવી અનન્યભાવે પ્રાર્થના કરું છું. (૨૩). એવાં વચન સાંભળીને દત્ત ભગવાને કહ્યું કે તું તો મૂઢ છે. હું શાસ્ત્રોમાં જણાવેલાં કરવાનાં અને નહિ કરવાનાં કાર્યો વિશે કશું જ જાણતો નથી. તો હું પછી કેવી રીતે શાસ્ત્રોક્ત કર્મ કરાવું? (૨૪). હું અનાચારી, અસ્પૃશ્ય અને અભાષ્ય છું. હું ધર્મ કે અધર્મ જાણતો નથી અને મન ફાવે તેમ વર્તું છું. (૨૫). એ સાંભળીને રામ ફરી બોલ્યા કે તું મુનિઓમાં શ્રેષ્ઠ છે, યોગીશ્વર છે, સ્રષ્ટા છે, વિભુ છે, કર્તા છે અને હર્તા છે. તું પૂર્ણ સચ્ચિદાનંદ છે, ગુણાતીત છે અને અનંત છે. તું ધર્મ અને અધર્મથી પર છે. તારો પંથ ન્યારો છે. (૨૬-૨૭). નિર્વિકાર અને નિષ્પાપ તને કર્મ-અકર્મ નડતાં નથી. હે જગત્પ્રભુ ! હું તને પ્રણામ કરું છું. તું તો કેવળ કલ્યાણરૂપ જ છે. (૨૮). દત્ત પ્રભુએ કહ્યું કે તું સમજુ થઇને આવું અવળું કેમ બોલે છે? તારી વાત ઉપરથી તો તારી મૂર્ખતાનું પ્રદર્શન થાય છે. (૨૯). તેં તારી સગી આંખે (નજરોનજર) જોયું છે કે હું સ્ત્રી-લંપટ અને અપવિત્ર છું. છતાં પણ તું તો મારાં વખાણ કરે છે. તો હે રામ ! તને થયું છે શું? (૩૦). ગુણ અને દોષો જોયા પછી માણસનો સંગ કરવો જોઇએ. તું તો ખોટું વર્તન કરે છે. મારા ઢંગ તો વિચિત્ર છે. (૩૧). હું નિંદાને પાત્ર છું, અવાચ્ય છું, સ્ત્રીમાં આસકત બનેલો પરાધીન છું, યોગ્ય અયોગ્ય જાણતો નથી, વિધિ (કરવા જેવાં કાર્યો) અને નિષેધ (નહિ કરવા જેવાં કાર્યો) જાણતો નથી અને અતિશય આસકત છું. (૩૨). દત્તનાં આવાં વચનો સુણીને રામ તો સ્તબ્ધ જ થઇ ગયો. એ જોઇને કાવડમાં બેઠેલી રેણુકાએ કહ્યું કે લોકમાં થતી વાતોની જેમ બોલીને તું કેમ મોહ પમાડે છે? હે અપરિચ્છિન્ન વિભુ ! આ બાળક દયાને પાત્ર છે.② (૩૩-૩૪). તમારું વાકય નારિયેળની જેમ ઉપરથી કઠોર પરંતુ અંદરથી અમૃત સમા પાણીથી ભરેલું છે એને આ નાદાન કેવી રીતે સમજી શકે? (૩૫). જે ત્રિગુણને વશ હોય તેને વિધિનિષેધ હોય. જે અહંથી ગ્રસ્ત (ઘેરાયલો) હોય તેને માટે તો શાસ્ત્રોક્ત કર્મો પણ બંધન ઊભાં કરે છે. (૩૬). તું તો વિશ્વંભર અને શ્રુતિતાત છે. તું વિધિનિષેધથી પર છે. તું નિત્યમુકત અને નિ:સંગી છે. તું તો પતિતને પણ પાવન કરનાર છે. (૩૭). અસંગીને વળી સ્ત્રીનો સંગ શાનો હોય? એ તો મિથ્યા બબડાટ છે. હે પ્રભો ! આ સ્ત્રી તો આકાશના પુષ્પની જેમ તારી માયા છે જેનું માપ લઇ શકાય તેમ નથી. (૩૮). તું ત્રણે ગુણોથી પર છે, તું પરમેશ્વર છે, તું નિત્ય છે અને ઉપાધિથી મુકત છે. તું પિંડ અને બ્રહ્માંડ સાથે જોડાયલો એવો ત્રણે દેહનો (સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહ) સાક્ષી છે. (૩૯).

શબ્દ, સ્પર્શ (રૂપ, રસ અને ગંધ) વગેરે એ તો ઇંદ્રિયોથી ગ્રહી શકાય એવા વિષયો છે. તું તો મન અને બુદ્ધિથી પણ પર છે. માટે તું અગ્રાહ્ય છે એ વાત સાચી છે. (૪૦). મન અને બુદ્ધિનું જોર તને ઓળખવા માટે ચાલી શકે એમ નથી એટલે તું વિષય રહિત, સ્પર્શ રહિત અને કેવળ અભાષ્ય (કહી શકાય નહી એવો) છે. (૪૧). ધર્મ અને અધર્મ એ શાસ્ત્રોનાં વાકયો માયાને કારણે મોહવશ જે ફોગટ દેહાભિમાન રાખે છે તેને જ પ્રમાણરૂપ છે. (૪૨). હે વિભુ ! માયા તો તારા વશમાં

છે અને તું તો નિરહંકારી છે. તું સ્વયં ધર્મ છે. ધર્મ અને અધર્મ તને નડતા નથી. (૪૩). તું સર્વતંત્રથી સ્વતંત્ર હોવા છતાં ભક્તિથી પરતંત્ર થાય છે. તું ભકતની ભાવનાને અનુરૂપ કલ્પિત રૂપ ધરે છે. (૪૪). તારાં એવાં કલ્પિત રૂપોનું ભાવપૂર્વક ધ્યાન ધરવાથી અકલ્પિત ફળ મળે છે. એ અર્થમાં તું અભાષ્ય છે. (૪૫). તને પામવા માટે વેદો એ પ્રમાણ (શબ્દ પ્રમાણ) છે એવું કહેવામાં આવે છે. વળી બધી પરોક્ષ પ્રમાણની સ્થિતિ પણ આત્માનો (પોતાનો) અનુભવ તો નથી જ. (પ્રમાણ ત્રણ પ્રકારનાં છે : પ્રત્યક્ષ પ્રમાણ,પરોક્ષ પ્રમાણ અને શબ્દ પ્રમાણ) (૪૬).

સૌ પ્રથમ વેદાંતનું અને શાસ્ત્રોનું યોગ્ય રીતે શ્રવણ કરવું જોઇએ. પછી શ્રવણના મનનનો અભ્યાસ કર્યા પછી નિદિધ્યાસન કરવું જોઇએ. (૪૭). એનાથી આવરણ ટળે છે, માયાની ઉપાધિ નાસી જાય છે અને જલદીથી સ્વ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. (૪૮). માટે વેદ વગેરે (શબ્દ પ્રમાણો) દ્વારા તું કેવળ અસ્પર્શ્ય છે. તારા રૂપનું વર્ણન થઇ શકે એમ નથી એ અર્થમાં તું અભાષ્ય છે. આવું કહેવું એ જ સત્ય ભાષ્ય છે. (૪૯). વર્તમાન, ભાવિ અને ભૂતકાળના વિષયો તને સ્પર્શી શકતા નથી એ અર્થમાં તું અવિષય છે. (૫૦).

તારો જાતે અનુભવ કરી શકાય છે. તું અભેદ્ય છે. તું સર્વથી વંદન કરવા યોગ્ય છે અને તું સર્વેશ છે. સ્વયંપ્રકાશ એવા હે પરબ્રહ્મ પરમેશ્વર ! હું તને પ્રણામ કરું છું. (૫૧). સાધ્વી (રેણુકા)નાં આવાં વચન સાંભળી, હાસ્ય કરીને દત્તદિગંબર સ્તવન કરતાં બોલ્યા કે હે માતા ! આ સ્વરૂપો તારાં જ છે. આ સકળ વિશ્વમાં તું જ વ્યાપેલી છે. તું ૐકાર (પ્રણવ) રૂપ અને ઉત્તમ (પરાવરા) છે. તું જ આદ્ય ભવાની છે. માયાનો આ સઘળો વિસ્તાર એ તારું જ રૂપ છે. અનુપમ એવી તું જ બ્રહ્મા, હરિ અને હરનું સર્જન કરે છે. તું સ્વયંપણે અલિપ્ત રહીને અખંડપણે અનેકવાર સર્જન, સ્થિતિ અને સંહાર કરીને કેવળ અભંગ સ્વરૂપે રહે છે. અનેકરૂપો હોવા છતાં મૂળ તું એક જ છે એ વાતને મૂઢ જાણતો નથી. તું ચૈતન્યરૂપે બધે વ્યાપીને તું બધામાં ગૂઢરૂપે વસે છે. આ બધું દેખાતું નામ અને રૂપ એ સાચે તું જ છે. બીજું નિષ્કલંક એવું સચ્ચિદાનંદનું અલક્ષ્યરૂપ એ પણ તારું જ સ્વરૂપ છે પણ એને મન વાણીથી પામી શકાતું નથી. અજ્ઞાની એને કોઇ દિવસ જાણી શકતો ન હોવાથી એ નાદાન (અણસમજુ-બાળ) ખોટા ખોટા તર્કો કરે છે. દેહ, ઇંદ્રિય અને પ્રાણ વગેરેથી વિલક્ષણપણે અલિપ્ત રહીને તું બધાની સાક્ષીરૂપ છે, પરંતુ તારો કોઇ સાક્ષી નથી. તારામાં સાક્ષી કે સાક્ષ્યપણાનો લેશમાત્ર ભાસ નથી. મૂળે જ્યાં સાક્ષ્ય જ નથી ત્યાં પછી કોણ સાક્ષી હોય? માટે જ તને નિરાધાર (જેને કોઇ આધારની જરૂર નથી એવી) અને એકવીરા કહી છે. આ દેહ અને જગત વગેરે ભ્રાંતિનો તું જ આધાર છે. જ્ઞાની વિના બીજો કોઇ તો તારો પાર પામી શકે એમ જ નથી. અંદર અને બહાર બધે વ્યાપી રહીને તું બધાનાં અંતરમાં વસી રહી છે. એવી તું લોકોનું ભલું કરવા માટે આ રીતે અવતાર ધારીને, તીર્થોને પાવન કરતી ખરેખર અહીં આવી પહોંચી છે. ત્રિલોકમાં પ્રખ્યાત અને જેને મુનિવૃંદ વંદન કરે છે એવા શિવ શંકરના સાક્ષાત્ અવતાર સમા જમદગ્નિ એ તારા પતિ છે. જેના નામમાત્રથી સ્વયં કાળ પણ થર થર ધ્રૂજતો હોય એવા એ તપોમૂર્તિને મૃત્યુએ કેવી રીતે ગ્રસ્યો? (૫૨-૬૫).

દત્તપ્રભુનાં આવાં વચનો સાંભળીને રેણુકા મૌન રહી એટલે વંદન કરીને રામ બોલ્યો કે મૃત્યુનું કારણ ક્ષત્રિય છે. (૬૬). હું જ્યારે આશ્રમમાં ન હતો ત્યારે એકાએક આવીને એ દુષ્ટોએ પિતાનું મસ્તક છેદી નાંખ્યું. (૬૭). આ સાંભળતાંની સાથે જ શ્રીદત્તે ક્રોધાવેશમાં આવી શાપ આપ્યો અને બોલ્યા કે આ ક્ષત્રિયો અભિમાની થઇ ગયા છે અને તેથી જ બ્રાહ્મણનો દ્વેષ કરનારા થયા છે. (૬૮). મનમાં ગભરાયા વિના એ લોકો બ્રાહ્મણ, ગુરુ અને સંતને મારતા થયા છે એટલે હવે કોઇપણ જાતના વિલંબ વગર એના કુળનો નાશ થશે. (૬૯). મૃગ (હરણ), મીન (માછલી) અને દ્વિજ (બ્રાહ્મણ) તૃણ (ઘાસ), જળ (પાણી) અને સંતોષથી રહે છે તો પણ પારધી (લુબ્ધક), માછીમાર (ધીવર) અને દુર્જનો એને ત્રાસ આપે છે.③ (૭૦). બ્રાહ્મણો પાસેથી જ વિદ્યા શીખીને ક્ષત્રિયો મત્ત થયા છે અને રાજયમદમાં એ દુષ્ટ કમબખ્ત

કોઇથી ડરતા જ નથી. (૭૧). એમનાં પાપે એમનો સત્વરે નાશ થાઓ. આ સાંભળતાંની સાથે જ રેણુકાએ રામને ઇશારો કર્યો.૭ (૭૨). એટલે પ્રણામ કરીને રામે કહ્યું કે આશ્રમમાં આવીને પિતાની હત્યાના સમાચાર સાંભળીને મેં ક્રોધમાં એવી પ્રતિજ્ઞા કરી છે કે હું એકવીસ વાર પૃથ્વીને નિ:ક્ષત્રિય કરીશ અને પાંચ કુંડો લોહીથી ભરીને તર્પણ કરીશ. (૭૩-૭૪). એ સિવાય ઋણમુક્તિ નથી એવું મારું પ્રતિજ્ઞા વચન છે. હે સિદ્ધ પુરુષ ! હું આપના શરણે આવ્યો છું. કૃપા કરીને મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરો. (૭૫). એવું કહીને એણે પ્રણામ કર્યા એટલે ગંભીરપણે દત્તપ્રભુ બોલ્યા કે તારી ધીર પ્રતિજ્ઞાને ધન્ય છે અને તારી પ્રતિજ્ઞા જરૂરથી પૂરી થશે. (૭૬). તું મારા તેજથી શક્તિશાળી થા અને આ ક્ષત્રિયોનો સંહાર કર. તને મારા પૂરા આશીર્વાદ છે. તને કાળ પણ કાંઇ કરી શકશે નહિ. (૭૭). એની સાથે જ તરત રામે કહ્યું કે હે પ્રભુ ! મારો એક અપરાધ ક્ષમા કરો. આપનો શિષ્ય એવો અર્જુન નામનો એક ભકત અમારી હોમધેનુનું હરણ કરી ગયો હતો. તેથી મેં એનો વધ કર્યો છે. એના પુત્રોએ મારા પિતાની હત્યા કરી તો એ પુત્રોને પણ મેં મારી નાંખ્યા છે. (૭૮-૭૯). યોગનિષ્ઠ, બ્રાહ્મણભકત અને ત્રણે લોકમાં પ્રખ્યાત એવા એને (અર્જુનને) ક્રોધમાં આવીને મેં મારા હાથે મારી નાંખ્યો છે. (૮૦). મારો આ અપરાધ ક્ષમા કરો. એટલે દત્તભગવાને કહ્યું કે હે રામ ! તું તો એમાં નિમિત્તમાત્ર છે. તું તો સદા પર્યાપ્તકામ (જેને કોઇ પ્રકરની ઇચ્છા નથી એવો પૂર્ણકામ) છે. (૮૧). મેં એને જે વરદાન આપ્યું હતું તે પ્રમાણે જ તેં એને માર્યો છે એટલે એમાં તારો કોઇ દોષ નથી. (૮૨). તું મારી જ વિભૂતિ છે અને મારો મિત્ર પણ છે. હું અને તું એક જ છીએ. તું પૃથ્વીને નિ:ક્ષત્રિય કરી નાંખ. (૮૩). વળી પાછા વંદન કરીને રામે કહ્યું કે હે દેવ ! આચાર્ય થઇને આપ વિલંબ વગર બધી જ ઔર્ધ્વદેહિક ક્રિયા કરાવો. (૮૪). દત્ત ભગવાને કહ્યું કે ભલે (તથાસ્તુ). સ્વયં અવધૂત તલ, દર્ભ વગેરે લઇને સ્મશાનમાં આવ્યા.૫ (૮૫). લાકડાં વગેરે ભેગા કરી રામને કહ્યું કે તું અહીં બાણ મારીને બધાં તીર્થોનું નિર્માણ કર. (૮૬). દત્તની આજ્ઞાનુસાર રામે પર્વત ભેદીને ત્રણે લોકને પાવન કરનારા તીર્થનું નિર્માણ કર્યું. (૮૭). શાસ્ત્રોકત નિયમ પ્રમાણે પહેલાં પોતે વિધિસર સ્નાન કર્યું અને પછી માતાને અતિશય પ્રેમથી શાસ્ત્રોક્ત રીતે સ્નાન કરાવ્યું. (૮૮). સ્વયં અવધૂતે શ્રીમુખે સંકલ્પ કરાવ્યો. રેણુકા માતાએ જ્યાં સ્નાન કર્યું એ ધન્ય સ્થળ જ પાવનકારી માતૃતીર્થના નામે જગતમાં પ્રસિદ્ધ થયું. બધાં તીર્થોના અંશ એમાં હોવાથી ત્યાં સ્નાન-પાન કરનાર પાપી પળવારમાં પાવન થઇ જાય છે. (૮૯-૯૦). પછી પ્રભુએ પ્રાયશ્ચિત વિધિ કરાવીને ત્રેતાગ્નિ સિદ્ધ કર્યો અને પછી વિધિ અનુસાર પ્રેતાધાન વિધિ કર્યો. ત્યારબાદ સહગમન માટે રેણુકામાતા વસ્ત્ર અને અલંકારો સજી તૈયાર થયાં. સેંથીમાં સિંદુર ભર્યું, કપાળમાં કુંકુમ લગાવ્યું. આંખમાં આંજણ (કાજળ) આંજીને, સૂર્યને પગે લાગીને, અગ્નિકુંડની પાસે એકદમ ઝડપથી આવ્યાં. (૯૧-૯૩). દેવો પોતાની સ્ત્રીઓને સહગમનના દર્શન કરાવવા માટે વિમાનમાં લઇને આવી પહોંચ્યા. (૯૪). ઋષિઓ, ઋષિપત્નીઓ, યક્ષ,ગંધર્વ, કિન્નરો, ચારણ, અપ્સરા, વિદ્યાધર, સપ્ત ઋષિઓ પોતાની પત્નીઓને લઇને આવ્યાં અને સંત મહંતો ત્યાં આવીને ભાવપૂર્વક પ્રણામ કરવા લાગ્યા. (૯૫-૯૬). સ્ત્રી વૃંદે રેણુકાને આનંદથી હળદર-કંકુ આપીને વંદન કર્યાં અને સૌભાગ્યના આશીર્વાદ માગ્યા. (૯૭). સતી રેણુકાએ પણ ભાવપૂર્વક દંપતી (પતિ અને પત્ની)નું પૂજન કરીને એને વાયનોનું દાન કર્યું અને વસ્ત્ર-અલંકારો આપીને બધાંને સંતુષ્ટ કર્યાં અને પછી સહગમન માટે પ્રેમથી આજ્ઞા માગી. પછી આચાર્ય શ્રી દત્તપ્રભુને પૂજીને ઉલ્લાસપૂર્વક બોલ્યાં કે હે રામ ! આજથી આ દત્ત તારાં માતા પિતા છે. એની આજ્ઞામાં રહીને તું એના કહ્યા મુજબ વર્તજે. (૯૮-૧૦૦). ગાય, અને બ્રાહ્મણનું રક્ષણ કરી, સાવધાનીપૂર્વક વર્તીને, તારી પ્રતિજ્ઞા સત્ય કરીને, તું ચિરંજીવી થા. (૧૦૧). યજ્ઞ કરીને તું કશ્યપમુનિને પૃથ્વીનું દાન કરજે. મને તેડું આવ્યું છે તેથી હું તો મારે મૂળ સ્થાન જાઉં છું. (૧૦૨). હૃદયમાં વિવેક રાખીને મારો શોક કરીશ નહિ. હે મારા લાલ ! તું સ્વાત્માનંદમાં સદા સર્વદા સુખી રહેજે. (૧૦૩). એવું કહ્યા પછી દત્ત પ્રભુને ફરીથી ભલામણ કરતાં કહ્યું કે હે પ્રભુ ! આ રામ આજથી આપનો

બાળક છે. (૧૦૪). હવે તમે જ એનાં મા-બાપ છો. એના ગુણ-દોષો જોશો નહિ. એના માથે હાથ રાખીને એનું રક્ષણ કરજો. (૧૦૫). એ નાનો છે, નાદાન છે, એને શામાં એનું હિત છે અને શામાં હિત નથી એનું (સારા-નરસાનું) એને ભાન નથી. માટે હે નાથ ! હું એને તમને સોંપું છું. તમો તો બધું જ જાણો છો. (૧૦૬). એનું તમે પાલન કરજો. હવે વધારે તો શું કહું? આવો એનો અનુપમ સ્નેહ હતો. આવું કહીને દત્તનાં ચરણમાં વારેવારે વંદન કરવા લાગી. (૧૦૭).

પછી અગ્નિની પ્રદક્ષિણા કરીને અને પતિનું ધ્યાન ધરીને આનંદપૂર્વક પોતાની કાયાને અગ્નિમાં હોમી દીધી. (૧૦૮). સતીના સ્પર્શથી અગ્નિ પણ દશે દિશામાં કરોડો સૂર્યની જેમ શુદ્ધ યશથી શોભતો હતો. (૧૦૯). બધા જયજયકાર કરવા લાગ્યા. સ્વર્ગમાં દુંદુભિ વાગવા લાગ્યાં. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ અને દેવો તથા મુનિઓ વંદન કરવા લાગ્યા અને બોલ્યા કે ધન્ય છે આ રેણુકાને. પતિની પાછળ સતી થઇને એણે ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવ્યું છે. (૧૧૦-૧૧૧). આ શરીર ઉપરના સાડા ત્રણ કરોડ રોમ (રૂંવાટી)ને જે જીવતે જીવ અગ્નિમાં હોમે છે તે સતીને ધન્ય છે. (૧૧૨). એના પુણ્યની કોણ ગણાતરી માંડી શકે? રોમ રોમ દીઠ એ કરોડો વર્ષો સુધી સ્વર્ગમાં પતિ સાથે આનંદથી રહેશે. (૧૧૩). ઋષિ પત્નીઓ વંદન કરીને બોલવા લાગ્યાં કે આ પતિવ્રતા રેણુકા જગતમાં અજોડ છે. એ જગતના વંદનને પાત્ર છે. (૧૧૪). એના જેવી બીજી કોઇ સ્ત્રી અમે આજ સુધી જોઇ નથી. આવી શ્રેષ્ઠ સ્ત્રીને ધન્ય છે. એવું કહીને ફરી ફરી વંદન કરવા લાગ્યાં. (૧૧૫). એણે તો માતાનું, પિતાનું અને પતિનું એમ ત્રણે કુળને ખરેખર તારી દીધાં અને જગતમાં એનું નામ અમર અને પાવન કરી દીધું. (૧૧૬). પતિવ્રતાના ધર્મથી એ અક્ષયધામમાં ગઇ છે. હવે એનો કદી પણ પુનર્જન્મ થવાનો નથી. (૧૧૭). હે જગદીશ્વર ! બધાને એવી સદ્‌બુદ્ધિ આપો કે પતિને દેવ સમાન માનીને એની અનન્ય ભાવે સેવા કરે. (૧૧૮). આ રીતે પ્રશંસા કરતાં કરતાં અને પતિવ્રતા સતીની યશોગાથા ગાતાં ગાતાં બધા પોત પોતાના સ્થાને ગયાં. જે સાંભળતાં સાંભળનાર મુક્ત થઇ જાય છે. (૧૧૯). અલખ નિરંજનને કહે છે કે સહગમન જેવું ત્રણે લોકમાં બીજું એકે પુણ્ય નથી. ભગવાન ટેક રાખે એવી પ્રાર્થના. (૧૨૦). પ્રભુ પોતે રામના હાથે (કરે) ત્યાં ઔર્ધ્વદૈહિક ક્રિયા કરાવશે એનું વર્ણન હવે પછીના અધ્યાયમાં થશે. (૧૨૧). એ બ્રહ્મરસરૂપી અમૃતનું ભાગ્યશાળી હશે તે પાન કરશે. મોતીથી ભરેલાં પાત્રમાં કાગડો ચાંચ બોળતો નથી. (૧૨૨). ક્રિયા કરનાર (રામ) અને કરાવનાર (દત્ત) બન્ને જ્યારે દેવપુરુષ હોય ત્યારે કર્મમાં ઊણપ શાની રહે? પણ આ તો બધી લીલા છે. કોણ મર્યું? અને કોની ક્રિયા? (ખરેખર કોઇ મર્યું જ નથી અને એની ક્રિયા પણ શાની?) (૧૨૩). **રંગ** કહે છે કે આ જગતનો આ બધો ન સમજાય તેવો (અટપટો-ગૂંચવાડાભર્યો) ખેલ છે. સદ્‌ગુરુની કૃપા હોય તો જ મનનો સંદેહ ટળે છે.(૬) (૧૨૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રેણુકાયાઃ પત્યનુગમન'** નામનો **છવ્વીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૬

(૧) શ્રી ગુરુલીલામૃતમાં એક કરતાં વધુ વાર દેવપુરુષે, મહાનપુરુષે સામાનું મન માપવા અને મન પામવા અનેકવાર એની કસોટીરૂપ અનુચિત વર્તન કર્યાનું વર્ણન આવે છે. આવું અનુચિત વર્તન જોયા પછી પણ એના પ્રત્યેનો સદ્ભાવ લેશમાત્ર ઓછો ન થાય અને એ વર્તન પ્રત્યે આંખ આડા કાન કરી સાવધાન રહે તે પામી જાય છે. જે કોઇ વ્યક્તિ આપણી શ્રદ્ધાનું કેન્દ્ર હોય, જેના પ્રત્યે ગુરુભાવ હોય તે વ્યક્તિનાં વર્તનને સમજવાનો પ્રયત્ન કરવો, સમીક્ષા કરવાનો નહિ. કારણ કે એમાં સમીક્ષા કરનારે પાછળથી પસ્તાવું પડતું હોય છે.

(૨) ૩૩ થી ૫૨ સુધીના દોહરાનું સાવધાનીપૂર્વક પઠન કરતાં પહેલી વાત તો એ જણાય છે, રેણુકા માતા ત્યારે જ બોલે છે જ્યારે પરશુરામ જવાબ આપી શકે એવી સ્થિતિમાં નથી.

બીજી વાત એ કે રેણુકા માતાએ વળતો જે જવાબ આપ્યો એ જોતાં એમનું આધ્યાત્મિક ઊંડાણ કેવું ઊંચું છે તે ખબર પડે છે. ગૃહસ્થાશ્રમી હોવા છતાં, પાંચ પુત્રોની માતા હોવા છતાં એનામાં આધ્યાત્મિક ઉડ્ડયનો અને નૈતિક હિંમત કેવાં છે તેનો ખ્યાલ આવશે.

(૩) દોહરા ૭૦ની ચર્ચા કરતી વખતે દોહરો ૬૯ અને દોહરો ૭૧ પણ વાંચવો જોઇએ. જે લોકો કોઇને હેરાન-પરેશાન કરતા નથી અને મોટી અપેક્ષા રાખ્યા વગર પોતાનું જીવન ગુજારતા હોય તેને વગર કારણે ત્રાસ આપનારનો કુળક્ષય થાય છે. આવી સમજણ આપતા પ્રસંગો એકથી વધુ વાર છે. "અકારણ છળ અન્યનો કરતાં અનિષ્ટ થાય. કરતાં છળ સાધુતણો, નિશ્ચય કુલક્ષય થાય". (અ.૬/દો.૨૫). અનસૂયાના સત્ત્વહરણ વખતે આ દોહરો મૂક્યો છે. કુળક્ષય એટલે સંતાનો મરી જ જાય એમ નહિ, પણ કુલાંગર પાકે અને એ રીતે જીવતર તો બગાડે જ.

(૪) રેણુકા કેવળ પતિવ્રતા કે સતી જ નથી પરંતુ પુત્રનું શ્રેય કરનારી માતા પણ છે. પરશુરામે અર્જુનનો વધ કર્યો છે અને અર્જુન દત્તપ્રભુનો કૃપાપાત્ર છે. એટલે દત્તપ્રભુ પરશુરામની વિરુદ્ધ જાય તો? આવું ન બને એટલા માટે એ યોગ્ય સમયની રાહ જોતી હતી. એ સમય આવ્યો જણાતાં જ એણે બોલવાનું બંધ કરી, રામને બોલવાનો ઇશારો કરી એની કૃપા થાય એ રીતે રજૂઆત કરવાનું કહ્યું. દોહરા ૭૩ થી ૮૦ સુધીમાં રામે કરેલી તાર્કિક રજૂઆતનું વર્ણન છે. મહત્ત્વની વાત અનુકૂળ વાતાવરણ ઊભું કર્યા પછી છેલ્લે આવે છે અને તે પણ ભૂલના એકરારરૂપે.

(૫) સંતને સમજવા કેટલા કઠિન છે અને તેને સમજીએ તો કેટલું સમજવાનું મળે એ સમજાવતા દોહરા ૮૫ અને ૮૬ સાવધાનીપૂર્વક વાંચવા જોઇએ. દત્તપ્રભુએ આચાર્ય થવાનું સ્વીકાર્યું પછી પોતે તલ અને દર્ભ વગેરે જાતે લઇને આવ્યા. (પરશુરામને એની વ્યવસ્થા કરવાનું કહ્યું નથી.) એટલું જ નહિ પણ ચિતા ખડકવાનાં લાકડાં પણ એમણે જાતે જ ભેગાં કર્યાં છે. આટલું કર્યા પછી એણે રામને બાણ મારી તીર્થ ઉત્પન્ન કરવા કહ્યું છે. સામી વ્યક્તિ માટે સંત કેટલું કરે એનું આ ઉત્તમ ઉદાહરણ છે. આની પાછળનું કારણ શું? આ અહૈતુકી કૃપા છે. 'માતાને કોઇ પૂછે કે તું બાળકને કેમ પ્રેમ કરે છે?' તો શું જવાબ આપે? જે લોકો સાચા પ્રેમી છે તે આવું બધું કરતા નથી, એનાથી સહજતાથી થઇ જાય છે જે સંસારી સમજી શકતા નથી અને તર્ક-કુતર્ક કરે છે. "અરે ! સાચા પ્રેમી કવચિદપિ અપેક્ષા નવ કરે" એ કાવ્યપંક્તિ ભૂલવી ના જોઇએ.

(૬) આ દોહરાનું વારે વારે ચિંતન થવું જોઇએ. આખા અધ્યાયનો સાર જાણે આ દોહરામાં મૂકી દીધો છે. સદ્ગુરુ દિલથી કૃપા કરે તો જ શંકા ટળે અને શંકા ટળે તો જ જગતનો અટપટો ખેલ સમજાય એવો છે. સદ્ગુરુની કૃપા કેવી રીતે પમાય?

●

## અધ્યાય : ૨૭

આ અધ્યાયનું નામ '**રેણુકામાહાત્મ્યવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૨૪** દોહરા છે.

આ અધ્યાયમાં દત્ત પ્રભુએ પરશુરામ પાસે ઔર્ધ્વદૈહિક (ઉતરક્રિયા) ક્રિયા કરાવી એનું વર્ણન છે. (૧-૨). રામને પૂછ્યું કે તારાં માતા પિતા કયાં ગયાં? રામે કહ્યું કે એ મૃત્યુ પામ્યાં અને આપે પિંડાદિક અપાવીને ઉત્તમ લોક આપ્યો. ત્યારે દત્ત પ્રભુએ આખી તાત્ત્વિક વાત કરીને રામને સંતોષવા જમદગ્નિ અને રેણુકાના દર્શન કરાવ્યાં. રામ ભાવાવેશમાં આવીને ભેટવા ગયા ત્યાં જ માતા-પિતા અંતર્ધાન થયાં. રામે કરુણ વિલાપ કર્યો અને મૂર્છિત થયો ત્યારે ધરતી ભેદીને રેણુકાએ મુખ કાઢી પરશુરામને ચુંબન કર્યું. એ જ માતૃતીર્થ બન્યું. (૩-૩૨).

પછી દત્ત પ્રભુએ પરશુરામને એની પ્રતિજ્ઞા પૂરી કરવા કહ્યું. પરશુરામે એકવીસ વાર પૃથ્વી નિ:ક્ષત્રિય કરી પાંચ કુંડો લોહીથી ભર્યા. આ હત્યાથી પશ્ચાતાપ અનુભવતા રામને શ્રી દત્તે સોમયાગ કરવાનો કહ્યો. દત્ત પ્રભુના કહેવા મુજબ રામે સોમયજ્ઞ કર્યો અને કશ્યપ ઋષિને પૃથ્વીનું દાન કર્યું. (૩૩-૬૬).

દત્ત પ્રભુને આચાર્ય તરીકે સુવર્ણ-ધન-વસ્ત્ર વગેરે આપ્યાં તે પ્રભુએ બ્રાહ્મણોને આપી દીધાં. રામ સાથે સખ્યભાવે બધી વાત કરી અને રામને ત્રિપુરા રહસ્ય સંભાળાવ્યું. પછી એને તપશ્ચર્યામાં રત રહેવાનું કહ્યું. (૬૭-૮૨).

રામ પશ્ચિમ સાગરે તપોનુષ્ઠાન કરવા બેઠા. તો બ્રાહ્મણો આવી પહોંચ્યા અને ફરી ફરી દાન માગવા લાગ્યા અને બોલ્યા કે કશ્યપને પૃથ્વીનું દાન કર્યું તો પશ્ચિમ સાગરે પૃથ્વી ઉપર કેવી રીતે બેસાય? એટલે સમુદ્રમાં તીર મારી, સમુદ્રનું શોષણ કરી ત્યાં કોંકણ નામનો પ્રદેશ નિર્માણ કર્યો. તો એ પણ બ્રાહ્મણે લઇ લીધો. એટલે પછી રામ ગુપ્તરૂપે ચિપળૂણમાં (એક ગામનું નામ) રહી તપ કરવા લાગ્યાં. (૮૩-૯૧).

રેણુકાનું માતૃતીર્થનું માહાત્મ્ય વર્ણવીને આ અધ્યાયને પૂર્ણ કર્યો અને હવે પછીના અલર્કના કથાનકની પૂર્વભૂમિકા બાંધી. (૯૨-૧૨૪).

કર્મથી પર અને અકર્મ એવા યોગિવર શ્રીદત્તે રામ પાસે પ્રેમપૂર્વક ઔર્ધ્વદૈહિક કર્મ (ઉત્તર ક્રિયા) કરાવ્યું. આવા દત્તપ્રભુને ધન્ય છે ! (૧). માટીથી સ્નાન વગેરે યથાવિધિ કરાવીને નિવાપાંજલિ અને પિંડદાન કરાવીને અત્રિપુત્ર દત્ત બોલ્યા કે હે રામ ! તું જ કહે કે તારાં માતા-પિતા કયાં ગયાં? રામે કહ્યું કે એ તો મૃત્યુ પામ્યાં છે. એમની આ ઉત્તરક્રિયા કરાવીને અને પિંડદાન અપાવીને તમે એમને ઉત્તમ લોક આપ્યો છે. આપના જેવા પ્રભુ જ્યારે સ્વયં આચાર્ય હોય ત્યારે પછી ત્યાં શોક કેવી રીતે હોય?. એ બન્ને મુકત થઇ ગયાં. મારાં માતા-પિતાને ધન્ય છે. એ સાંભળીને દત્તપ્રભુ બોલ્યા કે શું ગાંડા જેવી વાત કરે છે? (૨-૫). જે વિશ્વનું સર્જન, સ્થિતિ અને સંહાર કરે છે એવા એ અજ અને અક્ષય કયાંથી મરે? અને મર્યા જ નથી તો પછી મુકત પણ કેવી રીતે થાય? (૬). એ તો સાક્ષાત્ પાર્વતી અને શંકર હતાં. પૃથ્વીનો ભાર ઉતારવા માટે મુનિ તરીકે અવતર્યા હતા. હે બાળ ! એ તો બધે જ વ્યાપીને રહેલા છે. (૭). તારી મા રેણુકા તો સાક્ષાત્ પાર્વતી (જગદંબા) છે અને પિતા જમદગ્નિ તો સાક્ષાત્ સ્વયં ઇશ્વર-પશુપતિ છે. (૮). ધર્મકાર્ય પૂરું થતાં અવતાર સંકેલીને એ અંતર્ધાન થયાં અને તરત જ અદશ્ય થઇ ગયાં. (૯). એ જન્મ્યાં પણ નથી, મર્યા પણ નથી કે સ્વર્ગમાં પણ ગયાં નથી. એવું બોલવું વાહિયાત (નકામું) છે. એ તો જેમ હતાં તેમ જ રહ્યાં છે. (૧૦). જેની સત્તા વગર પાંદડું પણ હાલી ના શકે



૧૦

એવાં એ સર્વવ્યાપક ક્યાં જાય? એ અવતરે પણ કેવી રીતે? અને મરે પણ કેવી રીતે? (૧૧). હે રામ ! એ લીલા કરવા માટે શરીર ધરનારા ક્યાંય પણ ગયાં નથી. જો તારી જોવાની ઇચ્છા હોય તો હું તને બતાવું. (૧૨). રામે કહ્યું કે મને કૃપા કરીને દર્શન કરાવો. એવું બોલતાંની વારમાં જ ત્યાં પાસે જ જમદગ્નિ અને રેણુકાને ઊભેલાં જોયાં. (૧૩). દત્તપ્રભુએ કહ્યું કે હે રામ ! તું જ કહે કે આ તારાં માતા-પિતા છે કે બીજું કોઇ છે ! રામ તો જોતો જ રહ્યો. (૧૪). એણે જોયું તો ભસ્મ કરેલું દિવ્ય શરીર છે અને પદ્માસન વાળીને જમદગ્નિ ધ્યાનમાં બેઠા છે. એના ખોળાની ડાબી બાજુએ (વામાંકે) સુવર્ણની વેલ જેવી સતી રેણુકા અમીભરી નજરે પતિનું મુખ જોઇ રહી છે. (૧૫-૧૬). એ જોઇને રામના હરખનો પાર ન રહ્યો અને જ્યાં ભેટવા માટે દોડ્યો ત્યાં તો બંને જણાં તે જ ક્ષણે અંતર્ધાન થઇ ગયાં. આ જોઇને રામ રડવા લાગ્યો અને બોલ્યો કે હે મા ! હે પિતા ! તમારા વગર મને જરા પણ ગમતું નથી. (૧૭-૧૮). મને અહીં એકલો મૂકીને તમે ક્યાં અલોપ થઇ ગયા? અત્યારે તો તમે અહીં હતાં તો પછી તમે ક્યાં જતાં રહ્યાં? તમે ક્યાં સંતાઇ ગયાં છો? (૧૯). એકદમ દૃષ્ટિ ગુમાવતાં (આંધળો થઇ જતાં) માણસ જે રીતે આક્રંદન કરે એ રીતે દુ:ખી થઇને રામ શોકથી રડતો હતો. (૨૦). આ જોઇને દત્ત ભગવાન બોલ્યા કે અરે રામ ! તું કોણ છે? તું નાહકનો મોહવશ કેમ રડે છે? મા કોણ અને બાપ કોણ? (૨૧). જ્ઞાનદૃષ્ટિથી વિચારીને તું જો અને તારું રૂપ ઓળખ. આ મોહ અને મમતાનો ત્યાગ કરીને એ રૂપમાં તન્મય થા. (૨૨). રામે કહ્યું કે તમારી આ બધી વાત સાચી પરંતુ 'મા'નો પ્રેમ કેમ ભુલાય? હે સદ્‌ગુરુ ! હું શું કરું?① (૨૩). માતાનું એકવાર સ્તનપાન કરવાથી માથે જે દેવું ઊભું થાય છે તે તો ત્રણે ભુવન દાનમાં આપી દઉં તો પણ ચૂકવાય એમ નથી. (૨૪). હે પ્રભુ ! હું તમને વધારે શું કહું? મારી મા મારું જીવન છે અને મારા પ્રાણ પણ છે. મને એના વિના જરાય ગમતું નથી. (૨૫). 'મા' 'મા' એમ બોલતાં બોલતાં રામ બેભાન થઇને પડ્યો. એની મરણ દશા જોઇને સતી રેણુકાએ મનોમન વિચાર્યું કે મારા પ્રગટ થયા સિવાય આ રામ બીજી કોઇ રીતે શાંત નહિ થાય. એવો વિચાર કરીને પૃથ્વીનું પડ ફોડીને પરશુરામનાં મોં સામે એનું (રેણુકાનું) ચંદ્ર સમાન મુખ પ્રગટ થયું. (૨૬-૨૮).

રામને ચુંબન કર્યું એટલે રામ રાજી થઇ ગયો. ભાવપૂર્વક વંદન કરીને માતાને આનંદથી જોઇ રહ્યો. (૨૯). આ જોઇને દત્તપ્રભુ બોલ્યા કે ધન્ય છે આ પુત્રને, ધન્ય છે આ માતાને અને ધન્ય છે આ બન્નેના પ્રેમને કે જેનું વર્ણન થઇ શકે એમ નથી. (૩૦). એ જ રેણુકાના મુખનું આજે ઘણા લોકો પૂજન કરે છે અને એનાં દર્શનથી દુ:ખડાં અને બધા પ્રકારનો શોક ટળે છે. (૩૧). જે કોઇ માહૂરગઢ જઇને માતૃતીર્થમાં સ્નાન કરીને એ જગદંબાનું ભાવપૂર્વક પૂજન કરશે એનાં બધાં પાપો ટળી જશે અને સંસાર તાપનો દવ પણ શાંત થશે. એ આ લોક અને પરલોક એમ બન્નેમાં ધન્ય ધન્ય થઇ જશે અને મોક્ષનું સુખ પામશે. (૩૨-૩૩). રામને ભેટી પડીને દત્તપ્રભુ તરત જ બોલ્યા કે હે રામ ! દુષ્ટ ક્ષત્રિયોને મારીને હવે તું તારી પ્રતિજ્ઞા પૂરી કર. (૩૪). દત્તપ્રભુને ભાવથી પ્રણામ કરીને પ્રણીતામાં (નદીનું નામ) સ્નાન કરીને તરત જ સંકલ્પ મૂક્યો. (૩૫).

પછી બધાને કુરુક્ષેત્રમાં બોલાવીને યુદ્ધ કરીને ક્રોધે ભરાઇને બધા રાજાઓને લશ્કર સહિત માર્યા. (૩૬). એનો દારુણ પરશુ બધાનો કચ્ચર ઘાણ વાળતો હતો. મોટા મોટા શૂરવીરો પણ બીકથી પ્રાણનો ત્યાગ કરતા હતા. (૩૭). એની ગર્જના સાંભળીને ક્ષત્રિય સ્ત્રીઓના ગર્ભો સ્રવી જતા હતા. એ શોધી શોધીને ક્ષત્રિય માત્રને તરત જ મારી નાંખતો હતો. (૩૮). એ રીતે એણે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિય વગરની કરી અને ક્ષત્રિયના લોહીથી પાંચ કુંડો ભરીને એની પ્રતિજ્ઞા પૂર્ણ કરી અને એ રીતે એણે તર્પણ કર્યું. આના પરિણામે એનો બધો ક્રોધ દૂર થયો અને તરત જ મન પણ શાંત થઇ ગયું. (૩૯-૪૦). આજે પણ એ કુંડને લોકો કુરુક્ષેત્રમાં સ્યમંતપંચકના નામથી ઓળખે છે. (૪૧). ત્યાંથી ઝડપથી શસ્ત્રો સાફ કરીને આવીને રામે દત્તપ્રભુને પ્રેમથી પ્રણામ કર્યા અને બોલ્યો કે મેં આપના બળે જ આ બધા ક્ષત્રિયોને

મારી નાંખ્યા છે. હવે મારું મન શાંત થયું એ આપની જ કૃપાનું પરિણામ છે. (૪૨-૪૩). ખરેખર ક્રોધ એ ખૂબ ખરાબ વસ્તુ છે. એ સારા વિચારો નષ્ટ કરી નાંખે છે. ક્રોધે ભરાઇએ એટલે શું કરવું અને શું ના કરવું એ સૂઝતું નથી.② (૪૪). એ દુષ્ટ આપણી ઇચ્છા ન હોવા છતાં અન્યાય કરાવે છે. અરેરે ! હું પણ કેવો મૂરખ માણસ તે ક્રોધને વશ થયો. (૪૫). એકનું (પિતાનું) વેર વાળવા માટે સમગ્ર ક્ષત્રિય કુળનો નાશ કરવાનો આવો મોટો અનર્થ મેં કેમ કર્યો? (૪૬). એક રાજાને મારતાં મને મારા પિતાએ બધાં તીર્થોમાં ફરવાની આજ્ઞા કરી હતી. ત્યારે આ તો ન ગણી શકાય એવા કેટલા રાજાને મેં મારી નાંખ્યા? ખરેખર કેટલું બધું પાપ થયું. આ બધું મને ડંખે છે. (ભારે પસ્તાવો થાય છે.) (૪૭-૪૮). માટે હું આપના શરણે આવ્યો છું. તમે મને પાવન કરો. એવું દુ:ખી મને બોલીને એણે ફરીથી પ્રણામ કર્યા. (૪૯). આ સાંભળીને દત્તપ્રભુ બોલ્યા કે હે રામ ! એ બધા દુષ્ટ રાજાઓને તેં તરત જ મારી નાંખ્યા એનો નકામો સંતાપ શું કામ કરે છે? એમાં તારો કોઇ દોષ નથી. (૫૦). તેં તો (એમને મારીને) દુષ્ટોનો નાશ કરીને, સાધુ પુરુષોનું રક્ષણ કરીને ધર્મની સારી રીતે સ્થાપના કરી છે. એમાં તેં બિલકુલ પાપ કર્યું નથી. (૫૧). એ બધાનાં પુણ્યનો ક્ષય થવાથી એમના પાપને કારણે જ એમને મૃત્યુએ ઘેર્યા હતા. એ લોકો એમનાં પાપે જ મર્યા છે. તું તો કેવળ નિમિત્તમાત્ર છે. (૫૨). આમ છતાં તારું મન જો ના જ માનતું હોય તો મારું માનીને બ્રહ્મર્ષિને બોલાવીને સનાતન એવો સોમયાગ (સોમ યજ્ઞ) કર. (૫૩). એનાથી તારું પાપ દૂર થશે અને દેવ સંતુષ્ટ થશે. બ્રાહ્મણો રાજી થશે અને તારી જગતમાં કીર્તિ ફેલાશે. (૫૪). તેં યુદ્ધમાં ક્ષત્રિયોને મારીને આખી પૃથ્વી જીતી લીધી છે તો હવે યજ્ઞ કરીને તું એ કલ્પિત પાપ ધોઇ નાંખ. (૫૫). તું સ્થિતપ્રજ્ઞ કશ્યપ ઋષિને પૃથ્વીનું દાન કર. તેને દક્ષિણામાં સર્વસ્વ આપ તો તેનાથી તું પાવન થઇશ. (૫૬). દત્તપ્રભુનાં એ વચનો સાંભળીને અને એને માથે ચઢાવીને (સ્વીકારીને), બધા ઋષિઓને બોલાવીને એણે સોમ યજ્ઞ કરવાનું નક્કી કર્યું. (૫૭). અત્રિ, મરીચિ, અંગિરા, ક્રતુ, વસિષ્ઠ, પુલત્સ્ય, પુલહ, ભરદ્વાજ, કશ્યપ, ભૃગુ, ગૌતમ, વિશ્વામિત્ર, અગત્સ્ય, ગર્ગ, પવિત્ર વામદેવ, જગત્વંદ્ય વિખ્યાત જાબાલ વગેરે બધા અગ્રગણ્ય ઋષિઓ બધા શિષ્યોને લઇને આવ્યા. (૫૮-૬૦). શ્રદ્ધા અને ઉત્સાહથી યજ્ઞનો આરંભ થયો. સ્વયં દત્તપ્રભુ જ્યાં આચાર્ય હોય ત્યાં પછી શાની ઊણપ હોય? (૬૧). જેના નામના સ્મરણ માત્રથી ન્યૂનતા સંપૂર્ણતાને પામે છે એવા દત્તપ્રભુ આચાર્ય થતાં સાંગતા સત્વરે સામે દોડીને આવે છે. (૬૨). દેવો પણ જાતે આવીને ત્યાં પ્રેમથી, સંતોષથી અને આનંદથી પોતાનો યજ્ઞનો ભાગ લે છે. (૬૩). ગાય અને ધન આપીને બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા અને એમને ભાવતાં ભોજન મળતાં બધા સંતુષ્ટ થયા. (૬૪).

વિધિ મુજબ કશ્યપઋષિના પગ ધોઇને શ્રદ્ધાપૂર્વક પૂજન કરીને પછી રામે સંકલ્પ મૂક્યો અને પૃથ્વીનું દાન કર્યું અને દક્ષિણા પેટે (તરીકે) આનંદથી ધન અને રત્નો આપ્યાં. (૬૫-૬૬). છેલ્લે આચાર્ય દત્તનું અનન્યભાવે પ્રણામ કરીને સુવર્ણ, ધન, વસ્ત્ર વગેરે આપીને ભાવથી પૂજન કર્યું. (૬૭). દેવે (દત્તે) આ બધું જ બ્રાહ્મણોને આપી દીધું. આપ્તકામ ભગવાનને ધનનું શું કામ? (૬૮). દત્તપ્રભુને વળી આચાર્યપણું શું? એ ભાવભૂખ્યો દેવ ફૂલથી પણ રાજી થઇ જાય એવો છે. એણે તો ભકતની ઇચ્છાવશ જ કર્મ કરાવ્યું હતું. (૬૯). રામને પોતાના ખોળામાં બેસાડીને દત્તપ્રભુ બોલ્યા કે હે રામ ! તને ધન્ય છે. તેં દુષ્ટોને મારવાનું કપરું કાર્ય કર્યું છે. (૭૦). રાક્ષસ સમા પરાણે જીતી શકાય એવા આ ક્ષત્રિયોને મારી નાંખીને અને યજ્ઞ કરીને તેં બધા લોકોને સુખી સુખી કરી નાંખ્યા છે. (૭૧). તું એકલો હતો, તારી મદદમાં કોઇ ન હતું જ્યારે સામે પક્ષે મોટા પ્રમાણમાં દુશ્મનો હતા. તો પણ તેં તારાં બાવડાંનાં જોરે એ બધાને મારી નાંખ્યા. ધન્ય છે તારા જેવા વીર પુરુષને ! (૭૨). તું સ્વયં વિષ્ણુ છે એટલે જ આવું અતુલ પરાક્રમ કરી શકે. એ વગર આવું બની જ ના શકે ! અને તારા વિના બીજું કોણ આવું કરી શકે? (૭૩). રામે કહ્યું કે મારી શું તાકાત? આ બધું તો આપની કૃપાનું જ ફળ છે. આપે જ કૃપા કરીને મારું (દાસનું) નામ કીર્તિવંત કર્યું છે. હું શું કામ ખોટું અભિમાન કરું? (૭૪). અરસપરસ આવું બોલતા

સાંભળીને લોકો જયજયકાર કરવા લાગ્યા. બંનેને પ્રેમથી પગે લાગીને ધન્ય હો ! ધન્ય હો ! (જય હો ! જય હો !) એવું બોલવા લાગ્યા. (૭૫). હે પ્રભુ ! આપ શરીરથી જુદા હોવા છતાં આપ બંને એક જ છો. આપનું એક જ રૂપ છે અને મન પણ એક જ છે એવું અમને દેખાય છે. તમારી લીલા સમજાય એવી નથી. (૭૬). લોકોને પાવન કરવા આમ અવતાર ધારણ કરીને, આવી અગમ્ય લીલા કરીને, તમે લોકોનો ઉદ્ધાર કરો છો. આવું બોલીને એમની આજ્ઞા લઇને એમની કીર્તિ ગાતાં ગાતાં પોતપોતાના સ્થાને ગયા. (૭૭-૭૮). શ્રીદત્ત સાથે નિરપેક્ષ મૈત્રી કરીને ત્યાં રામ રહ્યો. રાજી થઇને દત્તપ્રભુએ એને નિર્વાણરૂપ આત્મજ્ઞાનનો બોધ કર્યો.③ (૭૯). સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવે એવા ત્રિપુરારહસ્યનો ઉપદેશ પ્રભુએ લોકો માટે પ્રેમથી કર્યો. (૮૦). એ દિવ્ય ઉપદેશ કેવળ ઉપનિષદમાં ચર્ચેલા તત્ત્વથી જ ભરેલો છે. જેના શ્રવણથી ભ્રાંતિ ટળે છે અને આત્મસંદેહ ગળે છે. (૮૧). દત્તપ્રભુએ કહ્યું કે હે રામ ! તું મારો મિત્ર છે. હવે મારાં ચરણનું ચિંતન કરતો કરતો તું જા અને તપશ્ચર્યામાં રત રહે. (૮૨). સાવર્ણિક મન્વંતરમાં તું જ્યારે ઋષિના ઘરે જન્મીને બ્રહ્મતેજરૂપી લક્ષ્મીથી યુકત મહર્ષિ થઇશ ત્યારે ફરીથી અવતાર ધરીને હું તારામાં મૂકેલું આ તેજ પાછું લઇ લઇશ. (ત્રેતાયુગમાં રામચંદ્ર ભગવાને શિવધનુષ્યનો ભંગ કર્યા બાદ પરશુરામનું તેજ લઇ લીધું હતું.) હવે તું સાગર કિનારે જા અને બ્રાહ્મણની જેમ ધીર પુરુષ બનીને તપસ્યા કર. તું મહાકલ્પને અંતે મારું સાયુજ્ય પામીશ. (૮૩-૮૫). દત્તપ્રભુનાં આવાં વચન સાંભળીને થોડો સમય રામ આશ્રમે રહ્યો અને એ સમય દરમ્યાન એમની સેવા કરીને પછી પશ્ચિમ સાગરને કિનારે જઇને તપનું અનુષ્ઠાન શરૂ કર્યું. પરંતુ ત્યાં પણ બ્રાહ્મણોએ એને ઠરવા ના દીધો અને ફરી ફરી દાન માગવા લાગ્યા. (૮૬-૮૭). રામે કહ્યું કે મેં કશ્યપ ઋષિને પૃથ્વીનું દાન કરી દીધું અને બીજું બધું તમને દાનમાં આપી દીધું, પછી મારી પાસે કશું જ રહ્યું નથી. એટલે બ્રાહ્મણો બોલ્યા કે તેં પૃથ્વીનું દાન કર્યું છે તો દાનમાં આપેલી વસ્તુનો તું ઉપભોગ કેમ કરે છે? આ સાગર કિનારે ભૂમિ પર કેમ બેઠો છે? (૮૮-૮૯). આ સાંભળીને તે જ ક્ષણે બાણ મારીને સમુદ્રનો થોડો ભાગ સૂકવી દીધો અને ત્યાં કોંકણ નામના ભૂખંડનું સર્જન કર્યું. (૯૦). એ પ્રદેશ પણ બ્રાહ્મણોએ માગીને લઇ લીધો. તે દિવસથી ચિપળૂણ નામના ગામમાં ગુપ્ત રહીને પરશુરામ તપસ્યા કરે છે.④ (૯૧). ત્યાર પછીના યુગમાં દશરથના ઘરે રામ તરીકે અવતાર લઇને શ્રીહરિએ પરશુરામનું તેજ પાછું હરી લીધું. (૯૨). તે દિવસથી ગુપ્ત રહીને રામ તપસ્યા કરે છે. આગળ ઉપર એ મહાસમર્થ મહર્ષિ થશે. ક્ષત્રિયોનું અભિમાન ઉતારવા માટે વિષ્ણુનો અંશ અને દત્ત ભગવાનનો મિત્ર એવો પરશુધર પરશુરામ તરીકે અવતર્યો છે. (૯૩-૯૪). સ્વયં પાર્વતી રેણુકા તરીકે અને ભગવાન શંકર જમદગ્નિ તરીકે અવતર્યા હતા એ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. (૯૫).

ઘણા સમય પૂર્વે નસીબજોગે બ્રહ્મદેવને વેદોની વિસ્મૃતિ થઇ હતી. તેથી બ્રહ્મદેવ (બ્રહ્માજી) ખૂબ ઉદાસ થઇ ગયા હતા. (૯૬). એકદમ ઝડપથી માતાપુર જઇને એમણે રેણુકાની સ્તુતિ કરતાં કહ્યું કે હે વાઙ્મયી (વાણીરૂપ) મા ગાયત્રી ! તું જ વેદોની માતા છે. હું વેદો ભૂલી ગયો છું. હે મા ! ફરીથી પહેલાની જેમ એને પ્રકાશિત કરીને તું મારા પર કૃપા કર. એટલે દેવી (રેણુકામાતા)એ કહ્યું કે જઇને દત્તને પૂછો. એ બધું કહેશે. એટલે બ્રહ્માએ જઇને દત્તને કહ્યું કે મને શંકા થઇ છે. હે દિગંબર એવા દત્તપ્રભુ ! તું સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞ છે. તને બધા દેવો વંદે છે અને ઋષિ મુનિઓ તારી સેવા કરે છે. તને બુદ્ધિપ્રદીપ કહે છે. હે દેવ ! નસીબજોગે મને વેદોનું વિસ્મરણ થયું છે. તારા વિના ફરીથી કોણ ઉપદેશ કરે? તું એનો ઉપદેશ કરી મારા ખેદનું તરત નિવારણ કર. (૯૭-૧૦૧).

દત્તપ્રભુ હસીને બોલ્યા કે હે બ્રહ્માજી ! તમને અવિદ્યાથી જ વેદોનું વિસ્મરણ થયું છે અને તમે વિમૂઢ થયા છો. એણે (રેણુકાએ) ખરેખર તમને મોહમાં નાંખી દીધા છે. એ રેણુકા જ વિદ્યા અને અવિદ્યા છે એ ચોક્કસ માનજો. (૧૦૨-૧૦૩). જે બધા વર્ણો (અક્ષર)માં રહે છે અને બધા વર્ણો જેનામાં રહે છે એ વર્ણરૂપ જ રેણુકા છે અને એ બીજી કોઇ નથી. (૧૦૪). એ શબ્દ બ્રહ્મ જ સાવિત્રી છે, એને જ તું વેદમાતા જાણ. એ એક અને અદ્વિતીય કેવળ ચૈતન્ય

કળા છે. (૧૦૫). એ પ્રણવરૂપિણી (ૐકાર સ્વરૂપ) અને એકવીરા (રેણુકા) છે. એ એક અને અનેકમાં બધે રહીને જગતને જન્મ આપનારી છે. (૧૦૬). એનું સ્મરણ કરતાંની સાથે જ વેદોનું સ્ફૂરણ (સ્મરણ) થશે. એટલે બ્રહ્માજી બોલ્યા કે અરે ! હું પણ કેમ ભૂલાવામાં પડ્યો. આ વાત સાચી છે. (૧૦૭). એવું બોલીને બ્રહ્માજીએ ત્રિપુરા દેવી (રેણુકા)નું ધ્યાન ધર્યું. ત્યાં જ રેણુકા-'મા' પ્રગટ્યાં એટલે બ્રહ્માજીએ વંદન કર્યાં. (૧૦૮). તેમના મુખેથી બધા વેદો સાંગ (અંગ સહિત) ઉત્પન્ન થયા. એ લઇને ચતુર્મુખી (બ્રહ્મા) ધન્ય ધન્ય થયા અને પ્રસન્ન પણ થયા. (૧૦૯). આવી સમર્થ રેણુકા 'રેણુ' નૃપનો ભાવ જોઇને પુત્રીરૂપે અવતરી. એના સ્મરણથી સંતાપ ટળી જાય છે. (૧૧૦). આજે પણ માહૂરગઢે હાજરા હજૂર રહીને ભકતોનાં સંકટો દૂર કરીને તેમને તારે છે. (૧૧૧). ત્યાં જ અત્રિ-અનસૂયાનું સ્થાન છે અને પાસે જ દત્તપ્રભુનો આશ્રમ છે. આવું મા-રેણુકાના ધામનું દર્શન માત્ર જન્મ મરણનો શ્રમ હરી લે છે. (૧૧૨). કાળા આમળાનાં ઝાડ પાસે (રેણુકા) લક્ષ્મી સ્વરૂપે વસે છે. આવા માહૂરગઢને ધન્ય છે. એનું વર્ણન કરવું કેવળ અશકય છે. (૧૧૩). મા રેણુકાનું શ્રદ્ધાપૂર્વક દર્શન કરીને જો કોઇ પુરુષ માતૃતીર્થમાં પિંડદાન કરે તો તેના પિતૃઓની ચોક્કસપણે તરત જ સદ્‌ગતિ થાય છે. બધાં તીર્થોમાં શ્રેષ્ઠ એવું આ પાવનકારી અને પુણ્ય દેનારું તીર્થ છે. (૧૧૪-૧૧૫).

પોતાના (ચાંધ્રીક નામના ઋષિના) પિતૃઓ નરકમાં પડ્યા છે એવું જાણીને ચાંધ્રીક ઋષિએ આ સ્થળે પિંડદાન કર્યું તેથી તેના પિતૃઓ તે જ ક્ષણે મુકિતને પામ્યા. બધી ઇચ્છાઓ પૂરી કરનારું આવું સમર્થ તીર્થ ત્રિભુવનમાં બીજું એકેય નથી. (૧૧૬-૧૧૭).

એવું બીજું સર્વતીર્થ છે અને પદ્મતીર્થ પણ છે. જ્યાં સ્નાન કરવા માત્રથી કુષ્ઠ વગેરે રોગો હરી લે છે. (૧૧૮). એવું આ અનુપમ (શ્રેષ્ઠ) સ્થાન છે જ્યાં દત્તપ્રભુએ અર્જુનને યોગ વગેરેનો ઉપદેશ કરીને એને મુક્તિ આપી હતી. (૧૧૯). રામ પર અનુગ્રહ કરનાર અને નિરાકાર હોવા છતાં પણ ભાવનાને વશ સાકાર થનાર શ્રી ગુરુને ધન્ય હો ! એમનો જય હો ! (૧૨૦). વળી એણે અલર્કને પણ તાર્યો. એનો ખેલ (લીલા) સમજાય એવો નથી. પોતે વિશ્વનું ભરણપોષણ કરે છે છતાં એની પાસે નાનું સરખું વસ્ત્ર પણ નથી. (એટલે દિગંબર રહે છે.) (૧૨૧). આ સાંભળીને નિરંજન વંદન કરીને હર્ષભેર જે બોલ્યો એ અપૂર્વ અને રસભર વાતનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે. (૧૨૨). આ અધ્યાયમાં માતૃતીર્થનો મહિમા કહ્યો અને વર્ણન ન થઇ શકે એવું ત્રિપુરાદેવીના રહસ્યનું વર્ણન કર્યું છે. (૧૨૩). જ્યાં ચાર મુખવાળા સ્વયં બ્રહ્મા પણ મૂગા થઇ જાય ત્યાં આ રાંકડા રંગનું શું ગજું? ગુરુદેવની કૃપા થતાં જ એનો સમૂળો ઢંગ જ ફરી ગયો. (૧૨૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રેણુકામાહાત્મ્યવર્ણન'** નામનો સત્ત્યાવીસમો અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૭

(૧) સાક્ષાત્ શંકરસ્વરૂપ જમદગ્નિ, સ્વયં પાર્વતીસ્વરૂપ રેણુકા અને વિષ્ણુનો અંશ એવા પરશુરામના આ કુટુંબમાં પરશુરામ ઉત્તર ક્રિયા કરે છે એ મહત્ત્વની વાત દ્વારા ધર્મ જાળવણીનો સંકેત છે. આપણા બાપજીએ પણ મોરટક્કા જઇને

પોતાની માતાની ઉત્તરક્રિયા યથાવિધિ કરી હતી અને લોકોને શીખવ્યું કે આવી વિધિ કરજો. પરંતુ મહત્ત્વની વાત તો એ છે કે જ્ઞાની હોવા છતાં પરશુરામ માતાને યાદ કરીને જે આક્રંદ કરે છે અને માતૃઋણની વાત કરે છે એનાં વર્ણન પાછળ પૂ.શ્રીનો આશય સમાજમાં માત-પિતાની સેવા કરતા બધા થાય એવો છે. પોતાની માતાનું સ્મરણ થતાં પૂ.શ્રીએ જાહેરમાં આંસુ સાર્યાં હતાં એ વાત બધા જાણે છે. પોતાનો ભક્ત 'માતા પ્રત્યે કેવળ સદ્‌ભાવ અને પૂજ્યભાવ રાખે' એવી એમની અંતરની ઇચ્છા અહીં વ્યક્ત થઇ છે. પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીને ભાગવત વિદ્યાપીઠ, સોલાના ખાતમુહૂર્તના આમંત્રણના જવાબમાં લખેલું કે "માતાની આજ્ઞા છે કે મારે રાત્રિ નારેશ્વર ગાળવી. માતૃઆજ્ઞાવશ હું લાચાર છું." પૂ.શ્રીની આ જબરજસ્ત ક્રાંતિ ધ્યાન બહાર ન જાય તો પારાયણ ફળ્યું ગણાય. જો પરશુરામને આ સમયે યાદ આવી જાય કે એણે ભૂતકાળમાં માતાનું ડોકું ઉડાડી દીધું હતું તો કેટલું ભારે દુઃખ થાય? એટલે એમણે વરદાન માગ્યું હતું કે આ વાત મને કદી પણ યાદ ના આવો.

(૨) આત્મા આનંદ સ્વરૂપ છે એ વાતને સમર્થન મળે એવા દોહરા છે. દોહરા ૪૪ થી ૪૮નું વાચન આ સંદર્ભમાં કરી શકાય. કોઇપણ વ્યક્તિ ક્રોધમાં આવીને કશું પણ એવું કરે કે જેથી એ પોતાના આનંદ સ્વરૂપથી દૂર થાય તો એ વસ્તુ મોડી-વહેલી એને હેરાન કરે છે, ડંખે છે. પૂ.પ્રેમ અવધૂતજીના એ વાક્યનું સ્મરણ ઉચિત ગણાશે કે 'પ્રેમ આપશો તો પ્રેમ મળશે. કદાચ નહિ મળે તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ થશે'. આ સંતોષ પામવાની ભૂમિકા પ્રાપ્ત કરવા માટે જ સત્સંગની જરૂર છે, સંતના જીવનને વાંચવાની જરૂર છે.

(૩) રામને દત્તનું સખ્ય મળ્યું એમાં સખ્યનો આપેલો અર્થ 'નિરપેક્ષ મૈત્રી' ખૂબ મહત્ત્વનો છે. પૂ.શ્રી પોતાના માટે જગત્સુહૃદ્ લખતા તો એમાં પણ સુહૃદ્‌નો અર્થ એ જ છે કે કોઇપણ જાતની અપેક્ષા નહિ રાખનાર મિત્ર. આ નિરપેક્ષ મૈત્રીમાં જ પ્રેમ રહેલો છે. નવધા ભક્તિમાં પણ સખ્ય મૈત્રી આઠમી છે. મિત્રને બધું કહી શકાય અને એ પણ બધું કહી શકે. એના ખભે બેસી શકાય અને એને ખભે બેસાડી પણ શકાય. પરંતુ મોટી વ્યક્તિ સખા બનાવે ત્યારે સામી વ્યક્તિએ એને સમજવામાં ભૂલ નહિ કરવી નહિતર અર્જુનને જેમ રડતાં રડતાં કહેવાનો દિવસ આવ્યો હતો તેમ આપણને પણ આવે.

સખેતિ મત્વા પ્રસભં યદુક્તં હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ |
અજાનતા મહિમાનં તવેદં મયા પ્રમાદાત્પ્રણયેન વાડપિ ||
યન્ત્યાવહાસાર્થમસત્કૃતોડસિ વિહારશય્યાસન ભોજનેષુ |
એકોડથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ||

(ગીતા. અ.૧૧/શ્લોક ૪૧-૪૨.)

આપનો આ મહિમા અને સ્વરૂપને ન જાણતાં મેં ભૂલથી અથવા સ્નેહથી 'આપ મારા મિત્ર છો' એવું માનીને 'હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા !' આ રીતે જે કાંઇ સંબોધીને કહ્યું છે તથા હે અચ્યુત ! સાથે ખેલતાં, સૂતાં-જાગતાં, ઊઠતાં-બેસતાં કે ખાતાં-પીતાં, એકલા અથવા કોઇની સમક્ષ પણ મારા દ્વારા હસવામાં પણ આપનો જે કંઇ અનાદર કરાયો હોય તે સર્વ અપરાધ માટે અપાર પ્રભાવવાળા આપની સમક્ષ હું ક્ષમા માગું છું.

(૪) ૮૭ થી ૯૧ સુધીના દોહરા વાંચતાં બ્રાહ્મણોની માગણવૃત્તિનાં વરવાં દર્શન થાય છે. પૂ.શ્રીની ખૂમારી આ માગણવૃત્તિને સહન કરી શકતી નથી. માગવું અને મરવું બરાબર છે. પણ માગનારને કયાં એની ચિંતા હોય છે !

●

## અધ્યાય : ૨૮

આ અધ્યાયનું નામ '**કુવલયાશ્વેન મદાલસાવરણ**' છે. આ અધ્યાયમાં **૧૬૫** દોહરા છે.

આ અધ્યાયમાં શત્રુજિત નામના રાજાના પુત્ર ઋતુધ્વજની વાતનું વર્ણન આવે છે. સોમ (ચંદ્ર) વંશમાં થયેલા રાજા શત્રુજિતને ઋતુધ્વજ નામનો પુત્ર હતો. ગાલવ મુનિના યજ્ઞનું રક્ષણ કરવા માટે ઋષિની માંગણી સ્વીકારીને શત્રુજિતે ઋતુધ્વજને મોકલ્યો. ઇશ્વરે ગાલવ મુનિને એક દૈવી ઘોડો આપ્યો હતો જે એણે ઋતુધ્વજને આપ્યો. (૧-૩૯).

ઋતુધ્વજની હાજરીમાં જ્યાં ગાલવ મુનિએ યજ્ઞનો આરંભ કર્યો ત્યાં જ પાતાલકેતુ વરાહ (ડુક્કર)ના સ્વરૂપે આવ્યો એટલે મુનિએ એને બતાવ્યો. ઋતુધ્વજે બાણ માર્યું જે એની છાતીમાં વાગ્યું પણ મર્યો નહિ અને ત્યાંથી નાસી ગયો. દિવ્ય ઘોડા ઉપર બેસીને ઋતુધ્વજ એની પાછળ પાછળ ગયો. પાતાલકેતુ એક ગુફામાં (દરીમાં) ભરાયો. એની પાછળ ઋતુધ્વજ પણ ગયો. (૪૦-૪૮).

ઘોડો એને પાતાળમાં લઇ ગયો. ત્યાં રત્નજડિત એક મહેલમાં બે સ્ત્રીઓને જોઇ. એક હતી મદાલસા અને બીજી હતી એની બહેનપણી કુંડલા. વિશ્વાસુ ગંધર્વની પુત્રી મદાલસાનું હરણ કરીને પાતાલકેતુ એને પરણવાના હેતુથી અહીં લાવ્યો હતો. પણ મદાલસા એને પરણવા માગતી ન હતી. કુંડલાએ કહ્યું કે કાલે એ રાક્ષસ બળજબરીથી પરણવાનો છે. આ મદાલસા મરી જશે પણ એને નહિ પરણે. કુંડલાની વિનંતી સ્વીકારીને, મદાલસાની મરજી જાણી કુલગુરુની હાજરીમાં અગ્નિની સાક્ષીએ ઋતુધ્વજે લગ્ન કર્યાં. (૪૯-૧૩૦). કુંડલા પછી હિમાલય પર ગઇ અને ઋતુધ્વજ મદાલસાને ઘોડા પર બેસાડીને મુનિના આશ્રમે જવા નીકળ્યો એટલે પાતાલકેતુ એના ભાઇ તાલકેતુ સાથે લશ્કર લઇને લડવા આવ્યો. યુદ્ધમાં પાતાલકેતુ વીંધાયો. એ જોઇને તાલકેતુ નાસી ગયો. મુનિના આશિષ લઇને ઋતુધ્વજ મદાલસા સાથે પોતાના નગરમાં આવ્યો. પરંતુ બધા દિવસ ક્યાં કોઇના એક સરખા જાય છે. પછીની વાત બીજા અધ્યાયમાં છે. (૧૩૧-૧૬૫).

શિષ્ય નિરંજને પ્રણામ કરીને અલખને કહ્યું કે હે ગુરુરાય ! મને ગુરુની કથા આગળ કહો જેથી મારો સંશય દૂર થાય. (૧). અલર્ક કોણ હતો? અને એને કેવી રીતે તાર્યો એ વાત મને કહો. હું જેમ જેમ અમૃત પીતો જાઉં છું તેમ તેમ તરસ વધતી જાય છે. (૨). હું આપને તકલીફ આપું છું એ સાચું પરંતુ મારું તો કામ થઇ જાય છે. (મને લાભ થાય છે.) આપ તો સ્વયં કામના રહિત છો પણ લોકોનો ઉદ્ધાર કરવા માટે જ ફરો છો ને ! (૩). આ સાંભળીને અલખજી બોલ્યા કે હે નિરંજન ! તારો પ્રશ્ન ખૂબ સરસ છે. આ જગતમાં પ્રશ્ન પૂછનાર જ ક્યાં મળે છે? હું કહું તે બધું સાવધાન થઇને સાંભળ. (૪).

ચંદ્રવંશમાં શત્રુજિત નામનો એક રાજા હતો. એ નિર્મલ ટેક રાખીને શિવજીની આરાધના કરતો હતો. (૫). ભગવાન શંકરની કૃપાથી તેને તેજનો અંબાર અને સદ્‌ગુણનો ભંડાર સમો પુત્ર થયો. (૬). એનું નામ ઋતુધ્વજ પાડ્યું. એ પિતૃભક્ત હતો. પિતાએ એને જનોઇ આપી અને એ વિદ્યા શીખવા લાગ્યો. (૭). ધનુર્વેદનો અભ્યાસ કરીને શસ્ત્ર-અસ્ત્રની બધી વિદ્યામાં નિપુણ થયો. (૮). એ રાજાનો પુત્ર ઉદાર, મહા શૂરવીર, શરણે આવેલાનું રક્ષણ કરનાર અને બીજાનાં દુ:ખ દૂર કરનાર હતો. (૯). ન્યાય નીતિથી વર્તીને એ યુવરાજપદ શોભાવતો હતો. (૧૦).

રેવા નદીના કિનારે ગાલવ મુનિ નામના એક મુનિ પોતાના આશ્રમમાં રહીને પોતાના અનુષ્ઠાનમાં રત રહેનાર સાક્ષાત્ ધર્મમૂર્તિ હતા. (૧૧). એક વાર તહેવારના દિવસે (પર્વકાળે) શ્રદ્ધા અને ઉત્સાહથી મુનિએ જ્યાં યજ્ઞની શરૂઆત

કરી ત્યાં જ વિઘ્ન આડે આવ્યું. (૧૨). યજ્ઞનો ધૂમાડો દેખાતાંની સાથે જ પાતાલકેતુ નામનો એક રાક્ષસ યજ્ઞનો ભંગ કરવા દોડી આવતો હતો. (૧૩). એ રાક્ષસ અતિ ભયંકર અને મહા ઘાતકી હતો. યજ્ઞમાં માંસ અને હાડકાં નાંખીને યજ્ઞ (મખ)ને અભડાવતો હતો. (૧૪). આને લીધે મુનિ બધી રીતે કંટાળી ગયા અને વિચારવા લાગ્યા કે હવે હું શું કરું? આ રાક્ષસ ઉપાધિ કરે છે અને હું કશું કરી શકતો નથી. (૧૫). જો એને ક્રોધે ભરાઈને શાપ આપું તો મારા તપનો ભંગ થાય, ભયંકર પાપ લાગે અને બધી મઝા મરી જાય. (૧૬). હે ભગવાન ! તું આ ભક્તની ઉપેક્ષા કેમ કરે છે? હે દીનબંધુ ! તારા વિના મારો કોઈ બીજો રક્ષક નથી. (૧૭). તને દૈત્યનો દુશ્મન અને ધર્મની મર્યાદાનું રક્ષણ કરનાર કહ્યો છે. તારા વિના મારે બીજો કોઈ આશ્રય નથી. હે પ્રભુ ! તું હવે દોડ, જલદી દોડ. (૧૮). આ દૈત્યોએ મુનિઓને હરાવી દીધા છે. યજ્ઞ અને યાગ થઈ શકતાં નથી. બધા કર્મનો લોપ થયો છે માટે હે વિભુ ! તું જાગ અને દોડીને આવ. (૧૯). તારા ભરોસે મેં જ્યાં યજ્ઞની શરૂઆત કરી ત્યાં જ અરેરે ! આ દૈત્યો વિઘ્ન કરવા આવી પહોંચ્યા છે. હે પ્રભુ ! આ દુષ્ટોને તું હણી નાંખ. (૨૦).

આ રીતે લાચાર થઈને મુનિવરે ઈશ્વરની પ્રાર્થના કરી. એનાથી દૈત્યનો અંત લાવનાર ભગવાન પ્રસન્ન થયા અને એક ચમત્કાર થયો. (૨૧). આકાશ માર્ગથી ત્યાં ઓચિંતો એક ઘોડો ઊતર્યો અને દેવવાણી (આકાશવાણી) થઈ જે દંગ થઈને મુનિ સાંભળી રહ્યા. (૨૨). હે મુનિ ! આ દિવ્ય ઘોડો લઈને તું શત્રુજિત રાજા પાસે જા અને યજ્ઞના રક્ષણ માટે એના પુત્ર (ઋતુધ્વજ)ની માંગણી કર. તારું કાર્ય સિદ્ધ થઈ જશે. (૨૩). આ ઘોડા પર બેસીને ઋતુધ્વજ જલદીથી દુષ્ટને મારશે અને તારો યજ્ઞ પૂર્ણ થશે. (૨૪). આ આકાશવાણી સાંભળીને મુનિ ઘોડાને લઈને એ જ ક્ષણે રાજદરબારમાં આવ્યા અને પ્રાર્થનારૂપે બોલ્યા કે હે રાજા ! મારું નામ ગાલવમુનિ છે અને હું રેવાતટે રહું છું. હું યજ્ઞ કરું છું ત્યારે પાતાલકેતુ નામનો એક રાક્ષસ યજ્ઞમાં માંસ અને હાડકાં ફેંકીને વિઘ્ન કરે છે. આજે ભગવાને પ્રસન્ન થઈને મને આ દિવ્ય ઘોડો આપ્યો છે. (૨૫-૨૭). એ અચાનક જ આકાશમાર્ગેથી ઊતર્યો અને ત્યાં આકાશવાણી થઈ કે આ ઘોડા ઉપર બેસીને ઋતુધ્વજ દૈત્યને મારી નાંખશે. એટલે હું અહીં આવ્યો છું. યજ્ઞના રક્ષણ માટે તું તારા પુત્રને આપ. ભગવાન તારું ભલું કરશે. (૨૮-૨૯). જે આનંદપૂર્વક કોઈનું પણ દુ:ખથી રક્ષણ કરે છે તે જ સાચો ક્ષત્રિય મનાય છે. જલદીથી યજ્ઞનું રક્ષણ કરી ક્ષત્રિય એવું નામ સાર્થક કર. (૩૦).

મુનિનાં વચન સાંભળીને પ્રસન્ન થયેલો રાજા બોલ્યો કે હે પુત્ર ઋતુધ્વજ ! તું સુખેથી આ ઘોડા પર બેસીને જા અને દૈત્યનો નાશ કર. (૩૧). જયાં મુનિની કૃપા હોય ત્યાં આખું વિશ્વ અનુકૂળ થઈ જાય છે, તો બાપડા દૈત્યની તો શી વિસાત? એ ચોક્કસ કમોતે મરશે જ. (૩૨). પિતાનાં આવાં વચનો સાંભળીને ઋતુધ્વજ માત-પિતાને પ્રણામ કરીને ઘોડાને લઈને મુનિ સાથે આશ્રમમાં આવ્યો અને કહ્યું કે તમે કોઈનાથી પણ ડર્યા વગર, નિર્ભય થઈને યજ્ઞ (અધ્વર)ની શરૂઆત કરો. (૩૩-૩૪). તમે મને રાક્ષસ બતાવજો એટલે હું એને મારી નાંખીશ. એટલે મુનિએ કહ્યું કે હું જેવો યજ્ઞનો આરંભ કરીશ તેવો યજ્ઞનો ધુમાડો જોઈને એ તરત જ આવશે એટલે એ દેખાશે કે તરત જ હું તને બતાવીશ. (૩૫-૩૬). તું શસ્ત્ર અને અસ્ત્રથી સજ્જ (તૈયાર) રહે. એ દુષ્ટ માયાવી છે અને ઘડી ઘડી એનું રૂપ બદલે છે. તેથી તું એ દુષ્ટ પ્રત્યે સાવધાન થઈને રહે. (૩૭).

રાજકુમારે કહ્યું કે જયારે આપના જેવું શિરછત્ર હોય ત્યારે અમે બિલકુલ ભય વગરના થઈ જઈએ છીએ, પછી એ દૈત્ય શું કરવાનો છે? (૩૮). હે ગુરુનાથ ! તમારા જેવા સંતની કૃપા થાય પછી શું દુર્લભ હોય? વિજય તો જાતે દોડીને સામે આવીને ઊભો રહે. એ પણ કાંઈ મોટી વાત નથી. (૩૯). આવાં વચન સાંભળીને ગાલવે યજ્ઞનો આરંભ કર્યો. પ્રેમપૂર્વક સંકલ્પ કરીને અગ્નિનું આવાહન કર્યું. (૪૦). બધે હોમનો ધુમાડો વ્યાપ્યો એટલે એ જોઈને એ ભયંકર દૈત્ય એકદમ ઝડપથી વરાહનું રૂપ લઈને દોડતો આવ્યો. (૪૧). ઘૂર ઘૂર શબ્દ કરતો હતો (ઘૂરકતો હતો), એની દાઢ વિકરાળ

હતી. ભાલા સમા વાળ ઊભા હતા. આમ સઘળું બિહામણું (બીક લાગે એવું) હતું. (૪૨). એ જ ક્ષણે એ આશ્રમમાં આવ્યો. એને જોઇને ગાલવ મુનિએ રાજકુમારને કહ્યું કે તું ત્યાં જો. પેલો આવ્યો છે. (૪૩). મુનિનું એ વચન સાંભળીને વરાહને જોઇને રાજકુમાર ઘોડા પર ચઢીને એકદમ દોડ્યો. (૪૪). વરાહનું નિશાન કરીને જોરથી એકદમ ધારદાર તીર માર્યું, જે એનાં હૃદયને ભેદીને પેસી ગયું. આમ છતાં એ મર્યો નહિ. (૪૫). રાક્ષસનું મર્મ સ્થળ ભેદાયું. એ ડુક્કરવેષી પાતાલકેતુ નાસવા લાગ્યો એટલે રાજકુમાર ઘોડા પર બેસીને ડુક્કરની પાછળ દોડ્યો. (૪૬). એ રાક્ષસ બીકનો માર્યો ગુફામાં ભરાઇ ગયો અને એની પાછળ પાછળ રાજકુમાર છૂપા રસ્તે ગયો. (૪૭). એ અશ્વની (ઘોડાની) ઝડપને ધન્ય છે. અંધારામાં પણ ચાલીને ક્ષણવારમાં પાતાળમાં આવીને ઊભો રહ્યો. (૪૮). રાજકુમારે ત્યાં એક દિવ્ય રત્નજડિત મહેલ જોયો. સુવર્ણ શિખરો ઝગમગે છે, મણિનાં બારણાં છે, નીલમ (ઇંદ્રનીલ)ની ભીંતો છે, મોતીનાં તોરણો છે, વૈદૂર્ય (નીલરંગનો મણિ)ના દાદર છે, સ્ફટિકની અગાસી છે. એના બાગની શોભાનું વર્ણન કોણ કરી શકે? આ બધું જોઇને રાજપુત્ર દંગ થઇ ગયો. (આશ્ચર્યચકિત થઇ ગયો.) (૪૯-૫૧). ઘોડાને ઝાડ સાથે બાંધીને એ મહેલની પાસે આવ્યો. ત્યાં તો દ્વાર પર એકલી એક દિવ્ય કન્યાને જોઇ. (૫૨). એ મુગ્ધા સુંદર બાળા રમવાના દડાથી (કંદુકથી) રમતી હતી. પોતાની પાસે રાજકુમારને જોતાં જ એ તરત જ ચમકી અને તરત જ માળ ઉપર દોડતી દોડતી ચડી ગઇ. આ જોઇને રાજકુમાર એની પાછળ પાછળ ગયો. ત્યાં તો સાતમા માળે એણે રત્નજડિત પલંગ (પર્યંક) પર બીજી સુંદરીને બેઠેલી જોઇ જેની કોમળ કાયા જાણે પ્રત્યક્ષ વીજળી સમાન હતી. (૫૩-૫૫). જેના રોમે રોમમાંથી તારુણ્ય નીતરતું હતું. એવી તે સુંદરતાની પ્રત્યક્ષ મૂર્તિ સમાન દેખાતી હતી. (૫૬). એને ચિંતામાં ડૂબેલી બેઠેલી જોઇને રાજકુમારને મનમાં ખૂબ નવાઇ થઇ. ત્યાં તો એ યુવતી રાજકુમારને જોઇને મૂર્છિત થઇને ધરતી પર ઢળી પડી. એની પેલી સાવધાન બહેનપણીએ એને પકડી રાખી. (૫૭-૫૮). એ મડદાંની માફક (નિર્જીવની જેમ) ભાન વગર એક ક્ષણ પડી રહી. આ જોઇને રાજકુમારને મનમાં દુ:ખ થયું. (૫૯). એને થયું કે માનો યા ના માનો પણ ચોક્કસ એ મને જોઇને મનમાં બીધી લાગે છે અને તેથી ભૂમિ પર મૂર્છા ખાઇને પડી છે એમાં કોઇ શંકા જ નથી. (૬૦). આ મહેલ તો સુંદર જણાય છે પણ ઘરમાં કોઇ પુરુષ દેખાતો નથી. આ બે સુંદરીઓ એકલી રહેતી હોય એમ જણાય છે. (૬૧). એકાંતમાં જ્યાં એકલી સ્ત્રીઓ હોય ત્યાં જવામાં મોટો દોષ ગણાયો છે માટે મારે અહીંથી તરત પાછા ફરવું જોઇએ અને એ જ નીતિ પ્રમાણેનું યોગ્ય વર્તન છે. એવું વિચારીને જ્યાં રાજા પાછો ફર્યો ત્યાં જ પેલી ઊઠીને લાચાર મુખે રડવા લાગી અને રાજાને જોઇ ફરી બેભાન (નિ:સંજ્ઞ) થઇને પાછી બેભાન થતી.① (૬૨-૬૪). એની બહેનપણીએ રાજકુમારને પૂછ્યું કે તમે આ રીતે અહીં કેવી રીતે આવ્યા? તમે કોણ છો? કયાં નીકળ્યા હતા? અહીં તમારે આરામ કરવો હોય તો ભલે કરો. (૬૫). રાજકુમારે કહ્યું કે અહીં કોઇ પુરુષ નથી એટલે મારું મન ખચકાય છે. એટલે હું કેવી રીતે આરામ કરું? (૬૬). તમે બન્ને જણા કોણ છો? અને આવા નિર્જન સ્થળે એકલાં કેમ રહો છો? આ (યુવતી) કેમ વારે ઘડી બેભાન થાય છે? તમે મને બધું વિસ્તારપૂર્વક કહો. (૬૭). આ વચન સાંભળીને પેલી બહેનપણીએ યુવતીને ગૂઢ ઇશારો કર્યો. રાજકુમારને જોઇને એણે જોરદાર નિસાસો નાંખ્યો. (૬૮). પંખો નાંખીને એને સાવધાન કરી અને પછી એ યુવતીના ઇશારાથી એની બહેનપણીએ રાજાને કહ્યું કે હે દેવ ! તમે આજે અહીં આવીને અમને દર્શન આપ્યાં. એ દર્શનને કારણે તમારાં ચરણની સેવાની ઇચ્છાથી એ બેભાન થઇ પડે છે. (એને તમારી સાથે લગ્ન કરવાની ઇચ્છા છે.) (૬૯-૭૦). એ કામેચ્છાવશ વ્યાકુળ થઇ છે અને એના ક્ષોભનું કારણ આપ છો. હું તમને તદ્દન સાચું કહું છું. (૭૧). આ સુંદરી વિશ્વાવસુ ગંધર્વની કન્યા (દીકરી) છે. પાતાલકેતુ એનું હરણ કરીને એને અહીં લાવ્યો છે. (૭૨). આ મદાલસા એ લાવણ્યની લતા સમાન છે અને સદ્નસીબે એની સાથે આપનો મેળાપ થયો છે. (૭૩). એ કુલાધમ રાક્ષસ એની સાથે લગ્ન કરવા ઇચ્છે છે. હરણ કરીને લાવ્યા પછી એની સાથે તરત જ રતિક્રીડા કરવા પ્રવૃત્ત થયો એટલે એને તે વખતે ખસેડવા પૂરતું એણે કહ્યું

કે અમારા કુળમાં લગ્ન કર્યા પહેલાં સ્ત્રી સાથે આવી ભોગક્રીડા કરવાની પ્રથા નથી. આમ છતાં પણ તું બળજબરીથી રતિક્રીડા કરવાનો પ્રયત્ન કરશે તો તું ખાતરી રાખજે કે હું ચોક્કસ મારા પ્રાણનો ત્યાગ કરીશ. (હું મરી જઇશ.) ત્યારે એનું માનીને શુક્રાચાર્યને પૂછીને લગ્ન માટેનું મુહૂર્ત કઢાવ્યું. (૭૪-૭૭). કાલે તેરસને દિવસે એની ઇચ્છા વિરુદ્ધ બળજબરીથી લગ્ન થશે. લગ્ન કરવાના હેતુથી જ કાલે એને જીવતી રાખીને એ દૈત્ય અમને છોડીને જતો રહ્યો. એ તક (લાગ)નો લાભ ઊઠાવીને એ આપઘાત કરવા ઊઠી ત્યાં જ કામધેનુએ આવીને કહ્યું કે હે સુંદરી ! તું તારા પ્રાણનો ત્યાગ કરીશ નહિ. મારું માનીને હે મદાલસા ! તું થોડી ધીરજ રાખ. (૭૮-૮૦).

આવતી કાલે દૈત્યને વીંધીને એક વીર પુરુષ આ સ્થળે આવીને તને મળશે અને તારી સાથે પરણશે. (૮૧). એ મદન મનોહર પુરુષ તારે માટે લાયક હશે એ નક્કી છે. એનો હાથ ઝાલીને તું સુખી થજે. આજે આ રીતે પ્રાણનો ત્યાગ કરીશ નહિ. (૮૨). આવું કહીને ત્યાંને ત્યાં જ કામધેનુ (સુરભી) અંતર્ધાન થઇ ગઇ. એ રીતે જ એ દુષ્ટ આજે વીંધાયો છે અને એના કહેવા પ્રમાણે જ આજે બધું બન્યું છે. (૮૩). અત્યારે જ ડુક્કરના એ વેષમાં અહીંથી હાંફતો હાંફતો ગયો. એને કોણે વીંધ્યો તેની કોને ખબર? (૮૪). એ વીંધાયો તેથી પાતાલમાં જઇને ભરાઇ બેઠો છે. એની પાછળ પાછળ આપને આવેલા જોઇને અમારી શંકા દૂર થઇ. (૮૫). મને એમ લાગે છે કે ચોક્કસ આપે જ એને વીંધ્યો છે. હે દેવ ! તમે કોણ છો તે કહો. તમને જોતાં જ આ મન પ્રસન્ન થઇ ઊઠે છે. (ઠરે છે.) (૮૬). હું તાપસ કન્યા છું. મારું નામ કુંડલા છે અને હિમાલયમાં યોગમાં રત (મગ્ન) રહું છું. (૮૭). હું એની બાળપણની બહેનપણી છું અને એની સાથે જ મોટી થઇ છું અને મદાલસા (ગંધર્વની દીકરી-આત્મજા) સાથે કોડથી રમતી હતી. (૮૮). આનું અપહરણ કરીને એને આકાશ માર્ગે લઇ જતાં એ દુષ્ટ દાનવને મેં જોયો. આનું કરુણ રુદન સાંભળીને હું એકદમ દોડી અને એનું હિત કરવાના આશયથી એને વિનયપૂર્વક પ્રાર્થના કરતાં કહ્યું કે તું મને સાથે લઇ જા. એને મારા વિના નહિ ગમે અને એકલી એકલી રડ્યા કરશે. એના કરતાં તું મને સાથે લઇ જા. અમને બન્નેને આનંદ થશે. (૮૯-૯૧). સદ્નસીબે એ દુષ્ટને દયા આવી અને મને સાથે લઇ આવ્યો. હે નાથ ! આપને મળવાથી મારું આવવું સફળ થયું. (૯૨). મેં આપને બધું જ કહ્યું. એ જ રીતે આપ પણ બધું વિગતવાર કહો. આપે અમને દીનને દર્શન આપીને કૃતાર્થ (ધન્ય ધન્ય) કરી દીધાં છે. (૯૩). એ સાંભળીને રાજકુમાર બોલ્યો કે હું દેવપુરુષ નથી. હું આ પૃથ્વી ઉપર રાજાના પુત્ર તરીકે યથાર્થ રીતે રહું છું. (૯૪). સોમવંશી રાજા શત્રુજિત એ મારા પિતા છે અને પિતૃભક્ત એવા મારું નામ ઋતુધ્વજ છે. (૯૫). ગાલવ મુનિના યજ્ઞનું રક્ષણ કરવા માટે પિતાએ મને મોકલ્યો એટલે એ કામ માટે હું આવ્યો હતો. (૯૬). એ મુનિના આશ્રમમાં આ વરાહના રૂપમાં આવેલો દૈત્ય મારા હાથે વીંધાયો એટલે તરત જ ઝડપથી નાસી ગયો. (૯૭). આ જ ગુફામાં એ પેઠો એટલે એની શોધ કરવા માટે હું એની પાછળ પાછળ આવ્યો. મને પણ ખૂબ આનંદ થયો છે. (૯૮). હવે એ દાનવને શોધીને મારી નાંખું એટલે પિતાની આજ્ઞાનું પાલન થશે અને બધું શુભ થશે. (૯૯). કુંડલાએ કહ્યું કે એ બંને ભાઇઓ દુષ્ટ છે. એમાં પાતાલકેતુ મોટો છે અને તાલકેતુ નાનો છે. (૧૦૦). બન્ને જણા આ જગ્યાએ રહીને ત્રણે લોકને હેરાન હેરાન કરે છે. અત્યારે પાતાલમાં જઇને સંતાઇ રહ્યા છે. (૧૦૧). આખરે થાકીને બહાર આવશે અને એમનાં પાપે જ મરશે. હવે એનું પુણ્ય પૂરું થવા આવ્યું છે એમાં શંકા નથી. (૧૦૨). મારી એક વિનંતી સ્વીકારો અને તમે આ પવિત્ર કન્યા સાથે લગ્ન કરો. (૧૦૩). એનું પાણિગ્રહણ કરીને એને જલદીથી શોક મુક્ત કરો. આ કરવા જેવું છે. એ કરવાથી તમારી જગતમાં કીર્તિ ફેલાશે. (૧૦૪). આ કન્યા યોગીઓ દ્વારા પ્રશંસા પામેલી છે એના જેવી બીજી કોઇ કન્યા નથી. હે રાજકુમાર ! એની સાથે પરણીને તમે પણ જલદીથી ધન્ય થઇ જાવ. (૧૦૫). તમે મારી વાતનો અનાદર કરીને મારું કહ્યું નહિ કરો તો આ (કન્યા) એનો જીવ આપી દેશે પણ એ દુષ્ટને તો નહિ જ પરણે. (૧૦૬). પ્રાણ જશે તો પણ એ દુષ્ટને વશ નહિ થાય. તમે જ કહો કે સિંહની દીકરી શિયાળને પચે ખરી કે? (૧૦૭).

હે દેવ ! પ્રારબ્ધાનુસાર એ તમારે શરણ આવી છે. તો એને તરછોડશો નહિ. એને પરણીને તમે પણ જગમાં ધન્ય થાવ. એની સેવા પામવી એ પણ દુર્લભ છે. (૧૦૮). આ રીતે બહેનપણી કુંડલા વારે વારે વિનંતી કરે છે, પરંતુ રાજાનું મન માનતું નથી. એણે કહ્યું કે મને આ યોગ્ય લાગતું નથી. (૧૦૯). ધન્ય છે એ જિતેન્દ્રિય રાજકુમારને કે જે સ્ત્રીનાં સાંનિધ્યમાં જરા પણ વિકાર અનુભવતો નથી અને મનમાં સહેજ પણ ચલિત થતો નથી. (૧૧૦). એ બોલ્યો કે મેં તમારી બધી વાત સાંભળી. એ મને પરણવાની ઇચ્છા રાખે છે એ પણ જાણ્યું. પરંતુ મારું મન માનતું નથી. હજી મનમાં શંકા થાય છે. (૧૧૧). હું ધર્મ પ્રમાણે ચાલનારો છું. એટલે અધર્મ નહિ કરું. એનું દાન કોણ કરે? એ મારા કુલની વધૂ કેવી રીતે બને? (૧૧૨). રાજાની દીકરી દેવ અને બ્રાહ્મણની હાજરીમાં અગ્નિની સમીપમાં લગ્ન કરે છે. અહીં તો કોઇ સાક્ષી નથી. (૧૧૩). મોહવશ થઇને એને એકાંતમાં પરણું તો મને ભયંકર પાપ લાગશે અને મનમાં ખૂબ કલેશ થશે. (૧૧૪). કુંડલાએ કહ્યું કે તમે આવું શું બોલો છો? સ્વયંવરમાં કન્યા પોતે જ લગ્ન કરે છે તો એને કોણ દોષિત ગણે છે? (૧૧૫). આ તો ગંધર્વની દીકરી છે. એની સાથે ગાંધર્વલગ્ન કરતાં તમને પાપ નહિ લાગે અને બધે તમારો જયજયકાર થશે. (૧૧૬). તમે વિચાર કરીને જુઓ તો કુલાચાર પણ અન્ય નથી. શું શકુંતલા પણ દુષ્યંત સાથે આ રીતે પરણી ન હતી? (૧૧૭). સૂર્યવંશમાં અને ચંદ્રવંશમાં એમ બધે સ્વયંવર સ્વીકારાયો છે. એમાં પણ ગાંધર્વ વિધિ પ્રમાણેનાં લગ્ન તો શ્રેષ્ઠ મનાયાં છે એમાં કોઇ શંકા છે કે? (૧૧૮). આમ છતાં તમારો સાક્ષીનો આગ્રહ હોય જ તો હું ધ્યાન કરીને જલદીથી કુલગુરુને અહીં બોલાવું છું અને પછી શંકા રાખ્યા વિના લગ્ન કરો. (૧૧૯). એટલે રાજાએ કહ્યું કે જો સાક્ષીમાં કુલગુરુ હોય તો પછી એના જેવી બીજી વાત શી ! તો તો પછી મને કોઇ જ વાંધો નથી અને મને પણ સંતોષ થશે. (૧૨૦). આ સાંભળીને કુંડલાએ ધ્યાનથી ગુરુને બોલાવ્યા, એટલે ગુરુ પણ સમિધ અને દર્ભ (કુશ) લઇને તરત જ આવી પહોંચ્યા. (૧૨૧). કુંડલાએ બધી વાત કરી એટલે એ સાંભળીને ગુરુએ કહ્યું કે નસીબજોગે આ શુભ મુહૂર્ત છે. આના જેવું બીજું શુભ મુહૂર્ત જ નથી. તો પણ એક ગ્રહ જરા નબળો છે. એ સિવાયનું બાકી બીજું બધું બરાબર છે. એનાથી એ કોઇ દિવસ શોક કરાવશે. બાકી એ સિવાય બીજી ઝાઝી બીક નથી. (૧૨૨-૧૨૩). એવું કહીને તરત જ લગ્ન સમયે પ્રગટાવવામાં આવતો અગ્નિ (યોજકાગ્નિ) પ્રજવલિત કર્યો અને સ્વયં કુલગુરુએ વિધિ અનુસાર લગ્ન (હસ્તમેળાપ) કરાવ્યાં. (૧૨૪). ત્યાં આનંદ આનંદ થઇ ગયો. મદાલસા પણ ખૂબ રાજી થઇ. બધાંને આશિષ આપીને કુલગુરુ પણ સંતોષ પામીને ગયા. (૧૨૫). મદાલસાએ કહ્યું કે હે સખી ! તેં ખૂબ મોટો ઉપકાર કર્યો. નહિ તો મારા નસીબમાં આવું ક્યાંથી? હું બધે હડે હડે (તિરસ્કૃત) થઇ હોત. (૧૨૬). કુંડલાએ કહ્યું કે આજે તારા પર ભગવાન પ્રસન્ન થયા છે એમ માન. એટલે તું એનો ઉપકાર માન. હું તો નિમિત્તમાત્ર છું. (૧૨૭). આજે તારી મનોકામના પૂરી થઇ એ જોઇને મને પણ સંતોષ થયો. હવે હું પણ જઉં છું. (૧૨૮). હવે તને તારા પતિદેવને સોંપીને હું તપશ્ચર્યા કરવા માટે જઉં. પતિવ્રતમાં રત રહીને તું પતિના ચરણમાં હંમેશાં સુખી રહેજે. (૧૨૯). આ સાંભળીને મદાલસા ગદગદિત (ગળગળી) થઇ ગઇ અને બોલી કે શું હવે ફરી પાછી તું નહિ મળે? (૧૩૦). હે કુંડલા ! આ તારો (નિ:સ્વાર્થ) સ્નેહ કેમ કરીને ભુલાશે? તેં તો મા કરતાં પણ મોટો ઉપકાર કરી દીધો છે. એવું કહીને મદાલસા કુંડલાને ભેટી પડી. આંખેથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. કુંડલા પણ ગળગળી થઇને પ્રેમથી રડવા લાગી અને બોલી કે તું તો ધન્ય થઇ ગઇ. તું સમજુ થઇને આમ ચિંતા કેમ કરે છે? તું તો ખૂબ જ ભાગ્યશાળી છે એટલે ખોટાં ખોટાં અનુમાનો ના કરીશ. (૧૩૧-૧૩૩). હવે હું તપ કરવા જઉં છું એમ કહીને કુંડલા સખી આનંદથી હિમાલય પર જતી રહી. (૧૩૪).

રાજકુમાર પણ પત્ની સાથે જ્યાં ઘોડા પર સવાર થયો ત્યાં જ સૈન્ય લઇને દૈત્ય આવ્યો. (૧૩૫). આવીને પાતાલકેતુએ જોશમાં ગર્જના કરી અને બોલ્યો કે અલ્યા ચોર ! મારું આ સ્ત્રી રત્ન કેમ હરી લે છે? (૧૩૬). હું ઘરમાં ન હતો ત્યારે ઘરમાં પેસીને મારી પ્રિયાને ચોરીને હે ભામટા ! તું કેમ નાસી જવા લાગ્યો છે? (૧૩૭). તું હજી મને ઓળખતો

નથી. તારું મોત આવીને ઊભું છે. હું તારા કુળ સાથે તારો સંહાર કરું છું. તું ત્યાં ને ત્યાં જ ઊભો રહે. (૧૩૮). રાજા બોલ્યો કે જ્યારે તું બાણથી વીંધાયો અને જીવ બચાવવા માટે નાસી ગયો ત્યારે જ મેં તને ઓળખી લીધો હતો. (૧૩૯). તે વખતે તારું જોર ક્યાં ગયું હતું તે હવે ખોટો બબડાટ (પ્રલાપ) કરે છે? તું મારી સામે આવ એટલે તારો પ્રતાપ કેવો દિવ્ય છે તે જોઇ લઉં. (૧૪૦). ઓ દુષ્ટ ! તું જાતે જ આ ગંધર્વની કન્યાને ચોરીને લાવ્યો હતો અને તું બીજાને ચોર કહે છે? બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ, સ્વયંવર કરીને મારી સાથે એણે જાતે લગ્ન કર્યાં છે. હું તારા કંઠને છેદીને તારી બોલતી બંધ કરી દઉં છું. (૧૪૧-૧૪૨). આ સાંભળતાં જ એ દૈત્ય ક્રોધથી ઊછળ્યો અને સૈન્ય લઇને રાજકુમાર પર તૂટી પડ્યો. (૧૪૩). ત્યાં ભયંકર યુદ્ધ થયું તો પણ રાજકુમાર ડગ્યો નહિ. ઇષ્ટદેવનું ચિંતન કરીને એણે પણ વળતો જોરદાર પ્રહાર કર્યો. (૧૪૪). લશ્કરને બેહાલ કરી નાંખ્યું અને અગણિત વીરોને મારી નાંખ્યા. પાર વગરનાને ઘાયલ કર્યા અને ધીર સૈનિકો પણ બેભાન થઇને પડ્યા. (૧૪૫). બધા જ જીવ બચાવીને નાઠા. એ જોઇને પાતાલકેતુનું મસ્તક છેદીને એને તેણે તરત જ મારી નાંખ્યો. (૧૪૬). આ જોઇને એનો નાનો ભાઇ તાલકેતુ રણ છોડીને પાતાળમાં જઇને ભરાઇ ગયો. (૧૪૭). મદાલસાને હરખભેર ઘોડા પર બેસાડીને રાજા ગાલવ મુનિ પાસે આવ્યો અને બધી વિગતો કહી સંભળાવી. (૧૪૮). મુનિએ પ્રસન્ન થઇને આશિષ આપ્યા અને કહ્યું કે હવે મારો યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થશે. (૧૪૯). તેં મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તું દીર્ઘકાલ સુધી સુખી રહે, એમ કહીને એને નગરમાં જવાની આજ્ઞા આપી. (૧૫૦). મુનિનાં ચરણમાં પ્રણામ કરીને, ત્યાંથી તરત જ પત્ની સાથે નગરમાં આવ્યો. એના આવવાની વાત જાણીને રાજાએ (પિતાએ) આખી નગરી શણગારી અને સામૈયું કરીને પુત્ર અને પુત્રવધૂનું મોટા પાયે સન્માન કર્યું. (૧૫૧-૧૫૨). પુત્રવધૂને જોઇને રાજાને મનમાં ખૂબ ખૂબ આનંદ થયો અને પુત્રને વિજય પામીને આવેલો જોઇને અતિશય પ્રસન્ન થયો. (૧૫૩). વાજિંત્રોના ઘોષ દ્વારા એને જલદી જલદી નગરમાં લાવી એનું કુવલયાશ્વ એવું પ્રેમપૂર્વક નામ પાડ્યું.② (૧૫૪). બ્રાહ્મણોને ધન અને વસ્ત્રો આપીને સંતુષ્ટ કર્યા અને આખા નગરમાં સાકર વહેંચી લોકોને રાજી કર્યા. (૧૫૫). નગરજનોએ જયજયકાર કરીને ઉત્સવની ઉજવણી કરી. મદાલસાની સાથે પુત્ર ઋતુધ્વજે (કુવલયાશ્વે) પિતાના ચરણોમાં વંદન કર્યાં અને લગ્ન વિશેની બનેલી બધી જ બીના વિગતપૂર્વક કહી સંભળાવી. એ સાંભળીને બધાને ખૂબ આશ્ચર્ય થયું અને બોલ્યા કે દેવલોકનું કેવળ અપૂર્વ એવું આ રત્ન જે આ પૃથ્વીના લોકો માટે તદ્દન નવું જ છે તે નસીબવશ પામીને હે સુત ! તું ધન્ય થઇ ગયો છે. (૧૫૬-૧૫૮). વિનયી અને સુશીલ એવી મદાલસાએ પણ ધર્મ પ્રમાણે જીવીને બધાને સંતોષ આપ્યો. (૧૫૯).

પતિને સાક્ષાત્ ભગવાન માનીને એના પર અનન્ય પ્રેમ રાખતી હતી અને એની આજ્ઞા પ્રમાણે વર્તીને એને હંમેશાં અનુકૂળ થઇને જીવતી હતી. (૧૬૦). ચક્રવાકની જેમ આ જોડું (દંપતી) કિલ્લોલથી જીવન જીવતું હતું ત્યાં જ ઓચિંતુ સંકટ આવીને ઊભું રહ્યું. (૧૬૧). પોતાના ભાઇનું વેર વાળવા માટે તાલકેતુએ દારુણ વિઘ્ન ઊભું કર્યું એનું વર્ણન હવે પછીના અધ્યાયમાં થશે. (૧૬૨). કોઇના પણ બધા દિવસો એક સરખા જતા જ નથી. રેંટમાળાની જેમ માનવી ગ્રહદશાનું ચંત્ર બદલાતું રહે છે.③ (૧૬૩). પાતાલકેતુને મારીને કુવલયાશ્વ (ઋતુધ્વજ) મદાલસાને પરણ્યો એનું વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવ્યું. (૧૬૪). **રંગ** કહે છે કે હવે અનુપમ એવો કથા પ્રસંગ આવી રહ્યો છે. હૃદયમાં શ્રદ્ધા રાખીને અને દુર્જનોનો સંગ ત્યજીને એ સાંભળો.④ (૧૬૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કુવલયાશ્વેન મદાલસાવરણ'** નામનો **અઠ્ઠાવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૮

(૧) એકાંતમાં જ્યાં સ્ત્રીઓ એકલી હોય ત્યાં ન જવું જોઇએ કારણ કે જવામાં મોટો દોષ છે. આ વાત મૂકવા પાછળ પૂજ્યશ્રી સમાજનું ધ્યાન દોરવા માંગે છે. ઘણીવાર વ્યક્તિ સાધનામાં થોડી આગળ વધે એટલે પોતે કામ ઉપર કાબૂ ધરાવે છે એવું માનીને બેહૂદું વર્તન કરી બેસે છે. આવું ન થવું જોઇએ. સમાજને શીખવવાની દૃષ્ટિથી પણ જે રીતે વર્તાતું હોય તે રીતે જ વર્તવું જોઇએ. આ રાજકુમાર ધર્મશીલ છે અને યુવાન હોવા છતાં એ કેવો સદાચારી છે, સંયમી છે એનો ખ્યાલ દોહરા ૧૧૦માં આપી દીધો છે. 'પુરુષને જિતેંદ્રિય જોઇને એના તરફ સ્ત્રી વધુ આકર્ષાય છે' એવું ઝવેરચંદ મેઘાણીનું વિધાન યાદ આવે છે.

(૨) ઋતુધ્વજનું નામ પાડ્યું કુવલયાશ્વ. આકાશ માર્ગમાંથી ઊતરેલો અશ્વ દિવ્ય હતો. એ પૃથ્વી ઉપર કે પાતાલમાં ગમે ત્યાં અંધારામાં પણ જઇ શકતો હતો. એ પૃથ્વી (કુ) પર ગોળ કંકણ (વલય)ની માફક બધે ફરી શકવાની શક્તિ ધરાવતો હતો. એવા કુવલય અશ્વ ઉપરથી ઋતુધ્વજનું નામ પણ કુવલયાશ્વ પાડ્યું.

(૩) આ દોહરો આપણા માટે આશ્વાસનરૂપ પણ છે અને ચેતવણીરૂપ પણ છે. દુ:ખના ડુંગર તૂટી પડ્યા હોય ત્યારે આ દોહરો આશ્વાસનરૂપ છે કે બધા દિવસો એક સરખા નથી હોતા. આ દિવસો પણ જતા રહેશે અને સુખના દિવસો આવશે. જ્યારે સુખનો સોનાનો સૂર્ય તપતો હોય ત્યારે આ દોહરો ચેતવણીરૂપ છે અને આપણને અભિમાની થતાં અને ગમે તેમ વર્તતાં રોકે છે. આ સુખના દિવસો પણ કાયમ રહેવાના નથી એ વાતની સમજ વ્યક્તિને નમ્ર અને નરમ બનાવે છે. આ સુખના દિવસો પણ જતા રહેશે એ યાદ રાખીને વ્યક્તિ પ્રેમાળ બનીને, પરોપકારી બનીને જીવી શકે.

(૪) હૃદયમાં શ્રદ્ધા રાખીને કથા વાર્તા સાંભળવી જોઇએ પરંતુ સાથે સાથે દુર્જનોનો સંગ પણ છોડવો જોઇએ નહિતર હાથીની જેમ તળાવમાં બે કલાક સ્નાન કર્યા પછી સૂંઢથી પોતાના જ શરીર ઉપર ધૂળ ફેંકવા જેવું જીવન થશે.

●

## અધ્યાય : ૨૯

આ અધ્યાયનું નામ '**કુવલયાશ્વશોકવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૧૫** દોહરા છે.

આ અધ્યાયમાં પોતાના ભાઇનું વેર વાળવા તાલકેતુ કેવું કપટ કરે છે તેનું વર્ણન છે. એક દિવસ રાજકુમાર (કુવલયાશ્વ) શિકાર કરવા એકલો જંગલમાં ગયો. આ વાત જાણીને તાલકેતુએ એક દિવ્ય પણ માયાવી આશ્રમ ઊભો કર્યો. ઋષિનો આશ્રમ છે એવું માનીને રાજકુમાર તરીકે વિવેક દર્શાવવા મુનિના દર્શનાર્થે ગયો. (૧-૧૨).

ઋષિવેશમાં રહેલા તાલકેતુએ દક્ષિણા આપવા માટે ધનની જરૂર છે એમ કહ્યું અને એના ગળાની કંઠીથી કામ પતી જશે એમ કહી કંઠી લઇ લીધી. 'હું વરુણનું દર્શન કરીને આવું ત્યાં સુધી બેસ' એવી જાળ પાથરીને ઋષિ શત્રુજિતના મહેલમાં ગયો. રાજકુમારને દૈત્યોએ મારી નાંખ્યો છે અને મરતાં મરતાં તેણે આ કંઠી તમને આપવા કહી છે એમ કહીને કંઠી આપીને તરત જ આશ્રમે આવી કુવલયાશ્વને આશિષ આપીને જવાની રજા આપી. (૧૩-૫૨).

ઋષિની વાત સાંભળીને અને સાબિતિરૂપ કંઠી જોઇને રાજા બેભાન થયો અને મદાલસા સતી થઇ. ઋષિના આશ્રમેથી નગરમાં આવતાં રાજકુમારને અનેક અપશુકનો થયાં. મહેલમાં આવીને પરિસ્થિતિ જોતાં જ ગભરાઇ ગયો. શત્રુજિતે રાજકુમારને જીવતો જોયો તો થયું કે ભૂત છે કે શું? પિતાએ કંઠીની વાત કરી અને મદાલસાના બળી મરવાની વાત કરી એટલે કુવલયાશ્વ બધું કપટ સમજી ગયો. (૫૩-૮૦).

મદાલસા સિવાય બીજાની સાથે જીવન જીવાય જ નહિ એમ માની રાજકુમાર જંગલમાં ગયો. ત્યાં અશ્વતર નાગના બે પુત્રો સાથે ઓળખાણ થઇ. એમણે બધી વાત જાણી એનો ઉપાય કરવાનું વિચાર્યું. એના પિતાએ આ વાત જાણીને આશ્વાસન આપીને કહ્યું કે તપથી બધું જ સારું થશે. (૮૧-૧૧૫).

અલખ નિરંજનને કહે છે કે મોટાભાઇનું વેર વાળવા માટે તાલકેતુ રાત દિવસ મથે છે. (૧). એક દિવસ રાજકુમાર કુવલયાશ્વ શિકાર રમવા જંગલમાં એકલો ગયો. એ જોઇને રાક્ષસે મનમાં વિચાર્યું કે વેર વાળવાની આ સોનેરી તક છે. એમ વિચારીને માયાના જોરે દિવ્ય તપોવન સર્જી દીધું અને આશ્રમની અંદર કપટી મુનિ થઇને બેઠો. માથા ઉપર જટાજૂટ બાંધી છે. શરીરે ભસ્મ લગાડી છે અને હાથમાં ગોમુખી લઇને બહારથી (મોઢેથી) જાપ કરે છે અને બગલાની જેમ ધ્યાન ધરવાનો ઢોંગ કરતો હતો. એના પેટમાં તો કપટ (પાપ) હતું.① (૨-૫). જંગલમાં રસ્તે જતાં રાજકુમારે આશ્રમ જોયો. એને થયું કે આવા સુંદર આશ્રમમાં કોણ વસે છે તે જોઉં. (૬). અહીં વૃક્ષોની છાયા શોભે છે. હિંસક પ્રાણીઓ પણ શાંત સ્વભાવનાં જણાય છે. ઝરણાંઓ મંદ મંદ ગતિથી વહે છે. આ બધું સર્વોત્તમ હતું. (૭). આ આશ્રમમાં નવા કોણ તપસ્વી ઋષિ છે? લાવ અંદર જઇને જોઉં અને એનાં દર્શન કરીને ધન્ય થાઉં. (૮). એવું વિચારીને એ આશ્રમમાં ગયો. મુનિને જોઇને અંતરમાં રાજી થયો અને ભાવપૂર્વક વંદન કર્યાં અને બોલ્યો કે હે દેવ ! આજે આપના દર્શનથી હું કૃતાર્થ થયો છું. આ દાસને આપે પાવન કર્યો છે. હું આપની શી સેવા કરી શકું? (૯-૧૦). એવું બોલીને વંદન કર્યાં એટલે કપટી મુનિએ પૂછ્યું કે હે રાજા ! તું કોણ છે? અને આ સ્થળે ક્યાંથી આવ્યો? (૧૧). રાજકુમાર બોલ્યો કે શત્રુજિત મારા પિતા છે. હું કુવલયાશ્વ શિકાર રમતો રમતો અહીં આવી પહોંચ્યો છું. (૧૨). આજનો દિવસ ધન્ય થઇ ગયો કે આપનું દિવ્ય દર્શન થયું. કપટી બોલ્યો કે તું ખરેખર ધન્ય છે. તું મારું વચન સાંભળ. (૧૩). મેં યજ્ઞની શરૂઆત તો કરી દીધી છે પણ દક્ષિણા આપવા

માટે ધન નથી. દક્ષિણા વગરનો યજ્ઞ એ કેવળ તામસી યજ્ઞ છે. (૧૪). રાજાએ કહ્યું કે આપ આ સેવકને આજ્ઞા કરો એટલે હું નગરમાં જઇને તમે કહો તેટલું ધન લઇ આવું. (૧૫). મારે ખજાનામાં કોઇ ખોટ નથી, પણ સાથે કાંઇ લાવ્યો નથી અને હે સંત ! હું ખાલી હાથે શિકાર રમવા નીકળ્યો છું અને અહીં આવ્યો છું. (૧૬). કપટી મુનિ બોલ્યો કે હું તો ઇચ્છા વગરનો છું. મારે તને શું કામ હેરાન કરવો? હું તો સ્વપ્ને પણ સંગ્રહ કરતો નથી. મને આવી કોઇ આશા જ નથી. તારા કંઠમાં જે આ કંઠી દેખાય છે તે જો મને મળે તો પણ મારું કાર્ય ચોક્કસ થઇ જશે. બસ ! હે રાજકુમાર ! તું એ કંઠી આપ. મને આનાથી વધારે કંઇ જોઇતું નથી. જો તારું મન માને તો હે રાજા ! આટલી કંઠી આપ. એનાથી મારું કાર્ય સિદ્ધ થશે.② (૧૭-૧૯).

રાજકુમાર મનમાં બોલ્યો કે આ ઋષિ સત્પાત્ર છે. એને માટે કંઠી શું, બધી ક્ષણભંગુર દોલત પણ આનંદથી આપી દઉં. એમ વિચારીને એણે તરત જ કંઠી આપી દીધી. એ લઇને કપટીએ કહ્યું કે હું વરુણનું દર્શન કરીને તરત જ આવું છું ત્યાં સુધી તું અહીં બેસ. પછી આવીને હું તને આશીર્વાદ આપીશ. (૨૦-૨૨). 'ભલે' એવું કહીને રાજા ત્યાં શાંતિથી બેઠો. આ બાજુ કપટી મુનિ રડતો રડતો રાજ મહેલમાં જઇને (શત્રુજિત) રાજાની હાજરીમાં મદાલસાને કહેવા લાગ્યો કે અરેરે ! કારમો કેર થઇ ગયો છે. તારા પતિ કુવલયાશ્વને તાલકેતુ નામના દૈત્યે કપટ કરીને જંગલમાં યુદ્ધ કરીને મારી નાંખ્યો છે. (૨૩-૨૫). એને એકલો જોઇને એના પર દૈત્યો તૂટી પડ્યા અને પોતાના મોટાભાઇનું મૃત્યુ યાદ કરીને એ દુષ્ટ તાલકેતુ પણ તૂટી પડ્યો. તારો પતિ બહાદુરીપૂર્વક લડ્યો તો પણ પ્રારબ્ધવશ એ દૈત્યના બાણથી વીંધાઇને નીચે પડ્યો. એને આમ વીંધાયલો પડેલો જોઇને, સંતોષ પામીને દૈત્યો ઘોડાને લઇને જતા રહ્યા. એ જ વખતે હું જંગલમાં સમિધ લેવા ગયો હતો. (૨૬-૨૮). રાજકુમારને જોઇને હું તરત જ એની પાસે ગયો. મારા હાથમાં કંઠી આપીને એણે મને ખાસ કહ્યું કે તમે જાતે જઇને આશ્વાસનરૂપે આ કંઠી મદાલસાને મારા મૃત્યુ પછી આપી આવજો. એવું કહીને તારા પતિએ તરત જ પ્રાણ ત્યજી દીધા. આદિવાસીઓએ એનો અગ્નિસંસ્કાર કર્યો. ખરેખર બધું ગજબનું થઇ ગયું. (૨૯-૩૧). હું પણ આ વાત કહેવા માટે જ તરત અહીં આવ્યો છું અને મારે પાછા તપોનુષ્ઠાન કરવા જંગલમાં જવું છે. એમ કહીને મદાલસાના હાથમાં તરત જ કંઠી મૂકીને જરા પણ સમય બગાડ્યા વગર (એ જ પગે) એ દુષ્ટ દૈત્ય પાછો ફર્યો. (૩૨-૩૩). પુત્રના મૃત્યુની વાત સાંભળીને રાજા સ્ત્રીની જેમ રડવા લાગ્યો અને તરત જ પુત્રના ગુણોને યાદ કરીને પથ્થર સાથે માથું અફાળવા લાગ્યો. (૩૪). મદાલસા બેભાન થઇને પડી અને થોડીવારે ભાન આવતાં પતિના ગુણો સંભારીને આક્રંદન કરવા લાગી જે સાંભળીને પથ્થર પણ પીગળી જાય. (૩૫). છાતી અને માથું કૂટવા લાગી. માથાના વાળ તોડવા લાગી અને વારે વારે મૂર્છા ખાઇને પડવા લાગી. મારું તો નસીબ જ ફૂટી ગયું છે. હે નાથ ! મને એકલી છોડીને તું ક્યાં જતો રહ્યો છે ! તારા વિના આ રાજ્ય અને સંપત્તિ બધું નકામું લાગે છે. તારા વિના બિલકુલ ગમતું નથી. (૩૬-૩૭). મારાં આ સૌંદર્યનો પણ હવે શો અર્થ? હે પ્રાણેશ્વર ! તારા વિના આ હાથી, ઘોડા બધા દુશ્મન જેવાં લાગે છે. (૩૮). જેમ પાણી વગર માછલી તરફડી તરફડીને મરી જાય છે તેમ પતિ વિનાની સ્ત્રી પણ બધે તિરસ્કૃત થાય છે. (૩૯). ધિક્કાર છે આવા દારુણ વૈધવ્યને કે જેમાં ડગલે ને પગલે દુ:ખ જ છે. એના કરતાં અગ્નિમાં બળી મરું તો એનાથી સુખી થઇશ. (૪૦). પતિ પાછળ બળી મરવું એ પાવનકારી છે અને કુળને ચોક્કસ તારનાર છે. આવી સ્ત્રી અનંતકાળ સુધી સ્વર્ગમાં પતિ સાથે આનંદ-સુખ ભોગવે છે. (૪૧). પતિદેવે આ કંઠી આપી છે તેને આખરી પ્રસાદ માનીને અગ્નિમાં સુખેથી બળી મરું એ ઉત્તમ છે. એમાં હું શું કામ શંકા કરું? (૪૨). એમ વિચારીને હાથમાં કંઠી લઇને અને આનંદપૂર્વક પતિનું ધ્યાન ધરીને એ સુંદરી અગ્નિમાં કૂદી પડી. (૪૩). નગરમાં બધે હાહાકાર વ્યાપી ગયો. રાજા બોલ્યા કે હવે મારે પણ શું કામ જીવવું જોઇએ? (૪૪). બાળપણમાં જેની માતા મરી જાય, યુવાનીમાં જેની સ્ત્રી મૃત્યુ પામે અને વૃદ્ધાવસ્થામાં જેના પુત્રો મરી જાય તો એના જેવો કોઇ પાપી નથી.③ (૪૫). હું પણ બધી રીતે પરવારી ગયો છું. પુત્ર અને પુત્રવધૂ મૃત્યુ પામ્યાં. હવે જીવીને પણ શું કામ?

હું પણ એમની પાછળ મરી જાઉં. (૪૬). એમ બોલીને પુત્રના ગુણો યાદ કરીને બેભાન થઇને ભૂમિ પર પડ્યો અને ભાનમાં આવે ત્યારે શોકને લીધે છાતી અને માથું કૂટવા (અફાળવા) લાગ્યો. (૪૭). બધાના આશ્વાસન આપવા છતાં પણ શોક દૂર થતો નથી. એટલે બોલ્યો કે હું પણ હવે પ્રાણ ત્યજીને પરલોક સાધી લઉં. (૪૮). આ બાજુ પેલો કપટી મુનિ ઝડપભેર આશ્રમે આવી પહોંચ્યો અને બોલ્યો કે હે રાજકુમાર ! તને ધન્ય છે. તું ઉદારતામાં અજોડ છે. (૪૯). તેં મારું કાર્ય પાર પાડ્યું છે તેથી હું તારા પર પ્રસન્ન છું. મારી તને આશિષ છે કે તું હંમેશાં સુખી રહેશે. (૫૦). જો તારી ઇચ્છા હોય તો તું થોડો સમય અહીં આરામ કર. એટલે રાજકુમાર બોલ્યો કે ના હવે મારે જલદીથી જવું જોઇએ. (૫૧). અહીં ઘણો સમય વીતી ગયો છે એટલે બધાં ચિંતા કરતાં હશે. એટલે કપટી મુનિ બોલ્યો કે તો ભલે ! તું જા. ભગવાન શંકર તારું રક્ષણ કરો. (૫૨). રાજકુમારને એના કપટની બિલકુલ ખબર નથી એટલે એ મુનિનાં વચન સાંભળીને, વંદન કરીને શંકા કર્યા વગર જતો રહ્યો. (૫૩). રસ્તામાં જતાં ઘુવડ બોલવા લાગ્યું એટલે શંકાશીલ થયો. (ફાળ પડી.) એને થયું કે મારું ડાબું અંગ પણ કેમ ફરકે છે? ચોક્કસ અણધાર્યું દુ:ખ આવશે. (૫૪). નગરમાં પિતા સુખી હો એવી પ્રાર્થના સાથે ભગવાનનું નામ લેતો એ ઝડપથી ચાલવા લાગ્યો. બધે સૂનકાર સૂનકાર જણાવા લાગ્યો. (૫૫). બધે શોક અને ગમગીનીનું વાતાવરણ જણાય છે. આનંદ-ઉત્સવ ક્યાંયે થતો નથી. (બધે ઘોર અંધારું છે.) ક્યાંયે દીવો સરખો પણ સળગતો નથી. એને થયું કે અરેરે ! શું થયું હશે? (૫૬). મનમાં એવો દુ:ખી થતો થતો એ રાજમહેલમાં આવ્યો તો ત્યાં દારુણ રુદન સાંભળ્યું. (૫૭). રુદન સાંભળીને એ એકદમ અંદર દોડ્યો તો ત્યાં સામે જ પિતાને જોયાં અને એનું લાચાર મુખ જોઇને એના ચરણમાં આળોટવા લાગ્યો. (૫૮). રાજકુમારને જોઇને રાજાએ મનમાં વિચાર્યું કે આ (રાજકુમાર) અહીં કેવી રીતે આવ્યો? આ સ્વપ્ન છે કે એનું ભૂત છે? કાંઇ સમજાતું નથી. (૫૯). અથવા શું મારું દુ:ખ જાણીને ભગવાને એને અહીં મોકલ્યો છે? કે શું પેલો મુનિ કપટી હતો? હજી પણ શંકા તો રહે જ છે. (૬૦).

જો પેલો મુનિ કપટી હોય તો એ મારા પુત્રની કંઠી કેવી રીતે લાવે? આ બધું કેવી રીતે બન્યું? (૬૧). જો આ મારો પુત્ર જ હોય તો એની સ્ત્રી તો બળી મરી છે. હું એને કયા મોંઢે આ દુ:ખની વાત કરું કે તારી સ્ત્રી બળી મરી છે. (૬૨).

પિતાને આ રીતે ચિંતામાં જોઇને કુવલયાશ્વ ચિંતામાં ડૂબી જઇને ઊભો રહ્યો અને બોલ્યો કે હે પિતાજી ! તમે કેમ આટલા બધા ઉદાસ છો? (દુ:ખી છો?) (૬૩). હે પિતાજી ! શું તમારું કોઇએ અપમાન કર્યું છે? જો કર્યું હોય તો મને કહો તો કોઇ પ્રકારની શંકા કર્યા વગર એનું મસ્તક કાપી નાંખું. (૬૪). શિક્ષાને પાત્ર હોય એવા કોને છોડી દઉં? હું કોનું કોનાથી રક્ષણ કરું? હું કયા ગરીબને ધનવાન કરી દઉં? ધનથી ઉન્મત્ત બનેલા કોને હું મારી નાંખું? (૬૫). હું આપના સોગંદ ખાઇને કહું છું કે તમારા મનમાં જે હોય તે મને કહો. હું સાચું કહું છું કે હું તે પ્રમાણે કરીશ. એમાં શંકા-કુશંકા ના કરશો. (૬૬). જો મારી પ્રાણપ્રિયા મદાલસા પણ તમને દુ:ખ આપતી હોય તો તમે કહો તો તેને પણ કાઢી મૂકું. (૬૭). મદાલસાનું નામ સાંભળતાં જ જીભ કચરીને રાજા બોલ્યો કે અરેરે ! હે પુત્ર ! હવે એનું નામ લેવાનો કોઇ અર્થ જ રહ્યો નથી. (૬૮). અરેરે ! હે પુત્ર ! તારા વિશેની અશુભ ખબર સાંભળીને એ સતી પરલોકમાં ગઇ. (૬૯). હે મદાલસા ! હે મદાલસા ! એવું બોલીને રાજા પૃથ્વી પર બેભાન થઇને પડ્યો. એને સાવધાન કરીને રાજકુમારે રાજાને બધી વાત પૂછી. (૭૦). રાજા બોલ્યો કે હે પુત્ર ! તું જંગલમાં ગયો હતો ત્યારે એક મુનિ ભારે વિલાપ કરતો કરતો અહીં આવ્યો હતો અને તારી કંઠી આપી તારા મૃત્યુના અશુભ સમાચાર આપ્યા હતા. એ સમાચાર સાંભળીને તરત જ પુત્રવધૂ મદાલસા તારા શોકને લીધે તારા અંતકાળના પ્રસાદરૂપ કંઠીને હાથમાં લઇને અગ્નિમાં બળી મરી. (૭૧-૭૩). આ ખરેખર અનર્થ થયો છે. એ તાપસી કોણ હતો? પુત્રવધૂ નાહકની બળી મરી. અમને કોઇ શંકા ગઇ જ નહિ. (૭૪). રાજકુમાર બોલ્યો કે જંગલમાં જતાં મેં એક આશ્રમ જોયો. એટલે હું એની અંદર ગયો. (૭૫). એમાં એક કપટી મુનિ હતો. તેણે યજ્ઞની દક્ષિણા માટે મારી કંઠી માંગી અને મેં આપી પણ

દીધી. (૭૬). તે વખતે મેં એને ઓળખ્યો નહિ એટલે આ બધો ઉત્પાત થયો. હવે એ દુષ્ટ અને લુચ્ચા તાલકેતુને મેં ઓળખ્યો. (૭૭). ભૂતકાળમાં મેં એની ઉપેક્ષા કરી હતી ત્યારે જ જો આની જાણ હોત તો એ ઉદ્ધત કદી ફાવત નહિ. (૭૮). શૂરવીરે સાવધાનીપૂર્વક શરૂઆતથી જ શત્રુને મારી નાંખવો જોઇએ, નહિતર એ છેવટે દુઃખનું કારણ બને છે. (૭૯). અનુભવી લોકોનું કહેવું છે કે વધેલો (શેષ) અગ્નિ, દેવું અને શત્રુ આખરે શોક કરાવે છે.④ (૮૦). હવે જે થઇ ગયું છે તે નથી થવાનું એવું નહિ થાય. મારી પ્રિય સ્ત્રી બળી મરી છે. પત્નીનો વિરહાગ્નિ સહન કરવો ભારે કપરું કામ છે. જાણે જીવતાં જ મરવાનું. (૮૧). એના ઋણમાંથી મુક્ત થવા માટે હું એવો સંકલ્પ કરું કે હવે આ જન્મે બીજાની સાથે નહિ પરણું. (૮૨). જેણે શાલ ઓઢી હોય તે કદી ચામડું (ખાલ) ઓઢીને રાજી થતો નથી. એ જ રીતે આ દિવ્ય પત્ની જતાં બીજી સ્ત્રી મને નહિ ગમે. (૮૩). એવો સંકલ્પ કરીને ઉદાસ થઇને રાજકુમાર વૈભવ છોડીને જંગલમાં એકલો રહેવા લાગ્યો. (૮૪). અશ્વતર નાગના પુત્રો એવા બન્ને ભાઇઓ નસીબજોગે ફરતાં ફરતાં ત્યાં સ્વેચ્છાએ આવી ચઢ્યા. (૮૫). એ બન્ને વાનપ્રસ્થ બ્રાહ્મણ જેવા સુંદર જણાતા હતા. એમને જોઇને રાજકુમારે પ્રણામ કર્યા અને બેસવા આસન આપ્યું. (૮૬). વાતચીત કરતાં ધીરે ધીરે સરખો સ્વભાવ જોઇને બન્નેનાં એક જ દિલ હોય તેમ અરસ પરસ મિત્રતા થઇ. (૮૭). એ લોકો રોજ આવવા લાગ્યા અને ભેગા થઇને રમવા લાગ્યા અને એ રીતે આનંદ કરીને સાંજ પડે એટલે ફરી પાછા ઘરે જતા રહેતા હતા. (૮૮). એ રાજકુમાર પણ બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો, રૂપમાં કામદેવ સમાન અને પરાક્રમમાં દેવેન્દ્ર સમાન હતો. (૮૯). એને જાઇને નાગપુત્રોને પણ અતિશય આશ્ચર્ય થતું હતું. રાજકુમાર પણ એમને ઋષિપુત્ર માનીને તેની સાથે રમતો હતો. (૯૦). રાજકુમારને પણ એમના વિના એક ઘડી પણ ચેન પડતું નહિ. એ રીતે આનંદથી દિવસો જતા હતા. એમાં એક દિવસ રાજકુમારની લાલ આંખો જોઇને નાગપુત્રોએ હસી મજાકમાં પ્રેમથી પૂછ્યું કે કાલે રાત્રે શું થયું? ભાભીએ રાત્રે જંપવા દીધા નથી કે શું? આ આંખો ઉજાગરાને કારણે જ લાલ દેખાય છે કે શું? (૯૧-૯૩). એમનાં આવાં વચનો સાંભળીને રાજકુમાર શોક કરવા લાગ્યો અને બોલ્યો કે આવી મશ્કરી કરવાની રહેવા દો. મારો તો જીવ જાય છે. (૯૪). એટલે દુઃખી થઇને નાગપુત્રો બોલ્યા કે હે દોસ્ત ! તારાં દુઃખની એ બધી વાતો અમને વિસ્તારથી કહે. (૯૫). પોતાના સાચા મિત્રને દુઃખ કહેવાથી મનનો બોજો હળવો થાય છે અને મિત્ર પણ એને પોતાનું દુઃખ ગણીને ઉપાય બતાવે છે.⑤ (૯૬). એટલે રાજકુમારે બધી વાત વિસ્તારથી કહી સંભળાવી. એ સાંભળીને નાગપુત્રોને બહુ દુઃખ થયું. શોકાતુર થઇને અને ઉદાસીન મુખે મૂગા મૂગા ઘરે આવ્યા. (૯૭). એ બંને આગળના જેમ વાતો પણ કરતા નથી. ભોગ વિલાસ છોડી દઇને મિત્રનાં દુઃખને યાદ કરતા હંમેશાં ઉદાસ બનીને બેસી રહે છે. (૯૮). એમનો એવો ઉદાસ ચહેરો જોઇને એક દિવસ એમના પિતાએ એમને પૂછ્યું કે તમે કેમ દુઃખી જણાઓ છો? તમારાં દુઃખનું કારણ મને કહો. (૯૯). એટલે નાગપુત્ર બોલ્યા કે પૃથ્વી ઉપર શત્રુજિત નામનો એક ચંદ્રવંશી રાજા છે. તેના પુત્રની એક અડગ ટેક છે. એનો પુત્ર કુવલયાશ્વ એ અમારો મિત્ર છે. એનાં દુઃખે અમે પણ દુઃખી છીએ અને અમને ઘર પણ સ્મશાન જેવું લાગે છે. (૧૦૦-૧૦૧). મિત્રનું દુઃખ જોઇને જે આ રીતે દુઃખી ન થાય તે માણસ માણસ નથી પણ ગધેડો છે. એવાનું તો નામ પણ ના લેવું જોઇએ. (૧૦૨). અશ્વતર નાગે કહ્યું કે તમે મને તમારા મિત્રનું દુઃખ કહો એટલે હું એનો ઉપાય યોજીને એનો પ્રતિકાર કરું. (૧૦૩). મિત્રએ હંમેશાં મિત્રનું સો રીતે (શતધા) કામ કરવું જોઇએ. હે પુત્રો ! તમે મને કહો કે એ રાજકુમાર શા કારણે દુઃખી છે? (૧૦૪). પિતાનાં વચન સાંભળી નાગપુત્રોએ કહ્યું કે વિશ્વાવસુ ગંધર્વની મદાલસા નામની, રૂપ રૂપનો અંબાર એવી, યોગિમાન્ય અને સુંદર મુખવાળી દીકરી હતી જે અમારા મિત્રની સાથે પરણી હતી. (૧૦૫-૧૦૬). એક દિવસ અમારો આ મિત્ર જંગલમાં (શિકાર માટે) ગયો ત્યારે એક કપટી રાક્ષસે (મુનિના વેશમાં) આવીને મદાલસાને કહ્યું કે તારો પતિ (જંગલમાં) મરી ગયો છે. એવું જાણીને સુંદરી પતિના પ્રેમને કારણે અગ્નિમાં બળી



૧૨

મરી. (૧૦૭-૧૦૮). વનમાંથી આવીને મિત્રએ આ બધું જોયું એટલે ખૂબ દુ:ખી થયો અને એણે પ્રતિજ્ઞા કરી કે હું બીજી સ્ત્રી સાથે કદી પણ લગ્ન નહિ કરું. (૧૦૯). પત્નીના વિરહમાં અમારો મિત્ર ત્યાં ઝૂરી મરે છે. એનો એ શોક અમારાથી જોવાતો નથી. (૧૧૦). બધી ઇંદ્રિયોનો રાજા આત્મા છે તે ભોગ ભોગવીને જ્ઞાનથી ચોક્કસ પ્રશાંત થાય છે. (૧૧૧). જો એનામાં વાસના(નું બીજ) રહી જાય તો એની સદ્ગતિ થતી નથી માટે પ્રયત્નપૂર્વક એને (રાજાને) સંતુષ્ટ કરવો જાઇએ. (૧૧૨). નાગે કહ્યું કે તમારા મિત્રનું કાર્ય ભારે કપરું જણાય છે તો પણ હું બધા પ્રયત્નો કરીને રાજાનું હિત થાય એવું કરીશ. (૧૧૩). તપથી કશું જ અસાધ્ય નથી. (બધું જ મેળવી શકાય છે.) એવું કહીને નાગ શો પ્રયત્ન કરે છે એનું વર્ણન હવે પછીના અધ્યાયમાં **રંગ** કરશે. (૧૧૪). આ અધ્યાયમાં મદાલસાના વિરહમાં રાજકુમારે કેવું દુ:ખ અનુભવ્યું એનું કેવળ અપૂર્વ કહી શકાય તેવું વર્ણન કર્યું. (૧૧૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કુવલયાશ્વશોકવર્ણન'** નામનો **ઓગણત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૨૯

(૧) ગોમુખી હાથમાં લઇને 'બહારથી જપ' કરતો હતો. એમાં બહારથી શબ્દ ખૂબ મહત્ત્વનો છે. જો હૃદયથી, અંદરથી જાપ કરતો હોત તો કપટ હોત જ નહિ. અથવા જેના મનમાં કપટ હોય છે તેના જાપમાં ભલીવાર હોતો નથી, એ ફળતો નથી. પૂ.શ્રીના ભજનમાં પણ હરિનું નામ લેવાની પૂર્વ શરત કપટ છોડવાની જ છે.

મન છોડ દે કપટ હરિ પદ ભજ રે. અને

હરિ ભજના હરિ ભજના, કૂડ કપટ સબ ત્યજના.

દરેક માણસને ભવરોગ લાગુ પડ્યો છે. ગુરુરૂપી વૈદ્ય દવા આપીને રોગ દૂર કરે છે. ભગવાનનું નામ એ ઔષધ છે અને સાધુનો સંગ એ પરેજી છે. પરેજી પાળવામાં ન આવે તો ઔષધ અસર તો ન કરે પણ વિપરીત અસર (**Re-action**) કરે એ સ્વાભાવિક છે.

(૨) સાચો સાધુ જીવી બતાવે, બોલી ન બતાવે. જ્યારે કપટી મુનિએ બડાશભરી વાતો કરી ત્યારે રાજકુમાર અંજાઇ ગયો. દંભ અને કપટ ઘણીવાર અસલી વસ્તુ કરતાં પણ વધારે પ્રભાવશાળી હોય છે. પણ એ પ્રભાવ થોડો સમય જ ટકે. ખરાબ ચારિત્ર્યવાળી સ્ત્રી વધુ લાજ-મર્યાદા દર્શાવે છે, લાંબો ઘૂંઘટ ખેંચે છે. (અસતી ભવતિ સલજ્જા | ) ખારાશવાળું પાણી વધારે ઠંડું હોય છે. (ક્ષારં નીરં શિતલં ભવતિ | ) જે દંભી હોય છે તે બહારથી ખૂબ વિવેકી જણાય છે. (દંભી ભવતિ વિવેકી | ). આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને સાવધાન કરે છે.

(૩) આ દોહરો સાચું દુ:ખ કયું કહેવાય એના તરફ ઈશારો કરે છે. આ ત્રણે મહાન દુ:ખી છે. જેની બાળપણમાં 'મા' મરી

જાય તે બાળક માતૃપ્રેમથી વંચિત રહી જાય છે અને "મા" નો પ્રેમ ન મળે તો કશું જ મળ્યું નથી એમ મનાય. યુવાનીમાં સ્ત્રી (પત્ની) મરી જાય એટલે ભરદરિયે નાવ ડૂબી ગયું ગણાય. બીજી વાર લગ્ન થઇ શકે પણ એનાથી મન પહેલાંની જેમ પ્રસન્ન રહેતું નથી. ઘડપણમાં પુત્રો મરે એટલે પોતાની આંખ સામે જ પોતાના સર્જનનો વિનાશ જોવો. આ ઘણું જ કપરું છે. જેને ખોળામાં સુવાડ્યો હોય તેને ચિતા ઉપર સુવાડવાનો દિવસ આવે તો એ કરુણતાની શી વાત કરવી?

લોખંડ જેવું મજબૂત મનોબળ ધરાવતા શ્રીમતી ઇન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીના અવસાનના સંદર્ભમાં આદરણીય બાબા આમ્ટે વડાપ્રધાન શ્રીમતી ગાંધીને મળ્યા ત્યારે વાતમાં ને વાતમાં એણે કહ્યું કે જે પુત્રને ઉછેરીને મોટો કર્યો હોય તે પુત્રના ઉપર માટી નાંખવાનો પ્રસંગ આવે તો એ ખૂબ કરુણ ઘટના છે, નહિ? આ સાંભળીને શ્રીમતી ગાંધી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા. જે પુત્રને ખભા ઉપર બેસાડી રમાડ્યો હોય, એની નનામી ખભા ઉપર મૂકવાનો પ્રસંગ આવે તો તે કેટલો કરુણ ગણાય?

(૪) આ દોહરો અનુભવની વાત કરી આપણને વ્યવહારુ બનાવે છે. બેદરકારીથી કે વધુ પડતા દયાભાવથી અગ્નિ, ઋણ અને શત્રુને જીવતા રહેવા દેવાથી એ મુશ્કેલી ઊભી કરે છે. ધર્મ પણ આતતાયીને મારવાનું કહે છે. એટલે જીવનમાં ધર્મને સાચા અર્થમાં સમજવો જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણે શિશુપાલને માર્યો, અર્જુને જયદ્રથને માર્યો વગેરે કાર્ય પણ ધર્મપ્રેરિત જ હતા. આદર્શો જન જીવનને ઉપાધિરૂપ ન બનવા જોઇએ.

(૫) આ દોહરામાં મિત્રને દુ:ખની વાત કરવી જોઇએ એવું કહ્યું છે. અધ્યાય ૭- દોહરો ૭૯ માં પૂ.શ્રીએ જણાવ્યા પ્રમાણે પ્રાણપ્રિય મિત્રને, ગુણવાન નોકરને, પતિવ્રતા સ્ત્રીને અને સાધુ સંતને દુ:ખની વાત કરવી જોઇએ. પૂ.શ્રીએ પણ સુખી પરિવારની ચર્ચા કરતાં આ જ ભાવ પ્રગટ કર્યો છે કે એકબીજાનાં દુ:ખમાં અડખે પડખે રહેજો અને થાય તો દુ:ખ દૂર કરવાનો ઉપાય કરજો. **A friend in need is a freind indeed.** સાચો ધર્મ આવી ભાવના જગાવે છે. ધર્મ એ ભિન્ન મનના માનવીને બાંધનારો વજ્રરસ છે એવું પણ પૂ.શ્રીએ કહ્યું છે. આ દોહરાનો થાય એટલો અમલ કરવો જોઇએ.

●

## અધ્યાય : ૩૦

આ અધ્યાયનું નામ **'મદાલસાપુનરુજ્જીવન'** છે. આ અધ્યાયમાં **૧૨૮** દોહરા છે.

પોતાના પુત્રોના મિત્ર કુવલયાશ્વના કલ્યાણ માટે અશ્વતર નાગ હિમાલય પર પ્લક્ષાવરણ તીર્થમાં આવીને તપોનુષ્ઠાન કરવા લાગ્યો. (૧-૨).

સરસ્વતીનું ધ્યાન કરીને એને પ્રસન્ન કર્યાં. એણે માતા પાસે માગ્યું કે મને અને કંબલને રાગ રાગિણીનું પૂર્ણ જ્ઞાન આપો. આવું વરદાન મેળવીને બંને નાગ કૈલાસમાં આવ્યા. એના તપથી ભગવાન શંકર પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહ્યું. નાગે કહ્યું કે કુવલયાશ્વની પત્ની મદાલસા, દૈત્યના કપટથી અગ્નિમાં બળી મરી છે. એ મદાલસા બધી જ રીતે પૂર્વજન્મના જેવી જ થઇને મારી દીકરી થઇને આવે એવું વરદાન માંગું છું. શંકર ભગવાને 'તથાસ્તુ' કહ્યું. (૩-૪૨).

ભગવાન શંકરે કહ્યું હતું તે પ્રમાણે નાગપત્નીએ મદાલસાનું ચિંતન કરીને પિંડનું ભક્ષણ કર્યું એટલે નાક દ્વારા એક પિંડ પડ્યો અને તેમાંથી પૂર્વજન્મના જેવી જ મદાલસા ઊભી થઇ પરંતુ મદાલસાને પોતે બળી મરી હતી તે વાત યાદ રહી નથી. અગ્નિપ્રવેશ પહેલાની બધી જ વાત યાદ છે. (૪૩-૫૭).

નાગે એને અંત:પુરમાં રાખી અને પુત્રોને કહ્યું કે તમે બીજું કશું કહ્યા વગર રાજકુમારને અહીં બોલાવી લાવો. નાગપુત્રો રાજકુમારને બોલાવી લાવ્યા. અશ્વતર નાગને એના પુત્રે કહ્યું કે એને મદાલસા સિવાય બીજું કશું જોઇતું નથી. અશ્વતર નાગે માયા નિર્મિત મદાલસાને દૂરથી બતાવી અને મદાલસાને જોતાં જ એ દોડ્યો અને મૂર્છિત થઇને પડ્યો. (૫૮-૯૫).

પછી નાગે કુવલયાશ્વને કહ્યું કે ભગવાન શંકરની કૃપાથી જ મદાલસા જીવતી થઇ છે. મદાલસાને લઇને કુવલયાશ્વ મિત્ર સાથે નગરમાં આવ્યો. બધે આનંદ આનંદ અને જયજયકાર થઇ ગયો. (૯૬-૧૨૮).

(પોતાના પુત્રના મિત્રનું હિત કરીશ) એવી પ્રતિજ્ઞા કરીને એ અશ્વતર નાગ કંબલ નાગ સાથે હિમાલય પર આવ્યો અને ત્યાં સર્વ સિદ્ધિ દેનાર પ્લક્ષાવરણ તીર્થમાં આવીને તરત જ અનુષ્ઠાન કરવા લાગ્યો. (૧-૨). આસન સિદ્ધ કરી, પ્રાણને સારી રીતે સંયમિત કરી, આહાર પર વિજય મેળવી સ્થિર ચિત્તથી એ સરસ્વતીનું ધ્યાન ધરવા લાગ્યો. એણે કહ્યું કે હે માત ! નાના બાળકની વાણીના જેવા મારા આ બોબડા બોલની સ્તુતિ સ્વીકારી લે. (૩-૪). સમુદ્રનાં જળ (જીવન)થી માનવી જેમ સમુદ્રની પૂજા કરે છે અને દીવાથી સૂર્યની આરતી ઉતારે છે, એવી મારી આ સ્તુતિ તું સમજજે. (૫). વાણીરૂપ સ્ફૂર્તિ આપીને તું જ બોલાવે છે. તું બોલાવે તે રીતે આ બાળક બોલે છે. હે મા સરસ્વતી ! તું એ સત્ય માન. (૬). આ દેખાતું બધું જ જગત એ તારું જ રૂપ છે. તો પછી હું તારાથી ક્યાં ભિન્ન છું? હું તારા અરૂપની (નિરાકારની) કેવી રીતે સ્તુતિ કરી શકું? (૭). આ દેખાય તે બધું જડ અને નાશવંત છે અને ભોક્તા જીવ અવિનાશી છે. પણ હે મા ! તું તો બધાથી પર છે. કેવળ સાક્ષી અને અમર છે. (૮). જેમ પાણીમાં પરપોટા થાય છે તેમ જીવ અને ઈશ્વર તારા સ્વરૂપમાં ઉપાધિભેદથી ભાસે છે. (૯). તું પ્રણવરૂપિણી (ૐકાર સ્વરૂપ) છે, પ્રકાશ સ્વરૂપ છે, ગુણોની સ્વામિની છે અને (ૐ કારની) અર્ધમાત્રા ચૈતન્યમયી છે જે નિર્વિકાર છે. (૧૦). હે ભામિની ! તું ક્રિયાથી પર છે. ભુક્તિ મુક્તિ આપનાર છે. સ્વર અને વ્યંજન(વર્ણ)ને પ્રકાશીને સંસારનો વ્યવહાર સાધે છે. (૧૧). યજ્ઞ વગેરેનું તું મૂળ છે. તું બધાને

પ્રકાશ આપનારી છે. હે વિદ્યાદેવી સરસ્વતી ! તું વેદનું મૂળ છે. (૧૨). તું નિરાધારનો આધાર છે. તું બધાનું કારણ છે. સર્વવ્યાપક એવું તારું રૂપ કોણ જાણી શકે? (૧૩). જે તારું રાત દિવસ ધ્યાન ધરતો હોય એવો કોઇ સુભકત જ તારા મંગલધામને જાણી શકે. બાકી બીજાં બધાં તો નકામાં ફાંફાં છે. (૧૪). આ લોકમાં ને પરલોકમાં ફળના ભોગથી વિરકત થઇને જે હંમેશ માટે તારું શરણું ગ્રહે છે તેનો જ સંદેહ તૂટે છે. (૧૫). હે મા સરસ્વતી ! હું તને ફરી ફરીને પ્રણામ કરું છું. પોતાના ભકતોના હૈયે વસનારી હે મા ! તું પ્રસન્ન થા. (૧૬).

## સરસ્વતી સ્તુતિ

(શાંત હો શ્રીગુરુ દત્તા.....એ રાહ)

હે (અયિ) સરસ્વતી મા ! અમે તને વંદન કરીએ છીએ અને તારાં ચરણકમળને ભાવથી ચૂમીએ છીએ.

હે શ્રેષ્ઠો દ્વારા વર્ણવાયેલી ! તને વંદન કરીને આ સંસાર સાગરને તરી જઇએ. જે શબ્દથી પર છે એને શબ્દ દ્વારા પ્રસન્ન (પસંદ) કરીએ અને તારી મૂર્તિનું અમે ધ્યાન ધરીએ. હે મા ! તું અમને સદ્‌બુદ્ધિ આપીને અમારી આ હૃદય વાડીને પુષ્પોથી વિકસિત કર જેથી અમે દુર્બુદ્ધિરૂપી કચરો કાઢી નાંખીએ અને અમે રોજે રોજ તારું નામ સ્મરણ કરીએ. (૧).

તારું શરણ લીધા પછી શું કામ ડરીએ? અમે સ્વાનંદે નિર્ભય થઇને ફરીએ. અમે અક્ષય (જેનો નાશ ન થાય તેવાં) સુખ પામીને આનંદ કરીએ (રમીએ) અને બધાં જ દુ:ખોને ભૂલી જઇએ. હૃદયનો બધો અંધકાર નિવારી તથા અનીતિમય ગર્વને સંહારી હે મા ! તું શિવનું દર્શન કરાવ. તારાં ચરણોમાં તન્મય થઇ જઇએ. (૨).

વાલ્મીકિએ જયારે તારી સ્તુતિ કરી ત્યારે તરત જ બીજાં બધાં કાર્યો છોડીને તું દોડી ગઇ. બુદ્ધિનાં એનાં બધાં બંધનો તોડીને, એને આનંદ કરાવીને (રમાડીને) ધન્ય ધન્ય (કૃતકૃત્ય) કરી દીધો. તો પછી આજે કેમ વાર લગાડે છે? હે મા(અંબ) ! આ નાના બાળકને કેમ તરછોડી દીધો? અમને તારા વિના બીજો કોઇ આધાર (આશરો) નથી. તને છોડીને અમે કયાં જઇએ? (૩).

વેદ અને શાસ્ત્ર જેના શ્વાસ છે, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જેના દાસ છે, જેનાં નામ સ્મરણથી જન્મ મરણનો ત્રાસ રહેતો નથી અને એના કટાક્ષે બધું ખાસ (બધા) અનુકૂલ થઇ જાય છે. પાડા પણ વેદોનું ઉચ્ચારણ કરે છે અને (દેવગુરુ) બૃહસ્પતિ (વાચસ્પતિ) મૂગા થઇને હારી જાય છે. ઉંદર સિંહનો ગર્વ ઉતારે છે. એમાં જરા પણ શંકા કરવા જેવું નથી. (૪).

અમારા બધા દોષો દૂર કરીને, આવેલાં સંકટો ટાળીને, ખરાબ શંકાના મૂળને ચીરી નાંખીને આ બાળકનો ઉદ્ધાર કરી નાંખ. હંસ ઉપર ઉમંગથી બેસીને હે મા ! આ બાળકને જલદીથી ખોળામાં લઇ લે. આ સંસારરૂપી રંગભૂમિમાં નાદામૃત પાઇને પાવન કર. અમે તારા પગમાં પડીએ છીએ. (૫).

●

આવી સ્તુતિ સાંભળીને પ્રસન્ન થઇને મા સરસ્વતી ત્યાં પ્રગટ થઇને હર્ષભેર બોલ્યાં કે મનગમતું વરદાન માગો. (૧૭). નાગે જોયું તો ત્યાં એક હાથમાં વીણા લઇને અને બીજા હાથમાં માળા લઇને શ્વેત વદનવાળી, શ્વેત વસ્ત્રવાળી, ચાર હાથવાળી, હંસ ઉપર બેઠેલી મા-શારદાને જોઇ. એને સામે જ જોઇને નાગે એને પ્રણામ કર્યા. (૧૮-૧૯). નાગ બોલ્યો કે હે મા ! જો તું પ્રસન્ન થઇ હોય તો મને અને કંબલને ઉત્તમમાં ઉત્તમ એવી પૂર્ણ ગાન શકિત તરત જ આપ. (૨૦). અમને બંનેને નિયમાનુસાર આલાપ વગેરેનું અને રાગરાગિણીનું જ્ઞાન આપ અને બધાં અંગો સહિત (સાંગ)

યોગ્ય પ્રકારની ગાયનકલા આપ. અમને કોયલના જેવો મીઠો, મંજુલ, કોમલ અને ગંભીર સ્વર આપ જેથી અમારું ગાન સાંભળીને ભગવાન શંકર રાજી થાય અને અમને અમારી ઇચ્છા મુજબનો વર આપે. (૨૧-૨૨). સરસ્વતીએ 'તથાસ્તુ' કહીને કહ્યું કે જાવ, તમને બધા જ પ્રકારનું નાદરહસ્ય અને અંગો સહિત રાગ રાગિણીનું જ્ઞાન ચોક્કસ આપ્યું. (૨૩). તમારો મધુર અને સુમંજુલ અવાજ (સ્વન) તાલ-તાન સહિત સાંભળીને ગ્રહમંડળ પણ તારા સહિત ડોલશે. (૨૪). શંકર ભગવાન પણ એમનું નૃત્ય છોડીને આનંદપૂર્વક એ ગાન સાંભળશે અને હર્ષભેર હાસ્ય કરીને વરદાન આપશે. (૨૫). આવું વરદાન આપીને સરસ્વતી ત્યાંથી અંતર્ધાન થઇ ગયાં. એટલે બન્ને નાગો તરત જ ઝડપથી કૈલાસમાં આવ્યા. (૨૬).

બાગમાં બેસીને વાજિંત્રોનો યથાયોગ્ય મેળ બેસાડીને સમય અનુસાર આલાપ, તાલ, ધ્વનિ અને લયનો મેળ બેસાડીને, દૈવત સાધીને રાગ રાગિણી સહિત સુંદર ગાન કરવા લાગ્યા. (૨૭-૨૮).

## શિવ સ્તુતિ

હે બાળક (માર્કંડેય) અને શરણે આવેલાને તારનાર, વિજયાપતિ હર સાંબ સદાશિવ હું આપને વંદન કરૂં છું; હે વનમાં વસનાર, વનચરોથી પ્રશંસિત, હે ભય (દર) ને હરનાર હે સાંબ સદાશિવ કૃપા કરીને મારો ઉદ્ધાર કર. (૧).

હે ત્રિપુરાસુરને મારનાર સુરશ્રેષ્ઠ સાંબ, હે સુ-મન (દેવો, પુષ્પો)થી અર્ચિત, મંગલકારી સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); હે રવિ, ચંદ્ર અને અગ્નિરૂપ આંખવાળા, કામદેવનો અંત લાવનાર, મદનો નાશ કરનાર હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૨).

શંખના નાદરૂપ; (ચિત્તની) શાંતિ આપનાર, માથા ઉપર જટા ધારણ કરનાર, ચંદ્રનું આભૂષણ (ધારણકરનાર), હે સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); કપૂર સમાન (વર્ણવાળા), ક્ષણ (આનંદ) કરનાર; કમળ થીય કોમળ; કમનીય વસ્તુઓ આનાર હે સાંબ સદા શિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૩).

જીભ (વાણી) થી પર; રસને વધારનાર, દક્ષના યજ્ઞનો નાશ કરનાર; સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); ગૌરીના હર; ગંગાને ધારણ કરનાર, ગણોથી વંદિત; ગજાસુરનું મર્દન કરનાર, હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૪).

માનઅપમાન રહિત; રેવાના તાત; સારી રીતે પૂજિત સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું.); ગરીબોના મિત્ર; સર્પ વિભૂષિત; નીલકંઠ; સ્થિર (મક્કમ) દ્વારા ઇચ્છિત હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૫).

ભિખારણ દ્વારા વંદિત; કામનાનો નાશક; જંગલી સ્ત્રી (ભીલડીનું રૂપ ધારણ કરનાર પાર્વતી) થી છેતરાઇ જનાર સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); ગુરુ શ્રેષ્ઠ દુર્જનોથી નિન્દિત, દિવ્ય વિભૂતિ (ભભૂતિ, વૈભવ)થી શોભિત હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૬).

ઝૂંપડીમાં વસેલા; ગણોના નાયક; ઝેર પીનાર; ગતિ આપનાર સાંબ સદાશિવનો જય હો; વેદના ગાનથી આનંદિત થનાર; નટ, ચોરને દંડનાર, પિંગળી જટાવાળા હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૭).

કુબેરના મિત્ર, ધનથી અપ્રાપ્ય, લોભથી દૂર રહેનાર ધ્રુવ, મુક્તિ આપનાર; સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું) હૃદય (અથવા વાદળ)રૂપી મંદિર જેને પ્રિય છે તે, 'રંગ'ને આનંદિત કરે તેવા મુખરૂપ ચંદ્ર ધારણ

કરનાર, હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). (૮).

મીમાંસક, શ્રેષ્ઠ ચેષ્ટા કરનાર, યોગીશ્વરોથી વીંટળાએલા સાંબ સદાશિવનો જય હો; અને શંકારહિત, સનાતન, કૃપાધન, શાંતિદાયક હે સાંબ સદાશિવ અમારૂં રક્ષણ કરો. (૯).

●

યથાસાંગ અતિ મંજુલ સ્વરે હૃદયંગમ લય અને સુકોમળ તાન સાંભળીને ભગવાન શંકર પ્રસન્ન થયા. ત્યાં આવીને ભગવાન ભોળા શંકર આનંદથી ડોલવા લાગ્યા અને બોલ્યા કે ધન્ય છે તમારા આ દિવ્ય ગાનને. મારા કાનને ભેદીને એ નખથી માથા સુધી વ્યાપ્યું છે. આવું મનને હરી લે એવું સુંદર ગાન આજ સુધી મેં કદી સાંભળ્યું નથી. (૨૯-૩૧). એ સ્વયં બધાને (બધાના દિલને) હરી લે તેથી એ હર કહેવાયો છે. એ મન ગાનથી વીંધાતાં ભગવાન શંકર રાજી થયા. (૩૨). શંકરજી બોલ્યા કે વાહ વાહ ! આ તો અપૂર્વ ગાન છે અને અલૌકિક નાદ છે. મને અંતરમાં આનંદ આનંદ થઇ ગયો છે. માટે માગ માગ, જે માગે તે વર આપું. (૩૩). આનંદથી આવી ગર્જના કરીને ભોળાનાથ નાચવા લાગ્યા. નાગે જોયું તો પોતાની સામે જ ગણપતિના પિતા (ગજાસ્ય તાત) ઊભા હતા. (ગજ=હાથી, અસ્ય=મુખ, મોઢું) (૩૪). નંદી ઉપર ઉમિયા સાથે બેસીને હસી રહ્યા છે. સર્પ એ જ જેનાં કડાં છે એવા પંચમુખી ભગવાન શંકર આયુધ સહિત શોભી રહ્યા છે. (૩૫). શરીર હાથીના ચામડાથી ઢંકાયેલું છે, કપાળે ચંદ્રમા શોભે છે, શિર ઉપરથી ગંગાજી ખળ ખળ વહે છે, કંઠ નીલ (લીલા) રંગનો છે અને કાયા શ્વેત છે. (૩૬). આવું શ્રેષ્ઠ રૂપ જોઇને અશ્વતર નાગે પ્રણામ કર્યાં અને બોલ્યો કે હે દેવ ! જો આપ પ્રસન્ન થયા હો તો મને આ વરદાન આપો. (૩૭). કુવલયાશ્વની મદાલસા નામની પત્ની દૈત્યના કપટથી અગ્નિમાં પડીને બળી મરી છે. એ મદાલસા પૂર્વજન્મનાં રૂપ અને ગુણ સહિત મારી કન્યા થાઓ. એ પતિવ્રતા અને પૂર્વજન્મની વાતના સ્મરણ વાળી હો. એ બ્રહ્મનિષ્ઠ, નિર્ભય, યોગિની માતા, શ્રેષ્ઠ, બ્રહ્મવાદિની અને સ્વયં યોગિની એવી એ મદાલસા મારી દીકરી (દુહિતા) થાવ. (૩૮-૪૦). બીજાને માટે ભલે એમ હોય પણ, આપને માટે આ કપરું નથી (આપનાથી ન થઇ શકે એવું નથી). આ સિવાય હું બીજું માગતો નથી. હે કામદેવને મારનાર ! મને આ વરદાન આપો. (૪૧). નાગનાં એવાં વચનો સાંભળીને, પ્રસન્ન થઇને શિવજી બોલ્યા કે જા, તને વરદાન આપ્યું. હે સર્પશ્રેષ્ઠ (અહિવર)! તું દુ:ખી ના થા. (૪૨). તું ઘેર જઇને શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધનું કર્મ કર. એ શ્રાદ્ધપિંડ પૈકીનો વચલો પિંડ તારી પત્નીને આરોગવા આપજે. એ (મદાલસા)ના સ્વરૂપનું ચિંતન કરીને એ પિંડનું ભક્ષણ કરતાં એ સુંદરી નાક દ્વારા પ્રગટશે. એવું કહીને ભગવાન શંકર ઝડપથી અંતર્ધાન થયા અને નાગ ભાવથી વંદન કરીને રસાતળમાં ગયો. (૪૩-૪૫). ઘરે આવીને તરત જ વિધિપૂર્વક શ્રાદ્ધવિધિ કરાવી અને પત્ની પાસે પ્રેમથી પિંડનું ભક્ષણ કરાવ્યું. (૪૬). નાગની સ્ત્રીએ હૃદયમાં ભગવાન શંકરનું ચિંતન કરીને મદાલસાનું સાંભળ્યું હતું તેવા રૂપનું સ્મરણ કરીને વિધિ મુજબ સુખેથી પિંડનું ભક્ષણ કર્યું. (૪૭). પિંડનું ભક્ષણ કરતાં જ ઝડપથી એકદમ શ્વાસોચ્છવાસ ચાલવા લાગ્યો. પ્રાણ વ્યાકુળ થવા લાગ્યા અને એ જ ક્ષણે નાક દ્વારા (શ્વસન માર્ગે ) એક સ્થૂલ પિંડ પડ્યો. (૪૮). મદાલસાનું એ જ તેજ:પુંજ શરીર, એ જ રૂપ, એ જ અવાજ, એ જ વર્ણ અને એ જ ગુણવાળુ રૂપ અંગૂઠા જેવડું થઇને પડ્યું. પહેલાં એ પિંડ અચેતન હતો. પછી ક્ષણમાં જ પહેલાંના જેવું ચેતનવાળું (મદાલસાનું શરીર) દેખાવા લાગ્યું. (૪૯-૫૦). એને ગયા જન્મની બધી જ સ્મૃતિ રહી પરંતુ અગ્નિમાં બળી મરી હતી તે યાદ રહ્યું ન હતું. તે પતિના ગુણો યાદ કરીને પોતાના વાળ દુ:ખથી તોડવા લાગી અને બોલવા લાગી કે હે નાથ ! તમે મને ત્યજીને, દુ:ખના સાગરમાં આમ ધક્કો મારીને ક્યાં જતા રહ્યા છો? (૫૧-૫૨). હું આપનાં ચરણમાં માથું મૂકીને મારા અપરાધની માફી માગું છું. આપ જલદીથી તમારું દર્શન આપો. તમે મારો પોકાર કેમ સાંભળતા નથી? (૫૩). હે નાથ ! આપ તુરંત આવો, નહિતર હું કંઠી સાથે અગ્નિમાં બળી મરીશ અને પછી તમારી બદનામી થશે.

આ રીતે વિલાપ કરતી કરતી સુંદર રૂપવાળી યોગિની મદાલસા અગ્નિમાં પ્રવેશ કરવા માટે ઝડપથી ઊઠી. (૫૪-૫૫). એ જોઇને અશ્વતર નાગને ખૂબ આશ્ચર્ય થયું. એ સમજી ગયો કે આને (મદાલસાને) ગયા જન્મની બળી મર્યાની વાત યાદ નથી અને તેથી જ આમ સહગમન માટે દોડી રહી છે. એટલે એને યુક્તિપૂર્વક સમજાવીને અંત:પુરમાં સંભાળીને રાખી. પછી પોતાના પુત્રને બોલાવીને એ ચતુર (હોશિયાર) નાગે કહ્યું કે રાજાને આ બધી વાત કર્યા વગર અહીં લઇ આવો. એ બન્નેની ઇચ્છા અહીં ચોક્કસ પૂરી થશે. (૫૬-૫૯). નાગના પુત્રો તપસ્વીના વેષમાં આવીને કહેવા લાગ્યા કે હે મિત્ર ! આજે તું અમારા આશ્રમે આવ. અમારા પિતાને તને મળવાની (જોવાની) ઇચ્છા છે. આપણે તરત જ પાછા ફરીશું એટલે તુ શંકા-કુશંકા ના કરીશ. (૬૦-૬૧). મિત્રોનાં વચન સાંભળીને 'ભલે ત્યારે' એમ કહીને રાજકુમાર નાગપુત્ર સાથે પ્રેમથી ઊઠ્યો. (૬૨). એણે મનમાં વિચાર્યું કે આ મિત્રોના પ્રેમનું બંધન તોડવું (એમને ના કહેવી) યોગ્ય નથી. એમ વિચારીને એણે કહ્યું કે તેણે કહ્યું, ચાલો હું તમારી સાથે આશ્રમે આવું છું. ચાલો આપણે જલદીથી જઇએ. (૬૩). મિત્રોમાં આનંદથી આપ-લે થાય, એકમેકને અંગત (ખાનગી) વાતો કરે અને એકબીજાને પ્રેમથી ખાઇ-ખવરાવે એવા દિવ્ય પ્રેમને ધન્ય છે. (૬૪). આમ વાતો કરતાં કરતાં બધા ગોમતીના તીરે આવ્યા અને પાણીમાં જવા માટે નાગપુત્રોએ રાજાનો હાથ ઝાલ્યો. (૬૫). આવું સાહસ જોઇને રાજા અંતરમાં બીધો અને બોલ્યો કે તમે લોકો કોણ છો? મને હવે શંકા થાય છે. (૬૬). આજ સુધી હું તમને તાપસ પુત્રો સમજીને તમારી સાથે રમ્યો હતો. પણ આજે આ વિચિત્ર શું જોઉં છું? મને સાચું શું છે તે કહો. (૬૭). એ સાંભળીને નાગપુત્રો હસીને બોલ્યા કે પાતાળની અંદર ઇશ્વરનો ભક્ત એવો જે અશ્વતર નાગ વસે છે તેના અમે પુત્રો છીએ. અમે તને પ્રેમથી પાતાળમાં લઇ જઇએ છીએ. ત્યાં પિતાશ્રીનાં દર્શન થશે. તુ શંકા ના કર. અમે બીજા કોઇ નથી એટલે તું બીક ન રાખ. (નિર્ભય થા.) (૬૮-૭૦). આમ કહીને પિતાનાં દર્શન માટે એને યોગના પ્રભાવથી પાતાળમાં લઇ ગયા. (૭૧). એ પાતાળની રચના અને બધાં જ દિવ્ય ધામને જોઇને રાજકુમાર હૃદયમાં ખૂબ જ પ્રફુલ્લિત થયો. (૭૨). આવીને એણે નાગને વંદન કર્યાં. અશ્વતર (નાગ) પણ ખૂબ પ્રસન્ન થયો. એને આનંદથી ભેટી પડીને એનું માથું સૂંઘી રાજી થયો. (૭૩). તું દીર્ઘાયુ થા, તું સમ્રાટ થા, તું સુખી થા એવી આશિષો આપી. રાજા બોલ્યો કે હું આજે ધન્ય ધન્ય થઇ ગયો. મિત્રોના કારણે મને આજે આપનું અલૌકિક દર્શન થયું એટલે હું ધન્ય થઇ ગયો. તમે આ દાસને પાવન કરી દીધો છે. હું અનન્ય ભાવથી આપનાં ચરણોમાં પ્રણામ કરું છું. (૭૪-૭૫). માટી ખોદવા જતાં નસીબજોગે (ધનનો) ભંડાર હાથ લાગી જાય તેવું આજે થયું છે. હું ખરેખર કૃતાર્થ થઇ ગયો છું. (૭૬). નાગે કહ્યું કે હું પણ તને મળવા માટે ખૂબ જ ઉત્સુક (આતુર) હતો. આજે એ શુભ અવસર મળ્યો અને મારી દર્શનની ઇચ્છા પૂરી થઇ. (૭૭). તને જોઇને મને ખૂબ જ સંતોષ થયો છે. મારા પુત્રોએ જે રીતનું વર્ણન કર્યું હતું, બરોબર એ જ પ્રમાણે બધું છે. (૭૮). તું બધા ગુણોનો ભંડાર છે અને સુશીલ છે. તને જે યોગ્ય લાગે તે વરદાન માંગ. તું જે માગશે તે હું તને ચોક્કસ આપીશ. એમાં અનુમાન (તર્ક-શંકા) કરીશ નહિ. (૭૯). રાજકુમાર બોલ્યો કે મારા ઉપર આપની અવિરત કૃપાદૃષ્ટિ (રહેમ નજર) રહો. હે સર્પોમાં શ્રેષ્ઠ ! આ સિવાય હું બીજું શું માગું? (૮૦).

આપની કૃપાથી પિતાના રાજ્યમાં બધું જ ભરેલું છે. મારું મન હંમેશાં ધર્મમાં રહે અને પિતૃદેવ અને અતિથિની હંમેશાં સેવા થાય એવું અત્યારે માગું છું. એટલે નાગે કહ્યું કે એવું તો થશે જ અને તને અહર્નિશ સિદ્ધિ મળશે. તું હંમેશાં ધર્મમાં રત રહેશે અને પિતૃભક્ત પણ થશે. તું પ્રજામાં પણ પ્રિય થઇ પડશે એવી મારી તને આશિષ છે. (૮૧-૮૩). આ સિવાય પણ મનમાં બીજી કોઇ ઇચ્છા હોય તો તે તું માગ. આ સાંભળીને રાજાએ શરમના માર્યા મિત્રો તરફ જોયું. (૮૪). એનાં મનનો ભાવ જાણી જઇને, એ હોશિયાર નાગસુત બોલ્યા કે હે પિતાજી ! મદાલસા વિના એને બીજી કોઇ ઇચ્છા નથી. (એના વિના એને બીજું કાંઇ જોઇતું નથી.) (૮૫). એ રાત દિવસ એના નામનું જ રટણ કર્યા કરે છે. (એને જ યાદ કર્યા

કરે છે.) એના વિના બીજા કશાનો વિચાર જ નથી કરતો. નાગે કહ્યું પણ કમનસીબે એ તો બળી મરી છે ને ! (૮૬). સ્નેહીજનો (પ્રાણી-ભૂતો) સાથે પ્રારબ્ધવશ મળવાનું અને છૂટા પડવાનું બન્યા જ કરે છે. ડાહ્યા માણસે આ વાત સમજીને શોક કરવો જોઇએ નહિ. (૮૭). આમ છતાં તને ઉત્કટ ઇચ્છા હોય તો હું તને માયાથી નિર્મિત એવી તારી પ્રિયાને તરત જ બતાવું. એવું કહીને મદાલસાને બોલાવીને એ નાગે એને દૂરથી બતાવી. રાજા તો ઘેલો (મુગ્ધ) થઇ ગયો. (૮૮-૮૯). અરેરે ! હે પ્રિયા ! તું અહીંયાં ક્યાંથી? એવું બોલીને એ તરત જ પ્રેમથી ભેટવા માટે દોડ્યો. ત્યાં તો સર્પના એ રાજાએ એનો હાથ ઝાલીને એને ઊભો રાખીને કહ્યું કે હે રાજા ! આ તો કેવળ માયા છે. તું એકદમ ઘેલો ના થા. (૯૦-૯૧). આ તો માયાવી પૂતળી છે. ભલે તું એને દૂરથી જો. એને સ્પર્શ કરતાં એ અદશ્ય થઇ જશે. તેથી તું કાંઇ વિવેક રાખ. (૯૨). તું (સારાસારનો) વિચાર છોડીને આ માયા થકી કેમ ભૂલે છે? હૈયામાં ધીરજ રાખ અને આમ આકુળવ્યાકુળ ન થા. (૯૩). અશ્વતર નાગે એને આમ અનેક રીતે શિખામણ આપી પરંતુ તેમ છતાં એ તો વેવલી સ્ત્રીની જેમ લાજ-શરમ છોડીને દોડ્યો. (૯૪). હે પ્રિયા ! એમ બોલીને તરત જ બેભાન થઇને પૃથ્વી પર ઢળી પડ્યો. એની આવી વ્યથાભરી સ્થિતિ જોઇને અશ્વતર નાગે એને પ્રેમથી ઉઠાડીને સાંત્વન આપતાં કહ્યું કે હે રાજા ! તું હવે શોક ના કર અને સાવધાન થા. (૯૫-૯૬). એ તારી પ્રિય પત્ની જ છે. ભગવાન શંકરની કૃપાથી એ ફરી જીવતી થઇ છે. તું હવે આનંદમાં આવી જા. એમ કહીને પ્રેમપૂર્વક વિધિસર કન્યાદાન આપીને રાજાને રત્નો વગેરે આપીને રાજી કરી દીધો. (૯૭-૯૮). આ સરસ્વતી માતાની કૃપા છે અને ભગવાન શિવનો પ્રસાદ છે. એ વિશેની સવિસ્તર વાત સાંભળીને રાજા તો દિઙ્મૂઢ જ થઇ ગયો. (૯૯). મદાલસા પણ પતિને જોઇને રાજી રાજી થઇ ગઇ. ત્યાં આનંદ આનંદ થઇ ગયો. રાજાએ સંતોષ પામીને કહ્યું કે હું આપનો આ ઉપકાર કેવી રીતે ભૂલી શકું? એ કેવળ અપૂર્વ છે. કલ્પના અંતે પણ આ ઉપકારનો બદલો વાળી શકું એમ નથી. હું આપને ચરણે મારો દેહ અર્પું છું. (૧૦૦-૧૦૧). આવું કહીને ત્યાં થોડા દિવસ પત્ની સાથે રહીને, સુખથી અમૃત પાન કરીને પછી અશ્વતર નાગનાં ચરણમાં પ્રણામ કરીને જવાની આજ્ઞા (રજા) માગી. પોતાના મિત્ર (નાગપુત્ર) સાથે રાજ્યમાં આવ્યો અને નગરમાં આવીને પિતાને તરત જ સમાચાર કહેવડાવ્યા. (૧૦૨-૧૦૩). આ સાંભળતાં જ શત્રુજિતને અપાર આનંદ થયો અને નગરજનો સાથે એ હરખભેર સામે લેવા આવ્યો. (૧૦૪). મદાલસાને પણ સાથે જોઇને બધાને આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યા કે આ પાછી કેવી રીતે જીવતી થઇને આવી? ચોક્કસ ભગવાન શંકર જ પ્રસન્ન થયા જણાય છે. (૧૦૫). મદાલસાનું એ જ રૂપ, એ જ ગુણો, એ જ આકૃતિ, એ જ બોલવાની ઢબ, એ જ અવાજ, એ જ ઉંમર અને એ જ પહેલાંનો સ્વભાવ. આ તો અપૂર્વ એવું આશ્ચર્ય છે. (૧૦૬). અંદરોઅંદર (પરસ્પર) આવું કહીને બધા આશ્ચર્ય વ્યકત કરતા હતા. રાજાએ કહ્યું કે આ (મદાલસા)તો બળી મરી હતી પછી પાછી ક્યાંથી આવી? આમ કહીને રાજા ત્યાં જઇને પુત્રને ભેટી પડ્યો અને ગળગળો થઇને ખૂબ રડ્યો. પ્રેમાશ્રુથી પુત્રને નવરાવી દીધો. (૧૦૭-૧૦૮). એણે કહ્યું કે બેટા ! તને ધન્ય છે. તું ભાગ્યશાળી છે, સમજુ છે, આ પૃથ્વી ઉપર તારા જેવો બીજો કોઇ વંદન કરવાને યોગ્ય નથી. (૧૦૯). તું પુણ્યબળે દેવલોકની કન્યાને પરણ્યો હતો. પ્રારબ્ધયોગે એનો નાશ થતાં તેં એને ફરી પાછી મેળવી છે. (૧૧૦). તેં ત્રણે લોકમાં કીર્તિ ફેલાવી છે. આવું કહ્યું, ન કહ્યું ત્યાં તો નગરજનો દોડી આવ્યા અને મોટો ઉત્સવ થયો. (૧૧૧). તોરણો બાંધીને અને ધજા પતાકા ફરકાવીને આખી નગરીને શણગારી દીધી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. બધે ચંદનજળ છાંટ્યું હતું અને જાણે ચંદનજળના ફુવારા ઊડતા હતા. લાનીથી કન્યાઓ બંનેને વધાવતી હતી. (૧૧૨-૧૧૩). આમ વાજતેગાજતે રાજકુમારે આનંદથી નગરમાં પ્રવેશ કર્યો. એને જોતાં જ લોકોનાં દુઃખ દૂર થઇ જતાં હતાં. (૧૧૪). એણે યથાયોગ્ય સત્કાર કરી બધાને સંતોષ્યાં. પિતાના ચરણોમાં ભાવપૂર્વક વંદન કરીને એને બધી વાત કહી સંભળાવી. (૧૧૫). એણે કહ્યું કે હે પિતાજી ! આ બધો ઉપકાર આ બન્ને નાગપુત્રોનો છે. પ્રારબ્ધવશ આ બન્નેનો મેળાપ થયો. (૧૧૬). હું જંગલમાં દુઃખમાં રહેતો હતો ત્યારે એમની

સાથે મિત્રતા થઇ. એમણે મારું દુ:ખ એમના પિતા અશ્વતર નાગને કહ્યું. (૧૧૭). એમના પિતાએ હિમાલય પર જઇને ભારે તપશ્ચર્યા કરી અને સરસ્વતીને અને શિવને પ્રસન્ન કરીને અપૂર્વ વરદાન માગ્યું. (૧૧૮). એ વરદાનના પરિણામે આ (મદાલસા) ફરી જન્મી અને એ નાગે મને માન સહિત એનું કન્યાદાન કર્યું. (૧૧૯). પુત્રનાં આવાં વચનો સાંભળીને રાજાએ કહ્યું કે આ તો ભારે આશ્ચર્ય કહેવાય. મને આ જાણીને અત્યંત આનંદ થયો છે અને મારી શંકા દૂર થઇ છે. (૧૨૦). ઘણાં વર્ષો પહેલાં દક્ષની કન્યા સતી શંકરને પરણ્યા હતા પરંતુ (પિતાના ઘરે યજ્ઞમાં) બળી જઇને સતી ફરી પાછાં હિમાલય પર્વતનાં પુત્રી થઇને જન્મ્યાં હતાં અને એ (હિમાલય પુત્રી) પાર્વતી ફરીથી મહાદેવને પરણ્યાં હતાં. એ જ રીતે મદાલસા પણ એ જ પતિને ફરી પાછી પરણી.(૧) (૧૨૧-૧૨૨). એમનાં તપોબળને ધન્ય છે. એમણે તો અમારા કુળને તારી દીધું. ગંગાના નિર્મળ જળ જેવું એમનું શીલ છે. (૧૨૩). આમ પ્રેમપૂર્વક કહીને નાગપુત્રનું અતિભાવથી સન્માન કરીને પછી વિદાય આપી. (૧૨૪). બ્રાહ્મણોને ભોજન આપીને અને યાચકોને ધન આપીને તુષ્ટ કર્યા. ત્યાં મહોત્સવ થઇ રહ્યો છે અને જરા પણ દુ:ખ દેખાતું નથી. (જણાતું નથી.) (૧૨૫). ભગવાન શંકરના પ્રસાદથી મદાલસા ફરી પાછી જીવતી થઇ એનું વર્ણન આ અધ્યાયમાં અલખે નિરંજનને કર્યું. (૧૨૬). પોતાના સુપુત્રને રાજ્ય સોંપીને પિતા વનમાં જશે એ વાતનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં **રંગ** પ્રેમથી ગાશે. ત્યાં ધર્મમેઘની અમૃતવૃષ્ટિ થશે. આના કારણે સદ્‌બુદ્ધિવાળા મનુષ્યો-ચાતક હરખાશે અને (દુષ્ટજનો) કાગડા રડશે. (૧૨૭-૧૨૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મદાલસાપુનરુજ્જીવન'** નામનો **ત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૦

(૧) મદાલસા ભગવાન શંકરની પ્રસાદીરૂપે ફરી જીવતી થઇ એ વાતને સતીના પ્રસંગ સાથે સરખાવીને આપણને તાદશ્ય ચિત્ર ખડું કર્યું છે. જ્યારે ભવાની દક્ષ પ્રજાપતિને ત્યાં સતી તરીકે જન્મ્યાં હતાં ત્યારે એમનાં લગ્ન ભગવાન શંકર સાથે થયાં હતાં. એક વાર સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે ભગવાન શંકરે એને બરાબર માન આપ્યું નહિ એવાં કારણસર એ રોષે ભરાયા. એમણે ભગવાન શંકરનું અપમાન કરવા યજ્ઞ કર્યો. બધાં દેવ-દેવીઓને આમંત્રણ આપ્યાં પણ ભગવાન શંકરને આમંત્રણ આપ્યું નહિ. પિતાના ઘરે યજ્ઞ છે એવું જાણીને સતીએ જવાની ઇચ્છા દર્શાવી અને કહ્યું કે બાપના ઘરે વગર આમંત્રણે જવામાં દીકરીને વાંધો નહિ. ભગવાન શંકરે કહ્યું કે તમારે જવું હોય તો જાવ પરંતુ એમાં તમારું કલ્યાણ નથી. ભગવાનની ના હતી, છતાં સતી યજ્ઞમાં ગયા તો ત્યાં એની માતા સિવાય એની સાથે કોઇ બોલ્યું પણ નહિ. પિતાએ પણ એને આવકારી નહિ. યજ્ઞમાં પણ ભગવાન શંકરનું સ્થાન નહિ જોતાં એમને ખૂબ ગુસ્સો આવ્યો અને યજ્ઞમાં બળી મર્યા. આ જ સતી બીજે જન્મે હિમાલયનાં પુત્રી પાર્વતી (પર્વતનાં પુત્રી) તરીકે જન્મ્યાં અને તપ કરીને ભગવાન શંકર સાથે ફરી પરણ્યાં.

●

## અધ્યાય : ૩૧

આ અધ્યાયનું નામ '**મદાલસયા પુત્રત્રયાય નિવૃત્તિમાર્ગ કથન**' છે.

આ અધ્યાયમાં **૧૪૨** દોહરા છે અને **બે** હાલરડાં છે.

આ અધ્યાયમાં શત્રુજીત રાજા (ઋતુધ્વજ) કુવલયાશ્વને રાજ્ય સોંપીને જંગલમાં જાય છે. શુભ મુહૂર્તમાં કુવલયાશ્વને રાજ્યાસન પર બેસાડીને, જંગલમાં જઇને તપસ્યા કરી શત્રુજીત જ્ઞાન પ્રાપ્ત કરીને તે મુકત થઇ ગયા. આ બાજુ કુવલયાશ્વએ રાજ્ય કરવાનું શરૂ કર્યું. (૧-૭).

દિવસો જતાં મદાલસાએ એક પુત્રને જન્મ આપ્યો. સ્તનપાન કરાવતાં અને હાલરડાં ગાતાં મદાલસાએ અદ્વૈતામૃતનું જ્ઞાન પાયું. રાજાએ એનું નામ વિક્રાંત પાડ્યું. એ સાંભળીને મદાલસા હસી. રાજાને થયું કે આ કેમ હસી? એને પૂછ્યા વગર નામ પાડ્યું તેથી હસી હશે? થોડા સમય પછી મદાલસાએ બીજા પુત્રને જન્મ આપ્યો. એનું નામ રાજાએ શત્રુમર્દન પાડ્યું. આ નામ સાંભળીને પણ મદાલસા હસી. સમય જતાં રાણીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો. રાજાએ એનું નામ સુબાહુ પાડ્યું. ફરી પાછી મદાલસા હસી. રાજાને ખૂબ લાગી આવ્યું. (૮-૮૦).

જ્યારે રાણીએ ચોથા પુત્રને જન્મ આપ્યો ત્યારે રાજાએ રાણીને નામ પાડવાનું કહ્યું અને પૂછ્યું કે તું દરેક વખતે કેમ હસતી હતી? રાણી મદાલસાએ નામની અર્થહીનતા દર્શાવી. વિક્રાંત એટલે ગતિ, પણ ગતિ કોણ કરે? જે પરિછિન્ન હોય તેને ગતિ હોય. આત્મા તો અપરિછિન્ન છે. આત્માને શત્રુ જ નથી તો પછી શત્રુમર્દન નામ કેવું? બાહુબળથી જીતે તે સુબાહુ કહેવાય. રાજાએ કહ્યું કે તો હવે આ ચોથા પુત્રનું ગુણ પ્રમાણેનું નામ તું જ પાડ. એણે એનું નામ અલર્ક પાડ્યું અને સમજાવ્યું કે હડકાયા કૂતરાની જેમ એ વિષયો તરફ દોડશે. હડકાયા કૂતરાને લોકો અલર્ક કહે છે. વળી એ આગળ ઉપર વૈરાગ્યથી જ્ઞાન વિભૂષિત થશે એ અર્થમાં 'અલ્' ધાતુનો અર્થ 'ભૂષણ' એમ કરીએ તો પણ નામ યોગ્ય જ ગણાશે. પરંતુ રાણીની આ તત્ત્વસભર ભાષાને રાજા સમજી શકયો નહિ. ભગવાનની માયાને કોણ સમજી શકયું છે? (૮૧-૧૪૨).

રંગ કહે છે કે યોગિવર અલખ આગળ બોલે છે અને શિષ્ય નિરંજન અનન્ય ભાવથી સાંભળે છે. (૧). યુવાન કુવલયાશ્વ અને મદાલસા કામદેવ (મન્મથ) અને રતિની જેમ પરસ્પર પ્રેમથી આનંદ કરે છે. (૨). આ જોઇને રાજાએ આનંદથી કહ્યું કે હે કુવલયાશ્વ ! હવે હું વૃદ્ધ થયો તેથી હવે મારે માટે રાજ્યાસન ઉપર બેસવું યોગ્ય નથી. એટલે હવે તને રાજ્ય સોંપીને વનમાં તપ કરવા જાઉં એ યોગ્ય છે અને એ જ સાચો ક્ષાત્રધર્મ પણ છે. (૩-૪). પુત્રને આવું કહીને, શુભ મુહૂર્ત જોઇને એણે પુત્રને વિધિસર રાજ્યાસન પર બેસાડી દીધો. પછી એ રાજા આનંદથી વનમાં ગયો અને તપશ્ચર્યા કરી, જ્ઞાન મેળવીને મુકત થઇ ગયો. (૫-૬).

કુવલયાશ્વ પણ નીતિપૂર્વક બધાને સંતોષ મળે એ રીતે રાજ્ય કરવા લાગ્યો અને પ્રજાને પુત્રની જેમ પાળતો હતો. એનાથી બધાને ખૂબ આનંદ થતો હતો. (૭). શિવનાં વરદાનને લીધે મદાલસા યોગિની અને બ્રહ્મવાદિની સમી અનાસકતભાવે હંમેશાં વર્તતી હતી. (૮). બ્રહ્મનિષ્ઠ હોવા છતાં પણ લોકોને શીખવાનું મળે એ હેતુથી પતિની આજ્ઞા મુજબ હંમેશાં એને અનુકૂળ થઇને રહેતી હતી. (૯). દિવસો જતાં નસીબજોગે એ ગર્ભવતી થઇ અને યોગ્ય સમયે સૂર્ય જેવા પુત્રને

જન્મ આપ્યો.① (૧૦). જન્મ થતાંની સાથે જ સતીએ પુત્રને જ્ઞાનનો ઉપદેશ કર્યો અને અદ્વૈતનું અમૃત પાઇને એને ઉછેરવા (પોષવા) લાગી. (૧૧). એ કેવળ જીવતો રહે (મરી ન જાય) એટલા પૂરતું જ (મદાલસા) ઉદાસીન જેવી થઇને એને કોઇ કોઇ દિવસ ધવરાવતી હતી. ધન્ય છે એ માતાને. (૧૨) . જન્મતાંની સાથે જ બાળકને રડતો સાંભળીને બોલી કે અરે ! તું આમ હેરાન પરેશાન થઇને રડે છે કેમ ? આ શરીરરૂપી પારણાંમાં સ્વાનંદમાં મસ્ત થઇને ઝૂલ. (૧૩).

## હાલરડું (૧)

હે કુંવર ! આ પારણામાં ઝૂલો. તું આમ કેમ રડે છે? તને મહામુસીબતે આ પુણ્ય મનુષ્ય શરીર મળ્યું છે ! (ટેક)

તું જતાં જતાં રસ્તામાં ભૂલો પડ્યો અને તેથી લખ ચોરાસી યોનિમાં સારાં-નરસાં કામો કરીને તું આમને આમ રખડતો રહ્યો છે. (૧).

તેં દેવનું ધ્યાન ધર્યું, તપ અને તીરથ કર્યાં અને પુણ્ય તેમજ દાનો પણ કર્યાં. આમ છતાં તારું આ મન શાંત તો થયું નથી અને ચારે દિશામાં ભટકયા કરે છે. (૨).

તું રૂપમાં મોહ્યો ને તારી આંખે દગો દીધો, તો પણ તું એથી ચેત્યો નથી. તું ગધેડાની જેમ વિષયો ચૂંથીને અહીં નરકમાં પડી રહ્યો છે. (૩).

ભોગવેલા ભોગમાં ફરી ફરીને તું કેમ બેશરમ થઇને આનંદ માણે છે? તું મારું માનીને આજે સ્વીકાર કે વૈરાગ્ય વગર આ મન કદી શાંત થતું નથી. (૪).

તેં ઘણાં બજારોમાં (અનેક જન્મો લઇને સંસારમાં) શોધ કરી પરંતુ તને જોઇતી વસ્તુ ત્યાં મળી નથી. તું ભૂલી જઇને નાહકનો ભટકયા કરે છે અને તારી કિંમતી કાયા (મોંઘો જન્મારો) વેચી નાંખે છે.② (૫).

હવે તું સાચા રસ્તે આવ્યો છે. એટલે તું સાવધ થઇ જા. આ નકામું રડવાનું છોડી દે, નહીં તો ડૂબી મરીશ. (૬). .

આ છેતરપિંડીવાળો (ઠગારો) મોહ છોડીને તારો પોતાનો વિચાર કર. બહાર ફાંફાં મારવાનાં છોડીને તારા અંતરમાં એનું મૂળ શોધ. (૭).

તું જન્મ મરણને આ રીતે શું કામ રડે છે તે કહે. તું તો નિર્વિકાર છે એટલે એ (જન્મ-મરણના વિકારો-ફેરફારો) તને સ્પર્શી શકે એમ જ નથી. (૮).

તું પોતાને આ દેહ માનીને રડે છે પણ એ દેહ તો એક તરકટ (તૂત) જ છે. એ પહેલા હતો જ નહિ અને પછી રહેશે પણ નહિ અને તેથી એ મિથ્યા છે એમ જાણ. (૯).

માતાપિતાના રક્ત-રેતમાં(અમંગલ-મેલમાં)થી થયેલો આ દેહ વચ્ચે દેખાય છે. એ સ્વાત્મારૂપ મંગલ ચેતન કેવી રીતે હોઇ શકે? (૧૦).

આ હાડ અને માંસના રૂપ (દેહ)ને પોતાનું સ્વરૂપ માનીને તું અહં (હું) અને મમત્વ (મારાપણા)થી શું કામ મરે છે અને શું કામ હાથે કરીને આ સંસારરૂપી કૂવામાં પડે છે? (૧૧). માતા કોણ અને પિતા કોણ? પત્ની કોણ અને પરિવાર કોણ? વગર વિચાર્યે હે બાળક ! તું શું કામ મારું મારું કરે છે? (૧૨).

આ શરીર એટલે હાડકાં, માંસ તથા તે ઉપર ચામડું મઢ્યું છે તે. અંદર વિષ્ઠા (મળ) અને મૂત્ર છે. આવાને (ગંદા દેહને) હું હું કહીને હે પુત્ર ! નાહકનો શું કામ દુ:ખી થાય છે? (૧૩).

આ તામસ દેહ એ તું નથી. પ્રાણ રજોગુણી છે. ખાવા-પીવાનાં કાર્યો ઇંદ્રિય કરે છે અને એ જ પાપ-પુણ્ય કરે છે. (૧૪).

હે બાળ ! તું એનાથી વિલક્ષણ અને કેવળ નિર્લેપ છે. તારામાં કર્તાપણું કે ભોગવવાપણું (ભોકતાપણું) છે જ નહિ. તું તો કાળનો પણ કાળ છે. (૧૫).

તું તો જ્ઞાનેંદ્રિય, મન અને બુદ્ધિનો સત્ત્વ (અંત:કરણમાં રહેલો) સાક્ષી છે. વિકૃતિ-ગતિ ચંચલ છે. પણ તું તો એનાથી જુદો છે. (૧૬).

જ્ઞાનેંદ્રિયમાં રહીને 'હું કરું છું' એવું અભિમાન કરનાર કે વધ-ઘટ થતી ચંચલ બુદ્ધિ એ સ્વપ્નમાં પણ તું નથી એ જાણી લે. (૧૭).

પ્રિય, મોદ અને પ્રમોદથી જે આનંદાત્મા જણાય છે તે ભોકતા તારાથી દૂર રહે છે. તું તો એનાથી પર છે એ વાત નિ:સંદેહ (શંકારહિત) છે.③ (૧૮).

પોતાને જોઇને સ્વાત્મા આત્મતૃપ્ત રહે છે. તું તો નિત્ય મુકત છે એટલે તારે જવું કે આવવું હોતું નથી. (૧૯).

ત્રણ દેહ અને ત્રણે અવસ્થાનો તું સાક્ષી છે અને તું ત્રણેથી પર છે. તું અણુ-મેરુમાં બધે વ્યાપી રહ્યો છે. તું સત્ય અને પૂર્ણ છે એ તદ્દન નિશ્ચિત છે. (૨૦).

આમ તારા સ્વરૂપને, આ જન્મ મરણ તને નથી, તું તો કેવળ અસંગ છે એવું વિચારીને હંમેશાં રહે. (૨૧).

●

આવો બોધ સતી વારે વારે આપે છે અને ગાન (હાલરડાં)નું નિમિત્ત બનાવીને રોજ જ્ઞાનામૃતનું પાન કરાવે છે. (૧૪).

પુત્રના કાને દ્વૈતની વાત કયારે પણ ન આવે એ રીતે વેદાંતામૃતનાં પાનથી, માતા બાળનું પોષણ કરે છે. (૧૫). માતા બોલી કે તું આમ ચત્તો પડીને શું કામ રડે છે? આત્માનું વિસ્મરણ એ જ સહજ મૃત્યુ છે. પરંતુ એવા પ્રમાદનું તો તારામાં નામ નિશાન નથી. (૧૬).

## હાલરડું ૨

હે બાળ ! તું કેમ રડે છે? તને તો મૃત્યુ પણ સ્પર્શી શકતું નથી. (ટેક)

તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિત્ય છે, નિરામય છે. તને કોઇ રોગ સ્પર્શી શકતો નથી. તું તો સ્વયં કિરતાર છે પછી તું નાહકનો શું કામ બ્હીએ છે? (૧).

આ સ્થૂલ (પાંચ ભૌતિક) દેહ તો વચ્ચે દેખાય છે એટલું જ. એ ક્ષણભંગુર છે એટલે એનો નાશ નિશ્ચિત જ છે. તું દેહ નથી પણ દેહી છે એટલે આ માયાની જાળથી પર થઇને જો. (૨).

આ દેહ એક દિવસ નાશ પામવાનો છે, તે ભલે નાશ પામતો. તું તો અવિનાશી (નિશ્ચલ) છે. એટલે તને શું ફેર પડવાનો છે? જે આ સ્થૂળ દેહ (હાડ અને ખાલ)માં મમતા રાખશે તે અંતે પસ્તાવાનો છે. (૩).

તું દેહી તરીકે ન્યારો અને નિ:સંગ છે. દેહનો નાશ થતાં તારામાં કોઇ ફેરફાર (ભંગ) થતો નથી. હે શુદ્ધ, નિરંજન ! હે વિશ્વ પ્રતિપાળ ! એને માટે તું કેમ રડે છે? (૪).

તું તો સમગ્ર વિશ્વનો પિતા (સર્જક) છે. પછી તું કોનો પુત્ર ગણાય? આ બધા લોક તારા ઉદરમાં રહેલા છે. તું તો અજ્ઞજનોને તારનાર છે. પછી ખોટા વિચારે (અવિવેકે) કેમ શોક કરે છે? (૫).

આ શરીર એ તો પાંચ ભૂતોનું ખોખું છે. એ જડ છે અને અન્નમયકોષથી બનેલું છે. એ સાવ જ શુષ્ક-અચેતન છે. તું તારી અંદર જો. એની અંદર દેખાતું ચેતન તો શરીરથી જુદું જ છે. (૬).

આ દેહ જ શોકનું મોટું કારણ (ઘર) છે. ખરેખર તો આદિ અંતમાં દેહ હોતો જ નથી. દેહ વધે છે, એનો ક્ષય થાય છે માટે એ દેહ તું નથી. પછી શું કામ નાહકનું કપાળ કૂટે છે? (૭).

બ્રહ્મ સનાતન છે અને સચ્ચિદાનંદ છે. જ્યારે શરીર વગેરે તો વર્તમાનમાં જ જણાય છે. (એ સનાતન નથી.)

જેમ અગ્નિની જ્વાળા હોય છે તેમ (દેહાદિક) બ્રહ્મમાં પ્રતિકણમાં ને પ્રતિક્ષણમાં વર્તે છે. (૮).

સુખ અને દુ:ખ એ મનનો વ્યાપાર છે અને જન્મ તથા મૃત્યુ એ દેહના વિકારો છે. તું (આત્મા) તો એનાથી તદ્દન જુદો જ છે અને સાક્ષીરૂપ છે. તું તો સુખનું નિવાસ સ્થાન છે. (૯).

આ તારો દેહ છે તો પછી તું કેવી રીતે દેહ હોઇ શકે? તું મન, ઇંદ્રિય કે બુદ્ધિ પણ નથી. તું તો બધાનો આધાર એવો સચ્ચિદાનંદ બ્રહ્મ છે. (૧૦).

તારી સત્તા (હાજરી માત્ર)થી બધા પોતાની પ્રવૃત્તિ કરે છે અને બધાં દોડા દોડી કરતાં ભાસે છે. આ બધા ચાળા તારી હાજરીને કારણે જ થાય છે. આ વિશ્વ એ તારી નાર છે. (તું અધ્યક્ષ-પતિ છે.) (૧૧).

તું સ્ત્રી, પુરુષ કે નપુંસક નથી. ખરેખર તું એક અને અભેદ્ય છે. તું નામ અને રૂપથી પર એવો નિર્વિકારી છે. તું કાળનો પણ કાળ છે. (૧૨).

દેહાધ્યાસે (દેહને આત્મા માનવાની ગેરસમજ) મમતા વળગી છે અને એટલે જ સુખ અને દુ:ખની હોળી સળગી છે. (સુખ અને દુ:ખનું મૂળ આ મમતા છે.) હે બાળ ! એવાને અહંકારની ડાકણનું ભૂત (ભ્રમણા) વળગ્યું છે. તેને તું બાળી નાંખ. (૧૩).

આ દેહ અશુદ્ધ છે, નાશવંત છે અને દુ:ખાત્મક છે અને એ દેહાદિકના રંગ તો તું નથી. તું તો હંમેશાં શુદ્ધ છે. સચ્ચિદાનંદ છે અને ૐકાર સ્વરૂપ છે. (૧૪).

•

ગાવાનો અવાજ સાંભળીને દાસીએ રાજા પાસે દોડી જઇને કહ્યું કે આપના ઘરે પુત્ર જન્મ થયો છે. લાવો, વધાઇ આપો. (૧૭).

આવી વધાઇને સાંભળીને રાજાના અંતરમાં ખૂબ આનંદ થયો. દાસીને વધામણી આપીને રાજી કરી અને વિધિસર જાતક કર્મ કર્યું. (૧૮). બ્રાહ્મણોને ગાય, જમીન અને સોનું આપીને સંતોષ્યા (રાજી કર્યા). પછી રાજાએ પ્રેમથી પુત્રનું 'વિક્રાંત' એવું નામ પાડ્યું. (૧૯). નગરમાં ઉત્સવ ઉજવાયો અને લોકો આનંદ માણવા લાગ્યા. (રાજાએ વિક્રાંત નામ પાડ્યું) એ નામ સાંભળીને રાણી મદાલસા સ્વચ્છંદે (પોતાની રીતે) હસી. (૨૦). એ જોઇને ઉદાસ થયેલા રાજાએ મનમાં વિચાર્યું કે એને પૂછ્યા વગર મેં આ નામ પાડ્યું તેથી એ ચોક્કસ હસતી જણાય છે. જો હું એને હસવાનું કારણ પૂછીશ તો બીજા બધા પણ હસશે. એના કરતાં મૌન રહેવું જ એ સર્વ અર્થનું સાધન છે. મનમાં આવું વિચારીને એ મૂગો રહ્યો. દિવસો જતાં એ હસવાની વાત ભૂલી ગયો. (૨૧-૨૩). પુત્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ જ્ઞાન પણ વધતું ગયું. જ્ઞાન દૃઢ થતાંની સાથે એ પુત્ર જાણી જોઇને મૂઢની માફક વર્તવા લાગ્યો. (૨૪). એને જડ (બુદ્ધિહીન) જેવો જોઇને રાજા દુ:ખ કરવા લાગ્યો. એ હંમેશાં ચિંતામાં ડૂબેલો રહેતો અને વિચારતો કે આવું કેમ થયું? (૨૫). મારી સ્ત્રી પતિવ્રતા છે, સુશીલ છે અને ધાર્મિક છે. વળી હું પણ ધર્મ પ્રમાણે જીવન જીવનારો છું. તો આ (પુત્ર) મૂઢ કેમ થયો? (૨૬). એ તો બ્રહ્મનિષ્ઠ હતો એટલે એને સંસારનો રંગ લાગે એમ જ ન હતો. પરંતુ પુત્રના ઢંગ (સાચી સ્થિતિ) ન જાણવાથી પિતા (રાજા) શોક કરતા હતા. (૨૭). માતાના ઉપદેશને લીધે જે પૂર્ણ જ્ઞાની છે તે સાંસારિક પ્રવૃત્તિ ના કરે એ સ્વાભાવિક છે. એમાં શું સંદેહ? (૨૮). સાધુપુરુષો કેવળ કૃપાદૃષ્ટિ કરીને અજ્ઞાન દૂર કરે છે, તો પછી એના સંગમાં જ્ઞાન મળે તો એમાં શી નવાઇ? (૨૯). આમ છતાં રાજા (પિતા) મોહવશ દુ:ખી થતો હતો. એવામાં મદાલસા પાછી ગર્ભવતી બની. (૩૦). સદ્નસીબે પાછો પુત્ર જ જન્મ્યો એટલે રાજા ખૂબ રાજી થયો. એનું સુબાહુ નામ પાડીને મોટો ઉત્સવ ઉજવ્યો. (૩૧). એ નામ સાંભળીને મદાલસા ફરી હસી. એ જોઇને રાજાને દુ:ખ થયું અને તરત ત્યાંથી ઊઠીને જતો રહ્યો. (૩૨).

માતા આ નાનકડા બાળકના કાનમાં ઉપદેશ સંભળાવતી કે હે બાળક ! તું સાવધાન થઇને સાંભળ. હાડકાથી આ બધું બીક લાગે એવું શરીર ઊભું કર્યું છે. બધે નાડીઓ બાંધી છે અને માંસથી લીંપણ કર્યું છે. લોહી, મળ અને મૂત્રથી એ ભરેલું છે. આમ એ એકદમ અપવિત્ર-અમંગલ છે. કાગડા-કૂતરાં માંસને લઇ ના જાય તેથી ઇશ્વરે એને ચામડાથી ઢાંક્યું છે અને એ દ્વારા તેનું રક્ષણ કર્યું છે. (૩૩-૩૫).

જે (આ શરીર) અંદર અને બહારથી અશુદ્ધ છે, તે સ્વાત્મા નથી. અહં (હું) અને મમત્વના (મારાપણામાં) મોહમાં તું નકામો શું કામ પડે છે? (૩૬). તું (આત્મા) તો સદા સર્વદા મંગલ છે. તું આ અપવિત્ર (ગંદું) શરીર નથી. આ દેહ પણ તારો નથી. એટલે તું એમાં ઠગાઇશ નહિ. (૩૭). તું અંતરમાં શાંતિથી વિચાર કર અને જાણી લે કે મન, પ્રાણ, ઇંદ્રિયો, બુદ્ધિ અને અહંકાર એ સ્વાત્મા નથી. (૩૮). જેમ ઘડાને જોનારો ઘડાથી હંમેશાં જુદો છે, તેમ શરીર વગેરેને જોનારો શરીરથી જુદો છે. (૩૯). આ પવિત્ર આત્મા કેવળ સ્વયં જ્યોતિ સ્વરૂપ જ છે. એ જ તારું સાચું રૂપ છે. એમાં તું શંકા કરીશ નહિ. (૪૦). જો તું મૂળે (ખરેખર) જન્મ્યો જ નથી તો પછી તને મૃત્યુ ક્યાંથી હોય? તારામાં કોઇ વિકાર નથી પછી તારે વર્ણ કે આશ્રમ શાનો? (૪૧). તું તો આનંદ સ્વરૂપ છે પછી તારે માતા પિતા શાના? તું તો અરૂપી એવો સ્વાત્મારામ છે, પછી પત્નીની ઇચ્છા શું કામ રાખે? (૪૨). તું તો વ્યાપક અને વંદ્ય એવો કેવળ સુખની ખાણ છે. સમગ્ર સૃષ્ટિ તારાં યશોગાન ગાય છે. પછી તું નશ્વર રાજ્યની શું કામ ઇચ્છા રાખે? (૪૩). તું આત્મા છે અને સર્વવ્યાપી છે. તું જ સર્વલોકમય છે. તારે પુત્રોની શા માટે જરૂર પડે? એ નાદાન તને શું સુખ આપી શકે? (૪૪). આવું વિચારીને વર્તવાથી તારે કોઇ આચારનું બંધન નથી. તું તો બધાથી પર એવો શ્રેષ્ઠ છે અને બધાનો આધાર છે. (૪૫). આવો ઉપદેશ કરીને એણે પુત્રને જ્ઞાની બનાવ્યો. એ પણ (વિક્રાંતની જેમ) જડની માફક જમીન પર હંમેશાં પડી રહેતો હતો. (૪૬). એની આવી દશા જોઇને રાજાનું મન રાત દિવસ ચિંતામાં ડૂબેલું રહેતું હતું. ત્યાં તો પત્ની (મદાલસા) ફરી પાછી સગર્ભા થઇ અને પુત્રને જન્મ આપ્યો. આ (પુત્રજન્મ) સાંભળીને રાજા જ્યોતિષીઓને લઇને આવ્યો. (૪૭-૪૮). જ્યોતિષીઓને હાથ જોડીને (પગે લાગીને) પૂછ્યું કે આનું ગ્રહબળ કેવું છે? એ રાજ્યાસન શોભાવશે કે પછી એ પણ મૂઢ થશે? (૪૯). જ્યોતિષીઓએ કહ્યું કે આ બાળક ચતુર, બુદ્ધિમાન, વિદ્યાનો ભંડાર અને દીર્ઘાયુષી થશે. આમ છતાં પણ હે રાજન્ ! જેવા ઉચ્ચ ગ્રહો હોવા જોઇએ એવા નથી. એટલે રાજાએ કહ્યું કે આટલો સુયોગ છે તો પણ મને સંતોષ છે. રાજાના વંશમાં બુદ્ધિ અને આયુષ્ય બે હોય તો સાર્વભૌમત્વ તો સહજતાથી-સ્વાભાવિકતાથી આવી મળશે. વંશપરંપરાગત રાજ્ય છે અને પુષ્કળ સંપત્તિ છે પછી એને ક્યાં કમાવા જવું પડે એમ છે? (૫૦-૫૩). આવું કહીને જ્યોતિષીને (દૈવજ્ઞને) દક્ષિણા આપી, રાજી કરીને રાજાએ મહોત્સવ કરીને એનું નામ પ્રેમથી 'શત્રુમર્દન' એવું પાડ્યું. આ નામ સાંભળીને એ કોમલ અંગવાળી મદાલસા પહેલાંની જેમ જ હસી. (૫૪-૫૫). રાજા મનમાં ને મનમાં શરમાયો. એ વિચારવા લાગ્યો કે પુત્રનું નામ સાંભળીને એ કેમ આમ હસે છે? (૫૬). હવે જો પુત્ર થશે તો એને પૂછ્યા વિના નામ નહિ પાડું. મનમાં આવો દૃઢ નિશ્ચય કરીને રાજા એના રાજદરબારના કામમાં પ્રવૃત થઇ ગયો. માતાએ તરત પુત્રને ગોદમાં લઇને એના કાનમાં કહ્યું કે અરે નાદાન ! તું શું કામ રડે છે? (૫૭-૫૮). તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે? તું નાહકનો શું કામ રડે છે? તને કોણે મોહમાં નાંખ્યો છે? તું આ બધાનો વિચાર કર. (૫૯). જો તારો પૂર્વ જન્મ જ ન હતો અને આ તારો તદ્દન નવો (પહેલો) જ જન્મ હોય તો પછી આ સ્તનપાન કરવાનું જ્ઞાન તારામાં ક્યાંથી આવ્યું? જન્મતાંની સાથે જ તું સ્તનપાન કરવાનું કેવી રીતે શિખ્યો એ તું વિચારીને કહે. આ બધી ચેષ્ટા પૂર્વજન્મના સંસ્કારને કારણે થાય છે એ તું જાણ. (૬૦-૬૧). પૂર્વજન્મમાં કરેલાં કર્મોની કમાણીરૂપ (પુણ્ય પ્રતાપે) તને આ મનુષ્યનું શરીર મળ્યું છે. આ શરીર તારાથી જુદું છે. તું તો સ્વાત્મારામ છે. (૬૨). જો તું આ શરીરની અહંતા અને મેલી મમતા રાખીને ત્રણ પ્રકારનાં (સત્ત્વ, રજસ્ અને તમસ્) કર્મો કરશે તો તારી ભ્રમણા દૂર

નહિ થાય. (૬૩). અહંકારથી ઘેરાયલા માણસની અજ્ઞાનતાને લીધે લક્ષ ચોરાસીની આ જન્મ મરણની ઘટમાળ ટળતી નથી. (૬૪). આત્મા જે જાતે જ પ્રકાશ સ્વરૂપ છે, કેવળ સાક્ષીરૂપ છે, અજ, અક્ષય અને અવિકારી છે એ જ મારું સાચું રૂપ છે એવો કાયમ માટેનો તું દઢ નિશ્ચય કર. હું નિત્ય છું, સત્ય છું, એક છું, બધાં ભૂતો મારામાં વસે છે અને હું બધાં ભૂતોમાં વસું છું, એવો નિશ્ચય કર. હું શુદ્ધ છું, બુદ્ધ છું, અદ્વૈત છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એવું જ્ઞાન ધ્યાન દ્વારા દઢ કરીને તું સ્વાત્મામાં જ રહે. (૬૫-૬૭). રાગ દ્વેષમાં પડીને જે પોતાનાં મૂળ સ્વરૂપને ભૂલીને વિષયોમાં ડૂબ્યો રહે છે તે આત્મઘાતી છે એમ જાણ. (૬૮). કામ, ક્રોધ અને લોભને તું નરકનાં દ્વાર જાણજે. મોહવશ એમાં પડવાથી અંતે ક્ષોભ જ થાય છે. (૬૯). તું મનથી એટલું સમજી લે કે વિષયો એ ઝેરી સાપ સમાન છે. તેથી તું એનું ચિંતન કરીશ નહિ. એનું ચિંતન ખરેખર ઘાત કરનારું (મૃત્યુ લાવનારું) છે. (૭૦). હરણ શબ્દમાં, હાથી સ્પર્શમાં, પતંગિયું રૂપમાં, માછલી જીભના સ્વાદમાં અને ભમરો ગંધમાં મોહ પામીને મૃત્યુ પામે છે. (૭૧). જો એક એક વિષયને લીધે આ પાંચ મૃત્યુ પામતા હોય તો પાંચ વિષયને ભોગવનારાની શી દશા થાય? (એને શું સુખ હોય?) તો પણ વિચાર કર્યા વગર બધે અથડાતો-કુટાતો મૃત્યુ પામે છે. (૭૨). વિષયની વાત છોડીને તું તારા સ્વરૂપમાં સ્થિર રહે. નહિતર આ વિષયો અડધે રસ્તે લૂંટીને તને મારી નાંખશે. (૭૩). નારી એ ખરેખર એક જીવતું નરક જ છે, એમ તું ચોક્કસ જાણી લે. તું હાથે કરીને એમાં ના પડ. તું એનાથી વિમુખ રહેજે. (૭૪). લાકડાની પૂતળી (હાથણી) જોઇને હાથી (ખાડામાં પડીને) બંધનમાં આવે છે તો માંસવાળી પૂતળી (સ્ત્રી) શું ના કરે? માટે તું સંયમરૂપી બખ્તરથી સજ્જ રહેજે. (૭૫). સમજપૂર્વક વિચારીને સોનું અને ચાંદીને માટી સમાન માન. એનો સ્પર્શ પણ ના કરીશ. નહિતર તારી દુર્ગતિ થશે. (૭૬). પ્રારબ્ધવશ જે કાંઇ મળે તે ખાઇ લઇ, આકાશરૂપી (ખ) વસ્ત્ર ઓઢી લઇને (દિગંબર) પૃથ્વીની પથારી પર જાગતો જ સદા પડી રહેજે. (૭૭). તું સ્વાત્માનંદમાં મસ્ત થઇને બાલોન્મત્ત પિશાચની (બાળક + ગાંડો + પિશાચ) જેમ હંમેશાં ઉદાસ થઇને રહેજે. (૭૮). આ રીતે નહિ વર્તે તો દુ:ખની પરંપરા કદી ટળશે નહિ. આ રીતે સતી પુત્રને રોજ ઉપદેશ આપતી હતી. (૭૯). આને કારણે એ પણ જ્ઞાની થયો અને આત્મદષ્ટિથી આ જગતને મૃગજળ સમું માનીને નિ:સંગી થઇને રહેવા લાગ્યો. (૮૦). ત્રણે પુત્રોને આવા જોઇને રાજા દુ:ખી દુ:ખી થઇ ગયો. ત્યાં તો પ્રારબ્ધવશ એની સ્ત્રી (મદાલસા) ફરી પાછી ગર્ભવતી થઇ.④ (૮૧). એણે ચોથા પુત્રને જન્મ આપ્યો. જ્યોતિષીઓએ કહ્યું કે હે રાજા ! આના પાંચ ગ્રહો ઉચ્ચના છે એટલે હવે તું ચિંતા કરીશ નહિ. વળી આજ સુધી જે પુત્રો થયા તેમના ગ્રહો આવા ઉચ્ચ સ્થાનના ન હતા એ નક્કી વાત છે. (૮૨-૮૩). હે રાજા ! આ પુત્ર વિખ્યાત થશે, સદ્ભાગી થશે અને રાજ્ય કરીને કુળને તારશે એ તું શંકા કર્યા વગર માનજે. (૮૪). ત્યાં અનેક શુભ શુકન થયાં. રાજા પણ ખૂબ રાજી થયો. આનંદથી જાતકકર્મ કરી પ્રસન્ન થઇને ધન વહેંચ્યું. (૮૫). રાજાએ પૂછ્યું કે હે પ્રિયા ! મેં જ્યારે જ્યારે પુત્રના નામ પાડ્યાં ત્યારે ત્યારે એ નામ સાંભળીને તું કેમ હસતી હતી? આ પુત્રનું શું નામ પાડું એ તું જ કહે. (૮૬). મંદ મંદ હાસ્ય કરતી મદાલસા બોલી કે હે નાથ ! સાવધાન થઇને સાંભળો કે હું કેમ હસી હતી? (૮૭). નામ તો જીવનનો વ્યવહાર ચલાવવા પૂરતું કલ્પના માત્ર જ છે. તો પણ તમે પાડેલાં પુત્રનાં નામોની નિરર્થકતા કહું. (૮૮). ક્રાંતિનો અર્થ થાય છે ગતિ, જે મર્યાદિતપણું ધરાવતો હોય તે વસ્તુને જ ગતિ હોય. આત્મા તો સર્વ વ્યાપક (અપરિચ્છિન્ન) છે પછી એને શાની ગતિ હોય? (એ ક્યાં જાય?) માટે આવા (સર્વવ્યાપક) આત્માનું વિક્રાંત નામ કેવળ નિરર્થક છે એમ સમજીને હું ત્યારે હસી હતી. (૮૯-૯૦). મૂળે આત્મા અંશ વગરનો અને નિરાકાર છે પછી એને હાથ ક્યાંથી હોય? એટલે સુબાહુ નામ જ નિરર્થક (અર્થ વગરનું) છે. (૯૧). મૂળે આત્મા એકલો જ છે અને એને સ્વગત ભેદ પણ નથી પછી એને ત્યાં હાથની શોભા શાની હોય? એ રીતે એ નામ નકામું છે. આત્મામાં તો વિજાતીય ભેદ પણ નથી અને સજાતીય ભેદ પણ નથી. એનો કોઇ શત્રુ જ નથી પછી શત્રુને મારવાની વાત જ ક્યાં છે? (૯૨-૯૩). જેમ સૂર્ય પ્રતિબિંબરૂપે સમગ્ર જળમાં

વ્યાપેલો છે તેમ એ (આત્મા) પ્રાણીમાત્રમાં રહેલો છે. એને મિત્ર કયાં અને શત્રુ કયાં? એ મારતો પણ નથી અને મરતો પણ નથી. (૯૪). સાગરમાં મોજાં સાથે મોજું અથડાઇને ભાંગી જાય તેમ આ પ્રાણીઓનો સમૂહ છે. આત્મા તો ત્યાં અસંગ જ રહે છે. (૯૫). જો તમે કદાચ એમ કહો કે આપણા અંતરમાં કામ વગેરે (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરવ) આંતરિક શત્રુઓ રહેલા છે તો એ બધા તો બુદ્ધિના વિકારો છે. આત્મા તો કેવળ સાક્ષી છે. (૯૬). એ તો નિત્ય અને પરાત્પર (પરથી પણ પર) છે અને બુદ્ધિની પણ પાર વસે છે. પછી એને શત્રુમર્દન એવું નામ કેવી રીતે શોભે? (૯૭). પ્રિયાની આવી વાતો સાંભળીને રાજા ગુસ્સે ભરાયો એટલે મદાલસાએ કહ્યું કે તમે બીજા દૃષ્ટિકોણથી જુઓ. (બીજી રીતે સાબિતી સાંભળો.) (૯૮). જે વ્યક્તિ પોતાના આસન ઉપરથી ઊઠીને ચાર ડગલાં ચાલવા પણ સમર્થ નથી એ શું પરાક્રમ કરવાનો? એને વિક્રાંત કેવી રીતે કહેવાય? (૯૯). જે પોતાનાં બાવડાં (હાથ)ના જોરે દુશ્મનને જીતે તે સુબાહુ કહેવાય. આ પુત્ર એમ જીતે એવો જણાતો નથી. તેથી સુબાહુ નામ એને શોભતું નથી. (૧૦૦). જે પોતાનાં શરીર પર બેઠેલી માખ (માખી)ને ઊડાડી શકતો નથી તેને ફોગટમાં પણ શત્રુમર્દન કોણ કહેશે? (૧૦૧). મનમાં આવું વિચારતાં હે નાથ ! હસવું આવી ગયું. હું તો એમનું આવું ભવિષ્ય શરૂઆતથી જ જાણી ગઇ હતી. (૧૦૨).

આવું વચન સાંભળીને રાજા બોલ્યો કે એનું એવું ભવિષ્ય જાણીને તું હસી તો ભલે હસી પરંતુ હવે આ પુત્રનું ગુણ પ્રમાણેનું નામ (અન્વર્થક) બોલ. સતી (મદાલસા) બોલી કે વ્યવહારની સરળતા પૂરતું લોકો દેહના નામની કલ્પના કરે છે. આમ છતાં તમે ભલે એનું અલર્ક એવું નામ રાખો. લોકોનું કામ થશે અને એનાથી એનું કશું બગડવાનું નથી. (૧૦૩-૧૦૫). પ્રારબ્ધવશ હડકાયું થઇને જે બસ ! દોડ દોડ કર્યા જ કરે છે એવા ગાંડા કૂતરાને લોકો અલર્ક નામથી ઓળખે છે. (૧૦૬). હે નાથ ! આ પુત્ર પણ વિષયો પાછળ હડકાયા કૂતરાની જેમ ગાંડો થશે એટલે એનું અલર્ક નામ ગુણ પ્રમાણે બરાબર રહેશે. (૧૦૭). વળી 'અલ્' ધાતુનો 'ભૂષણ-ઘરેણું' એવો સારો અર્થ પણ થાય છે. આગળ જતાં એ પુત્ર વૈરાગ્ય અને જ્ઞાનથી ચોક્કસ વિભૂષિત થશે. એટલે હે નાથ ! એનું નામ અલર્ક પાડો જે અર્થસભર બની રહેશે. આવું સાંભળીને સમજદાર રાજા પણ આશ્ચર્યચકિત થઇ ગયો અને હર્ષ તથા ઉત્સાહમાં આવીને એણે અલર્ક નામ પાડ્યું. વસ્ત્ર તથા ધનનું દાન કર્યું. (૧૦૮-૧૧૦). ત્રણે પુત્રોની દશા જોઇને રાજા રાત-દિવસ ચિંતા કરતો હતો. એમને માટે અનેક ઉપાયો કર્યા પણ પુત્રોમાં કોઇ સુધારો જણાતો ન હતો. રાજા મનમાં બોલ્યો કે મારું નસીબ જ વાંકું છે તેથી જ આ પુત્ર મૂઢ થયા છે અને મારા કુળનું નામ બોળ્યું છે. આ સાંભળીને પુત્રોએ પણ માર્મિક હાસ્ય કર્યું. (૧૧૧-૧૧૨). અજ્ઞાનતાને કારણે પુત્રને ન ઓળખી શકવાથી રાજા શોક કરતો (દુ:ખી થતો) હતો કે મારો વંશ કોણ સાચવશે? આ તો બધા એક સરખા મૂઢ છે.(૫) (૧૧૩). ભાગ્યવશાત્ કુળમાં એક બ્રહ્મનિષ્ઠ પુત્રનો જન્મ થતાં એ બધાને મુક્તિ અપાવે છે. અજ્ઞાની માણસ આ વિશે કશું જાણતો નથી. (૧૧૪). સાધુને ઓળખવા માટે વ્યક્તિએ જાતે પણ સાધુ થવું પડે છે. આ વિના આવું સૂક્ષ્મ રહસ્ય કોઇ જાણી શકતું નથી.(૬) (૧૧૫). આ વાત નહિ સમજનાર રાજા મનમાંને મનમાં દુ:ખ કરતો (રડતો) હતો. એણે એક દિવસ પુત્ર વિક્રાંતને વિષ્ટા (મળમાં)માં આળોટતો જોયો. (૧૧૬). એ બોલ્યો કે અરેરે ! કેવું નસીબ છે ! રાજાના કુળમાં જન્મીને ભોગ ભોગવવાના છોડીને શરીરને આ રીતે કષ્ટ આપે છે. ફટ, ધિક્કાર છે એને. (૧૧૭). પિતાનાં આવાં વચનો સાંભળીને રાજપુત્ર વિક્રાંત હસ્યો. એ જોઇને (દુ:ખી થઇને) રાજા બોલ્યો કે અરે ! આ તો બધું જાણે છે અને છતાં હસે છે. (૧૧૮). એને (વિષ્ટામાંથી) ઉઠાડીને રાજા બોલ્યો કે તું આમાં આમ કેમ આળોટે છે? હે બેટા ! તું આ બધું જાણવા છતાં કેમ મૂઢ થઇને રહે છે એ કહે. (૧૧૯). તું રાજવિદ્યા ભણીને રાજ્ય કર અને સુલક્ષણા સ્ત્રીને પરણીને સુખેથી ભોગ ભોગવ અને હે બાળ ! તું યજ્ઞ કરીને મોક્ષ મેળવ. (૧૨૦). પિતાનાં આવાં વચન સાંભળીને વિક્રાંત બોલ્યો કે મેં મારી માતા પાસે આ બધું ભણી જ લીધું છે. (૧૨૧). હું નિવૃત્તિરૂપી સુંદરીને

પરણ્યો છું અને મારો સ્વાત્મ-રાજ્ય પર અભિષેક થયેલો છે. એ સિવાય મને બીજું ગમતું નથી. (૧૨૨). કરવા જેવું મેં બધું જ કર્યું છે, મેળવવા જેવું મેં બધું મેળવ્યું છે. આ જગત નાશવંત છે એ બધું મેં જાણી લીધું છે અને ખરું સુખ તે નિર્ગુણ પરમાત્મા છે. (૧૨૩). હવે જાણવાનું કશું બાકી રહ્યું નથી માટે હું આમ અક્રિય થઇને સ્વચ્છંદે મુકત થઇને ફરૂં છું. હું કેવળ સ્વાત્મામાં જ આનંદનો અનુભવ કરનારો છું. (૧૨૪). હે તાત ! અમે ત્રણ ભાઇઓ તો કૃતાર્થ થઇ ગયા (તરી ગયા). આ ચોથો પણ અમને આગળ જતાં રસ્તે મળશે. અમારી આ માતાને ધન્ય છે. (૧૨૫). સાધ્વી સ્ત્રીનું પતિવ્રતાપણું જેમ દુરાચારી સ્ત્રી (કુલટા)ને ગમતું નથી તેમ પુત્રનાં આવાં વચનો રાજાને ગમ્યાં નહિ. (૧૨૬). એણે ગુસ્સે ભરાઇને રાણીને કહ્યું કે તેં જ આ બધો ખોટો ઉપદેશ આપીને, આમને મૂઢ બનાવીને, વંશના નાશની શરૂઆત કરી છે. (૧૨૭). તારા આવા ઉપદેશથી કોઇ દિવસ સ્વપ્નમાં પણ કલ્યાણ થવાનું નથી. શ્રુતિ અને અનુભવ તો પ્રવૃત્તિમાર્ગને જ પુણ્યપ્રદ ગણે છે. (૧૨૮). દેવ, પિતૃ અને માનવી બધાંને એ (પ્રવૃત્તિ માર્ગ) જ સંતુષ્ટ કરે છે. બીજા બધા રસ્તા હંમેશાં કષ્ટદાયી છે એમાં શંકાને સ્થાન જ નથી. (૧૨૯). રાજ્ય, સ્ત્રી, ધન, વાહનો અને ભોગશક્તિ પણ ભગવાન ભાગ્યશાળીને જ આપે છે જેનો એ ઉપભોગ કરે છે. નહિતર એ માણસ ભગવાનનો ગુનેગાર (દ્રોહી) થાય છે. માટે નિવૃત્તિમાર્ગ એ કમનસીબ માણસોનો માર્ગ છે. (૧૩૦-૧૩૧). માણસ નિવૃત્તિમાર્ગ સ્વીકારે (સંન્યાસી થાય) તો પણ એણે ગૃહસ્થનું દ્વાર તો શોધવું જ પડે છે. (ભિક્ષા માટે). તો પછી ઘર છોડીને બહાર જવાની જરૂર જ શી છે? (૧૩૨). એટલે તું જે પ્રકારનો ઉપદેશ આપે છે એનાથી તો ધર્મનો નાશ (લોપ) થાય છે અને દેવનો કોપ થાય છે. એમાં ચોક્કસ અધ:પતન છે. (૧૩૩). આપણાં પૂર્વજો જે પિતૃલોકમાં છે અથવા પશુ-પંખીની હીન યોનીમાં છે, અથવા જે ભૂત-પ્રેત થયાં છે તે પુણ્યશાળી કે પાપીઓ ભૂખ્યાં થશે ત્યારે તે બધાં શ્રાદ્ધના અન્નથી તૃપ્ત થાય છે. હે નાદાન સ્ત્રી ! આ બધું તું નથી જાણતી? (૧૩૪-૧૩૫). સનાતન ધર્મ તો એમ કહે છે કે દેવ, પિતૃઓ, માનવી, ભૂત, કૃમિ, કીડા વગેરે બધા જ ગૃહસ્થ પર જ જીવે છે. (૧૩૬). આ ત્રણે પુત્રો એ પ્રવૃત્તિમાર્ગથી ભ્રષ્ટ થયા એટલે એ કાયમ દુ:ખી થવાના. હે અણસમજુ સ્ત્રી ! તું આને બચાવી લે. (૧૩૭). પુત્ર વિના કોઇ પરલોક પામતું નથી. આ અલર્ક ના બગડે એવો ઉપદેશ તું આપ. (૧૩૮). હે મૂઢ સ્ત્રી ! તું આમ હાથે કરીને વંશનો નાશ ના કર. તું એક પુત્રને પણ એવો ઉપદેશ કર કે જે મારી આશા પૂરી કરે. (૧૩૯). પતિનાં આવાં વચન સાંભળીને સાધ્વી મદાલસાએ જે જવાબ આપ્યો એનું વર્ણન આગળ ઉપર થશે. (૧૪૦). માતાએ જાતે જ્ઞાનામૃત પાઇને ત્રણે પુત્રોને મુકત કર્યા એનું વર્ણન આ અધ્યાયમાં કર્યું છે. (૧૪૧). ઇશ્વરની માયા અદ્ભુત છે જેનો કોઇ પાર પામી શકતું જ નથી. જો ભગવાનની કૃપા થાય તો જ (સંસારના) રંગથી ચોક્કસ તરી જવાય.⑦ (૧૪૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મદાલસયા પુત્રત્રયાય નિવૃત્તિમાર્ગ કથન'** નામનો **એકત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૧

(૧) ભારતીય સંસ્કૃતિના ગૌરવના પ્રતિકસમું મદાલસાનું લગ્ન જીવન સાવધાનીપૂર્વક અભ્યાસ કરવા જેવું છે. મદાલસા યોગિની છે, બ્રહ્મવાદિની છે અને બ્રહ્મનિષ્ઠ છે. ગૃહસ્થી હોવા છતાં એ અનાસકત રહીને વર્તે છે. છતાં લોકસંગ્રહવૃત્તિથી એક સામાન્ય સાંસારિક સ્ત્રીની જેમ ચાર પુત્રોની માતા બને છે. એનું જ્ઞાન લગ્નજીવનમાં બાધક બનતું નથી. એ બાળકોને અદ્વૈતવાદનું જે જ્ઞાન આપે છે, તે જોતાં એનાં આધ્યાત્મિક સ્તરનો ખ્યાલ આવે છે. 'દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે ના આવે રે' એ વિશિષ્ટતા છે. સંસારનો ત્યાગ કરવો સહેલો છે પણ સંસારમાં આ રીતે રહેવું કપરું છે.

(૨) આ જગત, આ સંસાર એક બજાર છે. આ એવું બજાર છે કે જેમાં બધી જ ચિંતા ઉપજાવનારી વસ્તુઓ જ વેચાય છે. 'ચિંતામય આ હાટમાં' જીવ અજ્ઞાનતાવશ સુખની શોધ કરવા નીકળે છે અને દુ:ખી થાય છે. પૂ.શ્રીએ ભજનમાં પણ આ જગતને-સંસારને 'હાટ', 'બજાર' તરીકે ઓળખાવ્યો છે.

હાટ બજાર ફિરું મતવાલી, લોગ લાજ સબ ત્યાગી રે --- (ગુરુ ચરન.)

(૩) જેનાં સ્મરણમાત્રથી સુખની લાગણી જન્મે તે પ્રિય, જેને જોવાથી સુખની લાગણી જન્મે તે મોદ અને જે ભોગવવાથી સુખની લાગણી થાય તે પ્રમોદ. આપણો આત્મા પ્રિય, મોદ અને પ્રમોદથી પર આનંદરૂપ જણાય છે.

(૪) મદાલસાની અને એના પતિની આધ્યાત્મિક કક્ષામાં ખૂબ જ મોટી ખાઇ છે, તફાવત છે. છતાં લગ્નજીવન તૂટી પડતું નથી. એટલું જ નહિ પણ પોતાનું જ્ઞાન આગળ કરીને મદાલસા રાજાની મશ્કરી પણ કરતી નથી અને છતાં સાંસારિક જીવન સામાન્ય સ્ત્રીની જેમ જ જીવે છે. આમ છતાં જે કરવાનું છે તે તો બોલ્યા ચાલ્યા વગર કરીને જ રહે છે.

(૫) દૃષ્ટિ દૃષ્ટિમાં કેવો ફેર હોય છે તેનું ઉત્તમ ઉદાહરણ મદાલસા અને કુવલયાશ્વ છે. અજ્ઞાનતાને કારણે રાજા જેને ફૂટેલું નસીબ ગણે છે, પુત્રને મૂઢ ગણે છે અને શોક કરે છે એ પુત્રની સ્થિતિ જોઇને માતાને પૂરો સંતોષ છે કારણ કે પુત્રો જીવન્મુકત છે. સુખદુ:ખ એ તો મનની કલ્પના, મનનાં સોણલાં છે. એક જણને અજ્ઞાનતામાં જે સુખ જણાતું હોય તે જ બીજાને જ્ઞાનને કારણે દુ:ખ જણાતું હોય છે. રાજા એવું માને છે કે રાજ્ય કરવું, ભોગ ભોગવવા વગેરે સુખ છે, મદાલસા એને બંધનકારક અને દુ:ખરૂપ માને છે. શ્રીગુરુલીલામૃતનું પારાયણ આપણને આવી સાચી દૃષ્ટિ આપે છે.

(૬) આ એક અતિ સુંદર દોહરો છે. સાધુને ઓળખવા માટે પહેલાં તો જાતે જ સાધુ થવું પડે. મોતિયો આવ્યો હોય તો તેને કોઇ વસ્તુ નજર સામે હોય તો પણ ના દેખાય અથવા દેખાય તો પણ જેવી હોય તેવી ના દેખાય. ખરેખર તો જગતને સુધારવાનું હોતું જ નથી, જાતને જ સુધારવાની હોય છે. આ વિશ્વમાં જડ ચેતન બધાંમાં ભગવાન જ રહેલો હોય તો એ આપણને કેમ દેખાતો નથી એનો વિચાર કરવો જોઇએ. જે ગામમાં દૂર્યોધનને એક પણ સારો માણસ ના જડ્યો, એ જ ગામમાં યુધિષ્ઠિરને એક ખરાબ માણસ પણ ના જડ્યો તો એમાં શું સમજવું? બધામાં રહેલા સારા તત્ત્વને જ જોવાની, ગુણોની પ્રશંસા કરવાની વૃત્તિને જ ગુણગ્રાહી દૃષ્ટિ કહીએ છીએ. જે દુનિયામાં આપણે દુ:ખી દુ:ખી થઇને જીવીએ છીએ એ જ દુનિયામાં સાચો સંત આનંદમાં મગ્ન બનીને જીવે છે. ચિત્તનું શુદ્ધીકરણ થાય તો બધું સાચું દેખાય અને સારું દેખાય. પૂ.શ્રીનું ભજન છે :

વાંચ વાંચ વિશ્વગ્રંથ વાંચવા જો ચાહના,
વાંચવું ન અન રહે મીટે સમૂળ વાંચ્છના. |

(૭) ભગવાનની માયા એવી અદ્‌ભુત છે કે એને સમજવી, એનો તાગ પામવો ખૂબ મુશ્કેલ છે. સ્વયં ભગવાને ગીતામાં કહ્યું છે કે મારી આ માયાને તરવી મુશ્કેલ છે. માયાને લીધે પહેલાં તો સાચું સમજાતું નથી અને ખોટામાં જ જીવન વહી જાય છે. નાનાં છોકરાં માટે લખોટીનું મહત્ત્વ કેટલું બધું હોય છે? એક લખોટી કોઇ લઇ લે તો પોક મૂકીને રડે છે. આપણને એની નાદાનિયત પર હસવું આવે. એ જ રીતે સંતોને આપણા જીવનની ઢબ ઉપર હસવું આવતું હશે. આપણે જેને ધન-સંપત્તિ ગણીએ, સર્વસ્વ ગણીએ તેને પૂ.શ્રી જેવા 'અરે ! ચાર ઠીકરાં વધારે હોય કે ઓછાં તેથી શું?' એવું માને.

ઘણી વાર સાચું સમજી જવાય પણ એનો અમલ નહિ થાય. અમલ કરવા જઇએ ત્યાં પાછું મન આપણને ભરમાવી દે. 'આપ્યું તેં તારાને આપી રાચું મન મોઝાર' એ ભજન-પંક્તિ સમજ્યા પછી કોઇને મદદ કરવાની આવે ત્યારે મદદ કરવાની વૃત્તિ થતી નથી. પરાણે મદદ કરીએ તો મનમાં આનંદ થતો નથી અને આપ્યા પછી 'હતું તેટલું ને તેટલું જ લાગવું જોઇએ' તેવું લાગતું નથી. આવું બધું કેમ થાય છે? આ જ છે ભગવાનની માયા. ભગવાન જો કૃપા કરે તો સાચું સમજાય અને એ પછી એ પ્રમાણે જીવાય. પૂ.પ્રેમ અવધૂતજી કહે છે તેમ 'જાણેલું કામમાં નહિ આવે, જીવેલું કામમાં આવશે.'

શ્રીગુરુલીલામૃતનું પારાયણ આપણને આવું જીવવા માટે સમર્થ બનાવે છે. વન જેવા જીવનને નંદનવન બનાવે એવું પારાયણ થવું જોઇએ.

●

## અધ્યાય : ૩૨

આ અધ્યાયનું નામ **'અલર્કબોધોપાય વર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૧૫** દોહરા છે.

આ અધ્યાયમાં આવતી વાતનું વર્ણન એવું છે કે સતી મદાલસા પતિને સમજાવે છે કે મેં ત્રણ બાળકોને જે ઉપદેશ આપ્યો છે તે જ મોક્ષનો સાચો રસ્તો બતાવે છે. આપણને બીજા તારે એ ભ્રમ છે. દરેક વ્યક્તિએ જાતે જ સત્કર્મો કરીને તરવાનું છે. નિવૃત્તિમાર્ગમાં શરૂઆતમાં દુ:ખ હશે પણ અંતે શ્રેષ્ઠ સુખ મળે છે. પ્રવૃત્તિમાર્ગમાં અંતે દુ:ખ અને બંધન જ છે. 'પુત્ર' તારે છે એટલે જ્ઞાનરૂપી પુત્ર, આ હાડ, ચામડાં અને માંસનાં શરીરવાળો પુત્ર નહિ. (૧-૧૩).

આમ છતાં તમને આ નથી ગમતું તો હું ચોથા પુત્ર (અલર્ક)ને પ્રવૃત્તિમાર્ગનો બોધ કરીશ. મદાલસાએ કહ્યું તો ખરું પણ એને બહુ દુ:ખ થયું. ઉચ્ચ ગ્રહો બાધક નીવડ્યા તેથી ભગવાનને પ્રાર્થના કરી. (૧૪-૨૧).

મદાલસાએ અલર્કને ધર્મ, અર્થ અને કામનું જ્ઞાન આપ્યું. રાજનીતિ, ધનુર્વિદ્યા વગેરે શીખવી તૈયાર કર્યો. અનેક કન્યાને પરણી પછી પિતાની ઇચ્છા મુજબ રાજ્યાસન પર બેઠો. રાજા કુવલયાશ્વ અને માતા મદાલસા વનમાં જવા નીકળ્યાં ત્યારે માતાએ એને એક મુદ્રિકા આપી અને કહ્યું કે આમાં એક પત્રિકા છે. રોજ મુદ્રિકાનું પૂજન કરજે. તું છાસઠ હજાર વર્ષ રાજ્ય કરશે પછી દુશ્મન જાગશે. એ વખતે પત્રિકામાં લખ્યા પ્રમાણે વર્તજે તો શત્રુ પણ મિત્ર થશે અને તું સુખી થઇશ. પછી બંને જણાં જંગલમાં ગયાં. (૨૨-૩૭).

અલર્ક તો હડકાયા કૂતરાની જેમ વિષયોમાં જીવવા લાગ્યો. એ જોઇને સુબાહુએ એને સાચે રસ્તે વાળવા કાશિરાજાની મદદથી ચઢાઇ કરી. પોતે હારી જવાની તૈયારીમાં છે એવું જોઇને અલર્ક રાત્રે નગર છોડીને નીકળી ગયો. (૩૮-૧૧૫).

મદાલસા સતી બોલી કે હે નાથ ! તમે સાવધાનીપૂર્વક સાંભળો. મેં એમને યોગ્ય જ ઉપદેશ કર્યો છે અને એ જ મોક્ષનો માર્ગ છે. (૧). એનાથી સમસ્ત પિતૃઓ જરૂરથી મુક્ત થશે. વેદશાસ્ત્રોએ માન્ય કરેલો આ માર્ગ જ શ્રેષ્ઠ છે. (૨). એના વિના હે નાથ ! મોક્ષનો બીજો કોઇ માર્ગ છે જ નહિ, માટે જ સાક્ષાત્ વેદો પણ એને સર્વશ્રેષ્ઠ માર્ગ ગણે છે. (૩). સાચું તો એ છે કે પિતૃઓ અને પ્રેત બધાં પોતપોતાનાં કર્મોથી જ તરે છે. બીજી વ્યક્તિ આપણને તારશે એ વાત કેવળ ભ્રમ જ છે.① (૪). સ્ત્રી અને ધન વગેરેમાં ભોગ ભોગવી તૃપ્ત રહેવાનું હોય તો પછી વૈરાગ્યાદિની શી જરૂર? એ નકામા ગણાય. વેદે એનો બોધ કર્યો છે તો તે તૂત છે શું? (ખોટું છે શું?) (૫). ત્રણ પ્રકારની એષણા (ઇચ્છા)ના ત્યાગને સર્વ પ્રથમ સ્થાન આપ્યું છે. (એ ત્યાગ્યા વિના ચાલે જ નહિ). એની અવગણના થતાં પાખંડ (ઢોંગ ધૂતારા) વધી જાય છે. (ત્રણ પ્રકારની એષણા એટલે વિત્તેષણા, સ્ત્રીની એષણા અને ભૂમિની એષણા.) (૬). વેદે બતાવેલો એ માર્ગ જ ઉત્તમ છે. એમાં શંકાને સ્થાન નથી. દેહ વગેરે તો બંધન ઊભાં કરે છે. પુત્ર કે ઘર ક્યાંથી તારી શકે? (૭). જે વ્યક્તિ વેદે બતાવેલા માર્ગે ચાલે તે દેવનો દ્રોહી કેવી રીતે બને? અરે ! એ જ અહીં તરી જાય છે અને કૈવલ્યને પામે છે. (૮). વૈરાગ્યને કારણે ત્યાગી થઇને ભિક્ષા માટે બીજાના ઘરે જવામાં શરમ શાની? અરે ! એના આવા સંતોષને ધન્ય છે. (૯). નિવૃત્તિમાર્ગ (સંન્યાસ)માં શરૂઆતમાં ભલે તકલીફો વેઠવી પડે પરંતુ એને અંતે જે સુખ મળે છે એના જેવું બીજું એકે શ્રેષ્ઠ સુખ નથી. (૧૦). કર્મમાર્ગમાં (પ્રવૃત્તિમાર્ગમાં) શરૂઆતમાં સુખ જણાય છે પરંતુ એનું પરિણામ દુ:ખરૂપ છે. ભોગી સંસારમાં

હંમેશાં ભમ્યા જ કરે છે. એની મુક્તિની ઇચ્છા (ભૂખ) સ્વપ્નમાં પણ સંતોષાતી નથી. (૧૧).

મુખ્ય લોક તો આત્મા છે અને તેની પ્રાપ્તિ માટે અન્ય પુત્રની જરૂર નથી. જ્ઞાન (પ્રબોધ)રૂપી પુત્રથી આત્મલોકની પ્રાપ્તિ થાય છે.② (૧૨). એથી બીજું કાંઇ કહેવું એ નકામું છે. મેં એમને જે આ સમજાવ્યું તે જ સાચું છે અને એ પુત્રો ધન્ય થઇ ગયા છે. (તરી ગયા છે.) (૧૩). આમ છતાં તમને એ જ્ઞાનમાર્ગ (નિવૃત્તિમાર્ગ) નહિ ગમતો હોય તો હું ચોથાને કર્મમાર્ગમાં (પ્રવૃત્તિમાર્ગમાં) વાળીને એને બધી વિદ્યા શીખવાડીને પ્રવૃત્તિમાં રત રહે એમ કરીશ. તમે એમાં શંકા કરશો નહિ. આમ છતાં તમને મારામાં વિશ્વાસ ના હોય તો લો આ પુત્ર તમને સોંપી દીધો. (૧૪-૧૫). એ સાંભળીને રાજાએ કહ્યું કે ભલે તારી પાસે રહ્યો. હું વારંવાર આવીને એનો અભ્યાસ તપાસતો રહીશ. (૧૬). એવું બોલીને રાજા જતો રહ્યો એટલે માતા (મદાલસા) બોલી કે હે ભગવાન ! આગળ ઉપર તું એનો ઉદ્ધાર કરજે. હે દત્તપ્રભુ ! આ તારો પુત્ર છે. (૧૭). હવે આમાં હું કાંઇ પણ કરી શકું એમ નથી. એનું કર્મ આડે આવ્યું છે અને એના ઉચ્ચ ગ્રહો જ ખરેખર આડે આવ્યા (નડ્યા) છે અને એણે જ પુત્રનું કલ્યાણ અટકાવ્યું છે. (૧૮). આ પ્રારબ્ધ (નસીબ)ને કોણ ફેરવે? એ છાસઠ હજાર વર્ષ સુધી રાજ્ય અને એવાં સુખો ભોગવશે તો પણ એની તરસ છિપાશે નહિ. (૧૯). માટે હે દત્ત દિગંબર ! એને હું આપને જ સોંપી દઉં છું. હે અવધૂત ! હવે કૃપા કરીને એને જરૂરથી તારજો. (૨૦).

દત્તપ્રભુને આવી પ્રાર્થના કરીને મદાલસાએ અલર્કને શાસ્ત્રોનો ઉપદેશ કરીને વ્યવહારમાં નિપુણ કર્યો. (૨૧). ધર્મ, અર્થ અને કામનું ઉત્તમ પ્રકારનું (શ્રેષ્ઠ) જ્ઞાન આપ્યું અને વર્ણાશ્રમનાં બધાં કર્મોનો ઉપદેશ કર્યો. (૨૨). છ પ્રકારની રાજનીતિ શીખવી. એને દંડનીતિ પણ શીખવી અને પ્રજાને કેવી રીતે રાજી કરવી એની વિગતે સમજણ આપી. (૨૩). ધનુર્વિદ્યા શીખવીને એને યુદ્ધ (સમર) કરવાની કળામાં પ્રવીણ કર્યો. પુત્રનું વિવિધ ક્ષેત્રનું કૌશલ્ય જોઇને રાજાને ખૂબ સંતોષ થયો. (૨૪). સ્વયંવરમાં અનેક કન્યા સાથે લગ્ન કરીને અલર્ક જગતમાં વિખ્યાત થયો અને એ રાજનીતિનો પણ જાણકાર તો હતો જ. (૨૫).

એને રાજ્ય માટે લાયક સમજીને, શુભ મુહૂર્ત જોઇને રાજ્યાસન પર બેસાડી દીધો. પછી એનાથી સંતોષ પામીને રાજા મદાલસા સાથે જંગલમાં જવા તૈયાર થયો. જંગલમાં જતી વખતે માતાએ પુત્રને કહ્યું કે પ્રજાને પુત્રની જેમ પાળીને હે બુદ્ધિશાળી પુત્ર ! ધર્માનુસાર રાજ્ય ચલાવજે. હું તો હવે દૂર દૂર જાઉં છું. તું છાસઠ હજાર વર્ષ સુધી શાંતિથી રાજ્ય કરશે. પણ પછી તારો ભયંકર દુશ્મન જાગશે. (૨૬-૨૯). તારા ભલા માટે મેં એક પત્રિકા લખી છે તે હું તને આપું છું. તું એને એકદમ ગુપ્ત રાખજે અને એને બરાબર સાચવજે. (૩૦). એનું રોજ ગંધાક્ષત (ચંદન અને ચોખા)થી પૂજન કરજે અને સંકટ સમયે એને ખોલીને એને સારી રીતે (સમજીને) વાંચજે. એમાં જણાવ્યા મુજબ વર્તવાથી શત્રુ પણ તારો મિત્ર થશે અને તું પણ વિલક્ષણ એવું સામ્રાજ્ય પામીને અક્ષય સુખ પામીશ. (૩૧-૩૨).

આવું કહીને માતાએ એને (પત્રિકાવાળી) મુદ્રિકા (વીંટી) આપી અને પ્રેમથી આશિષ આપી. પછી માતાએ જવા માંડ્યું. (૩૩). એના પગ પકડીને એ અલર્ક રડવા લાગ્યો ત્યારે માતાએ કહ્યું કે હે બેટા ! રડ નહિ. તું જા. પતિ સાથે મારે જવું જોઇએ. ખરેખર એ જ સાચો ધર્મ છે.③ (૩૪). અહીં વિધાતાએ કર્મ પ્રમાણે જ જીવમાત્રનો નિવાસ નક્કી કર્યો છે. યોગ સાથે વિયોગ પણ વિધિએ નિર્માણ કર્યો છે. હે બેટા ! હવે આપણું ઋણાનુબંધ પૂરું થયું એટલે કંઇ ચાલે જ નહિ. માટે હે પુત્ર ! તું મનમાં વિવેક રાખીને સ્વસ્થ થા. (૩૫-૩૬). એવું કહીને માતા મદાલસા પતિ સાથે વનમાં ગઇ અને પતિને યુક્તિપૂર્વક બોધ (ઉપદેશ) આપીને બન્ને જણાં ધન્ય ધન્ય થઇ ગયાં. (૩૭). પતિને સદ્ગતિ આપીને પછી પોતે પણ વિદેહ મુક્ત થઇ ગઇ. આ જોઇને દેવો આશ્ચર્યથી ધન્ય છે ! એવું બોલવા લાગ્યા. (૩૮). પુત્રોની સાથે સાથે પતિને પણ સદ્ગતિ આપનાર સતી મદાલસાને ધન્ય છે. મદાલસાના આ ગુણોનું કોણ વર્ણન કરી શકે? (૩૯). એના ગુણોનું કીર્તન કરવાથી

પાપનો નાશ થાય છે અને સવારના પહોરમાં એનું સ્મરણ કરવાથી અંતરની ખાસ શુદ્ધિ થાય છે. (૪૦). પ્રતાપ (શૂરવીરતા)માં સૂર્ય સમાન અલર્ક ન્યાયપૂર્વક રાજ્ય કરતો હતો. પ્રજાને સુખમાં રાખી, એનું મનોરંજન કરી એ ગરીબોનાં કામ કરતો હતો. (૪૧). જેનું નામ સાંભળીને દુશ્મનો પણ મનમાં ડરતા હતા અને જેના શાસનની (સત્તાની) અવગણના કરી શકાતી ન હતી, તે અલર્ક દુષ્ટોનો નાશ કરતો હતો. (૪૨). ગુનેગાર (દંડને પાત્ર)ને ધર્મ પ્રમાણે શિક્ષા (દંડ) કરતો હતો અને નિર્દોષને છોડી મૂકતો હતો. લોભથી કે ક્રોધથી કોઇનું દ્રવ્ય (ધન) હરી લેતો ન હતો. (૪૩). એ કદી પણ ધર્મનું ઉલ્લંઘન કરતો ન હતો અને સદાચારનું પાલન કરતો હતો. આંધળા-પાંગળાનું હંમેશાં રક્ષણ કરતો હતો. એનું મન દયા સભર રહેતું. (૪૪). એ ધર્મથી પૈસો (અર્થ) મેળવતો અને મેળવેલો પૈસો ધર્મમાં વાપરતો અને ધર્મ તથા અર્થ વચ્ચે સુમેળ સાધીને વિષયો ભોગવતો. (૪૫). એ હંમેશાં આનંદમાં રહેતો હતો. ખેદ શું છે એની એને જાણ ન હતી. એ યજ્ઞ અને યાગો પુષ્કળ પ્રમાણમાં કરતો હતો અને તેથી એનામાં આસક્તિ પણ વધતી જતી હતી.④ (૪૬). પરંતુ આ બધાથી તો સ્વપ્નમાં પણ કોઇ દિવસ વૈરાગ્યનો ઉદય થતો નથી. એ કેવળ પશુની જેમ હંમેશાં વિષયો ભોગવવામાં જ રચ્યો પચ્યો રહેતો હતો. (૪૭). ઋતુકાળમાં પોતાની સ્ત્રી સાથે લગ્ન સુખ માણવું, યજ્ઞ પછી વધેલો સુરા (દારૂ) અને માંસનું સેવન કરવું એવી જે અપૂર્વ દીર્ઘ દૃષ્ટિવાળી વિધિ જણાવી હતી તેને એ મૂઢ માણસની જેમ ઊંધી રીતે સમજીને સ્ત્રી ભોગવવામાં અને માંસ-દારૂનાં સેવનમાં અમર્યાદિત રીતે જીવતો હતો. વેદોની આ આજ્ઞાનું તાત્પર્ય સમજ્યો નહીં (અથવા) એ જાણી જોઇને અજાણ થઇ (આ રીતે) જીવન જીવતો હતો. (૪૮-૪૯). માંસ મદિરાના ભક્ષણમાં અને સ્ત્રી સાથેના સંભોગના સંબંધમાં દરેક વ્યક્તિ પૂર્વ જન્મના સંસ્કાર અનુસાર જ વર્તતી હોય છે. (૫૦). કલ્યાણની ઇચ્છાવાળી વ્યક્તિઓ એનાથી ધીરે ધીરે યુક્તિપૂર્વક વિમુખ થાય એ હેતુથી આપણા પ્રાતઃસ્મરણીય (પુણ્ય શ્લોક) એવા વેદોએ આ વિધાન મર્યાદા વધારવા માટે કર્યું છે અને એ દ્વારા ઉદ્ધતાઇ (ઉચ્છૃંખલતા) ટાળવાનો પ્રયત્ન કર્યો છે એમ તું ચોક્કસપણે માન. (૫૧-૫૨). રાત દિવસ પુરુષ બધી સ્ત્રીઓને ભોગવ્યા કરશે એવું જાણીને વેદે એમ કહ્યું કે પોતાની સ્ત્રી સાથે આવું જીવન જીવવું, ઋતુકાળમાં લગ્ન જીવન માણવું. આવું કહેવામાં આશય એવો છે કે સ્વસ્ત્રી શબ્દ દ્વારા અન્ય સ્ત્રીઓને વર્જ્ય (ત્યાજ્ય) ગણાવી એવી મર્યાદા બાંધી. ખરેખર આ રીતે વ્યક્તિનું કલ્યાણ થાય એવું જ વેદ કહે છે. (૫૩-૫૪). 'મારી સ્ત્રી' 'મારી સ્ત્રી' એમ કહીને પુરુષ રાત દિવસ યંત્રની જેમ સ્ત્રી સાથે વિષય સુખ ન માણે એ હેતુથી શ્રુતિ ઋતુકાળની મર્યાદા બાંધે છે. આમ યુક્તિપૂર્વક (વેદ-શ્રુતિ) વ્યક્તિને ભોગ છોડાવીને ત્યાગ તરફ લઇ જાય છે. (૫૫-૫૬). એ જ રીતે પર્વ, શ્રાદ્ધ વગેરેના દિવસે સ્ત્રી ગમન કરવું નહિ એવા અન્ય અપવાદો જણાવીને અને ભય બતાવીને શાસ્ત્ર માણસનું કલ્યાણ થાય એવો જ ઉપદેશ કરે છે. (૫૭). ભોગ ભોગવવાથી તો સ્વપ્નમાં પણ કલ્યાણ થતું નથી એવું વેદો જાણે છે તેથી મર્યાદા બાંધી છે. એ સિવાય બીજો કોઇ હેતુ નથી. (૫૮). મનમાં દ્વેષ વગેરે જેવા દુર્ગુણો હોય ત્યારે અથવા મનમાં પ્રેમ ન હોય ત્યારે સ્ત્રી સંગ કરવો નહિ. એમ કરવામાં પાપ (દોષ) છે. આ કોઇ ધાર્મિક વિધિ નથી પરંતુ એ પુરુષ પર મર્યાદા મૂકે છે. શાસ્ત્ર કોઇ દિવસ માનવીને વિષય ભોગમાં લંપટ બનતાં શિખવાડતું નથી. (૫૯-૬૦). શાસ્ત્રનું આ સૂક્ષ્મ તત્ત્વ (રહસ્ય) મૂઢ જાણતો ન હોવાથી એ શાસ્ત્ર (ધર્મ)ના નામે વિષયમાં નિરંકુશપણે રમે છે. (૬૧). મદ્ય (દારૂ), માંસ અને મૈથુનથી પુરુષે મુક્ત (નિવૃત્ત) થવું એવું બધું શાસ્ત્ર કહે છે. આ વસ્તુને (રહસ્યને) ના સમજીને અલર્ક અનેક સ્ત્રીઓ સાથે પરણીને, રાગમાં (વિષયમાં) અંધ થઇને ઋતુકાળમાં વિષય સુખ માણી રહ્યો છે અને આ જ ધર્મ છે એવું કહે છે. (માને છે.) (૬૨-૬૩). યજ્ઞમાં પશુની હિંસા કરીને માંસ (યજ્ઞ પ્રસાદ કહીને) ખાતો હતો અને અગ્નિષ્ટોમાદિક કરીને સોમરસ અને દારૂ પીતો. (૬૪). પછી એણે વિચાર્યું કે હવે હું દેવ બનીને સ્વર્ગમાં જઇ સુખથી ભોગો ભોગવું. એનામાં આવી કુબુદ્ધિ જાગી એની સુબાહુને જાણ થઇ. (૬૫). એણે વિચાર્યું કે આ અલર્ક તો ઘોર સંસારમાં ડૂબી ગયો લાગે છે. એને યુક્તિપૂર્વક બહાર

કાઢું એ મારો ધર્મ છે. (૬૬). એ ન્યાયથી રાજ્ય ચલાવે છે, યજ્ઞ તથા દાન પણ કરે છે અને ધર્મથી જીવે પણ છે તો પણ એ સંપૂર્ણપણે બહિર્મુખ છે. (૬૭). એ કેવળ પશુની માફક રાત દિવસ વિષયો ભોગવીને આનંદ માણ્યા કરે છે એમાં શું સુખ છે? એમાં સુખ મળે છે એવી એની જે ભ્રમણા (ભ્રાંતિ) છે તે મારે દૂર કરવી જોઇએ. (૬૮). પૈસો માણસને અનર્થમાં પાડે છે (એ અનર્થનું મૂળ છે). ધન એ વિષયભોગનું મૂળ છે. ધન અભિમાન વધારે છે. આમ પૈસો જ આ રીતે માણસનો ઘાતક બને છે. (આત્મઘાતક છે.)(૫) (૬૯). હવે હું આ ધ્યાન-સમાધિ છોડીને એની પાસે જાઉં અને એનું બધું ધન (ધન-વૈભવ) હરી લઉં જેથી એ હેરાન-પરેશાન થઇ જાય. એનાથી એનામાં વૈરાગ્યનો ઉદય થશે. આવું વિચારીને દૃઢ નિશ્ચય કરીને, મૂઢતાનો અંચળો છોડીને એ નગરમાં આવ્યો. (૭૦-૭૧). એણે આવીને અલર્કને કહ્યું કે મોટો ભાઇ હું છું તેથી આ મારું રાજ્ય છે એ વાતમાં કોઇ શંકા નથી. એટલે તું મને એ રાજ્ય આપી દે અથવા તો રાજ્યના બે સરખા ભાગ કરી દે. (૭૨). આ સાંભળીને અલર્ક બોલ્યો કે અરે! તું જા અને વનમાં જઇને તપ કર તપ. તને ખબર નથી કે આ રાજ્ય તો પિતાએ મને આપ્યું છે. (૭૩). રાજા તો એક માત્ર અલર્ક જ રહેશે. આમાંથી હું તને કદીપણ અને કશું પણ આપવાનો નથી. તું રાજ્ય કરવા માટે નાલાયક છે. કારણ કે લોકો તને બાઘો કહે છે. (૭૪). જો તારામાં ક્ષત્રિયનું તેજ (ખુમારી) હોય તો મારી સાથે યુદ્ધ કરીને તારો ભાગ મેળવ. એ વિનાની કોઇ વાત હું સ્વીકારવાનો નથી. (૭૫). જો યુદ્ધ કરવું ના હોય તો ચપટીભર લોટ લઇને વનમાં પાછો જા. તું કયા મોઢે અહીં આવ્યો છે? અલ્યા બેવકૂફ (મૂઢ)! તું અહીંથી નીકળ. (૭૬). હવે મને તારા કપટની અને ઢોંગની ખબર પડી. જો મને પહેલેથી ખબર પડી હોત તો મેં તારી એ રીતની વ્યવસ્થા કરી દીધી હોત. (૭૭). આજ સુધી હું તને લાચાર (ગરીબડો) અને અપંગ જાણીને તારું પાલન-પોષણ કરતો હતો. ચાલો, એ સારું થયું કે હવે તારા આવા કપટી ઢોંગ જાણવા મળ્યા. (૭૮). તું હવે અહીંથી જલદીથી જતો રહે, નહિતર મારે તને ધક્કો મારીને બહાર કાઢવો પડશે. મૂંગે મોઢે આવું અપમાન સહન કરીને સુબાહુ ત્યાંથી નીકળી ગયો. (૭૯). અહીંથી નીકળીને એ સીધો કાશીના રાજા પાસે આવ્યો અને બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે તમે મારા પર લાગણી દર્શાવીને ઉદાર દિલે ખાસ મદદ કરો. અમે ચાર ભાઇઓ છીએ પછી એ એકલો શાનો રાજ કરે? (૮૦-૮૧). મેં મારો ભાગ માગ્યો તો તે પણ આપવાની ના પાડી દીધી. તો હવે એને એની શિક્ષા થવી જ જોઇએ. તું મારી સાથે ચાલ. (૮૨). તું બીજી ચિંતા કરીશ નહિ કારણ કે આગેવાની તો હું જ લઇશ. તું લશ્કર લઇને મારી પડખે રહેજે અને મને મદદ કરજે. (૮૩). કાશીરાજે કહ્યું કે જુઓ હું તો એનો ખંડિયો (માંડલિક) રાજા છું અને અલર્ક તો ચક્રવર્તી (સાર્વભૌમ) રાજા છે. એની સામે મારી શી વિસાત? (૮૪). આ સાંભળીને સુબાહુએ કહ્યું કે અસહાય બનેલા (દીન)ને મદદ કરવી એ ક્ષત્રિયનો શુદ્ધ સનાતન ધર્મ છે. આવા ધર્મનું પાલન કરતાં કરતાં લડવા જતાં કદાચ મૃત્યુ થાય તો સ્વર્ગ મળે છે અને વિજય થાય તો રાજ્ય મળે છે એવું શાસ્ત્ર પણ કહે છે.(૬) (૮૫-૮૬). આમ ધર્મયુદ્ધમાં બંને બાજુ લાભ જ છે. વિજય થતાં રાજ્ય મળશે તો તે વખતે હું તને નહિ ભૂલું. (૮૭).

સુબાહુની આવી વાત સાંભળીને કાશીરાજે કહ્યું કે હું પહેલાં અલર્કને મળીને વાટાઘાટો (વિષ્ટિ-મસલત) કરી જોઉં. (૮૮). જો વાટાઘાટો કરવા છતાં પણ એ વાત નહિ માને તો પછી આપણે ના છૂટકે લડી લઇશું. આમ કરવાથી કોઇ આપણો વાંક (દોષ) કાઢી શકે નહિ. (૮૯). સુબાહુએ કાશીરાજાની આ વાત સ્વીકારી. (માન્ય કરી.) એટલે ત્યાંથી તરત જ ચતુરંગી સેના લઇને બંને જણા ત્યાં (અલર્કના નગર પાસે) આવી પહોંચ્યા. (ચતુરંગી સેના એટલે પાયદળ (પગે ચાલીને લડતું લશ્કર), હયદળ (ઘોડાપર બેસીને લડતું લશ્કર), ગજદળ (હાથી પર બેસીને લડતું લશ્કર) અને રથદળ (રથમાં બેસીને લડતું લશ્કર) એવી ચાર પ્રકારની સેના.) (૯૦). ઝડપથી અલર્કને મળીને કાશીરાજાએ કહ્યું કે તમારા ભાઇને એનો ભાગ આપી દો. આ ધર્મયુક્ત વાત છે. (૯૧). અલર્કે કહ્યું કે હું ડરનો માર્યો (બી જઇને) એને કોઇ દિવસ

ભાગ આપવાનો નથી. તમારે લડાઇ કરવી હોય તો ભલે શરૂ કરો. આ સાંભળીને કાશીનરેશે આવીને સુબાહુને બધી જ વાત ઝડપથી કહી સંભળાવી અને પછી યુદ્ધનો પોકાર કરી (લલકારી) અલર્કની નગરીને ઘેરો ઘાલ્યો. (૯૨-૯૩). આ જોઇને અલર્ક પોતે જ સૈન્ય સાથે આવી પહોંચ્યો અને બોલ્યો કે યુદ્ધ કરીને બંનેને મોતને ઘાટ ઉતારી દઉં. (૯૪). યોગીશ્રેષ્ઠ સુબાહુએ યોગશક્તિથી ફક્ત દષ્ટિ ફેંકીને દુશ્મન (સામેના)ના લશ્કરનું બળ (સામર્થ્ય-તેજ) હરી લીધું. જેથી કાશીરાજાનું લશ્કર નાનું હતું તો પણ તે જોઇને અલર્ક અંતરથી ગભરાઇ ગયો અને ભયભીત થઇ ગયો. (૯૫-૯૬). એને એવું લાગ્યું કે દુશ્મનના લશ્કરનો આ સાગર તો અપાર છે. એની સાથે કોણ લડી શકે? મારી ખરેખર મોટી ભૂલ થઇ ગઇ. (૯૭). જો એની વાત મેં પહેલાં માની લીધી હોત તો આ દિવસ ન આવત. હવે જો એના શરણે જઇશ તો મારી મશ્કરી થશે (આબરૂ જશે). (૯૮). માટે હવે પીછેહઠ કરવી નથી એવો મનમાં પાકો (દઢ) નિશ્ચય કરીને અલર્ક લડવા માટે આગળ થયો અને સૈન્ય લઇને ગર્જના કરતો તૂટી પડ્યો. કાશીરાજાએ પણ ક્રોધે ભરાઇને સૈન્યને લડવા માટે હાકલ કરી. (૯૯-૧૦૦). કાશીનરેશના લશ્કર પર સુબાહુની નજર પડતાં જ તેઓ કાળની જેમ લડવા લાગ્યા અને ક્ષણવારમાં દુશ્મનની સેનાનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. (૧૦૧). મડદાંનો તો ઢગલો ખડકાયો. લોહીનું પુર વહેવા લાગ્યુ. આ બધું જોઇને રણમાં શૂરવીર એવો અલર્ક અંતરમાં ગભરાયો. (૧૦૨). એટલામાં તો શત્રુઓ દોડ્યા અને કિલ્લાની દીવાલો (કોટ) તોડી નાંખી. દરવાજો તોડીને અંદર ઘૂસી ગયા અને અંદરના ભાગે દોટ મૂકી અને ક્ષણવારમાં રક્ષકોને મારી નાંખીને રાજમહેલ તોડી પાડયા અને ધ્વજને તોડી નાંખીને, રમત હોય તેમ માનીને (વિજયની) ગર્જના (જય જયકાર) કરવા લાગ્યા. (૧૦૩-૧૦૪). કેટલાકને ભેદથી ફોડ્યા, બીજા કેટલાકને ધનની લાલચે ફોડ્યા અને બીજાને સમજપૂર્વક વશ કર્યાં. બધા જ નાસી ગયા. (૧૦૫). બધા કોઠારોમાં તોડ ફોડ કરી અને ધન ભંડાર પણ લૂંટી લીધા. આવી ભયંકર (અકલ્પ્ય) સ્થિતિ જોઇને અલર્કે મનમાં વિચાર્યું કે મેં જેને પોતાના માન્યાં હતાં તે જ મારી વિરુદ્ધમાં ગયાં. કાશીનરેશે પણ મારી સાથે વિશ્વાસઘાત કર્યો. (૧૦૬-૧૦૭). એ મારો ખંડિયો રાજા હોવા છતાં શત્રુ સાથે ભળી ગયો અને મારું લશ્કર પણ એનું થઇ ગયું. હવે હું શું કરૂં? (૧૦૮). બધા મંત્રીઓ ફૂટી ગયા, ધનભંડાર અને મહેલો લૂંટાઇ ગયા, આબરૂ કોડીની થઇ ગઇ, હવે જીવવું પણ ગમતું નથી. (૧૦૯). કયા જન્મનું કર્મ નડ્યું એ તો માત્ર એક ભગવાન જ જાણે. હવે કોઇ ઉપાય રહ્યો નથી અને મારું મન સાવ કંટાળી ગયું છે. (મન હતાશ થઇ ગયું છે.)⑦ (૧૧૦). મનમાં ખૂબ જ ઉદ્વેગ થયો અને થયું કે અપકીર્તિ કરતાં તો મરવું સારું. આવું વિચારીને ઘોડા પર બેસીને મદાલસાસુત (અલર્ક) અંધારી રાતે એકલો ચાલી નીકળ્યો. આ વાત જાણીને સુબાહુએ લશ્કરને કહ્યું કે એને કોઇ રોકશો નહિ. (એ જયાં જાય ત્યાં જવા દો.) (૧૧૧-૧૧૨).

આગળ જતાં એ દત્ત ભગવાનને મળશે અને કૃતાર્થ થશે. એ રસમય કથા સાંભળતા કોણ મુક્ત નહિ થાય? (૧૧૩). પોતાના ભાઇનો ઉદ્ધાર કરવા માટે સુબાહુએ શું પ્રયત્ન કર્યો એનું વર્ણન આ અધ્યાયમાં કર્યું છે જે વાત અલખે પ્રેમપૂર્વક કહી સંભળાવી છે. (૧૧૪). ધન્ય છે એ નિરંજનને કે જેના યોગથી (નિમિત્તથી) રાત દિવસ અહીં આવો અમૃત રસ વહી રહ્યો છે અને **રંગ** વિશ્રામ પામે છે. (૧૧૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અલર્કબોધોપાય વર્ણન'** નામનો **બત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૨

(૧) આ નાનો દોહરો ઘણી મોટી વાત કહી જાય છે. પૂ.બાપજીની દૃષ્ટિ બીજા કરતાં અહીં જ જુદી પડે છે. દરેકે સદાચારથી વર્તવું જોઇએ અને આવું વર્તન સહજતાથી થવું જોઇએ. વ્યક્તિ જેવું કર્મ કરે છે તેવું ફળ પામે છે. 'વાવે તેવું લણે અને કરે તેવું પામે' એ ઉક્તિ સામે આંખ મીંચામણા કરનાર પાછળથી પસ્તાય છે. કર્મ કરતી વખતે સાવધાની રાખો. ખોટું કરવું નહિ એને જીવનમંત્ર બનાવો. ખોટું કરનારને કોઇ બચાવનાર નથી. આ વાતની સમજણ 'અમર આદેશ'નાં પ્રવચનોમાં વારે વારે પૂ.શ્રીએ આપી છે. આપણે જાતે જ સારા કર્મો કરીને તરી જવાનું છે. બીજો કોઇ આપણને તારશે એવી સમજ એ ભ્રમણા છે. ધર્મના બહાને પૈસા કમાવવાની દાનતવાળા પુરુષો તો તમે ભલે ખોટાં કર્મો કરો પણ મારા ચરણમાં આવીને ન સમર્પિત કરો તો તમને પાપમાંથી હું મુકત કરાવીશ એવું કહે છે. પણ એ તો લોભિયા હોય ત્યાં ધૂતારાં ભૂખે ન મરે એના જેવી વાત છે. કોઇ શિક્ષક સ્કૂલમાં સહી કરીને દર્શને આવે તો એ દર્શનનું પુણ્ય નથી મેળવતો પણ મોટો ગુનો કરે છે, પાપ કમાય છે. આને બદલે સ્કૂલમાં વિદ્યાર્થીને નિષ્ઠાપૂર્વક ભણાવે તો એ પૂ.શ્રીનાં દર્શન જ છે એવી સમજ આપણા બાપજી આપતા. 'તમારે તો ઝેર ખાવું છે અને અમર થવું છે' એવી ટકોર એમણે 'અમર આદેશ'માં કરી છે.

(૨) પુત્ર એટલે 'પું' નામના નરકમાંથી બચાવે, ઉગારે તે. શાસ્ત્રમાં આવતાં આવાં વિધાનથી લોકોને પુત્રની ઝંખના જાગી. પુત્ર ન હોય તો જીવ્યું નિરર્થક લાગે. પુત્ર ન હોય તો વ્યક્તિ નરકમાં જાય એવી ભ્રમણા પણ ઊભી કરવામાં આવી. એ ભ્રમણાને તોડવા માટે આ દોહરો કુહાડીનું કામ કરે છે. પ્રબોધ(આત્મજ્ઞાન)રૂપી પુત્રથી મુક્તિ મળે છે એવી સ્પષ્ટતા કરીને પૂ.શ્રીએ આપણી આંખ ખોલી નાંખી છે. જો પુત્રથી જ મુક્તિ મળતી હોય તો પ.પ.જગદ્‌ગુરુ શંકરાચાર્ય, પ.પૂ.રામકૃષ્ણ પરમહંસ, પૂ.ડોંગરે મહારાજ કે આપણા ગુરુ મહારાજની મુક્તિનું શું? મૂળે બંધન જ નથી એટલે મુક્તિ પામવાનો પણ પ્રશ્ન જ નથી. પરંતુ આ વાત અજ્ઞાની જીવ સમજતો નથી એટલે સમસ્યા ઊભી થાય છે.

(૩) મદાલસા એક બાજુ પતિવ્રતા છે અને બીજી બાજુ પુત્રોની માતા છે. એણે પતિની આજ્ઞામાં રહીને પુત્રોનું કલ્યાણ કરવાનું છે. પતિની જીવનદૃષ્ટિ ભોગથી ભરેલી છે જ્યારે મદાલસાની દૃષ્ટિ યોગથી ભરેલી છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે એ વિધાનને મદાલસા ચરિતાર્થ કરે છે. ત્રણ દીકરાને નિવૃત્તિમાર્ગનો ઉપદેશ કરીને, ચોથાને રાજ્ય કરવા માટે લાયક બનાવ્યો. આમ છતાં તેનું કલ્યાણ થાય, મોક્ષ મળે એ માટે જંગલમાં જતાં પહેલાં મુદ્રિકા આપે છે અને સંકટ સમયમાં એમાં મૂકેલી પત્રિકા વાંચી, તે પ્રમાણે વર્તવાની સલાહ આપે છે. પુત્રનું ભવિષ્ય સલામત રહે એવી ચિંતા કરે તે આર્યમાતા. અલર્ક રડ્યો ત્યારે પતિવ્રતા સ્ત્રી તરીકે મદાલસા બોલી કે મારે મારા પતિની સાથે જવું જોઇએ, એ જ સાચો સ્ત્રી ધર્મ છે. દામ્પત્ય જીવનની મીઠાશ અને ગૃહસ્થી બનીને માતા તરીકેનું મહેંકતું જીવન એ મદાલસાએ સમાજને આપેલી ભેટ છે.

(૪) દોહરા ૪૫,૪૬ અને ૪૭નો અભ્યાસ કરવો જોઇએ. રાજા તરીકે અલર્ક ધર્મ પ્રમાણે વર્તે છે. ધર્મથી અર્થની પ્રાપ્તિ કરે છે, પ્રાપ્ત થયેલા અર્થને ધર્મમાં વાપરે છે. બંને વચ્ચે સુમેળ સાધીને સંસાર સુખ ભોગવે છે. એ સદા આનંદમાં રહે છે, ઉદાસીનતા કોને કહેવાય એની એને ખબર નથી અને મોટા પ્રમાણમાં યજ્ઞ યાગો કરે છે. આટલી ચર્ચા એક ધાર્મિક રાજાની છાપ ઊભી કરે છે. આટલું કરનાર સદાચારી છે જ પરંતુ આ બધાથી મોક્ષ મળતો નથી. જો વ્યક્તિનું લક્ષ્ય

મોક્ષ હોય તો આવું જીવન સદાચારભર્યું હોવા છતાં નિર્વાણ આપનારું નથી, કારણ કે આ બધી પ્રવૃત્તિથી રાગ વધે છે પણ વૈરાગ્યનો ઉદય થતો નથી અને વૈરાગ્ય વિના ઇશ્વર મળતો નથી. આ દોહરા દ્વારા પૂ.શ્રી જણાવે છે કે મોક્ષમાર્ગી મુસાફરે વૈરાગ્યનો ઉદય થાય એવું કરવું જોઇએ. સદાચારી અને ધાર્મિક પ્રવૃત્તિ મોક્ષનું ધ્યેય સિદ્ધ કરી શકે નહિ. જીવનમાં આનંદ શાંતિ આપી શકે પરંતુ એ આનંદ શાંતિ ક્યારે જતાં રહે તે નિશ્ચિત નહિ.

(૫) દોહરા ૬૭ થી ૬૯ સાથે વાંચીએ. અલર્કનું જીવન ધર્મમય અને ન્યાયી હોવા છતાં એ બહિર્મુખ છે. હજી એ સ્વસ્વરૂપનું ચિંતન કરતો નથી. 'અહીં દોડું, તહીં દોડું' એવી ભટકવાની પ્રવૃત્તિથી પ્રતિષ્ઠા મળે છે, નિષ્ઠા નહિ. નિષ્ઠા માટે તો પ્રવૃત્તિ અટકાવવી પડે. આ અઘરું છે. ઇંદ્રિયોને બહારના વિષયોમાંથી પાછી વાળી લઇને, સ્વસ્વરૂપનું ચિંતન કરવાને જ સંતો સાચું સુખ ગણે છે. વિષયોમાંથી સુખ મળતું જ નથી, એ મળે છે એવી આપણી ભ્રમણા છે. જે પૈસા માટે આપણે ગાંડા-ઘેલા થઇને ન કરવાનું ઘણું બધું કરીએ છીએ એ અર્થ, (પૈસા) વિષયોનો દોહરા ૬૯માં અભ્યાસ માંગી લે છે. અર્થ એ અનર્થનું મૂળ છે, ધન એ વિષયભોગનું મૂળ છે. ધન એ અભિમાન વધારનારું છે અને પરિણામરૂપ એ ધન વ્યક્તિને માટે ઘાતક નીવડે છે. "દયા ધરમકા મૂલ હૈ પાપમૂળ અભિમાન" નો અર્થ જ આવો છે.

(૬) પોતાના ભાઇનું કલ્યાણ કરવા માટે મોટોભાઇ પોતાની તપશ્ચર્યા છોડી દે છે એ સમજવા જેવી વાત છે. (દોહરો ૭૦). વળી જ્યાં સુધી વ્યક્તિને માથે દુઃખ તૂટી પડતું નથી ત્યાં સુધી એ પ્રભુના પંથે વળતો નથી. વધારે પડતા સુખ-વૈભવ એ મોક્ષની દૃષ્ટિથી જોતાં ભગવાને કરેલી કૃપા નથી પણ આપણી સાથે કરેલી છેતરપિંડી છે. જીવ ધીરે ધીરે એમાં ફસાતો જાય છે.

દુઃખમેં સુમિરન સબ કરે સુખમેં કરે ન કોઇ,
જો સુખમેં સુમિરન કરે (તો) દુઃખ કાહે કો હોઇ.

કાશીરાજની મદદ માંગતા ધર્મયુદ્ધ વિશેનો દોહરો એ ગીતાના શ્લોકની યાદ અપાવે છે.

હતો વા પ્રાપ્યસિ સ્વર્ગમ્ જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ |
તસ્માત્ ઉત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચય: ||
(અ.૨/શ્લોક-૩૭)

યુદ્ધમાં હણાઇને જો તું મૃત્યુ પામશે તો તને સ્વર્ગ મળશે કારણ કે ક્ષત્રિય તરીકે લડવું, યુદ્ધ કરવું એ તારો ધર્મ છે અને એ ધર્મ પ્રમાણે વર્તવાથી પુણ્ય મળે છે જે સ્વર્ગ અપાવનારું છે અને જો યુદ્ધમાં જીતશે તો ભૂમંડળનું રાજ્ય ભોગવીશ. આમ બંને હાથમાં લાડુ છે.

(૭) દોહરા ૧૧૦ થી ૧૧૨ સમજવા જેવા છે. જ્યાં સુધી ઉપાધિનાં પોટલાં આવી પડતાં નથી ત્યાં સુધી માણસ સાચી દિશામાં વિચારતો નથી. આપત્તિની આંધી આંતરિક ખોજ કરવા માટેનું વાતાવરણ તૈયાર કરે છે. એટલે ખરેખર એ આપત્તિ આપત્તિ હોતી જ નથી. જ્યારે ભગવાન આપણું હિત કરવા માગતો હોય છે ત્યારે આપત્તિ મોકલી આપે છે. રાજપાટ અને વિષયભોગમાં મસ્તીથી જીવતાં અલર્કનું મન કંટાળ્યું એ એના કલ્યાણમાર્ગનો પહેલો સીમા સ્તંભ. અપકીર્તિ કરતાં મોત સારું એવું વિચારીને એ એકલો નીકળી ગયો ત્યારે સુબાહુએ બધાને કહ્યું કે કોઇ એને રોકશો નહિ. એ ભલે દુઃખી દુઃખી થઇ ગયેલો જણાય પણ એ જ એને માટે સુખનો માર્ગ છે. સાચા સંતો, સાચા સંબંધીઓ વ્યક્તિનું કલ્યાણ કરવા માટે પોતાનું બગાડીને પણ અને સામેનાનો ખોફ વહોરીને કરવા યોગ્ય બધું કરે છે. આ જ

એમની વિશિષ્ટતા છે.

શ્રીમદ્ ભાગવત પણ જણાવે છે કે :

ગુરુર્ન સ સ્યાત્સ્વજનો ન સ સ્યાત્
પિતા ન સ સ્યાત્ જનની ન સા સ્યાત્ |
દૈવં ન તત્સ્યાન્ન પતિશ્ચ સ સ્યાત્
ન મોચયેદ્યઃ સમુપેતમૃત્યુમ્ ||
(સ્કંધ ૫/ અધ્યાય ૫/ શ્લોક ૧૮)

[ જે પોતાના પ્રિય સંબંધીને ભગવદ્ ભક્તિનો ઉપદેશ આપીને મૃત્યુની ફાંસીમાંથી નથી છોડાવતો તે ગુરુ ગુરુ નથી, સ્વજન સ્વજન નથી, પિતા પિતા નથી, માતા માતા નથી, ઇષ્ટદેવ ઇષ્ટદેવ નથી અને પતિ પતિ નથી.]

●

## અધ્યાય : ૩૩

આ અધ્યાયનું નામ **'અલર્કાય જ્ઞાનકથન'** છે. આ અધ્યાયમાં **૧૩૦** દોહરા છે.

યુદ્ધ છોડીને ઘોડા પર બેસીને અલર્ક એકલો જ રાત્રે ચાલી નીકળ્યો અને ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યો. મનમાં દુઃખનો આક્રોશ હતો. ત્યાં માતાનું સ્મરણ અને માતાએ કહેલી વાત યાદ આવી. સૂર્યોદય થતાં સ્નાન કરીને માતાએ લખેલી પત્રિકા વાંચી. માતાએ બે વાત લખી હતી. એક તો કોઇનો સંગ કરવો નહિ. સંગ કરવો જ હોય તો પછી સત્સંગ કરવો. બીજું કશાની ઇચ્છા કરવી નહિ. ઇચ્છા કરવી જ હોય તો પછી મોક્ષની ઇચ્છા કરવી. (૧-૧૨).

સાચા સંતના દર્શન ક્યાં થશે એમ ઋષિને પૂછતાં એણે સહ્યાદ્રિ પર દત્ત ભગવાન પાસે જવા જણાવ્યું. ત્યાં જઇને દુઃખનો ઉપાય પૂછતાં દત્ત ભગવાને એને કહ્યું કે તને ક્યાં દુઃખ થયું છે તે બતાવ. એટલે એ સ્થાનને ડામ દઇને સીધું કરું. મદાલસાના પુત્રરત્નને આ એક જ વાતમાં બધું સમજાઇ ગયું. (૧૩-૨૯).

દત્તના પ્રશ્ને જ સૂક્ષ્મ વિવેકથી અંતર ખોજ શરૂ કરી અને મોક્ષમાર્ગનાં પગથિયા ચઢવા માંડ્યાં. (૩૦-૬૪).

દત્ત ભગવાને પૂછ્યું કે હવે તું બોલ કે તારા મનમાં શી ઇચ્છા છે? તો રાજાએ જવાબમાં કહ્યું કે હવે મારે રાજ્ય વૈભવ કાંઇ જોઇતાં નથી. સુબાહુ રાજ્ય કરે કે હું કરું એમાં શું ફેર છે? અને બધી જ્ઞાનભરી ચર્ચા કરી. (૬૫-૯૪).

એની વાત સાંભળીને દત્તપ્રભુને પરમ આનંદ થયો અને એને તત્ત્વજ્ઞાન સમજાવ્યું. (૯૫-૧૧૫).

અલર્કે પ્રાર્થના કરતાં કહ્યું કે આ જે જ્ઞાન થયું છે, આ જે સમજાયું છે તે ચિત્તમાં સ્થિર કેવી રીતે રહે તેનો મને ઉપદેશ કરો. (૧૧૬-૧૩૨).

ચિંતામાં ડૂબેલો અને દુઃખી થયેલો અલર્ક ચાલી નીકળ્યો અને ઝડપથી વનમાં એક ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યો. (૧). ત્યાં જઇને સ્વસ્થતાથી બેઠો અને વિચાર કરવા લાગ્યો. રાજ્ય વૈભવને યાદ કરીને મનમાં બોલ્યો કે માન ન માન, પણ ઇશ્વર ચોક્કસ રૂઠ્યો છે. (૨). કયા જન્મનું પાપ નડ્યું છે અને ભયંકર દુઃખ આપે છે (તે ખબર પડતી નથી.) ખરેખર ! પ્રારબ્ધની ગતિ ન્યારી છે. એ રીતે વિલાપ કરવા લાગ્યો. (૩). જો આજે મારી માત હોત તો મારી આ સ્થિતિ ના થાત. હું શું કરું તો મન શાંત થાય એની કોઇ સમજ પડતી નથી. (૪). માતાનું સ્મરણ થતાં પેલું યાદ આવ્યું. એને થયું કે વનમાં જતી વખતે 'મા' ને ચોક્કસ આ બધું બનવાનું છે એની ખબર હશે જ અને તેથી જ 'મા'એ પત્રિકા આપીને કહ્યું હતું કે દુઃખના દિવસો આવે ત્યારે ખાસ વાંચજે એટલે એનાથી બધાં દુઃખો દૂર થઇ જશે. (૫-૬). હવે ક્યારે સવાર પડે એટલે હું સ્નાન કરીને એ જોઉં (વાંચું). હજી સૂર્ય કેમ ઊગતો નથી? હજી કેટલી રાત બાકી છે? આમ ચિંતા કરતો અલર્ક ત્યાં બેઠો હતો ત્યાં તો પૂર્વ દિશામાં સવિતા (સૂર્ય) નારાયણ ઊગ્યા. (૭-૮). માતાનું સ્મરણ કરીને એકદમ ઝડપથી સ્નાન કર્યું અને મુદ્રિકાનું પૂજન કરીને પત્રિકા બહાર કાઢીને ઉત્સાહથી વાંચવા લાગ્યો. સતીએ એમાં સર્વ સુખનું રહસ્ય લખ્યું હતું. (૯-૧૦). દરેક રીતે સંગ છોડી દેવો (કોઇનો પણ સંગ કરવો નહિ). જો કદાચ આવું ન બની શકે તો હંમેશાં સંતનો સંગ કરવો કારણ કે સંતો આપણને તારે છે. દરેક પ્રકારની ઇચ્છાનો ત્યાગ કરવો. જો બની શકે એમ ના હોય તો કેવળ સુખનો ભંડાર એવા મોક્ષની ઇચ્છા કરવી.① (૧૧-૧૨).

માતાનું આવું લખાણ વાંચીને અને માતાના હૃદયના ભાવને ઓળખીને રાજાએ વિચાર્યું કે મને સંત ક્યાં મળશે? (૧૩). એ બાબતમાં હું મૂરખ અને નાદાન છું અને કશું જાણતો નથી. એવું વિચારીને તરત જ આશ્રમની અંદર ગયો. ત્યાં બેઠેલા ઋષિને પગે લાગીને બોલ્યો કે હે ઋષિજી ! આપ મને કહો કે સંત ભગવાન ક્યાં મળશે કે જેની સેવાથી મારા દુ:ખનો નાશ થશે. આવાં વચન સાંભળીને ઋષિ બોલ્યા કે તું ખાસ સાવધાનીપૂર્વક સાંભળ. (૧૪-૧૬). દક્ષિણમાં સહ્ય પર્વત ઉપર (સહ્યાદ્રિ = સહ્ય + અદ્રિ -> પર્વત) યોગેશ્વર દત્ત વસે છે. તો તું એનાં દર્શને જા. એ દત્તપ્રભુ તારા પર કૃપા કરશે. (૧૭). જ્યાં સુંદર રેણુકા આશ્રમ છે એવા પ્રસિદ્ધ માતાપુરની સામેના ભાગમાં ઊંચા શિખર પર ત્યાં સુંદર દત્તાશ્રમ છે. એમાં અનસૂયાનંદન પ્રસિદ્ધ યોગીરાજ શ્રીદત્તપ્રભુ જેને સંતો પણ વંદન કરે છે અને જે સાક્ષાત્ ભગવાન છે તે રહે છે. (૧૮-૧૯). તું એ વાત જાણી લે કે એનાં દર્શનમાત્રથી ભવવ્યથા (સંસારનો ત્રાસ) ટળી જાય છે. આવાં વચનો સાંભળીને, ઋષિને વંદન કરીને અલર્ક ત્યાંથી ચાલી નીકળ્યો. ત્યાંથી એકદમ ઝડપથી સહ્યાચલ પર્વત ઉપર આવ્યો અને એકદમ શાંત આશ્રમ જોઈને તે અંદર દાખલ થયો. (૨૦-૨૧). દત્તપ્રભુનાં ચરણોમાં સદ્ભાવથી વંદન કરીને કહ્યું કે હે ભકતવત્સલ ભગવાન ! આ શરીર આપને સમર્પિત કર્યું છે. (હું આપને શરણ આવ્યો છું.) (૨૨). હે ગુરુનાથ ! પ્રારબ્ધને કારણે મને અતિશય દુ:ખ થયું છે. હે તાત ! તમે મારા ગરીબ ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર કરો. (૨૩). આપની કૃપા થતાંની સાથે જ આ દુ:ખ રહેશે નહિ. હે પ્રભુ ! હું આપને શરણ આવ્યો છું. આપ જ કોઈ ઉપાય કરો. (૨૪). આ સાંભળીને દત્તપ્રભુ મનમાં બોલ્યા કે આ તો મદાલસાનું ધન્ય અને સમજુ ગર્ભરત્ન છે. (૨૫). એની ભૂમિકા તો સિદ્ધ થયેલી જ છે એટલે (એને સમજાવવામાં) બહુ મહેનત પડે એમ નથી. એટલે ત્યાં હસીને દત્તપ્રભુ બોલ્યા (પૂછ્યું) કે તને જ્યાં દુ:ખ થયું હોય તે સ્થાન તું મને બતાડ. જેથી ત્યાં ડામ દઈને એને એકદમ સીધું કરી દઉં. (ડામ એટલે ગરમ ગરમ વસ્તુ શરીર પર ચાંપી દેવી.) (૨૬-૨૭). તું મને એમ કહે કે તું કોણ છે? તને ક્યાં દુ:ખ થયું છે? તને દુ:ખ થવાનું કારણ શું છે? એ બધું જાણીને હું એને દૂર કરું જેથી કશું પણ બાકી ન રહે. (૨૮).

દત્તપ્રભુનાં એ વચનો સાંભળીને સૂક્ષ્મ વિવેકથી અંતરમાં બધું જોતાં એણે સઘળું જાણી લીધું અને એ કહેવા લાગ્યો કે પંચમહાભૂતોનો સમૂહ એવો આ સ્થૂળ દેહ તો જડ છે. એમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે અને એ તો કેવળ અનિત્ય (ક્ષણભંગુર) છે. (૨૯-૩૦). આત્મા પોતે તો નિર્વિકાર છે, વ્યાપક છે અને અખંડ છે. આ મર્યાદિત એવા દેહને એ અળગો રહીને જાણે છે. (૩૧). એ જ મારું સાચું સ્વરૂપ છે. દેહથી જુદો એવો હું સત્ (સત્ય) અને ચિત્ આત્મા એવો હું એક છું અને ચાલક તેમજ ભાસક છું. (ચાલક એટલે બધાને કાર્ય કરવા પ્રેરનાર અને ભાસક એટલે બધાને પ્રકાશિત કરનાર). (૩૨). ઇંદ્રિયોમાં રહીને જે પ્રાણ ચાલવાની, વળવાની વગેરે ક્રિયા કરે છે તે તો નિદ્રામાં જડ બની જાય છે. તો સાક્ષીરૂપ એવો હું પ્રાણ કેવી રીતે હોઇ શકું? (એટલે કે પ્રાણ એ આત્મા નથી.) (૩૩). આ મન ક્ષણેક્ષણે દોડાદોડ કર્યા જ કરે છે. એ વાતને હું જાણું છું. તેથી હું મન નથી. એ વાત નિશ્ચિત છે. (એમાં કદી પણ સંશય થતો નથી.) (૩૪). હું તો મનથી તદ્દન જુદો છું, સર્વવ્યાપક (વિભુ) છું અને તેથી હું મન નથી. જે બુદ્ધિ ઊંઘમાં વિલીન થાય છે તે બુદ્ધિ-વિજ્ઞાન પણ હું નથી. (૩૫). હું તો સાક્ષીરૂપ ચૈતન્ય છું અને બધાથી જુદો છું. ત્રણ ગુણવાળો જડ એવો અહંકાર પણ હું નથી. (૩૬). હું તો શુદ્ધ છું, બુદ્ધ છું, શ્રેષ્ઠ (પર) છું, ઇંદ્રિયાતીત (ઇંદ્રિયોથી પર) છું, અજ છું, અમર છું અને અક્ષય છું. મૃત્યુના ધર્મવાળો માનવી હું નથી. આવો દઢ નિશ્ચય થાય તો પછી ક્યાંથી દુ:ખ આવે? હું તો કેવળ સુખ સ્વરૂપ છું. અરેરે ! હું આમ બાવરો (બેબાકળો) કેમ બની ગયો? (૩૭-૩૮). પગથી માંડીને માથા સુધી શોધવા છતાં કેમે કરીને દુ:ખ જડતું નથી. જન્મ, મરણ, રોગો એ બધા આ સ્થૂળ શરીરનાં દુ:ખો છે. હું તો એ બધાથી ન્યારો છું એટલે એ બધાં મુજને ક્યારેય પણ સ્પર્શતાં નથી. ભૂખ અને તરસથી પણ એ જડ પ્રાણ જ પીડાય છે. (૩૯-૪૦). એ બધાના દુ:ખે

હું કદી પણ દુ:ખી થતો નથી. એ બધા તો મારા નોકર (ભૃત્ય)ની જેમ મારી સત્તાને લીધે વર્તે છે. (૪૧). ચંચળ મન એ જ રાગ-દ્વેષનું મૂળ કારણ છે. અન્નના વિકારને લીધે એ સુખથી હસે છે અને દુ:ખથી રડે છે. (૪૨). જો હું કોઇ પણ રીતે એ ન હોઉં તો એ બધું ક્યાંથી નડે? શું એક જણનું દુ:ખ કદીપણ બીજાને દુ:ખી કરી શકે ખરું? (૪૩). અંતરમાં એ રીતે વિચાર કરીને, દુ:ખનું કારણ શોધી કાઢીને, હસીને બોલ્યો કે મેં દુ:ખનું કારણ શોધી કાઢ્યું છે. (૪૪). આકાશ (વ્યોમ), વાયુ, તેજ (અગ્નિ), જળ અને પૃથ્વી એ પાંચ ભૂતો બધાં જ જડ અને ચંચળ છે. એ મારું રૂપ નથી. (હું એ નથી). (૪૫). હું તો સત્ ચિત્, નિશ્ચલ, કેવળ-સ્વરૂપ એવો એક માત્ર આત્મા છું. પંચભૂતો અને એના (ભૌતિક) ગુણોથી હું ન્યારો છું. હું તો નિર્ગુણ છું. (૪૬). ઇંદ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિનો સાક્ષીરૂપ ચેતન આત્મા હું છું. જો હું એ બધાથી જુદો હોઉં તો એમના દુ:ખે શું કામ દુ:ખી થાઉં? (૪૭). દુ:ખનું અમંગલકારી મૂળ દેહની અહંતા છે. એના સંગનો ત્યાગ કરવાથી દુ:ખનું સ્થાન શોધ્યું પણ જડતું નથી. (૪૮). વિવેકપૂર્વકના સૂક્ષ્મ વિચારથી મેં મારું મૂળ સ્વરૂપ જાણી લીધું છે. હવે હું અનુભવના જોરે કહું છું કે ખરેખર ! જે દુ:ખ થયું છે તે તો મનને થયું છે. (૪૯). આ મુશ્કેલીથી પ્રાપ્ત થાય એવો આત્મવિવેક છે જેને ઋષિમુનિ પણ શોધે છે. દત્તપ્રભુની કૃપાને લીધે એ આત્મવિવેક માત્ર એક પ્રશ્ન પૂછવાથી જ મને સ્ફૂરી ઊઠ્યો. (૫૦). હું તો હંમેશાં સ્વયંરીતે પૂર્ણ છું. મારામાં વધઘટ નથી. મનમાં જે દુ:ખ જણાય છે તે મને કેવી રીતે સ્પર્શી શકે? (૫૧). આ બધું જે જે દેખાય છે તે માયાવી છે અને નશ્વર છે, એવું તું જાણ. દેહ, ઇંદ્રિયો અને પ્રાણમાંથી જે સુખ મળે છે તેનું પરિણામ આવે છે અને હું એનાથી જોડાયેલો નથી. હું તો નિત્ય, અદ્વૈત, અખંડ, શુદ્ધ, નિરંજન, પવિત્ર, તેજ:પુંજ અને અદંડ (દંડી ન શકાય તેવો) છું. હું હંમેશાં અક્ષય છું, અવિનાશી છું, પરિણામથી પર છું. સર્વસંગથી મુક્ત છું અને સુખદુ:ખથી પર છું. (૫૨-૫૪). આ સ્થૂળ દેહ એ પાંચ ભૂતોનો સમૂહ છે અને સૂક્ષ્મ દેહ એ વાસનામય છે. એ બંને જડ છે. (૫૫). જે પોતાના સ્વરૂપને જાણી શકતા નથી તે બીજાને શું જાણી શકવાના? એટલે ચેતન સાક્ષી એવો હું એ બધાથી જુદો છું. (૫૬). સ્થૂળ દેહમાં વાત (વાયુ), પિત્ત અને કફ નામની ધાતુઓ વસે છે. એ ધાતુઓ કુપિત (અસંતુલિત) થતાં શરીર રોગથી પીડાય છે. આમ છતાં એ જડ (સ્થૂળ દેહ) પોતાનો વિકાર જાણતો નથી. એ જે જાણે છે તે સાક્ષીરૂપ આત્મા એનાથી જુદો છે. (૫૭-૫૮). સૂક્ષ્મ શરીરમાં કામ વગેરે (કામ, ક્રોધ, લોભ વગેરે) સ્ફૂરે છે અને એનાથી સૂક્ષ્મ શરીરને રોગ થાય છે. આ બધું જાણનાર તો એનાથી પર થઇને રહે છે અને ત્યાં આ બંને શરીર હોતાં નથી. (૫૯). આમ દુ:ખનું કારણ એ કારણદેહ છે. પરંતુ આ અજ્ઞાન જ્ઞાનીને તો સ્વપ્નમાં પણ અસર કરી શકતું નથી. (૬૦). આ ક્રમમાં વિચાર કરતાં ખબર પડી છે કે દુ:ખ તો મનને થાય છે. હું તો કેવળ અખંડ સુખ સ્વરૂપ છું અને જેમનો તેમ જ ભર્યો ભર્યો છું. (૬૧). મનની સાથે તાદાત્મ્ય સધાતાં હું દુ:ખી થયો અને તેથી હે નાથ ! મેં આપને પૂછ્યું. હવે મને બધું સમજાઇ ગયું છે. હવે મારે માટે એ દુ:ખની વાત રહી નથી. (૬૨). બીજાનાં દુ:ખે હું શું કામ દુ:ખી થાઉં? પહેલાં એવી મૂર્ખતા કરી હતી તે યાદ કરતાં હસવું આવે છે. (૬૩). સ્વપ્ન સમાન (ભાસતાં) સુખ દુ:ખનું સ્થાન મન છે. હું તો પૂર્ણકામ, નિષ્કામ એવો સર્વ વ્યાપક આત્મારામ છું. (૬૪). એની આવી પાકી સમજણ જોઇને દત્ત ભગવાન ગંભીર થઇને બોલ્યા કે તારા આ વિવેકભર્યા નિશ્ચયને ધન્ય છે.હે ધીર પુરુષ ! હવે તું બોલ કે તારું મન હવે શું ઇચ્છે છે? તું વિજય ઇચ્છે છે કે રાજ્ય ઇચ્છે છે કે હું તારી ઉપાધિ દૂર કરું એમ ઇચ્છે છે? તું નિખાલસતાથી મને કહે. (૬૫-૬૬). રાજા અલર્ક બોલ્યો કે હવે મને લેશમાત્ર ચિંતા નથી. મને એ રાજ્ય વગેરેનું ક્ષણભંગુર સુખ ગમતું નથી.② (૬૭). મારો ભાઇ ભલે ને રાજ્ય કરતો. એ રાજ્ય કરે તે પણ મેં જ કર્યું એમ માનું છું. હું સોગંદ ખાઇને કહું છું કે મને એની જરા પણ ઇચ્છા નથી. (૬૮). અમારા બન્ને ભાઇઓનાં શરીર જુદાં છે પરંતુ બંનેનો અંતર્યામી તો એક જ છે ને ! અમારા બંનેનો આત્મા અભિન્ન છે એ વાત શંકારહિત છે. (૬૯). અમે બંને એક જ છીએ. ભાઇ રાજ્ય કરે તો હું પણ રાજ્યકર્તા નથી શું? હું શું કામ

શોક કરું? (૭૦). દત્તપ્રભુએ કહ્યું કે હે રાજા ! ભલે તારું આ જ્ઞાન તારી પાસે રહ્યું પણ લોકોની દૃષ્ટિથી તો તું કેવળ ગરીબના જેવો જ છે. (૭૧). તારી પાસે હાથી, ઘોડા કે વાહનો કયાં છે? તારી છડી પોકારનાર છડીદાર (ચોપદાર) પણ કયાં છે? (૭૨). જેમ ગરીબ માણસની ઇચ્છા સંતોષી શકાતી નથી તેમ તારી પણ સમજ રથ, ઘોડા, ધન હવે તને સ્વપ્નમાં પણ મળવાના નથી. (૭૩). અલર્કે કહ્યું કે હું તો- અત્યંત ઇચ્છા વગરનો (નિરિચ્છ) છું, હું તો મારા અંતરમાં સ્વયં જ પૂર્ણ છું અને હું સદાતૃપ્ત જ છું. (૭૪). હું તો અસંગ છું. મારે હાથ કે પગ નથી. દેહ વગેરે સિવાય એનો સંગ કોણ કરે? (૭૫). રથ, ઘોડા, ધન વગેરે સાથે તો દેહને સંબંધ છે, મારે એની સાથે કાંઇ સંબંધ નથી. હું તો જાતે જ સિદ્ધ થઇ ચૂકેલો છું, એકલો અને કેવળ ઇચ્છા વિનાનો છું. (૭૬). દાંત જીભને કચડે છે (દબાવે છે) તો જીભ બદલામાં દાંત પાડી નથી નાંખતી. હાથ આંખને દુ:ખાવો કરે તો આંખ હાથને તોડી નાંખતી નથી. આ બધાં જ અંગો મારાં જ છે એમ માનીને જેમ કોઇ પોતાનાં અંગનો નાશ નથી કરતો તેવું જ અહીં પણ જાણ. (૭૭-૭૮). હું એકલો જ બધે વ્યાપેલો (વિસ્તરેલો) છું, આ અદ્વૈતનો સમુદ્ર છે. આ બધાં મારાં જ મોજાં છે પછી એમાં મિત્ર કોણ અને શત્રુ કોણ? (૭૯). મારે કોઇ શત્રુ નથી કે મને સુખ-દુ:ખ પણ નથી. મારે લશ્કર કે નગર એવું કંઇ નથી. હવે એ બધાના મોહમાં હું નહિ પડું. (૮૦). જો ચિત્તમાં ભ્રાંતિ જન્મે તો જ ઇચ્છા જાગે છે. જ્યાં ચિત્ત ભ્રાંતિરહિત થઇ જાય ત્યાં બધે જ પોતાનું સ્વરૂપ (આત્મનિશાન) દેખાય છે. (૮૧). ચૌદ લોકનો નાથ એવો હું કેવળ સુખનું ધામ છું. હું આપ્તકામ (સંતુષ્ટ), નિષ્કામ (કામના રહિત) અને અભિન્ન એવો આત્મારામ છું. (૮૨). હવે મારામાં ભ્રાંતિ રહી નથી અને કોઇ પ્રકારનો શોક પણ રહ્યો નથી. આપનાં ચરણની કૃપા થતાં મને આત્મારૂપી પુણ્યલોક મળ્યો છે. (૮૩). એક જ આકાશ ઘડો અને મઠના ભેદથી જુદું જુદું જણાય છે. એ જ રીતે જુદાજુદા દેહોના ભેદથી જીવ પણ અનેક પ્રકારે ભાસે છે. (૮૪). તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં આકાશ તો અખંડ જ છે. એ જ રીતે આત્મા પણ એક જ છે. ત્યાં આત્મા સિવાય બીજું કશું છે જ નહિ. (૮૫). હું, સુબાહુ ને કાશીરાજ અમે શરીરથી ભલે જુદા છીએ પરંતુ અમારામાં એક અને અખંડ આત્મા જ રહેલો છે. તેથી અમે બધા (તાત્ત્વિક દૃષ્ટિથી) એક જ છીએ. (૮૬). આ તત્ત્વજ્ઞાન જ્યાં સુધી નો'તું થયું ત્યાં સુધી દુ:ખ થતું હતું. એ અદ્વૈતજ્ઞાન થયા પછી દુ:ખનું નામોનિશાન રહેતું નથી. (૮૭). હે નાથ ! હે તાત ! મારા અંતરમાં આ જ્ઞાનનો દીવો પ્રગટાવીને તમે અજ્ઞાન, અહંતા અને મમતાને સદંતર દૂર કરી નાંખ્યાં છે. (૮૮). જો કોઇ અપમાનજનક શબ્દ કહે તો એને કારણે અંતરમાં જે દુ:ખ થાય છે તે જ દેહ અહંતા છે અને એનાથી મર્મસ્થાન વીંધાય છે. (૮૯). બિલાડી ઉંદરને પકડે તો દુ:ખ થતું નથી પણ એ જ બિલાડી પોપટને પકડે તો શોક થાય છે. તેમ પોતાનો પુત્ર માંદો પડતાં આકુળ વ્યાકુળ થાય છે પરંતુ દુશ્મનનો પુત્ર મરી જાય તો પણ એવો શોક થતો નથી. એનું કારણ સાચે જ મેલી મમતા છે. બધા જ અનર્થનું મૂળ એવું અહં અને મમત્વ નિર્મૂળ થઇ ગયું છે. (૯૦-૯૨).

મારા અંતરમાં વિવેકનો ઉદય થયો છે તેથી હવે મને સુખ કે દુ:ખની લાગણી થતી નથી. મને કોઇ ભલેને કાંઇ કહી જાય તો પણ હું એને દુ:ખ માનતો નથી. (૯૩). હું સાચે જ શુદ્ધ, નિરંજન અને અહંતા-મમતા વગરનો છું. હું પ્રકૃતિથી પર છું. હવે હું લાચાર (દુ:ખી) નહિ થઉં. (૯૪). એવું કહીને અલર્કે વંદન કર્યું એટલે દત્ત ભગવાન બોલ્યા કે હે રાજા ! તને ધન્ય છે. તેં તારું આત્મરૂપ ખરેખર ઓળખી લીધું છે. હવે તને પાપ કે પુણ્ય, સુખ કે દુ:ખ અસર કરશે નહિ. હવે તું કર્મ અને અકર્મથી પર છે અને એ નિષ્કર્મપણાને ધન્ય છે. (૯૫-૯૬). 'હું' (અહમ્) કહેતાંની સાથે જ બંધનકારક સંગ આવી રહે છે અને સંગ જ બધા પ્રકારના શોકનું કારણ છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૯૭). જીવમાત્ર જગતમા જેટલાં પ્રિય સંબંધો બાંધે છે તેટલા એ હાથે કરીને શોકના ખીલા પોતાના અંતરમાં ઠોકે છે. (૯૮). મમતાથી બંધન વધે છે જે છેવટે દુ:ખકારક નીવડે છે. જ્યાં મમતા નથી ત્યાં બંધન પણ નથી અને ત્યાં એકમાત્ર અખંડ સુખ જ છે. (૯૯). 'મારું' એવું

કહેતાંની સાથે જ જગતમાં બંધન ઊભું થાય છે. 'મારું નહિ' એવું કહેતાં (સમજતાં)ની સાથે જ ક્ષણવારમાં પ્રાણી બંધનમુક્ત થઇ જાય છે. (૧૦૦). તારી માતા લોકવંદ્ય, બ્રહ્મનિષ્ઠ, ધન્ય, યોગનિષ્ઠ, શ્રેષ્ઠ અને અનન્ય એવી તપોનિષ્ઠ હતી. (૧૦૧). તેં આવી માતાનું સ્તનપાન કર્યું હતું એટલે જ તારું અંતઃકરણ તરત જ શુદ્ધ થયું અને તને આ જ્ઞાન પ્રાપ્ત થયું. (૧૦૨). સાધુના સંગનું ફળ આવું સરખામણી ન થઇ શકે એવું હોય છે. સ્વર્ગનું સુખ પણ એક ક્ષણના સત્સંગની બરાબર નથી. (૧૦૩). તને જન્મથી જ સત્સંગ મળ્યો હતો એટલે તને સરળતાથી વૈરાગ્ય જન્મ્યો અને એક જ પ્રશ્નમાત્રથી તને આ આત્મજ્ઞાન થઇ ગયું.③ (૧૦૪). પવન જેમ શિમળાના રૂને દૂર ઉડાડી દે છે તે રીતે જ આત્મજ્ઞાન થતાંની સાથે મમતા અને અહંતા એકદમ દૂર ફેંકાઇ ગયાં. (૧૦૫). આ સંસાર એ ખરેખર એક વૃક્ષ છે. અજ્ઞાન એ એનું બીજ છે. અહંકાર એ અંકુર છે અને મમતા એ વેલ છે. (૧૦૬). ઘર, ખેતર અને ધન એની ડાળીઓ છે અને સ્ત્રી, પુત્ર વગેરે પાંદડાં છે. પુણ્ય અને પાપ એના પર લાગતી કળી છે અને સુખ તથા દુઃખો એ એનાં ફળ છે. (૧૦૭). મોક્ષના માર્ગને રોકતો (અવરોધતો) એ (સંસાર) ચારે દિશામાં ફેલાયો છે. સંસારમાં થાકેલો (સંસારી) ભ્રાંતિને લીધે ત્યાં આશરો લે છે. (૧૦૮). આવા મૂઢ લોકો આખરે પસ્તાય છે. આ (વૃક્ષ) એ કેવળ માયાવી છે અને એ અક્ષય સુખ આપતું નથી. (૧૦૯). જે વ્યક્તિ એને અસંગના શસ્ત્ર (કુહાડી)થી મૂળમાંથી કાપે છે તેને જ મોક્ષનો માર્ગ મળે છે. બીજી શંકાઓ કરવી નકામી છે. (૧૧૦). મોક્ષપદ (પરપદ) પામીને અનન્ય રીતે ત્યાં શાંતિ પામીને એ સુખપૂર્વક વિશ્રાંતિ લે છે. બાકી બીજાં બધાં ફાંફાં છે. (૧૧૧). રાજ્ય, પંચભૂતનું શરીર, ઇંદ્રિયો, આ સ્થાવર જંગમ જે કાંઇ બધું દેખાય છે તે નામ અને રૂપવાળું બધું માયાવી છે. (માયિક છે.) (૧૧૨). ત્રણ ગુણોના સંઘાતવાળું આ ક્ષેત્ર (શરીર) માયિક છે અને એને જે જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે જે એનાથી જુદો છે. (૧૧૩). જેમ ઔદુંબરના ફળથી એમાં રહેલું જંતુ ભિન્ન છે, પાણીથી (પાણીમાં રહેનારી) માછલી ભિન્ન છે તેમ જડ ક્ષેત્ર (દેહ)થી આ ક્ષેત્રજ્ઞ (આત્મા) ભિન્ન છે અને તટસ્થ છે. એવો આત્મા તેં ખરેખર જાણી લીધો છે. એટલે હે શિષ્ય ! તને ધન્ય છે. તને જોઇને આ જ્ઞાનનો સાગર ઉછાળા મારે છે. (૧૧૪-૧૧૫). અલર્કે કહ્યું કે આપે કૃપા કરીને મને ધન્ય (કૃતાર્થ) કરી દીધો છે. હવે મને કોઇ ઉદ્વેગ રહ્યો નથી. હે કૃપાનિધાન ! હું આપને વંદન કરું છું. (૧૧૬). હે નાથ ! અહંકારથી પોતાના આત્મસ્વરૂપને ભિન્નરૂપથી ઓળખવાનું (જાણવાનું) આપની કૃપા વગર કેવળ અશક્ય છે. (૧૧૭). (તારી કૃપા વિના) અજ્ઞાની જન કરોડો કલ્પો વીતી જતાં પણ જાણી શકતા નથી અને મુનિગણો તપશ્ચર્યા કરે છે છતાં પણ એમને શંકા રહી જાય છે. (૧૧૮). હે જગન્નાથ ! આપની કૃપાથી જ આ અભિન્ન એવું સ્વાત્મજ્ઞાન થયું છે. હું તમને પ્રણામ કરીને તમારાં ચરણોમાં લીન થાઉં છું. (૧૧૯). હે દેવ ! મને એક જ ચિંતા રહે છે કે આ જે જ્ઞાન થયું છે તે ચંચલ ચિત્તમાં કેવી રીતે હંમેશ માટે સારી રીતે સ્થિર રહે? (૧૨૦). વાસનારૂપી પવન વાતાની સાથે જ આ ચિત્તડું હાલક ડોલક થાય છે અને એમ થાય છે કે આ જ્ઞાન ક્ષણવારમાં ઊડી જશે કે શું? (૧૨૧). માટે કૃપા કરીને હે પ્રભો ! આપ એવો ઉપાય બતાવો કે જેથી આ જ્ઞાનનો દુઃસંગે પણ કદી નાશ નહિ થાય. (૧૨૨). મને કોઇનો સંગ ન થાય, હું હંમેશાં નિઃસંગી (સંગ વગરનો) રહું અને મને થયેલા આ જ્ઞાનનો વિયોગ ન થાય એવો યોગ બતાવો (પ્રમાણો). (૧૨૩). મનુષ્યનો જન્મ મેળવીને આ જ્ઞાનને ટકાવી રાખવું એ જ કર્તવ્ય છે, નહિ તો વિષયોના ઉપભોગમાં તો ચોક્કસ અધઃપતન જ છે. (૧૨૪). વિવિધ યોનિમાં ફરતાં ફરતાં પુણ્યના પ્રતાપે મનુષ્ય શરીર મળે છે. જો આ જન્મ સાર્થક ન કરે તો જે ભોગ નરકમાં ભોગવ્યા હોય તે જ ભોગ અહીં પણ ભોગવે છે. એ વિરક્ત થતો નથી અને તે આ લોક તેમજ પરલોકમાં ભ્રષ્ટ થાય છે. (૧૨૫-૧૨૬). આવા માનવીની ખરેખર કલ્પને અંતે પણ ભવવ્યથા ટળતી નથી. એવું અંતરમાં સમજીને હું આપને એવો ઉપાય પૂછી રહ્યો છું કે જેનાથી આ જ્ઞાન સ્થિર થાય અને અન્ય રંગ ના લાગે. હે ગુરુનાથ ! મારા પર એવી કૃપા કરો કે જેથી મારું ચિત્ત નિઃસંગ બને. (૧૨૭-૧૨૮).

અલર્કનો આવો પ્રશ્ન સાંભળીને દયાળુ દત્તપ્રભુએ જે નિર્મળ યોગ કહ્યો તે હે નિરંજન બાળ ! તું સાંભળ એમ અલખે કહ્યું. (૧૨૯). એક જ પ્રશ્નમાત્રથી જ્ઞાનનું નિર્મળ દાન કર્યું એનું વર્ણન આ અધ્યાયમાં કર્યું. હે **રંગ** ! (એ જ્ઞાનના) રંગને નાદાન માણસ કેવી રીતે જાણે? (૧૩૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમરએવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અલર્કાય જ્ઞાનકથન'** નામનો **તેત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૩

(૧) આ બે દોહરાની સાથે આપણે આપણું જીવન સરખાવીએ તો આપણને ચોક્કસ લાગશે કે આપણો જીવન પ્રવાહ તદ્દન વિરુદ્ધ દિશામાં જાય છે. આપણે કેવી ખોટી દિશામાં જઈ રહ્યા છે એનું આપણને ભાન થાય છે. આપણને એકાંત ગમતું નથી. એકાંત અકળાવે છે, ગભરાવે છે. 'માણસ એક સામાજીક પ્રાણી છે' એ સાચી વાત છે પણ આત્મ કલ્યાણ માટે આ સૂત્ર સ્વીકારી શકાય એમ નથી. દઢજ્ઞાન થયા પછી સમાજમાં આવવું પડે તો જ્ઞાનીને કોઈ નુકસાન નથી પણ આવું દઢજ્ઞાન થતાં પહેલાં તો સંગ છોડવો જ રહ્યો. જ્યારે છોડ નાનો હોય ત્યારે એને બકરીથી પણ સાચવવો પડે અને આજુબાજુ કાંટાની વાડ કરવી પડે. પરંતુ એ જ્યારે મોટું ઝાડ થઈ જાય પછી એના થડે હાથીને પણ બાંધી શકાય. કોઈનો સંગ કરવો નહિ. કોઈનો સંગ ન હોય તો 'હું એકલો પડી ગયો' એવો ભાવ જન્મે છે, એકાંત મળ્યું એવો ભાવ થતો નથી. જો સંગ કર્યા વિના ન જ રહી શકાય તો પછી સત્સંગ કરવો. એટલે સત્સંગ પણ ન છૂટકે જ કરવો. આપણે તો દુ:સંગથી જ ટેવાયેલા છીએ, એમાં જ રુચિ જણાય છે. જીવનમાં કોઈ ઈચ્છા કરવી નહિ. ઈચ્છા કર્યા વગર ના રહી શકાય તો પછી મોક્ષની ઈચ્છા કરવી. આપણને તો મોક્ષ સિવાયની જ બધી ઈચ્છા થાય છે. આ અધ્યાય આપણા જીવનને વળાંક આપે એવી મનોકામના.

(૨) સંત દુ:ખ દૂર કરતાં નથી પણ વ્યક્તિની દૃષ્ટિ બદલી નાંખે છે અને બધા પ્રશ્નો, સુખ-દુ:ખ એ દૃષ્ટિનું જ પરિણામ છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ ન્યાયે અલર્કની દૃષ્ટિ બદલાતાં આ દોહરો બોલે છે. ઘોડા પર બેસીને જ્યારે અલર્ક એકલો નીકળ્યો ત્યારે એ ભયંકર દુ:ખ અનુભવતો હતો. પોતાનું રાજ્ય લૂંટાઈ ગયું એનો અફસોસ હતો. વિવેક જાગતાં, સાચી સમજ આવતાં હવે રાજ્ય લૂંટાઈ ગયું એવું લાગતું નથી. અત્યારે પણ એ રાજ્ય વગરનો જ છે છતાં દુ:ખી નથી. શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા આવો અનુભવ મેળવવાનો છે. સુખ-દુ:ખ એ મનની કરામત છે. 'દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા' એ ભજન પંક્તિ યાદ રાખવી.

(૩) ઘરમાં રહીને, ઘર સંસાર ચલાવીને પણ સમજુ માતા શું કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ મદાલસા છે. દત્તપ્રભુએ કહ્યું કે તને તો જન્મથી જ સત્સંગ મળી ચૂક્યો હતો. માતાએ જ્ઞાનપ્રાપ્તિ માટેની પાર્શ્વભૂમિકા તો રચી દીધી હતી. એટલે તેને વિવેક થવામાં કે આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં વાર ના લાગી. તેં ફક્ત એક જ પ્રશ્ન કર્યો અને એનો મેં જવાબ આપ્યો તેની સાથે જ તારી આંખ ઊઘડી ગઈ એનું કારણ તેં મદાલસાનું સ્તનપાન કર્યું છે. હવે તો વિજ્ઞાન પણ સ્વીકારે છે કે ગર્ભાવસ્થાથી જ માતા ધારે તો બાળકમાં સંસ્કાર રેડી શકે. બાળકના ચારિત્ર્યમાં માતાનો જ ફાળો હોય છે. સંસ્કૃતિનું રક્ષણ સ્ત્રી દ્વારા જ થતું હોય છે એટલે જ ગીતામાં ભગવાન પણ એમ કહે છે કે સ્ત્રીઓ બગડવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે અને સમાજનું અધ:પતન થાય છે.

●

## અધ્યાય : ૩૪

આ અધ્યાયનું નામ **'યોગવિવરણ'** છે. આ અધ્યાયમાં ૯૮ દોહરા છે.

આ અધ્યાયમાં દત્તપ્રભુ અલર્કને મોક્ષના ત્રણ કારણો સમજાવે છે. એ ત્રણ કારણો એટલે તત્ત્વજ્ઞાન, મનોભંગ અને વાસનાક્ષય. (૧-૩).

સ્વવર્ણાશ્રમ ધર્મનું પાલન કરતાં કરતાં નિષ્કામભાવથી કર્મો કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે. ચિત્ત શુદ્ધ થતાં શાસ્ત્રોનું શ્રવણ કરવાની રુચિ થાય છે. પરંતુ એ શ્રવણ દ્વારા મળતું સામાન્ય જ્ઞાન અજ્ઞાનનો નાશ કરી શકતું નથી. (૪-૧૦).

ચિત્ત શુદ્ધિ થાય પછી ષટ્સંપત્તિ મેળવવી (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) અને ત્યાર બાદ સદ્ગુરુના શરણે જઇને ભાવપૂર્વક તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરવું. પછી મનન અને નિદિધ્યાસન દ્વારા એ જ્ઞાન સ્થિર થતાં મનોભંગ થાય છે અને વાસનાક્ષય થાય છે. પરિણામે જીવ પ્રાકૃતિક ગુણોથી ભિન્ન થઇને બ્રહ્મથી જોડાઇ જાય છે. તે જ મુક્તિ છે. (૧૧-૧૭).

આને માટે વિવેક અને વૈરાગ્ય પ્રાપ્ત કરવાના રહે છે. અજ્ઞાનથી અવિવેક અને અવિવેકથી અભિમાન વધે છે. એનાથી રાગદ્વેષાદિ વધે છે અને આસક્તિપૂર્વક કર્મ કરવાથી સુખ-દુઃખ અને જન્મ મરણનું ચક્ર ચાલ્યા જ કરે છે. (૧૮-૨૯). અવિવેકનો નાશ કરીને વિવેક થતાં જ્ઞાન મળે છે અને તેનાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. (૩૦-૩૪). યોગાભ્યાસ દ્વારા મનોનાશ કરવાનો હોય છે. વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા ચંચલ ચિત્ત સ્થિર થાય છે. (૩૫-૪૨). દત્તપ્રભુ અલર્કને યોગાભ્યાસનાં વિવિધ પગથિયાં દર્શાવે છે. અષ્ટાંગ યોગ દ્વારા મનને વશ કરીને માનવી મોક્ષ સુખ કેવી રીતે મેળવી શકે છે એનું વિગતવાર વિવરણ આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. (૪૩-૯૮).

અલર્કનો પ્રશ્ન સાંભળીને અનુસૂયાનંદન યોગીન્દ્ર દત્ત બોલ્યા કે હે અલર્ક ! મોક્ષ હેતુ એટલે કે મુક્તિનાં મુખ્ય ત્રણ સાધન (કારણ) કહ્યાં છે. આ ત્રણ કારણોમાં પહેલું કારણ તત્ત્વજ્ઞાન છે, બીજું મનોભંગ (મનોનાશ) છે અને ત્રીજું કારણ વાસનાનો ક્ષય છે. આ ત્રણ સિદ્ધ થતાં વ્યક્તિ જીવન્મુક્તિ પામે છે. (૧-૩). સ્વવર્ણાશ્રમનું કર્મ ફળની અપેક્ષા રાખ્યા વગર નિષ્કામભાવથી કરવું જોઇએ. (૪). કર્મો કરવાની ત્યાં શી જરૂર છે એવા કુતર્કો સાધકે સ્વપ્નમાં પણ કરવા નહિ. કર્મો શા માટે કરવાં જોઇએ એ તને હું કહું છું. (૫). મહાપાપીને આ જ્ઞાનયજ્ઞ ગમતો નથી. એ તો હંમેશાં સત્યનો દ્વેષ કરનારો છે એટલે જ્ઞાનની હંમેશાં નિંદા કરે જ છે. (૬). ઇશ્વરાર્પણ બુદ્ધિથી કર્મો કરવાથી પાપ બળી જાય છે અને ક્ષણવારમાં ચિત્તની શુદ્ધિ થાય છે.① (૭). ચિત્તશુદ્ધિ થયા પછી શાસ્ત્રનાં શ્રવણની રુચિ જાગે છે અને એવી રુચિ જ જ્ઞાન પ્રાપ્તિમાં ઉપયોગી છે. પરંતુ આવું સામાન્ય જ્ઞાન અજ્ઞાનનો નાશ કરી શકતું નથી એટલે તેનાથી કદી આત્માનું જ્ઞાન થતું નથી અને મુક્તિનો અનુભવ થતો નથી.② (૮-૯). વિશેષ જ્ઞાન વગર અજ્ઞાનનો નાશ થતો નથી અને અજ્ઞાનના નાશ થયા વગર માનવીને મુક્તિ મળતી નથી. (૧૦).

શમ વગેરે (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) સિવાય કદી પણ જ્ઞાન પ્રગટતું નથી અને ચિત્ત શુદ્ધ થયા વગર આ શમ સંપત્તિ (ષટ્સંપત્તિ) મળતી નથી અને ચિત્ત શુદ્ધિ તો નિષ્કામભાવે કર્મો કરવાથી જ થાય છે. માટે જ્ઞાન પ્રાપ્તિમાં ઉપયોગી થાય એવું પંરપરાથી ચાલી આવતું કર્મ કરવું જોઇએ. (૧૧-૧૨).

(નિષ્કામ કર્મો દ્વારા) ચિત્ત શુદ્ધિ થાય એટલે પછી બધું છોડીને સદ્‌ગુરુનાં ચરણનું અનન્યભાવે શરણ લેવું. (૧૩). પ્રેમપૂર્વક ગુરુની રાત દિન સેવા કરીને ભાવપૂર્વક તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરવું. (૧૪). અન્વય અને વ્યતિરેકની પદ્ધતિથી એ તત્ત્વ સુનિશ્ચિતપણે જાણી લઇને સાધકે એ વાકયના અર્થનું સારી રીતે મનન કરવું (કાર્ય હોય ત્યાં કારણ હોય જ એ અન્વય. યત્સત્ત્વે યત્સત્ત્વં અને કારણ ના હોય ત્યાં કાર્ય પણ ના હોય એ વ્યતિરેક-યદભાવે યદભાવ:) (૧૫). હે ધીર પુરુષ ! નિદિધ્યાસ (ચિંતવન)ના અભ્યાસથી એ જ્ઞાન સ્થિર થાય છે અને એ જ્ઞાન સ્થિર થતાં મનોભંગ થાય છે અને વાસના સારી રીતે (મૂળમાંથી) નાશ પામે છે. (૧૬). હે અલર્ક ! પ્રાકૃત (સ્વભાવિક)ગુણો દૂર કરીને બ્રહ્મથી જોડાવું એ જ મુકિત છે અને એ અસંગથી (નિ:સંગી થવાથી) મળે છે. (૧૭). વૈરાગ્યોદય થતાં સંગ છૂટે છે. જ્ઞાનથી વૈરાગ્ય જન્મે છે અને જ્ઞાન વિવેકથી પ્રગટે છે એ વાત નિશ્ચિતપણે જાણી લે. (૧૮). નિત્ય અને અનિત્ય (સત્ અને અસત્) વસ્તુના વિચારથી વિવેક પ્રગટે છે. ધીરે ધીરે એ વિવેક સુદૃઢ થતાં મુકિત આપનારું જ્ઞાન પ્રગટે છે. (૧૯). શરીર, ઇંદ્રિયો, પ્રાણ, મન અને અહંકાર ભૌતિક ગુણોની જેમ આદિ અને અંતવાળા છે. (૨૦). એ બધા અસત્ છે અને બહિર્વૃત્ત સ્વભાવના છે. એ બધા ભલે ભેગા જણાતા હોય તો પણ એ જડ અને નાશવંત છે અને એ આત્મા નથી. (૨૧). એકબીજાના મિથ્યા આરોપણથી (અધ્યાસથી) છે તેનાથી વિપરીત દેખાય છે. જડ વસ્તુ ચેતન જણાય છે અને ચૈતન્ય જડ સમાન જણાય છે. (૨૨). અગ્નિમાં લોખંડ તપાવતાં લોખંડ પણ લાલચોળ, ગરમ અને પ્રકાશમય અગ્નિ જેવું જ જણાય છે તે જ રીતે આત્માના આરોપણથી દેહ વગેરે (દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન, અહંકાર વગેરે) ચેતન હોય તેવા જણાય છે. (૨૩). અંતરમાં વ્યાપેલો આત્મા ભિન્ન છે અને કેવળ સાક્ષીરૂપ છે. દેહ વગેરેના અધ્યાસથી (મિથ્યા આરોપથી) તેના ગુણોથી યુકત જણાય છે. (૨૪). અજ્ઞાની માણસ આ વાત કયારે પણ સમજી શકતો નથી અને અહંકાર રાખીને સકામભાવે (સાદર) કર્મ કરે છે અને બંધનમાં પડે છે. (૨૫). યંત્રની જેમ કર્મવશ થઇને એ દિવસ રાત કર્મ કર્યા કરે છે. પરિણામે એને સ્વપ્નમાં પણ શાંતિ મળતી નથી અને દુ:ખમાં સબડ્યા કરે છે. (૨૬). અજ્ઞાનતાને લીધે તેનામાં અવિવેકનું જોર વધે છે. અવિવેકથી અભિમાન અને અભિમાનથી લુચ્ચાઇનું જોર વધે છે. પરિણામે રાગ વગેરે (રાગ-દ્વેષ) જન્મે છે અને રાગ દ્વેષથી પ્રેરાઇને ત્રણ પ્રકારનાં કર્મો (પુણ્ય કર્મ, પાપ કર્મ, પાપ-પુણ્ય મિશ્રિત કર્મ) કરીને દુ:ખી થાય છે. (૨૭-૨૮). કર્મથી જ દેહનો જન્મ છે અને પાછું જન્મ ધરીને કર્મ અને સુખ-દુ:ખની પરંપરા એમ અચૂકપણે વારંવાર ચાલ્યા જ કરે છે. (૨૯).

અપરોક્ષ જ્ઞાન (અનુભવ જ્ઞાન) થતાં જ અજ્ઞાનનો નાશ થાય છે. અજ્ઞાનનો નાશ થતાં અવિવેક ટળે છે. અવિવેક ટળતાં અભિમાન નષ્ટ થાય છે. અભિમાનનો નાશ થતાં રાગ દ્વેષ શમી જાય છે. રાગ દ્વેષ શમી જતાં કયારે પણ કર્મમાં આસકિત રહેતી નથી. (સકામ-ફળની અપેક્ષાથી-કર્મો કરતો નથી.) કર્મનો નાશ થતાં દેહનો જન્મ થતો નથી અને પરિણામે દેહ દ્વારા કર્મો અને તેના પરિણામરૂપ સુખ-દુ:ખ પણ કયાંથી હોય? આવું જ્ઞાન થતાં જ મોક્ષનું સુખ મળે છે. માટે જ્ઞાન વગર કયારે પણ સમાધાન થતું નથી. મનનો નાશ થતાં જ જ્ઞાન પણ સ્થિર થાય (ઠરે) છે. (૩૦-૩૪).

આ મનનો નાશ કરવા માટે સ્વસ્થતાપૂર્વક (સુખે) યોગનો અભ્યાસ કરવો જોઇએ. વાસનાનો ક્ષય (નાશ) થતાં જ ખાસ વિદેહમુકિત મળે છે. (૩૫). આ આત્મા (મન)ને જીતવો બહુ મુશ્કેલ છે. એ અભ્યાસથી વશ થાય છે. અભ્યાસથી એ ચિત્ત સુસ્થિર થાય છે અને બધી ભ્રમણા મૂળમાંથી ટળી જાય છે. (૩૬). અલર્કે પૂછ્યું કે હે ગુરુજી ! આ અત્યંત ચંચળ એવું મન કેવી રીતે વશ થાય એ નિશ્ચિતપણે કહો. એને વશ કરવાના બધા ઉપાયો નિષ્ફળ જાય છે. (૩૭). વાયુને રોકી શકાય (બાંધી શકાય), આકાશનું ખંડન થઇ શકે, મોજાંને બાંધી શકાય પણ મનને પકડી શકાતું નથી (મનને સ્થિર-વશ-કરી શકાતું નથી.) (૩૮). આ વચન સાંભળીને દત્તપ્રભુએ કહ્યું કે તું તદ્દન સાચું જ કહે છે. મન અતિશય

ચંચળ છે અને એના ઉપર વિજય મેળવવાનું બહુ બહુ મુશ્કેલ છે. (૩૯). એના ઉપર વિજય મેળવવાનો ઉપાય (એને વશ કરવાનો ઉપાય) વૈરાગ્ય અને દૃઢ અભ્યાસ છે. વૈરાગ્યથી મન વશ થઇને પછી સુસ્થિર થાય છે (ગીતામાં કહ્યું છે: "અભ્યાસેન તુ કૌંતેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ||" હે અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્ય વડે ચંચળ મન વશ થાય છે. (અ.૬/શ્લોક-૩૫)).③ (૪૦). વિષયમાં દોષ દૃષ્ટિ (દોષો જોવાની દૃષ્ટિ) થતાં, સૂકરની વિષ્ટા ત્યજી દેવાની જેમ ઇચ્છા થાય છે, તેવી જ રીતે વૈરાગ્યને કારણે વિષયો છોડી દેવાની ઇચ્છા થાય છે. આવા વૈરાગ્યને ધન્ય છે અથવા અષ્ટાંગ યોગનો લાંબા ગાળા સુધી અભ્યાસ કરવો જેનાથી દુ:ખ દૂર થાય છે અને જે દુ:સંગને દૂર કરે છે. (૪૧-૪૨).

યમ નિયમથી દેહની શુદ્ધિ થાય છે, આસન સિદ્ધ થતાં સ્થિરતા આવે છે. પ્રાણાયામથી વાત, પિત્ત, કફ વગેરે ધાતુદોષનો નાશ થાય છે. પ્રત્યાહારથી ઇંદ્રિય ઉપર વિજય પ્રાપ્ત થાય છે. ધારણાથી પાપનો નાશ થાય છે. ધ્યાનથી મન સ્થિર થાય છે અને સમાધિથી બ્રહ્મ સાથે એકત્વ સધાય છે. (૪૩-૪૪). સોના વગેરે ધાતુનો મેલ જેમ અગ્નિમાં બળી જાય છે તેમ યોગથી મનનો મેલ બળી જાય છે. (જેમ અગ્નિ ધાતુને શુદ્ધ કરે છે તેમ યોગ મનને શુદ્ધ કરે છે.) (૪૫). પ્રાણ-અપાનનો નિરોધ કરવો તે પ્રાણાયામ છે અને લઘુ (કનિષ્ઠ) - મધ્યમ અને ઉત્તમ એવા ભેદથી એ ત્રણ પ્રકારનો છે. (૪૬).

કનિષ્ઠ (લઘુ) પ્રાણાયામને લીધે શરીરમાં પરસેવો છૂટે છે. મધ્યમ પ્રકારના પ્રાણાયામથી નાડીમાં ધ્રૂજારી ઊઠે છે અને ઉત્તમ પ્રકારના પ્રાણાયામથી બ્રહ્મરંધ્રમાં પ્રાણ ખરેખર સ્થિર થાય છે. યોગી આ વાત જાણે છે. (૪૭-૪૮). મધ્યમસરની ઝડપથી હાથની તાળી પાડવામાં જેટલો સમય જાય અથવા સૂતેલા માણસના શ્વાસમાં જેટલો સમય જાય તેટલો સમય એ માત્રાનું માપ છે. (૪૯). તર્જનીથી ઘૂંટણની આજુબાજુ ચપટી વગાડતાં જેટલો સમય જાય તેટલો સમય એ પણ એક માત્રાનું માપ છે. (૫૦). બાર માત્રાનો પ્રાણાયામ કનિષ્ઠ કહ્યો છે. ચોવીસ માત્રાનો મધ્યમ કહેવાયો છે અને છત્રીસ માત્રાનો પ્રાણાયામ ઉત્તમ-શ્રેષ્ઠ (વરિષ્ઠ) ગણાયો છે. (૫૧). અંદર શ્વાસ લેવાની ક્રિયાને પૂરક કહેવામાં આવે છે. લીધેલા શ્વાસને અંદર રોકી રાખવો તે કુંભક છે અને શ્વાસ રોક્યા પછી એને બહાર કાઢવો (છોડી દેવો) તે રેચક છે. (૫૨). આ (પૂરક, કુંભક અને રેચક એમ) ત્રણે મળીને એક પ્રાણાયમ કહેવાય છે. પૂરક કરતાં કુંભકની માત્રા ચાર ગણી હોવી જોઇએ અને રેચકની માત્રા (પૂરકથી) બમણી હોવી જોઇએ. આ જાણીને સાધકે ધીમે ધીમે માત્રા વધારવી જોઇએ. (૫૩-૫૪). શ્વાસ એકદમ ઝડપથી બહાર કાઢવાથી સાધક કમજોર (નબળો) થાય છે અને શ્વાસ ધીમે ધીમે છોડતાં એનું આરોગ્ય વધે છે. (૫૫). ધીમે ધીમે યુક્તિપૂર્વક જે અભ્યાસ કરે છે તેને સિંહની જેમ પ્રાણ વશ થાય છે. (૫૬). એ પ્રાણ બળજબરીથી કદી સારી રીતે વશમાં આવતો નથી માટે સાધકે ધીરે ધીરે યુક્તિપૂર્વક એને વશ કરવો. (સાધવો.) (૫૭). જેમ વશ થયેલો સિંહ 'છૂ' કહેતાં હરણને પકડે છે તેમ પ્રાણ વશ થતાં મળનો નાશ કરે છે. (૫૮). સિંહ વશ થઇ જાય પછી જેમ માલિક (ધણી)ના પ્રાણને હરતો નથી તેમ પોતાને વશ થયેલો પ્રાણ પણ દેહને પીડા કરતો નથી. (૫૯). જો પ્રાણ અને સિંહ (બંને) વશ ના હોય તો પહેલાં હુમલો કરીને ધણીને (સાધકને) જ મારી નાંખે. માટે એને સાવધાનીથી વશ કરવો. (૬૦). આ રીતે ધીમે ધીમે અભ્યાસ થતાં યોગીનાં સારાં-નરસાં (શુભ-અશુભ) કર્મો ટળી જાય છે અને તેને વિશ્રાંતિ મળે છે. (૬૧). આ પ્રાણ વશ થતાં યોગીના લોભ, મોહ વગેરે, બધી લૌકિક અને પારલૌકિક ઇચ્છાઓ નાશ પામે છે. (૬૨). વૃત્તિનો નિરોધ થવાથી મન બધી રીતે શાંત થાય છે. એને અનુપમ શાંતિનો અનુભવ થાય છે. જ્ઞાનનો ધોધ વહે છે. (૬૩). આ સ્થિતિને જ યોગ શાસ્ત્રમાં 'પ્રાપ્તિ' તરીકે ઓળખવામાં આવે છે. શુભ-અશુભ કર્મનો નાશ થાય છે. એને જ ધ્વસ્તિ કહેવામાં આવે છે. (૬૪). પ્રાણ વશ થતાં એ પ્રાણ-જયની સ્થિતિને જ સંવિત્ તરીકે ઓળખવામાં આવે છે. એનાથી જ્ઞાન સંપત્તિ વધે છે અને ત્રિકાળ જ્ઞાન થાય છે. (૬૫). ઇંદ્રિયો શાંત થાય (ચંચળતા વગરની થાય) અને ચિત્ત

સારી રીતે સ્થિર (સમાહિત) થાય એ ચોથી અવસ્થાને જ 'પ્રસાદ' તરીકે ઓળખવામાં આવે છે. (૬૬). જે કોઇ પ્રયત્નપૂર્વક આ ચાર અવસ્થાને સિદ્ધ (હસ્તગત) કરે છે તે યોગીશ્વર છે અને તેનાથી ઇશ્વર દૂર નથી. (૬૭).

હું તને ઉત્તમ સાધન કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ, જેથી તારું ચિત્ત ચોક્કસ સુસ્થિર થશે. એમાં શંકા કરીશ નહિ. (૬૮). આસન ઉપર સારી રીતે સ્થિર બેસી, દેહને ટટાર રાખી, દાંત દાંતને ના અડે એ રીતે, નાકના ટેરવા પર દૃષ્ટિ સ્થિર કરી, મોઢું બંધ કરી, સુખેથી (સારી રીતે, અંગ હાલે નહિ એ રીતે) સ્થિર બેસવું. આનાથી અભ્યાસ સિદ્ધ થશે. (૬૯-૭૦). નિદ્રા, આળસ અને પ્રમાદ એ તામસ વૃત્તિઓ છે. એને રાજસ વૃત્તિથી જીતીને પછી અભ્યાસ કરવો. (૭૧). કામ, ક્રોધ (લોભ, મોહ, મદ, મત્સર) વગેરે બધી રાજસવૃત્તિઓ છે. એ શક્તિશાળી થાય તો કોઇ રીતે ધ્યાન કરવા દેતા નથી. એટલા માટે જ વૈરાગ્ય વગેરેથી એને જીતીને શમ, દમ વગેરે સાત્ત્વિક, નિર્મળવૃત્તિઓને સાધીને પછી અભ્યાસ કરવો. નહિતર આ વૃત્તિઓ અભ્યાસની અધવચમાંજ સાધકનો ઘાત કરે છે માટે સાવધાન થઇને વર્તવું. (૭૨-૭૪). જ્યાં સુધી 'કેવળ કુંભક' સિદ્ધ થતો નથી ત્યાં સુધી સાધકે હંમેશાં રેચક અને પૂરક કરવાં.(૪) (૭૫). શ્વાસ લેવાનો પણ નહિ કે છોડવાનો પણ નહિ અને એ રીતે પ્રાણ સુસ્થિર થતા તે ઉપર કે નીચે જતો નથી. આ સ્થિતિમાં યોગી અંતરમાં બિલકુલ ગભરાતો નથી. આને જ 'કેવળ કુંભક' કહેવામાં આવે છે. એને પ્રયત્નપૂર્વક સિદ્ધ (હસ્તગત) કરીને પ્રાણ ઉપર વિજય મેળવવો અને પછી પ્રત્યાહાર કરવો. અંતરવૃત્તિથી ઇંદ્રિયોના સમૂહને, જેમ કાચબો પોતાના અંગોને પોતાનામાં સમાવી લે છે તેમ અંતરની અંદર ઇંદ્રિયોને ખેંચી લેવી એને જ પ્રત્યાહાર કહ્યો છે. (૭૬-૭૯). પ્રત્યાહાર સિદ્ધ થતાં બહારનું ભાન રહેતું નથી. બહાર થતો અવાજ સંભળાતો નથી કે બહારની વસ્તુના સ્પર્શનો અનુભવ થતો નથી. (૮૦). સારી રીતે સ્થિર થયેલો યોગી બહાર શું થઇ રહ્યું છે તે જાણતો નથી. આવી સ્થિતિ સાચે જ ઉત્તમ છે, જે પ્રયત્નપૂર્વક મેળવે છે. (૮૧). પ્રત્યાહાર સિદ્ધ થયા પછી ધારણા કરવી. નાભિ વગેરેમાં ચિત્તને સ્થિર કરવું એને ધારણા કહેવામાં આવે છે. (૮૨). આ ધારણા સિદ્ધ થતાં દોષો દૂર થાય છે અને ચિત્તમાં સ્વસ્થતા આવે છે અને પછી મનમાં ખેદ રહેતો નથી. (૮૩). એના પછી ધ્યાન સાધવું જેથી ચિત્ત એકાગ્ર થાય. આ ખરેખર ઉત્તમ સાધન છે જે સંપૂર્ણ (શ્રેષ્ઠ) સુખ આપે છે. (૮૪). જ્યારે ધ્યાન કરનાર (ધ્યાતા) ધ્યાનને ભૂલીને ધ્યેયાકાર થઇ જાય ત્યારે ચિત્તમાં યોગના મુકુટરૂપી સમાધિ થઇ છે એવું જાણવું. (૮૫). પવન વિનાના સ્થળમાં રહેલા દીવાની જ્યોતની જેમ ચાંચલ્યથી રહિત (સમાહિત) ચિત્ત હલનચલન વગરનું થઇને ધ્યેયમાં એકાકાર થઇ જાય છે. (૮૬). આત્મા આત્માને જોઇને સુખનો અનુભવ કરે છે. ચિત્ત કોઇપણ પ્રકારે ચંચળ થતું નથી અને શરીરનું ભાન ભૂલી જાય છે. આ ઉપાધિ વિનાના (નિરૂપાધિક) સુખને જ તું શ્રેષ્ઠ સુખ જાણ. આના કરતાં વધુ સારું સુખ જગતમાં બીજું એકે નથી. (૮૭-૮૮). આ સુખનો તો જે અનુભવ કરે છે તે જ એને જાણે છે. આ સુખનું વર્ણન બીજો કોણ કરી શકે? આ સુખને તો જાતે જ અનુભવ કરીને માણવાનું હોય છે. એમાં કોઇ સંદેહ નથી. (૮૯). આ રસ ઇંદ્રિયથી પર છે તેથી ઇંદ્રિયો કેવી રીતે જાણી શકે? આ કેવળ અનુપમ એવો રસ છે જ્યાં બીજા રસો ફિક્કા (તુચ્છ) જણાય છે. (૯૦).

વિષયોમાંથી મળતા બધા રસો કાયમ ટકતા નથી (નશ્વર છે) અને એનો વિરહ બધી રીતે દુ:ખી કરે છે. વળી એ સુખનો આભાસમાત્ર છે. (સાચું સુખ નથી.) એ ક્ષણમાં જ નીરસ થઇ જાય છે. જ્યારે સ્વાત્માનંદનું આવું નથી. આ (સ્વાત્માનંદ) શ્રેષ્ઠ રસ તો સ્વાધીન છે અને ઉપાધિ રહિત (સાચો) છે. (૯૧-૯૨). આનાથી બીજો કોઇ મોક્ષનો સરળ માર્ગ નથી. માટે હે રાજા ! તું પ્રયત્નપૂર્વક યોગને સાધ. (૯૩). યોગાભ્યાસના ગુણ-દોષો જાણ્યા પછી એ અભ્યાસ કરવો નહિતર વિઘ્નો નડતાં ચોક્કસ હેરાનગતિ (ત્રાસ) થાય છે. (૯૪). આ વચન સાંભળીને ભાવપૂર્વક વંદન કરીને અલર્કે કહ્યું કે હે ગુરુજી ! આ અભ્યાસના ગુણ અને દોષો મને વિસ્તારપૂર્વક કહો જેથી કરીને મને શંકા ન રહે.

હે ગુરુરાય ! આપ આટલી કૃપા કરો. એમ કહીને હાથ જોડીને ફરી ફરી પગે લાગવા માંડ્યો. (૯૫-૯૬).

અલખે નિરંજનને કહ્યું કે આવી પ્રાર્થના સાંભળીને યોગિવર દત્તે અભ્યાસના જે ગુણ દોષો કહ્યા એનું અનુસંધાન આગળ ઉપર છે. નિરભિમાની થઇને **રંગ** કહે છે કે આ અધ્યાયમાં યોગનું વિવેચન કરવામાં આવ્યું છે. (૯૭-૯૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યોગવિવરણ'** નામનો **ચોત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૪

(૧) મુક્તિમાર્ગનો મુસાફર કર્મ કરવાનું છોડી ન દે એ હેતુથી આ દોહરાનું મહત્ત્વ ઘણું છે. કર્મ બંધનકર્તા નથી. આસક્તિથી, ફળની અપેક્ષાથી થતાં કર્મો બંધનકર્તા છે. પરંતુ વ્યક્તિએ પોતાના વર્ણ અને આશ્રમને અનુરૂપ જે કર્મો કરવાનાં હોય છે તે કર્મો ઇશ્વરાર્પણ બુદ્ધિથી કરવાં જોઇએ. આ રીતે કર્મો કરવાથી પાપનો નાશ થાય છે અને ચિત્તની શુદ્ધિ થાય છે. હિન્દુ તત્ત્વજ્ઞાનમાં નિષ્કામ કર્મથી ચિત્ત શુદ્ધિ કરવી એ પહેલું પગથિયું છે, ઉપાસનાથી વિક્ષેપ દૂર કરવો એ બીજું પગથિયું છે અને જ્ઞાન દ્વારા આવરણ દૂર કરવું એ છેલ્લું પગથિયું છે. સાધકે તર્ક કુતર્ક કરીને કર્મોનો ત્યાગ કરવો નહિ. કર્મએ ચાવી છે. સકામ કર્મથી બંધન આવે છે (તાળુ બંધ થાય છે) પરંતુ નિષ્કામ કર્મથી તાળું ખૂલે છે, ચિત્ત શુદ્ધિ થાય છે. જે ચાવીથી તાળું બંધ થાય તે જ ચાવીથી તાળું ખૂલે પણ છે. ચાવી કેવી રીતે ફેરવીએ છીએ તે મહત્ત્વનું છે.

(૨) ચિત્તની શુદ્ધિ થયા પછી શાસ્ત્રનું શ્રવણ કરવાથી જે જ્ઞાન મળે છે તે સામાન્ય જ્ઞાન છે. એનાથી અજ્ઞાનનો નાશ થતો નથી અને મુક્તિ મળતી નથી. ચિત્તશુદ્ધિ પછી શ્રવણ, શ્રવણ પછી મનન અને મનનનું નિદિધ્યાસન કર્યા પછી જે જ્ઞાન થાય છે તે વિશેષ જ્ઞાન જ અજ્ઞાનનો નાશ કરવા સમર્થ છે અને તેનાથી જ મુક્તિ મળે છે. અધ્યાય ૧૯માં સમજાવ્યા મુજબ સામાન્ય જ્ઞાન એ સૂર્યના તાપ જેવું છે. સૂર્યના આ તાપમાં રૂને સળગાવવાની તાકાત નથી પરંતુ વિશેષ જ્ઞાનમાં આજ સૂર્યનો તડકો સૂર્યકાંતમણિમાંથી પસાર કરવામાં આવે તો એ સૂર્યની ગરમીની દાહકતા વધારી દે છે અને રૂને બાળી મૂકે છે. માણસ ગાઢ નિદ્રામાં આનંદનો જે અનુભવ કરે છે તે સ્વસ્વરૂપના જ્ઞાનને લીધે છે. પરંતુ એ જ્ઞાન જાગ્રત અવસ્થામાં ટકતું નથી એટલે મુક્તિ અપાવતું નથી. વિશેષ જ્ઞાન થાય પછી વ્યક્તિ જાગૃત અવસ્થામાં પણ એ જ સમજ ટકાવી રાખે છે.

(૩) અલર્કનો પ્રશ્ન અને દત્તપ્રભુનો જવાબ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અર્જુન તથા ભગવાન કૃષ્ણના સંવાદનું સ્મરણ કરાવે છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આ અંગે શ્લોક ૩૪માં અર્જુનનો પ્રશ્ન અને શ્લોક ૩૫માં ભગવાનનો જવાબ મનનીય અને અનુકરણીય છે.

અર્જુન કહે છે કે :

ચંચલં હિ મન: કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દઢમ્ |
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ||
(ગીતા. અ.૬/શ્લોક.૩૪)

**અર્થ:** "હે કૃષ્ણ ! મન મહા તોફાની, હઠીલું અને બહુ બળવાન છે તેને વશ કરવું એ વાયુને વશ કરવા કરતાં પણ વધુ કપરૂં છે એમ મને લાગે છે."

ભગવાને અર્જુનને જવાબ આપતાં કહ્યું :

અસંશય મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ |
અભ્યાસે ન તું કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ||
(ગીતા. અ.૬/શ્લોક.૩૫)

**અર્થ:** હે અર્જન ! મન ચંચળ છે એટલે એને વશ કરવું કઠીન છે એમાં શંકા નથી પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે એને વશ કરી શકાય છે.

(૪) કેવળ કુંભક સિદ્ધ કરવાનું કપરું છે. સામાન્ય રીતે પ્રાણાયામનાં ત્રણ અંગો છે : પૂરક, કુંભક અને રેચક એટલે કે શ્વાસ લેવો, શ્વાસ રોકી રાખવો અને શ્વાસ છોડવો. જ્યારે કેવળ કુંભકમાં શ્વાસ લેવાનો કે છોડવાનો હોતો નથી. કેવળ કુંભક પ્રયત્ન માગી લે છે અને પ્રાણાયામ સિદ્ધ થાય પછી એને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવાનો હોય છે.

●

## અધ્યાય : ૩૫

આ અધ્યાયનું નામ '**અભ્યાસગુણદોષકથન**' છે. આ અધ્યાયમાં **૧૧૮** દોહરા છે.

આ અધ્યાયમાં યોગાભ્યાસ કોણે નહિ કરવો, કયાં નહિ કરવો, કયારે નહિ કરવો એ બધું દર્શાવવામાં આવ્યું છે. જો યોગાભ્યાસમાં ભૂલ થાય તો તેનાં ભયંકર પરિણામો આવે છે. (૧-૧૨).

અલર્કે પૂછ્યું કે મૂઢતામાં આવી ભૂલ થઇ જાય તો તેનો ઉપાય શું? તો એના જવાબમાં દત્તપ્રભુ દરેક પ્રકારનાં વિઘ્ન (ભૂલ)નો ઉપાય દર્શાવે છે. (૧૩-૪૨).

આ શરીર મેલથી ભરેલું છે, ક્ષણભંગુર છે તો પણ મોક્ષનું દ્વાર છે એમ કહી યોગાભ્યાસ સિદ્ધ થાય તો તેનાં શું લક્ષણો (ચિહ્નો)છે તે સમજાવે છે. આ યોગાભ્યાસ સિદ્ધ થવા આવે ત્યાં જ સિદ્ધિઓ વિઘ્ન કરવા આવે છે પરંતુ સાધકે સિદ્ધિના મોહમાં પડવું નહિ. (૪૩-૮૫).

જે લોકો સિદ્ધિના મોહમાં પડતા નથી તેઓ જ આત્મદર્શનનું સુખ પામે છે. ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને અભ્યાસ કરવાથી સિદ્ધિના મોહથી બચી શકાય છે. સાતે ધારણા સિદ્ધ કરીને યોગીએ સાવધ થઇને, સિદ્ધિના મોહમાં પડ્યા વગર અનુસંધાન રાખીને સાધન કર્યે જવું. સદ્‌ગુરુનાં માર્ગદર્શન હેઠળ આ યોગાભ્યાસ કરવો. (૮૬-૧૧૮).

અલર્કનાં વચન સાંભળીને દયાળુ દત્તપ્રભુ બોલ્યા કે હે રાજા ! તને (યોગનું) સૂક્ષ્મ રહસ્ય કહું છું તે તું સાંભળ. (૧). યોગાભ્યાસના ગુણ દોષો સારી રીતે જાણ્યા પછી, એ કરતા રહેવાથી તે જ ક્ષણે (તરત જ) સિદ્ધિ મળે છે એ વાતમાં તું અડગ વિશ્વાસ રાખજે. (૨). જે કોઇ રોગથી પીડાતો હોય, ભૂખ્યો હોય, વ્યાકુળ ચિત્તવાળો હોય, ક્રોધે ભરાયેલો હોય, અશાંત હોય અથવા રોગને લીધે નબળો પડી ગયો હોય તેણે કોઇ દિવસ આ યોગાભ્યાસ કરવો નહિ. આ બધા દોષો દૂર કર્યા વિના ચિત્ત સ્થિર થતું નથી. (૩-૪). અભ્યાસ કરવાની ઇચ્છાવાળા પાસે દુર્જન હોય તો તેણે યોગાભ્યાસ કરવો નહિ, નહિતર એમાં ચોક્કસ વિઘ્ન આવે જ. માટે દુર્જનનો સંગ યેન કેન પ્રકારેણ ત્યજવો.① (૫). અતિશય ઠંડી, અતિશય ગરમી કે અતિશય વરસાદનો સમય અભ્યાસ કરવા માટે નકામો છે. એમાં અભ્યાસ કરવાથી તરત જ વિઘ્ન નડે છે. (૬). જ્યાં વાવાઝોડું થતું હોય અથવા અન્ય પ્રકારનો ભય હોય તો ત્યાં યોગાભ્યાસ માટે બેસવું નહિ કારણ કે એવી પરિસ્થિતિમાં ધ્યાન થતું જ નથી. (૭). નદીની એકદમ પાસે યોગાભ્યાસ કરવો નહિ. તદુપરાંત સુકાયેલાં ઝાડની નીચે, સ્મશાનમાં, જીર્ણ મંદિરમાં, ભેજવાળી જગ્યામાં, એકદમ ખુલ્લામાં અથવા બીક લાગે તેવાં સ્થાનમાં કોઇ પણ દિવસ યોગાભ્યાસ કરવો નહિ. (૮-૯). આ બધાની અવગણના કરીને જો કોઇ મૂઢ અભ્યાસ માટે આવાં સ્થાનમાં બેસે તો ચોક્કસ અનર્થ થશે એ વાત નિશ્ચિતપણે માનજે. (૧૦). આને લીધે સ્મરણશક્તિનો નાશ, બહેરાપણું, મૂગાપણું, જડતા, અંધત્વ અને ગાંડપણ જેવા ભયંકર રોગો થાય છે. (૧૧). શ્વાસ, હેડકી, વાયુ, ભગંદર, ક્ષય અથવા કફ, પિત્ત વગેરે જેવા અસાધ્ય પ્રકોપો થાય છે. (૧૨). એ વચન સાંભળીને અલર્કે વંદન કરીને પૂછ્યું કે હે ગુરુનાથ ! મૂઢપણમાં (અજ્ઞાનથી) કદાચ આવી ભૂલ થઇ જાય અને દેહ વગેરેમાં વિકાર ઊઠવાનાં વિઘ્નો થાય તો હે તાત ! તેનો શું ઉપાય (પ્રતિકાર) કરવો તે કૃપા કરીને કહો કે જેનાથી આ દોષોનો જલદીથી નાશ થાય, જલદીથી આરામ થાય અને અભ્યાસમાં આગળ વધાય. (૧૩-૧૫). આવું કહીને વંદન કરીને તરત જ પગ પકડ્યા. ગુરુએ પ્રેમથી કહ્યું કે હે બાળ (અલર્ક) !

તું સાવધાનીપૂર્વક સાંભળ. (૧૬). જો ભૂલથી આફત આવી પડે તો આ પ્રમાણે ઉપાય કરવો. નવટાંક (૬૦ગ્રામ જેટલા) ચોખા લઇને એમાં એનાથી છ ગણું (૩૬૦ ગ્રામ જેટલું) પાણી ઉમેરીને ધીમા તાપે કાંજી તૈયાર કરવી. આને ચવાગૂ કહેવામાં આવે છે અને યોગીએ આનું સેવન કરવું. (૧૭-૧૮). સર્વ દોષ હરી લેનાર આ ચવાગૂ શ્રેષ્ઠ છે. એનું યુક્તિપૂર્વક (યોગ્ય રીતે) સેવન કરવાથી એ બધા દોષો હરી લે છે. (૧૯). જુદા જુદા રોગો માટે જુદુ જુદુ અનુપાન (ઔષધ સાથે લેવાતી મદદરૂપ બનતી વસ્તુ) સૂચવવામાં આવ્યું છે. પોતાની બુદ્ધિથી એનું સેવન કરવું. (૨૦). આ ચવાગૂમાં ગાયનું થોડું ઘી ગરમ કરીને રેડવું અને એ મેળવીને રોજ ચવાગૂ પીવી. એનાથી દોષ દૂર થઇ જશે. (૨૧). ધ્યાનપૂર્વક સાવધાનીથી ચવાગૂ લઇને બેસવું. જે દોષનું નિવારણ કરવાનું હોય તે દોષમાં સ્થિર વૃત્તિ કરીને બેસવું. (૨૨). જ્યારે વાત વગેરે (વાત, પિત્ત અને કફ જેવા) દોષો ઉદ્‌ભવ્યા હોય ત્યારે એ જગ્યાએ ચિત્ત સ્થિર કરીને સંકલ્પ કરવાથી તરત જ દોષો જતા રહે છે. એમાં શંકાને કાંઇ સ્થાન નથી. રોજ ચવાગૂ પીને આવી ધારણા કરવી.(૨૩-૨૪). જો અંગમાં ધ્રૂજારી આવતી હોય તો ચિત્તમાં પર્વતનું ચિંતન કરી જે તે અંગમાં વૃત્તિ સ્થિર કરવી. એ કરતાં ધ્રુજારી દૂર થશે. (૨૫). જો (યોગ સાધવાના) દોષને કારણે બહેરાશ આવી ગઇ હોય તો કાનમાં વૃત્તિ નિશ્ચલ કરવાથી ધીરે ધીરે બહેરાશ દૂર થાય છે. (૨૬). જો દોષને કારણે મૂગાપણું આવી ગયું હોય તો જીભમાં ચિત્ત સુસ્થિર કરવાથી એ મૂગાપણું દૂર થાય છે. આ બધું કરવાથી જન્મથી મળેલા આ દોષો સંપૂર્ણપણે મટતા નથી, પરંતુ અભ્યાસને કારણે આવેલા આ દોષો સંપૂર્ણપણે મટી જાય છે. (શાંત થઇ જાય છે.) (૨૭-૨૮). શરીરના કયા ભાગમાં દોષ છે તે જાણી લઇને, ચવાગૂ પીને, તે સ્થાને મનને સ્થિર કરીને લગાડવું. (૨૯). એવી રીતે ધારણા કરતાં જે તે દોષનો નાશ થશે. શરીરમાં બળતરા (અગન) થતી હોય તો ખાસ ઠંડીની ધારણા કરવી. શરીરમાં ઠંડી લાગતી હોય તો ત્યાં સૂર્યનું સુસ્થિર ધ્યાન કરવું જેથી ચોક્કસ ઠંડી દૂર થશે અને શરીર ગરમ થશે. (૩૦-૩૧). જો યાદશક્તિનો નાશ થયો હોય તો મસ્તકના સ્થાને ધારણા કરવી. વાયુ (વાત) અને અગ્નિના ધ્યાનથી ભૂતનો ઉપદ્રવ ટળે છે. (૩૨). અંતરિક્ષ (દ્યૌ) અને પૃથ્વીનાં ધ્યાનથી બધાં જ વિઘ્નો દૂર થાય છે. આમ દોષનું કારણ શોધીને યુક્તિથી ધારણા કરવી. (૩૩). નસીબજોગે જો પ્રાણ લક્ષ્ય ચૂકીને બીજી જગ્યાએ જતો રહે તો પ્રયત્ન કરવા છતાં પણ બ્રહ્મરંધ્રથી નીચે ઊતરતો નથી. (૩૪). આ દોષનું વ્યક્તિ જાતે નિવારણ કરી શકતી નથી. જો એ આ સ્થિતિમાં રહે તો એનું ચોક્કસ મૃત્યુ થાય છે. (૩૫). આવા સંજોગોમાં અભ્યાસુની સેવામાં જે વ્યક્તિ હોય તેણે સાવધાન થઇ જઇને પ્રયત્ન કરીને પ્રાણને યોગ્ય સ્થાને લાવવો. (૩૬). ચીકાશવાળી (સ્નિગ્ધ) વસ્તુ (ઘી, દૂધની મલાઇ વગેરે)નું તાલુપ્રદેશમાં (તાળવામાં) યુક્તિપૂર્વક ધીમે ધીમે સૂચવ્યા પ્રમાણે માલિશ કરવું (સેવામાં રહેનારે પહેલેથી આ બધું સમજી લેવાનું હોય છે.) (૩૭). તાલુપ્રદેશની ઉપર લાકડાનો ટુકડો મૂકીને ધીમે ધીમે હલકા હાથે લાકડાથી મારવું. આમ હળવી રીતે મારવાથી પ્રાણ ચોક્કસ નીચે ઊતરશે. આનાથી યોગી વ્યાકુળ થતો નથી કે નિર્બળ પણ બનતો નથી અથવા ગળાની (કંઠની) બંને બાજુએ ઘીનું માલિશ કરતાં પણ પ્રાણ યથા સ્થાને આવે છે. અથવા શીંગડાથી બનેલું વગાડવાનું સાધન (શ્રૃંગી) લઇને જમણા કાનમાં ધીમેથી વગાડતાં પણ પ્રાણ ચોક્કસ સ્થાન પર આવે છે. (૩૮-૪૧). (સેવામાં રહેનારે) પરંપરાગત માર્ગથી સાવધાન રહીને આ રીતે પ્રાણને સ્વસ્થાને લાવવા મહેનત કરવી. (૪૨).

આ શરીર મળ મૂત્ર (મેલ)થી ભરેલું છે તો પણ મોક્ષ પામવાનું સાધન (મોક્ષ દ્વાર) છે. એટલા માટે એનું જતન કરવામાં સાવધાન રહેવું. (૪૩). આ શરીર ક્ષણભંગુર હોવા છતાં શાશ્વત પદ (મોક્ષ) આપનારું છે. આ માનવ શરીર જ યોગ વગેરે પ્રાપ્ત કરવાનું દ્વાર (સાધન) છે. (૪૪). માનવ શરીર વિના શ્રવણ વગેરે શક્ય નથી. શ્રવણ વગર જ્ઞાન નથી અને જ્ઞાન વગર મુક્તિ નથી. શાસ્ત્ર અને અનુભવનું આ પ્રમાણ છે. માટે આ શરીરનું રક્ષણ (જતન) કરીને યોગાભ્યાસ કરવો. એનાથી વિઘ્નો દૂર થાય છે અને અભ્યાસ સિદ્ધ થાય છે. (૪૫-૪૬).

(યોગાભ્યાસ સિદ્ધ થતાં) હંમેશાં મન પ્રસન્ન રહે છે, કંઠ મધુર બને છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે ને શરીર નીરોગી બને છે. ઇંદ્રિયની ચંચળતા દૂર થાય છે. દૃષ્ટિ નિર્મળ બને છે. મળ-મૂત્ર અલ્પ થાય છે અને શરીરમાંથી અલૌકિક સુગંધ આવે છે. આ સિદ્ધિનું પ્રથમ ચિહ્ન છે એમ તું મનમાં નિશ્ચિતરૂપથી જાણજે. બીજું ચિહ્ન એ છે કે શરીર કૃશ થાય છે, (યોગી) એ હંમેશાં આનંદમાં રહે છે. એને ઠંડી ગરમી સતાવતી નથી અને ચિત્તમાં ભય રહેતો નથી. આહાર અને નિદ્રા ચોક્કસ ઘટી જાય છે આ ત્રીજું લક્ષણ છે. આ ત્રણે લક્ષણો પ્રગટ થાય એટલે અભ્યાસ સિદ્ધ થયો એમ કહેવાય એમ યોગીઓ ચોક્કસ માને છે. આ સિવાય બીજો બધો બકવાસ છે.② (૪૭-૫૧).

જ્યાં યોગાભ્યાસ પૂર્ણ થવા આવે ત્યાં જ સિદ્ધિના રૂપમાં વિઘ્નો આવે છે એ વાત ચોક્કસ છે. (૫૨). જો યોગી સિદ્ધિના મોહમાં પડી એની પાછળ પડે તો એ યોગથી ભ્રષ્ટ થાય છે, પછી અંતરમાં ધ્યાન થતું નથી અને આગળ જતાં દુ:ખી થાય છે. (૫૩). સિદ્ધિ એ તો બૂરી લાલચો છે. એ પોતામાં ફસાવીને પછી ઘાત કરે છે. એ કાચ બતાવીને (આપીને) મોહ પમાડે છે અને વ્યક્તિ પાસેથી રત્ન લઇ લે છે. માટે સિદ્ધિના મોહને પડતો મૂકીને સતત અભ્યાસ કરતા રહેવું, નહિતર અધવચ્ચે ગબડાવી પાડીને કાયમનો ત્રાસ આપે છે. (૫૪-૫૫). એ વચનો સાંભળીને અલર્કે વંદન કરીને કહ્યું કે કૃપા કરીને યોગમાં વિઘ્ન કરીને અધવચ ગબડાવી દે તેવાં આ સિદ્ધિરૂપી વિઘ્નો વિશે મને કહો. એટલે દત્તપ્રભુએ કહ્યું કે હે રાજા ! હું તને એ વિશે વિસ્તારપૂર્વક કહું છું તે સાંભળ. (૫૬-૫૭). કોઇ આવો યોગાભ્યાસ કરે એ દેવોને ગમતું નથી એ તું જાણી લે. એટલે એ દેવો સિદ્ધિની જાળ પાથરીને વિઘ્ન કરે છે. (૫૮). સિદ્ધિની લાલચ જાગતાં યોગમાંથી રુચિ ઊડી જાય છે અને ભોગ ભોગવવાની ઇચ્છા થાય છે અને આ રીતે સાધના ચૂકી જાય છે. પછી તો યોગી કામ્ય (સંસાર કે સ્વર્ગનાં સુખ આપે તેવાં) કર્મોમાં કે અનુષ્ઠાનમાં રચ્યોપચ્યો રહે છે અને દેવો પણ એને તરત જ માગ્યું ફળ આપીને મોહમાં ફસાવે છે. (૫૯-૬૦). દેવો અનુકૂળ થઇને (એ જે ઇચ્છા કરે તે સફળ કરીને) એને પુષ્કળ દ્રવ્ય આપે છે. સુંદર સ્ત્રીઓ સામેથી દોડી આવે છે અને એને આકુળવ્યાકુળ (ચલાયમાન) કરે છે. (૬૧). એના મનમાં વિવિધ પ્રકારની ઇચ્છા જાગે છે અને દેવ એ બધી પૂરી પણ કરે છે. ભોગ ભોગવવાથી એ ભ્રષ્ટ થાય છે અને એમ એ યોગીનું તરત જ અધ:પતન થાય છે. (૬૨). ઇચ્છામાત્રથી ધન મળે, જે કોઇ સંકલ્પ કરે તે ફળે, પ્રયત્ન કર્યા વગર વિદ્યા મળે અને અનાયાસ જય મળે. (બધે જયજયકાર થાય.) (૬૩). જાદુ, ટોણા, મંત્ર, તંત્ર, જાળ, યંત્રો વગેરે બધું જ સફળ થાય અને ખૂબ કીર્તિ પણ મળે. (બધે એનો વિજયડંકો વાગે.) (૬૪). પછીથી રાજ્ય વગેરેની ઇચ્છા કરે અને મૂઢ માનવીની જેમ સ્વર્ગની ઇચ્છાથી યજ્ઞ-યાગ કરે છે અને એ બધું સાંગોપાંગ પાર પડે છે. (૬૫). ઔષધ, ધાતુ, કીમિયા, રસાયન વગેરે સિદ્ધિબળે સિદ્ધ થાય છે અને પછી લોભ પણ વધે છે. (૬૬). લોકોમાં પૂજ્ય થવા માટે (જાત જાતના) ઢોંગ ધતિંગો શરૂ કરે છે. મોહથી મમતામાં પડીને વધારે ડોળ (દંભ) કરે છે. (૬૭). પછી તો આકાશમાં ઊડવાની અને વશીકરણ વગેરે કરવાની ઇચ્છા કરે છે અને બીજાના મનની વાત જાણવા માટે પ્રયત્ન કરે છે. (૬૮). મોહમાં પડીને ભૂત, વર્તમાન અને ભવિષ્ય વિશે કથન કરીને માનપાનની હંમેશાં ઝંખના કરે છે. (૬૯). હે અલર્ક ! આ બધું યોગનો ચોક્કસ નાશ કરનારું છે એમ તું સમજી લે. જો એનાથી યોગી દૂર રહે તો જ એ તરે છે. (૭૦). આ સિદ્ધિથી ભોગ મળે છે એ વાત સાચી પણ એનાથી યોગ નિષ્ફળ થાય છે. તપશ્ચર્યાનો ભંગ થાય છે અને ખોટો હૃદય રોગ થાય છે. (૭૧). માટે જ્ઞાની પુરુષે સ્વાત્માના વિચારમાં એ બધાં સિદ્ધિનાં વિઘ્નોને ત્યજીને ધ્યાનમાં જ મસ્ત રહેવું. (૭૨). ઇશ્વરમાં પૂર્ણ વિશ્વાસ (નિષ્ઠા) રાખવાથી વિઘ્નો (સિદ્ધિઓ)નો નાશ થાય છે. (સિદ્ધિ હેરાન કરતી નથી.) માટે સાવધાનીપૂર્વક ઇશ્વરની ઉપાસના ખાસ કરવી. જેથી સિદ્ધિનાં એ ભૂતો હેરાન ના કરે અને ઇશ્વર પણ એની મદદમાં (પડખે) રહીને બધાં વિઘ્નો દૂર કરે છે. (૭૩-૭૪). યોગની સિદ્ધિ મળતાંની સાથે વગર પ્રયત્ને કવિત્વ વગેરે સ્ફુરે છે અને કલામાં નિપુણતા મળે છે. (૭૫). એને યોગીજનો પ્રાતિભ સિદ્ધિ કહે છે. આ સિદ્ધિ

યોગમાં વિઘ્ન કરતી હોવાથી એને ત્યજી દેવી જોઇએ. (એમાં ફસાવું નહિ.) (૭૬). સાંભળવામાત્રથી શબ્દનું જે જ્ઞાન થાય છે તે અને દૂરથી પણ શબ્દ સાંભળી (ને જાણી) શકે એને શ્રાવણ સિદ્ધિ કહે છે. (૭૭). એ સિદ્ધિ મળતાં એ દેવના વૃંદને પોતાની નરી આંખે જોઇ શકે છે અને દેવોના બોલાયેલા શબ્દો પણ સાંભળી શકે છે. આ બધી મોહ પમાડે એવી વાત છે. (૭૮). કોઇનો પણ આધાર લીધા સિવાય એ સ્વેચ્છાએ બધે ફરી શકે છે. વિભ્રમનામક આ સિદ્ધિ પણ યોગથી ભ્રષ્ટ કરે છે. (૭૯). એને બધા પ્રકારનું જ્ઞાન થાય છે અને એની બુદ્ધિ પણ અકુંઠિત (અમર્યાદિત, ધારદાર) બને છે. આ સિદ્ધિને યોગીજન આવર્તસિદ્ધિ કહે છે. (૮૦). આ બધી સિદ્ધિઓ ખરેખર વિઘ્ન કરનારી છે અને એ લાલચમાં પાડીને અધવચ્ચે જ નિશ્ચિતપૂર્વક ઘાત કરે છે એ તું જાણી લે. (૮૧). દેવો આમ સિદ્ધિઓ આપીને મોહમાં પાડે છે અને યોગીજન એની પાછળ દોડીને (એમાં ફસાઇને) અંતે રડે છે. (પસ્તાય છે.) (૮૨). આખરે આફતમાં પડીને અધવચમાં રવડી જાય છે. એ 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' થઇને દુર્ગતિ પામે છે. (ઉભયથા ભ્રષ્ટ-અહીંથી પણ ગબડ્યા ને ત્યાંથી પણ ગબડ્યા.) (૮૩). જેમ રાજાનાં દર્શન કરવા જતાં રસ્તામાં ખેલ-તમાસાના આનંદમાં પડી જતાં રાજાનું કદી પણ દર્શન થતું નથી તેમ સિદ્ધિને જોઇને જે અહીં મોહમાં પડે છે તે ખરેખર ! આત્મદર્શનનું સુખ ગુમાવે છે અને અંતે પસ્તાય (રડે) છે. (૮૪-૮૫). જે આમ તેમ જોયા વગર અને મોહમાં પડ્યા વગર સિદ્ધિઓને દૂરથી જ ત્યજી દે છે તેને આત્મદર્શનનું સુખ મળે છે. (૮૬). ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને જે યોગાભ્યાસ કરે છે તે અભક્તની જેમ સિદ્ધિથી ઠગાતો નથી.③ (૮૭). સાધક અભ્યાસથી પ્રત્યાહાર સિદ્ધ કરીને, એ સિદ્ધ સાવધ રહીને યુક્તિપૂર્વક ધારણા કરે છે. (૮૮). પૃથ્વી ધારણાથી પોતાને પૃથ્વીરૂપ માને છે અને બુદ્ધિથી સ્થૂલપણું છોડીને પાંચ ગુણોનું ગ્રહણ કરે છે. (૮૯). પગથી શરૂ કરીને ઘૂંટણ સુધી ભૂમિ ધારણા કરે છે. એ ધારણાનો આકાર ચતુષ્કોણ છે, લં બીજ છે અને પીળો વર્ણ છે. (૯૦). ઘૂંટણથી શરૂ કરીને નાભિ (ડૂંટી) સુધી જલની ધારણા કરે છે. એનો આકાર ધનુષ્યનો છે, વં બીજ છે અને શ્વેત વર્ણ છે. (૯૧). નાભિ (ડૂંટી)થી શરૂ કરીને હૃદય સુધી અગ્નિ ધારણા કરે છે. એનો આકાર ત્રિકોણ છે, રં બીજ છે અને રક્ત વર્ણ છે. (૯૨). હૃદયથી શરૂ કરીને ભ્રમરની વચમાં સુધી વાતધારણા કરે છે. એનો આકાર ધ્વજાનો છે. યં બીજ છે અને ધૂમ્ર (ધુમાડા જેવો) વર્ણ છે. (૯૩). ભ્રમરની વચ્ચેથી શરૂ કરીને બ્રહ્મરંધ્ર સુધી વ્યોમ (આકાશ)ની ધારણા કરે છે. એનો આકાર ગોળ છે. હં બીજ છે અને લીલો (નીલ) વર્ણ છે. (૯૪). યોગીમાં આ પંચ ધારણા કરવાથી સૂક્ષ્મતા અને નિર્વિકારતા આવે છે. (૯૫).

આ પાંચે ધારણા સિદ્ધ કર્યા પછી ચંદ્રદેવતાને લક્ષીને સાવધાનીપૂર્વક મનોધારણા કરવામાં આવે છે. (૯૬). આનાથી ચિત્તમાં નિર્ગુણતા આવે છે. મનોધારણા સિદ્ધ કર્યા પછી યોગીજન બુદ્ધિધારણા કરે છે. (૯૭). આ બુદ્ધિધારણાના દેવતા નિઃસંદેહ બૃહસ્પતિ છે. એનું ચિંતન કરવાથી સંકલ્પોનો દેહ-સંકલ્પો ટળી જાય છે. (૯૮). આ સાતે ધારણા પૂર્ણ રીતે સિદ્ધ થતાં યોગીઓ સૂક્ષ્મતા (કપટ) ત્યજીને વિરક્ત થાય છે. (૯૯). એની વિષયાસક્તિ જતી રહે છે અને જિતેંદ્રિય થાય છે. આવો યોગી પૂર્ણપણે નીરોગી (નિરામય) થઇ હંમેશાં આનંદમાં રહે છે. (૧૦૦). એને ગંધ વગેરે (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ વગેરે)ની વાસના કદી પણ ઊઠતી નથી. એ યોગીશ્વર બધાથી જુદો છે એ નક્કી વાત છે. (૧૦૧). ગંધ વગેરેની આસક્તિથી મૂઢજનો ફરી ફરીને જન્મ પામે છે અને કલ્પને અંતે પણ એની સદ્ગતિ થતી નથી. (૧૦૨). તે તે ધારણા કરવાથી ક્રમાનુસાર ગંધ વગેરે વાસના નષ્ટ થાય છે અને યોગી નિઃસંગી થાય છે. (૧૦૩). એ કોઇનો સંગ કરતો નથી અને વિરક્ત (આસક્તિ વિનાનો) થાય છે. એ પ્રમાણે જે સાધના કરે છે તેને વિઘ્નો નડતાં નથી. (૧૦૪). એ સર્વ પ્રકારે સંગથી મુક્ત થઇ જાય છે અને અહંકાર વિનાનો થાય છે. એ બ્રહ્માનંદમાં મગ્ન રહે છે અને જલદીથી નિર્વાણને (મોક્ષને) પામે છે. (૧૦૫). ધારણા દ્વારા જાણીને એ સૌક્ષ્મ્ય ત્યજી દે છે અને વાસના ત્યજીને એ હંમેશાં સ્વાત્માવશ રહે છે. (૧૦૬). એ ધ્યાન દ્વારા બ્રહ્મનું નિશ્ચલતાથી જલદીથી જ્ઞાન પામે છે અને એ ખરેખર જીવનમુક્ત થઇને ફરે છે. (૧૦૭). જેણે સાતે

ધારણા નિશ્ચિતપણે સિદ્ધ કરી છે તે જ જિતાસન છે અને જિતપ્રાણ પણ છે. (૧૦૮). બધી સિદ્ધિ એની દાસી બની જાય છે અને એને તું સ્થિતપ્રજ્ઞ જાણ. આને લીધે જ યોગી પ્રયત્ન કરીને પણ ધારણાઓ સિદ્ધ કરે છે. (૧૦૯). આમ છતાં એ ભલે જિતાસન હોય, જિતપ્રાણ હોય કે જિતેંદ્રિય હોય તો પણ સિદ્ધિના મોહમાં પડી શકે તેમ છે. (૧૧૦). જેમ લંપટ (કામુક) માણસ કામિની (સુંદર સ્ત્રી)ને જોઇને ચલાયમાન થાય છે તેમ આ પણ સિદ્ધિ જોઇને ચિત્તમાં ચલાયમાન થાય છે. (૧૧૧). એ સિદ્ધિના મોહમાં પડીને પોતાના યોગથી ભ્રષ્ટ થાય છે અને આખરે પસ્તાઇને રડે છે. આમ સિદ્ધિ ઘાતક નીવડે છે. તેથી સાવધાનીપૂર્વક સિદ્ધિને ત્યજી દેવી જોઇએ અને અચૂક અનુસંધાન રાખીને સાધન (અભ્યાસ) ચાલુ રાખવું જોઇએ. (૧૧૨-૧૧૩). સિદ્ધિનું ફળ માયિક અને ક્ષણભંગુર છે. માટે એને ત્યાગીને નિશ્ચલતાપૂર્વક રહેવું. (૧૧૪). અનુભવયુકત જ્ઞાન (વિજ્ઞાન)નું ફળ શાશ્વત છે જે જન્મની શંકા હરી લે છે અને તેથી જ જ્ઞાનીજન સિદ્ધિને ત્યાગીને એ વિજ્ઞાનને પસંદ કરે છે. (૧૧૫). અલખ નિરંજનને કહે છે કે આવું સાંભળીને અલર્કે સિદ્ધિનું વિસ્તારપૂર્વક વર્ણન કરવાની વિનંતી કરી. (૧૧૬). આ અધ્યાયમાં યોગાભ્યાસના ગુણદોષોનું અને સાત ધારણાનું વર્ણન કર્યું. (૧૧૭). આ યોગ રહસ્ય અત્યંત ગૂઢ (ગહન) છે અને તે કેવળ સદ્‌ગુરુ દ્વારા જ જાણી શકાય છે. તો ગુરુદેવની કૃપા હોય તો જ રંગ સારી રીતે જાણી શકે છે. (૧૧૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**અભ્યાસગુણદોષકથન**' નામનો **પાંત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૫

(૧) યોગનો અભ્યાસ ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે, ગમે તે સ્થળે કરે નહિ એટલું જ નહિ પરંતુ એનાં તન અને મનની સ્થિતિ પણ આનંદપ્રદ હોવી જોઇએ. સૌથી મહત્ત્વનું એ કે સારી પ્રવૃત્તિ કરનારે સાવધાની રાખવાની કે દુર્જન માણસ એનો સંગ ન કરે. સંગનું મહત્ત્વ શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર વર્ણવ્યું છે. સંગ ન કરીએ-નિ:સંગી રહીએ તો શ્રેષ્ઠ. સંગ વગર ના રહેવાય તો ન છૂટકે સત્ સંગ કરવો. પરંતુ કોઇ પણ સંજોગોમાં દુર્જનનો સંગ તો નહિ જ કરવો. આવા માણસનો સંગ યોગાભ્યાસમાં વિઘ્ન કરે છે એમ નહિ, ચોક્કસ વિઘ્ન કરે જ. સમજ્યા વગર યોગ કરવામાં ઘણાં ભયસ્થાનો છે. સદ્‌ગુરુના માર્ગદર્શન મુજબ યોગાભ્યાસ થવો જોઇએ.

(૨) દોહરા ૪૭ થી ૫૧ સંસારી માટે દીવાદાંડીરૂપ છે. કોઇનાં પણ ચરણમાં માથું મૂકતાં પહેલાં નક્કી કરવું જોઇએ કે આ યોગ્ય વ્યક્તિ છે કે નહિ. જેણે યોગ સિદ્ધ કર્યો હોય તેનાં લક્ષણોની આ યાદી યાદ રાખવા જેવી છે :

(૧) હંમેશાં ચિત્તની પ્રસન્નતા. (૨) કંઠની મધુરતા. (૩) જઠરાગ્નિ પ્રદીપ્ત હોવો. (૪) શરીર નીરોગી હોવું. (૫) ઇંદ્રિયની ચંચલતા નષ્ટ થવી. (૬) દૃષ્ટિ નિર્મળ હોવી. (૭) મળ મૂત્ર અલ્પ થાય અથવા થાય જ નહિ. (૮) શરીરમાંથી દિવ્ય સુગંધ આવવી. (૯) શરીર કૃશ થવું (સુકાવું). (૧૦) હંમેશાં આનંદમાં રહેવું. (૧૧) ગરમી-ઠંડી

હેરાન ન કરે. (૧૨) મનમાં ભય ન હોવો. (૧૩) નિદ્રા અને આહારમાં ઘટાડો.

નિર્મળ હૈયું, નિર્મળવાણી, નયને પ્રેમ તણી સરવાણી,
વિચાર ઊંચા, જીવન સાદું, એવું જીવે સાચો સાધુ.

આ બધામાં વાણીની નિર્મળતા અને ચિત્તની પ્રસન્નતા ખૂબ જ મહત્ત્વના છે.

(૩) આ અધ્યાયમાં સિદ્ધિરૂપી વિઘ્નોનું વર્ણન કરતી વખતે એના ઉપાયરૂપે પૂ.શ્રીએ ઈશ્વરમાં શ્રદ્ધા રાખી અભ્યાસ ચાલુ રાખવો એમ જણાવી એના ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. વ્યક્તિમાં મહાનતા આવે છતાં પણ સામાન્ય માનવીની જેમ વર્તે તો એ એની મહાનતા છે. સિદ્ધિ આવતાં પતન થવાની શક્યતા સહજ છે. તેથી જ એના મારણરૂપે ઈશ્વરનું અને સદ્‌ગુરુનું અનુસંધાન ચાલુ રહેવું જોઈએ. સાધક તરીકે જેટલા સાવધ રહેવાનું છે એનાથી પણ વધુ સાવધ યોગાભ્યાસ સિદ્ધ થયા પછી રહેવાનું છે. જેના પર ગુરુની કૃપા હોય તે જ આ રીતે વર્તી શકે. સિદ્ધિ પામ્યા પછી પણ જીવનમાં સરળતા, વાણીમાં મીઠાશ અને વર્તનમાં પ્રેમ દેખાય તો સમજવું કે આ વ્યક્તિ ભગવાનની એકદમ નજીક છે.

●

## અધ્યાય : ૩૬

આ અધ્યાયનું નામ '**યોગસિદ્ધિ યોગચર્યાવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૩૫** દોહરા છે.

આ અધ્યાયમાં દત્ત ભગવાન અલર્કને આઠ સિદ્ધિની અને દશ ઉપસિદ્ધિની સમજ આપે છે.

આ આઠ સિદ્ધિમાં ચાર સિદ્ધિ દેહ સિદ્ધિ છે. એટલે આ સિદ્ધિને શરીર સાથે સંબંધ છે. અણુસિદ્ધિને કારણે શરીર અણુ જેવું નાનું થાય છે. મહિમા સિદ્ધિથી શરીર મોટું બને છે. ગરિમા સિદ્ધિથી સિદ્ધનું શરીર વજનમાં ભારે બને છે. લઘિમા સિદ્ધિથી શરીર હલકું બને છે.

પ્રાપ્તિ સિદ્ધિથી દૂરના પદાર્થને સ્પર્શે અથવા પોતાની પાસે લાવે. પ્રાકામ્ય સિદ્ધિથી થોડી વસ્તુ હોય પણ ખૂટે નહિ. ઈશિતા સિદ્ધિથી ભૂત ભૌતિક વસ્તુનું નિયંત્રણ કરે છે અને વશિતા સિદ્ધિથી ભૂતો અને ભૌતિક પ્રાણીઓ વશ થાય છે.

આઠ સિદ્ધિઓ અને પરકાયામાં પ્રવેશ, પરચિત્તનું જ્ઞાન, વ્યોમગમન જેવી દશ ઉપસિદ્ધિઓ પણ યોગમાં વિઘ્ન કરે છે. તેથી એ બધાનો ત્યાગ કરવો. (૧-૩૩).

ધારણા સિદ્ધિ થયા પછી પહેલાં સગુણનું અને પછી નિર્ગુણનું ધ્યાન ધરવું એમ સમજાવે છે. (૩૪-૫૩). ત્યાર પછી ધ્યાતા અને ધ્યાનનો ભેદ મટી જાય છે અને એ ધ્યેયાકાર થઇ જાય ત્યારે એ સમાધિ કહેવાય છે. (૫૪-૫૮). આ સમાધિને લીધે મનોભંગ અને વાસનાક્ષય થવાથી જીવનમુક્તિ મળે છે. (૫૯-૭૭).

અલર્કના પ્રશ્નના જવાબમાં દત્તપ્રભુએ યોગચર્યાનું વર્ણન કર્યું. યોગીએ અપમાન મળે તો રાજી થવું. યોગીએ માધુકરી માટે જવું અને તે વખતે શું ધ્યાન રાખવું તે સમજાવ્યું. ભિક્ષા કયાં ન લેવી એનું વિગતવાર વર્ણન કર્યું છે. ભિક્ષા માટેની બધી વાત વિગતે સમજાવી. (૭૮-૧૨૪). યોગાભ્યાસ કરનારે કયા સદ્‌ગુણો કેળવવા અને શા નિયમો પાળવા તે સમજાવ્યું છે. (૧૨૫-૧૩૫).

ગુરુનાં ચરણમાં ભાવપૂર્વક વંદન કરીને અલર્ક બોલ્યો કે હે પ્રભુ ! સિદ્ધિઓ કે જે યોગમાં વિઘ્નરૂપ બને છે અને યોગીને અધવચ્ચે પાડે છે તેના વિષે હે નાથ ! મને કૃપા કરીને સવિસ્તર કહો જેથી કોઇ દિવસ મારો ઘાત થાય નહિ. (૧-૨). એનાં લક્ષણો જાણ્યા પછી એનો ત્યાગ કરવાથી એમાં મોહ થતો નથી. એમ કહીને ગુરુનાં ચરણમાં નમન કર્યું. ત્યાં જ દત્તગુરુ કહેવા લાગ્યા. (૩). સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન એ ગુરુદેવને ધન્ય છે કારણ કે એ તો કેવળ ભાવ જોઇને જ પ્રસન્ન થાય છે અને બીજી કોઇ વાત કરતા નથી. (૪). વળી એ શિષ્યના પ્રશ્નથી ક્યારે પણ કંટાળતા નથી, ઊલટાના રાજી થાય છે. દત્તપ્રભુ બોલ્યા કે હે બાળ ! તું સાવધાન થઇને બધું સાંભળ. (૫).

અણિમા, મહિમા, ગરિમા અને લઘિમા એવી ચાર દેહસિદ્ધિ છે. પ્રાપ્તિ એ અપૂર્વ એવી પાંચમી સિદ્ધિ છે. પ્રાકામ્ય, ઈશિતા અને વશિતા એમ મળીને કુલ આઠ સિદ્ધિઓ છે. (૬-૭). માત્ર ઇચ્છાથી પોતે સૂક્ષ્મ દેહવાળો થાય અને અણુ સમાન કાયા ધરે એ અણિમા સિદ્ધિ છે. જેવું અને જેટલું ઇચ્છે તેટલું સૂક્ષ્મ શરીર થઇ જાય એ અણિમા સિદ્ધિનું લક્ષણ છે એવું યોગીજન કહે છે. (૮-૯). મોટા પદાર્થોનું ચિંતન કરીને એના જેવું શરીર કરવું એ મહિમા સિદ્ધિનું ફળ છે એમાં કોઇ શંકા નથી. અથવા જે પૂજ્ય વ્યક્તિનું ચિંતન કરીને એના જેવી પૂજ્યતા ઇચ્છે અને એના જેવો પૂજ્ય બને એ મહિમા સિદ્ધિનું ફળ છે. (૧૦-૧૧). ભારે (વજનમાં) પદાર્થોનું ચિંતન કરીને પર્વત વગેરે સમાન ભારે થવું એ ગરિમા સિદ્ધિનું ફળ છે.

બધાનો ગુરુ પરમેશ્વર છે. એનું ચિંતન કરીને જો સ્વયં બધાનો ગુરુ બને તો તે ગરિમા સિદ્ધિનું ફળ છે. (૧૨-૧૩). ચિંતનમાત્રથી શરીર રૂના જેટલું હલકું થઇ જાય તે લઘિમા સિદ્ધિનું ફળ છે. (૧૪).

આ ચારે દેહસિદ્ધિઓ યોગમાં વિઘ્ન કરનારી છે. હવે જે બીજી સિદ્ધિઓ વિશે કહું તે તું ધ્યાન આપી સાંભળ. (૧૫). પોતાનાં સ્થાન ઉપર બેસીને, માત્ર ઇચ્છા કરીને જે દૂરના પદાર્થોને પોતાની પાસે લાવે અથવા દૂરની વસ્તુને સ્પર્શ કરે એ સઘળો પ્રભાવ પ્રાપ્તિ સિદ્ધિનો છે. આ સિદ્ધિના બળે જ યોગીવર ચંદ્રને આંગળી અડાડીને સ્પર્શ કરે છે. (૧૬-૧૭). થોડી વસ્તુ હોવા છતાં કદી પણ ખૂટે જ નહિ અને અલ્પ વસ્તુ પણ ઘણી બધી થાય તે પ્રાકામ્ય સિદ્ધિનું ફળ છે. (૧૮). ભૂત (પ્રાણી)નું અને ભૌતિક વસ્તુનું ઇચ્છામાત્રે ઈશ્વરની જેમ નિયંત્રણ કરવાની શક્તિ એ ઈશિતા સિદ્ધિનો પ્રતાપ છે. (૧૯). બધાં જ પંચમહાભૂતો અને ભૌતિક પ્રાણીઓ વશ થાય એવી શક્તિ એ વશિતા સિદ્ધિના કારણે છે એમ હે રાજસુત ! તું જાણ. (૨૦). યોગીપુરુષ વાઘ અને સિંહ પર કૌતુકથી બેસે છે અને સાપનાં આભૂષણ શરીર પર ધારણ કરે છે. (૨૧). એ આનંદથી અગ્નિ ઉપર ચાલે છે, એ જ રીતે પાણી પર પણ ચાલે છે અને જડ વસ્તુ પર બેસીને ઘોડાની જેમ દોડે છે. આ બધા વશિતાના અલૌકિક ખેલ છે. પરંતુ એ મોહમાં નાંખીને આખરે અધવચ્ચે ગબડાવે છે. (૨૨-૨૩).

આ આઠ મહાસિદ્ધિઓ ઉપરાંત દશ ઉપસિદ્ધિઓ છે એ બધી જ માત્ર ઉપાધિ કરનારી અને મોક્ષમાં વિઘ્ન કરનારી છે. (૨૪). બીજાના શરીરમાં પ્રવેશ કરવો, બીજાનાં મનની વાતો જાણી જવી, આકાશમાં ઊડવું વગેરે ઉપસિદ્ધિઓ છે. (૨૫). એનાં લક્ષણ જાણીને એનાથી દૂર રહેવું. હે અલર્ક ! તું ભૂલેચૂકે પણ એની લાલચમાં પડતો નહિ. (૨૬). પક્ષીઓ આકાશમાં ઊડે છે અને માછલી પાણીમાં જ રહે છે એ બધી એમને જન્મથી મળતી સિદ્ધિઓ છે. એ જ સિદ્ધિઓ યોગ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. (૨૭). જેમ મંત્ર અને ઔષધિ સિદ્ધિથી અગ્નિમાં બળી જવાતું નથી તેવું જ યોગસિદ્ધિથી થાય છે એ તું મનમાં નિશ્ચિતરૂપથી સમજી લે.(૧) (૨૮). ઋષિમુનિઓ તપશ્ચર્યા કરીને જે કૌતુકો કરે છે તે બધાં જ કૌતુકો યોગથી પણ સિદ્ધ થાય છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૯). યોગને કારણે મંત્ર સિદ્ધિ, તંત્ર સિદ્ધિ એવું બધું મળે છે. યોગસિદ્ધિથી યોગી બધે અકુંઠિત બનીને ફરી શકે છે. (૩૦). એ જે કોઇ સંકલ્પ કરે તે ફળે છે અને ક્યાંય પાછો પડતો નથી. પોતે ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી શકે છે અને એના ઉપર કોઇનો અંકુશ રહેતો નથી. (૩૧). યોગના ઐશ્વર્યના પ્રતાપે એના માટે અશક્ય જેવું કશું જ નથી. મુશ્કેલીથી ભરેલાં કાર્યો પણ માત્ર ઇચ્છા દ્વારા પાર પાડે છે. (૩૨). પરંતુ આ બધી જ યોગસિદ્ધિઓ એ લાલચો છે. માટે સાવધાનીપૂર્વક એને દૂરથી જ ત્યજી દેવી. (૩૩). આ ધારણા સિદ્ધિ થાય એટલે પછી અંતરમાં ધ્યાન કરવું જે બધા દોષોને દૂર કરીને આ સંસારમાંથી પાર ઉતારે છે. (૩૪). હે રાજન્ ! પહેલાં અનન્ય ભાવથી મારા સગુણ સ્વરૂપમાં ધ્યાન સારી રીતે સ્થિર કરવું અને પછી નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન કરવું. (૩૫). હું હંમેશાં અજ (જન્મ રહિત) અવિકારી (ફેરફાર-વિકાર વગરનો), નિર્ગુણ અને નિશ્ચલ છું. હું એકલો જ સર્વ વ્યાપક (વિભુ), શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ (પરાત્પર) અને બધાના આધારરૂપ છું. (૩૬). સાધુપુરુષોનું રક્ષણ કરવા માટે, દુષ્ટોને શિક્ષા કરવા માટે (દુષ્ટોના વિનાશ માટે) અને ધર્મને સારી રીતે સ્થાપવા માટે મેં આ સુમંગલ દેહ ધર્યો છે.(૨) (૩૭). ભક્તોની ભાવનાને વશ થઇને હું અખંડ આત્મારામ મારી પોતાની માયા સાથે મનુષ્યરૂપે અવતર્યો છું. (૩૮). હું નિરાકાર પણ છું અને સાકાર પણ છું. હું જ સચ્ચિદાનંદ છું. તું મને પૂર્ણરૂપ, નિરંજન અને કેવળ અખંડ જાણ. (૩૯). હું દેહધારી હોવા છતાં પણ દેહથી પર છું એ વાતને ભક્તો જાણે છે અને અંતરમાં મારું ધ્યાન ધરે છે, જેનાથી એ કાળને પણ પાર કરી જાય છે. (૪૦). મારા આ સુંદર રૂપનું ભલે કોઇ ભાવથી ધ્યાન કરે, કોઇ સ્નેહથી કે દ્વેષથી ધ્યાન કરે કે કોઇ ભયને કારણે ધ્યાન કરે પરંતુ એ બધા ચોક્કસ તરી જ જાય છે એમાં કોઇ શંકા નથી. વસ્તુશક્તિ (ધ્યાન ભક્તિ) ખરેખર એવી છે કે જે આશયને (મતિને) ધ્યાનમાં લેતી નથી. (૪૧-૪૨). તું જ કહે કે અજાણતામાં પણ અગ્નિનો સ્પર્શ થઇ જાય તો પણ શું

એ દઝાડતો નથી? ભક્તિ પણ એ જ રીતે તારે છે. (૪૩). અજ્ઞાની માણસ પાણી માનીને અમૃત પીએ તો પણ એ અમર થઇ જાય છે. (મરતો નથી). તેવું જ અહીં પણ સમજવું. (૪૪). તાત્વિક દૃષ્ટિથી જોતાં સ્ત્રી, પુત્ર વગેરે બધું બ્રહ્મરૂપ જ છે પરંતુ અજ્ઞાનથી ગ્રસાયેલું હોવાથી એ તારનારું નથી એમ તું સમજી લે. (૪૫). એનું ધ્યાન ધરવાથી બંધન તૂટતું નથી. ઊલટું એનાથી તો દેહાધ્યાસ વધે છે અને મમતા પીડા આપનારી બને છે. (૪૬).

હું હંમેશાં નિર્વિકાર છું અને આવરણ વિનાનો છું. માટે મારું ધ્યાન કરવાથી ભક્ત ચોક્કસ તરી જાય છે. (૪૭). હંમેશાં પગથી શરૂ કરીને ધીમે ધીમે માથા સુધી ધ્યાન કરવું. અભ્યાસ દ્વારા એ સ્થિર થાય એટલે પ્રયત્નપૂર્વક વૃત્તિ મુખ ઉપર સ્થિર કરવી. પછી હાસ્ય પર સ્થિર કરવી. પછી બધાં અંગોને ભૂલી જઇને એમાં તન્મય થઇ જવું. (૪૮-૪૯). ધ્યાનથી એમાં તન્મય થઇ જવાથી ત્યાંથી વૃત્તિ ખસતી નથી. મન ધ્યેયાકાર થઇ જાય છે અને આનંદથી તરબોળ રહે છે. (૫૦). શરૂઆતમાં આ સગુણ સ્વરૂપનું અંતરમાં ધ્યાન થવા લાગે છે. એ સ્થિર થતાં એ જ પછી અંતે નિર્ગુણનું ધ્યાન કરે છે. (૫૧). ધીમે ધીમે આકારમાંથી વૃત્તિ ખસે છે અને પછી તો ચિત્ત પોતે જ નિર્ગુણ અને નિરાકાર થઇ જાય છે એ વાત તું જાણી લે. (૫૨). જ્યાં સુધી ધ્યેય, ધ્યાન અને ધ્યાતા એ ત્રિપુટીનું ભાન રહે છે ત્યાં સુધી એને તું ધ્યાન જાણ. (૫૩). જ્યારે હું ધ્યાતા (ધ્યાન કરનાર) છું અને આ ધ્યાન છે એવું લેશમાત્ર પણ ભાન રહેતું નથી, મન તન્મય બનીને કેવળ ધ્યેયાકાર થાય છે, બીજી કોઇ વૃત્તિ ઊઠતી નથી અને પવન વિનાના સ્થળના સ્થિર દીવાની જેમ મન ધ્યેયાકારમાં નિશ્ચલ બની જાય છે ત્યારે એ સમાધિ અવસ્થા છે એમ તું માન. સમાધિ સિદ્ધ થતાં ઇંદ્રિય, મન, બુદ્ધિ બધાં નિશ્ચેષ્ટ થઇ જાય છે. (૫૪-૫૬).

આ ઇંદ્રિય, મન, બુદ્ધિ બધાં બધી દોડાદોડ છોડીને સ્વરૂપમાં લીન થઇ જાય છે. આને કારણે યોગી હંમેશાં આનંદમાં રહે છે અને કદી દીન (ઉદાસ,લાચાર) થતો નથી. (૫૭). સમાધિ સિદ્ધ થતાં બધી જ આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી જાય છે અને એને તે કોઇ દિવસ પજવતાં નથી. (૫૮). પછી મનોભંગ (મનોનાશ) અને વાસનાનો ક્ષય થાય છે અને સંશય નષ્ટ થતાં જ જીવનમુક્તિ પામે છે. (૫૯). પછી યોગી નથી જન્મતો, વધતો કે મૃત્યુ પામતો. (શરીરના છ વિકારથી રહિત થઇ જાય છે.) પછી પુનર્જન્મની તો વાત જ કયાં આવી? એ પરિણામ પામતો નથી અને કેવળ અસંગ રહે છે. ભૂત (પ્રાણી) અને ભૌતિક વસ્તુઓથી તે કેવળ અલિપ્ત જ રહે છે. (૬૦-૬૧). એ સંસારમાં કદિ પણ મોહથી લેપાતો નથી. આત્મામાં રમનારો એ કેવળ બ્રહ્મરૂપ છે એમ જાણ. (૬૨). આ આત્મા પાણીથી ભીંજાતો નથી, અગ્નિથી બળતો નથી, પવનથી સુકાતો નથી અને શસ્ત્ર દ્વારા છેદાતો નથી. (૬૩). કલ્પોના કલ્પો પસાર થઇ જાય તો પણ એ ચલાયમાન થતો નથી. એને જન્મ કે મરણ નથી એમાં કોઇ સંદેહ નથી. (૬૪). શબ્દ વગેરે (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ)થી એ કદી બંધાતો નથી. એ હંમેશાં સ્વસ્વરૂપમાં એકરૂપ હોય છે. (૬૫). એ કદી પણ કોઇ વસ્તુનો ભોક્તા (ભોગ ભોગવનાર) નથી કે નથી કોઇનો ભોજ્ય. એ તો નિર્વિકાર, નિ:સંગ અને કેવળ અલક્ષ્ય(લક્ષ્યથી પર) હોય છે. (૬૬). એના એકાકીપણા(એકત્વ)નો કોઇથી ભંગ થઇ શકતો નથી. (એટલે કે એ અભંગ છે.) આ રીતે ધારણા કરવાથી માયાનો રંગ નડતો નથી. (અનેકરૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા રંગ.) (૬૭). યોગાનલ સળગતાંની સાથે રાગ-દ્વેષ વગેરે મલિન ભાવો (મળો) સારી રીતે બળી જાય છે અને એ બળવામાં વાર લાગતી નથી. (૬૮). એકવાર બળી ગયેલા એ મલિન ભાવો પછી પાછા એને સ્પર્શતા નથી. ચિત્ત નિર્મળ થઇ જાય છે અને ભ્રાંતિ દૂર થાય છે. (૬૯). પછી ત્યાં શોક અને મોહ શોધ્યાં પણ જડતાં નથી. જ્યાં કર્મનો સમૂહ (સંઘાત) ટળી જાય છે ત્યાં બંધનનું નામ નિશાન રહેતું નથી. (૭૦). એકવાર વૃત્તિ બ્રહ્મસ્વરૂપમાં મળી જાય પછી કલ્પાંતે પણ ત્યાંથી પાછી ફરતી નથી. (૭૧). એકવાર નદીનું પાણી સમુદ્રમાં મળી જાય કે ઘડાનું આકાશ મહાકાશમાં મળી જાય પછી જુદું પાડી શકાતું નથી તેમ એકવાર જ્ઞાની બ્રહ્મસ્વરૂપમાં ભળી જાય પછી

જુદો પડતો નથી. (૭૨). એ બ્રહ્મજ્ઞ (બ્રહ્મને જાણનારો) બ્રહ્મરૂપ બની જાય છે. આવો યોગી જીવતે જીવ મુક્ત થઇ જાય છે. શબ્દજ્ઞાની અને તપસ્વી કરતાં બ્રહ્મ સાથે યુક્ત થયેલા (જોડાયેલા) એને તું શ્રેષ્ઠ જાણ. (૭૩). આ યોગરૂપી સિંહ (યોગકેસરી) દ્વૈતભાવનો નાશ (વિધ્વંશ) કરી નાંખે છે. માટે તું બીજું બધું છોડીને યોગ સાધ. (૭૪). આ યોગ જીવાત્માને બ્રહ્મની સાથે નિશ્ચિતરૂપથી એવી રીતે જોડે છે કે પછી એનો કદી પણ વિયોગ થતો નથી. એ સંદેહ વિનાની વાત છે. (૭૫). માટે આળસ (તંદ્રા) છોડીને, યોગચર્ચા સારી રીતે જાણી લઇને સાવધાનીપૂર્વક યોગાભ્યાસ કરવો જોઇએ જેથી સિદ્ધિ વિઘ્ન ન કરે અને અભ્યાસ તરત જ આગળ વધે. અંતરમાં ખેદ ના થાય અને એ અનુભવ પૂર્ણપણે મળે. (૭૬-૭૭).

આ વચન સાંભળીને અલર્ક બોલ્યો કે હે ગુરુ ! આપને ધન્ય છે. આપ મને યોગચર્યા કહો. હું અનન્ય ભાવે આપનાં ચરણમાં વંદન કરું છું. આવું કહીને એણે વંદન કર્યું. ત્યાં જ દયાળુ એવા દત્તપ્રભુ બોલ્યા કે હે બાળ ! તું આ રસાળ ચર્ચા સાવધાન થઇને સાંભળ. (૭૮-૭૯). અજ્ઞાની માણસ માન મળવાથી રાજી રાજી થઇ જાય છે અને જો એનું અપમાન થાય તો અંતરમાં ખૂબ જ દુ:ખી થાય છે. (૮૦). યોગી આનાથી અવળી રીતે વર્તે છે (માન મળે તો દુ:ખી થાય છે અને અપમાન થાય તો આનંદ અનુભવે છે). આને કારણે સિદ્ધિ ચોક્કસ હાથમાં આવે છે. (૮૧). મૂઢ માણસ માનને અમૃતદષ્ટિથી (આનંદપૂર્વક) જુએ છે અને અપમાનને વિષદષ્ટિથી (દુ:ખપૂર્વક) જુએ છે જે એને બંધનકર્તા નીવડે છે. આને લીધે જ યોગી માનને ઝેરની જેમ (દુ:ખદષ્ટિથી) જુએ છે અને અપમાનને હંમેશાં અમૃતદષ્ટિથી (આનંદપૂર્વક) સ્વીકારે છે. (૮૨-૮૩). કોઇ એનું સન્માન કરે તો એને ઝેર જેવું માનીને કંટાળે છે અને કોઇ એને અપમાન કરે તો એને અમૃત સમાન માનીને એ હરખાય છે. (૮૪). આવું કરવાથી જ યોગ સિદ્ધિ મળે છે નહિતર એ બંધનરૂપ નીવડે છે. માટે હે રાજા ! આ સમજીને એવી રીતે જ વર્તવું. (૮૫). દષ્ટિથી ભૂમિ સારી શુદ્ધ જોઇને ડગલું ભરવું અને પાણી હંમેશાં વસ્ત્રથી ગાળીને પીવું. (૮૬). શાસ્ત્રોક્ત રીતે યોગ્ય છે કે કેમ તે વિચારીને હંમેશાં બોલવું અને જેનાથી મન શુદ્ધ થાય તેનું ધ્યાન ધરવું. (૮૭).

વિષયોનું ચિંતન કરવાથી મન બંધનમાં પડે છે પરંતુ ઇશનું ચિંતન કરવાથી એ પાવન થાય છે. (૮૮). લોકો જ્યાં આપણા પર ભાવ રાખતા હોય કે પહેલાંની ઓળખાણ હોય ત્યાં યોગીએ ભિક્ષા માટે જવું નહિ. (૮૯). જે ઘરે શ્રાદ્ધ હોય, સ્ત્રી રજસ્વલા ધર્મવાળી હોય કે યજ્ઞ તથા કોઇ ઉત્સવ હોય ત્યાં ભિક્ષા માટે કદીપણ જવું નહિ. (૯૦). જ્યાં ઘણા લોકો એકઠા થયા હોય, દેવનો કે યાત્રા અંગેનો ઉત્સવ હોય ત્યાં ભિક્ષા માટે જવું નહિ. (૯૧). જે ઘરમાં વૃદ્ધિસૂતક હોય (બાળકના જન્મને કારણે આવતું સૂતક) કે સંસ્કાર થતાં હોય (બાબરી ઉતારવાના, યજ્ઞોપવીતના કે એવા કોઇપણ) ત્યાં યોગીએ કદી પણ ભિક્ષા માટે જવું નહિ. (૯૨). જે ઘરમાં કન્યાનો જન્મ થયો હોય તે ઘરે જન્મથી ચાલીસ દિવસ સુધી, પુત્ર થતાં ત્રીસ દિવસ સુધી, અને રજસ્વલાના ઘરે ચાર દિવસ સુધી ભિક્ષા માટે જવું નહિ. (૯૩). પિતાનું મૃત્યુ થયું હોય તે ઘરે એક વરસ સુધી, ગોત્રજનું મૃત્યુ થયું હોય તે ઘરે એક મહિના સુધી, માતાનું મૃત્યુ થતાં છ માસ સુધી અને કોઇ પુરુષનું મૃત્યુ થયું હોય તો ત્રણ માસ સુધી, જનોઇ હોય કે લગ્ન હોય તે ઘરે સોળ દિવસ સુધી, ગર્ભવતીના ઘરે સોળ દિવસ સુધી અને નાંદીશ્રાદ્ધ વગેરે થતાં હોય ત્યાં એક દિવસ સુધી ભિક્ષા માટે જવું નહિ અને એ રીતે વર્તવું. (૯૪-૯૬). ઘરમાં ચૂલો ઠંડો પડી જતાં (અગ્નિ શાંત થઇ જતાં), ધુમાડો પણ શાંત થઇ જતાં અને બધા લોકો જમી રહે પછી ભિક્ષા માટે જવું. (૯૭). આ ઘરે જઉં તો વધુ ભિક્ષા મળે અથવા આ ઘરે ઓછી મળે, આ ઘરે આવકાર મળે કે આ ગૃહે જાકારો મળે એવું મનમાં કદી પણ વિચારવું નહિ અને એકના એક ઘરે પણ લોભવશ જવું નહિ. (૯૮-૯૯). ડાબી બાજુ પછી જમણી બાજુ ના જવું કે રસ્તે જતાં (ફરતાં) રાગ દ્વેષને વશ થઇને કોઇ ઘર છોડી ન દેવું. (૧૦૦). એ જ રીતે કોઇ દિવસ

બૂમ પાડીને ભિક્ષા માંગવી નહિ. કોઇનું બારણું ખખડાવવું નહિ કે બારણાનાં છિદ્રમાંથી જોવું નહિ. (૧૦૧). કોઇ દિવસ પણ થોડું કે સારું કે ખરાબ એવું કશું જ કહેવું નહિ. જે કાંઇ મળે તે આનંદપૂર્વક મૂગે મોઢે લઇ લેવું. (૧૦૨). કોઇ દિવસ પોતાના ગુણો ન કહેવા કે પછી ભણતર-વૈભવ વિશે વાત કરવી નહિ. વળી ઇશારો કરીને પણ કોઇ વસ્તુ માગવી નહિ. (૧૦૩). એક જ દિશામાં જતા હોઇએ તો કોઇ ઘરને હલકું (નકામું) ગણીને ટાળીને પાછા ફરવું નહિ. (૧૦૪). જે ઘરે લાગલગાટ સાત દિવસ સુધી ભિક્ષા ના મળી હોય તે ઘરને ચાંડાળનું ઘર સમજીને કોઇ દિવસ જવું નહિ. (૧૦૫). જો ત્રણ ઘરેથી પેટપૂરતી માધુકરી મળી રહે તો પછી વધુ મળે એવી ઇચ્છાથી બીજે જવું નહિ. (૧૦૬). જરૂર કરતાં વધુ લેવાથી ચોરી કરી એમ ગણાય અને યોગમાં ભંગ પડે છે. આવી અન્નચોરીથી શરીર બધો રસકસ ખેંચી લે છે. (૧૦૭). ત્રણ, પાંચ કે સાત ઘરે ભિક્ષા માંગવી. જો ઘણાં ઘરો હોય તો એકના એક ઘરે ભિક્ષા માગવી નહિ. (૧૦૮). યોગીએ પોતાનો ધર્મ ભૂલ્યા વગર, લોકો અપમાન કરે અને પોતાનો સંગ ના કરે એ રીતે વર્તવું. (૧૦૯). દેહને બહુ પુષ્ટ ન કરવો. રસ ઉપર વિજય મેળવવો. જેણે રસ ઉપર વિજય મેળવ્યો તેણે બધા ઉપર વિજય મેળવ્યો એમ તું નિશ્ચિતપણે મનમાં માન. (૧૧૦). સૂકી ભિક્ષા માગીને જે નિર્વાહ કરતો હોય, અગ્નિહોત્ર જે રાખતો હોય તેની ભિક્ષા પવિત્ર છે. અન્ય રીતની ભિક્ષા અપવિત્ર છે. (૧૧૧). યાયાવરવૃત્તિથી (રોજ સૂકી ભિક્ષા લાવી નિર્વાહ કરવો તે) જે નિર્વાહ કરે છે એની ભિક્ષા શ્રેષ્ઠ છે એમાં કોઇ શંકા નથી. (૧૧૨). વૈદિક વિપ્રના ઘરની ભિક્ષાને મધ્યમ ભિક્ષા ગણવામાં આવી છે. જ્યાં પાંચે યજ્ઞો થતા હોય તે ઘરનું અન્ન તું શુદ્ધ માનજે. (૧૧૩). આ વિનાની અન્ય ઘરની ભિક્ષા અધમ જાણવી. માધુકરીનો આ શ્રેષ્ઠ નિયમ છે જેને સંતો પણ વખાણે છે. (૧૧૪). સારા ઘરેથી પણ એક ઘરેથી જ ભિક્ષા કરવાનું વર્જ્ય ગણ્યું છે અને હીન (હલકાં) ઘરની માધુકરીને પણ શ્રેષ્ઠ ગણી છે. (૧૧૫). પેટ ભરીને મળતું હોય તો પણ એક જ ઘરે કદી પણ કાયમ ભિક્ષા કરવી નહિ એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૧૧૬). જવના દાણાનો સત્તુ (સાથવો), શુદ્ધ ચવાગૂ, કંદમૂળ, પાકાં ફળ અથવા દૂધ અને છાશ પણ બપોરના એક વાર માગી લાવીને, યોગીએ દેવને સમર્પણ કરી પછી વિધિ પ્રમાણે જમવું. (૧૧૭-૧૧૮). અન્નને ઔષધ માનીને શરીર માટે અનુકૂળ હોય એવા માપસરના અન્નથી યોગીએ પેટ ભરવું. સ્વાદિષ્ટ કે ખરાબ સ્વાદવાળું જે કાંઇ મળે તે વેઠરૂપ માનીને ખાવું. (૧૧૯). પેટનો અડધો ભાગ અન્નથી ભરવો, બાકીનાનો અડધો (એટલે ૧/૪ ભાગ) પાણીથી ભરવો અને બાકીનો ૧/૪ ભાગ વાયુ માટે ખાલી રાખવો. (૧૨૦). પ્રાણને ટકાવી રાખવા પૂરતું ખાવાનું છે એમ ચોક્કસ માનીને રુચિ અને સ્વાદ જોયા વિના ખાવા ખાતર ખાઇ લેવું. (૧૨૧). રાત માટે કે બીજા દિવસ માટે વધેલા અન્નનો સંગ્રહ કરવો નહિ. એનાથી (આ નિયમથી) યોગબળ વધે છે. (૧૨૨). ભિક્ષાને લગતી વાતો કોઇ દિવસ પણ કરવી નહિ. તેમ જ બીજા માટે પણ માગીને ભિક્ષા લાવવી નહિ. (૧૨૩). જો કોઇ અશક્ત હોય તો તેને માટે ભિક્ષા આણી આપવામાં દોષ નથી. એ જ રીતે શિષ્ય ગુરુ માટે ભિક્ષા માગી લાવે તો તેમાં પણ દોષ નથી. (૧૨૪). બ્રહ્મચર્ય, અસ્તેય (ચોરી ન કરવી), ત્યાગ, અહિંસા, ગુરુ સેવા, શાંતિ, ધીરજ, શૌર્ય, વિનય, અલ્પ આહાર અને સ્વાધ્યાય તેમજ નિત્યનો અભ્યાસ એ યોગ સિદ્ધિ અપાવનારો છે. (૧૨૫-૧૨૬). શાસ્ત્રો વાંચીને સારરૂપ સમજી લેવું. સંગ્રહ બુદ્ધિથી બહુ વાંચવું નહિ. (૧૨૭). આ જાણું ને તે જાણું, અહીં દોડું ને ત્યાં દોડું એમ કરીને જે માણસ જાણવાની તરસથી અકળાઇને દોડ દોડ કરે છે તે આખરે દુ:ખી દુ:ખી થાય છે. (૧૨૮). કલ્પના અંતે પણ વિદ્યાનો પાર કોઇ પામી શકતું નથી. માટે બધાનો સાર લઇને મનને શાંત કરવું. (૧૨૯). હે અલર્ક ! લોકોની વચ્ચે હંમેશાં ઉદાસીનતા (અનાસક્તિ)થી રહેવું. મેં તને જે આ યોગચર્યા કહી તે પ્રમાણે તું હવે જીવ. (૧૩૦). પછી તને સુદૃઢ ધ્યાન થશે. એટલે આત્માભ્યાસથી જીવન્મુક્તિ સામેથી આવીને તારી દાસી થશે. (તારા પગનાં તળિયાં ચાટશે.) (૧૩૧). આ સાંભળીને અલર્કે વંદન કરીને પૂછ્યું કે હે ગુરુ ! હું કેવી રીતે અભ્યાસ કરું એ તમે મને વિસ્તારપૂર્વક કહો. (૧૩૨). તમે જ મારાં

મા-બાપ છો. હું આપને શરણે આવ્યો છું. હે ગુરુજી ! તમારા સિવાય મારું બીજું કોઇ નથી. (૧૩૩). શિષ્યનાં આવાં વચન સાંભળીને દયાળુ દત્તપ્રભુ જે બોલ્યા તે વિસ્તાર અલખ નિરંજનને આગળ ઉપર કહેશે. (૧૩૪). ચાતક સમાન સચ્છિષ્યને અને મેઘ સમાન ગુરુને ધન્ય છે, જે ભાવ જાણીને વરસે છે. **રંગ** આનું ગાન શું કરે? (૧૩૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યોગસિદ્ધિ યોગચર્યાવર્ણન'** નામનો **છત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૩૬

(૧) મંત્રજા અને ઔષધિજા એ સિદ્ધિના પ્રકાર છે. મંત્ર વડે મળતી મારણ મોહનાદિ સિદ્ધિઓને મંત્રજા સિદ્ધિ કહેવામાં આવે છે અને રસાયનાદિ વડે ઊપજતી દીર્ઘ આયુષ્ય વગેરે સિદ્ધિઓ ઔષધિજા સિદ્ધિ કહેવાય છે. આવી સિદ્ધિ વડે વ્યક્તિ અગ્નિમાં બળી જતી નથી. તપ કરીને સિદ્ધ થતી આકાશ ગમનાદિ સિદ્ધિઓને તપોજા સિદ્ધિ કહે છે.

(૨) દોહરો ૩૭ ભગવાને ગીતામાં કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવે છે.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત |
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ||
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ |
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ||
(અધ્યાય-૪, શ્લોક-૭,૮)

હે ભરતવંશી અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે જ હું પોતાની જાતને સાકારરૂપે પ્રગટ કરું છું. સાધુઓ(ભકતો)ની રક્ષા કરવા માટે, પાપકર્મ કરવાવાળાઓનો વિનાશ કરવાને માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે હું યુગ યુગમાં પ્રગટ થયા કરું છું.

આ શ્લોકમાં ધર્મની ગ્લાનિ થાય છે, નાશ થાય છે એવું નથી કહ્યું. એટલે સાધુનું રક્ષણ કરવા, દુષ્ટોનો નાશ કરવા અને ધર્મની સારી રીતે સ્થાપના કરવા (સ્થાપના કરવા નહિ પરંતુ ધર્મની ગ્લાનિને દૂર કરી ફરી તેજસ્વિતા લાવવા) ભગવાન સાકારરૂપે-મનુષ્ય થઇને- આવે છે.

●

## અધ્યાય : ૩૭

આ અધ્યાયનું નામ '**પ્રણવોપાસન**' છે. આ અધ્યાયમાં **૧૩૫** દોહરા છે.

આ અધ્યાયમાં દત્ત ભગવાન અલર્કને મન અને ઇંદ્રિયોને અંતર્મુખ કરી કેવી રીતે ધ્યાન કરવું તે સમજાવે છે. દેહદંડ, વાગ્દંડ અને મનોદંડ એ ત્રણ દંડનું સૂક્ષ્મ તત્ત્વ સમજાવતાં કહે છે કે દેહદંડ એટલે નિરિચ્છતા, વાગ્દંડ એટલે મૌન અને મનોદંડ એટલે યોગ, આ દંડને સાધીને મોક્ષ પામવાનું છે. (૧-૧૫).

બહારના અને અંદરના વિષયોને છોડીને ધ્યાનમાં રચ્યાપચ્યા રહેવાનું મુશ્કેલ લાગે તો શરીરમાં પ્રગટતા દશ પ્રકારના નાદમાં ચિત્ત તન્મય કરી ઉન્મની સ્થિતિ પ્રાપ્ત કરવી અને એ દ્વારા મુક્તિની સ્થિતિ પ્રાપ્ત કરવી. (૧૬-૩૪).

આવું પણ ના થઇ શકે તો તેણે વિશ્વંભર પ્રભુના વિરાટ સ્વરૂપનું ધ્યાન ધરવું. આનાથી વ્યક્તિ તરી જશે. (૩૫-૫૩).

પછી પ્રણવ (ૐકાર)ની ઉપાસના કેવી રીતે કરવી તેનું વિગતવાર વર્ણન કર્યું છે. 'અ'કાર, 'ઉ'કાર, 'મ'કાર અને અર્ધમાત્રાના ઋષિ, છંદ, દેવતા, વર્ણ, બીજ, શક્તિ, અવસ્થા, સ્થાન, સ્વર, વેદ, આત્મા, અગ્નિ, ગુણ, તત્ત્વ, સવન, ભોગ, વાણી અને દેહની વિગતો આપી છે. (૫૪-૯૯).

વિરાટ, તૈજસ અને પ્રાજ્ઞની ઉપયોગી માહિતી આપી છે. (૧૦૦-૧૦૬).

મૃત્યુનાં ચિહ્નો જાણીને ચિત્તમાં સ્વરૂપનું ચિંતન કરીને ઉપાસના કરનાર અંતે બ્રહ્મમય થાય છે. પ્રણવની ઉપાસના કરનાર કેવી રીતે જીવન્મુક્ત બને છે તે સમજાવી એનું પ્રાણોત્ક્રમણ થતું નથી એવું જણાવ્યું છે. આમ આ અધ્યાયમાં પ્રણવની ઉપાસના કેવી રીતે કરવી તે સમજાવ્યું છે. (૧૦૭-૧૩૫).

ગયા અધ્યાયમાં શિષ્યે પૂછેલો પ્રશ્ન સાંભળીને દયાના ભંડાર એવા દત્તપ્રભુ હાસ્ય કરીને તરત જ બોલ્યા કે હે રાજા! તને ધન્ય છે ! તને ધન્ય છે ! તું ધ્યાન દઇને સાંભળ. જે સંગથી મુકત છે તે યોગાભ્યાસમાં રત રહે છે એવું તું જાણ. (૧-૨).

મન અને ઇંદ્રિયોને અંતર્મુખ કરી દઇને ધ્યાનમાં રત રહેનાર અને હંમેશાં ષડ્રસ ઉપર વિજય (કાબૂ) મેળવે તે સિદ્ધિ પામે છે. (૩). એકાંતમાં જ્યાં ફળ, કંદમૂળ, જળ વગેરે સરળતાથી હંમેશાં મળ્યાં કરતાં હોય અને જ્યાં બીજો કોઇ ઉપદ્રવ (હેરાનગતિ) ના હોય ત્યાં યોગાભ્યાસ કરવો. (૪). વનની કુંજમાં (વનની-વનસ્પતિની ઘટામાં), પવિત્ર સ્થળે, દેવમંદિરમાં, શુદ્ધ ગુફામાં અથવા જેમાં કોઇ રહેતું ના હોય એવાં ઘરમાં સુસ્થિર આસન પર બેસી, આળસનો ત્યાગ કરી અને યોગના નિયમો પાળીને સતત યોગાભ્યાસ કરવો. (૫-૬).

શરીર માટે જરૂરી અન્ન વગેરે ચીજો પ્રત્યે પણ ઉદાસીનતા રાખવી એ દેહદંડ છે, મૌન એ વાણીનો દંડ છે અને યોગ એ મનનો દંડ છે. અન્ય દંડ તો ગૌણ છે. (૭). વાંસનો દંડ હાથમાં રાખીને જે પાખંડમાં ડૂબેલા રહે છે તેવા દંડીનું તો મોઢું પણ જોવું નહિ. એવા તો નરકમાં પડે છે. (૮). યોગ, મૌન અને નિરિચ્છતા (ઇચ્છા વગરના) એ જ શુદ્ધ દંડ છે અને જે હંમેશાં આ ત્રણ દંડને સાધે છે તે જ સાચો ત્રિદંડી સાધુ છે. (૯). વાંસનો દંડ ઝાલવાથી દંડી નથી થવાતું. જે પાખંડમાં રત હોય અને રાગ-દ્વેષથી પર ના હોય એવા ત્રિદંડીને અધમ-હલકો જાણવો. (૧૦). જે ભેદ-અભેદથી પર છે,

જે ચિત્તમાં ખેદ કરતો નથી અને સ્વપ્નમાં પણ જેને સ્વાદનો મોહ નથી (જીભના ચટાકા નથી.) તેને બ્રહ્મરૂપ માનજે. (૧૧). જે બધાને પોતામાં જુએ અને પોતાને બધામાં જુએ, જે શત્રુ અને મિત્ર એવા ભેદોથી દૂર રહે છે અને તેથી દુ:ખ વગરનો રહે છે. (નિસ્તાપ), એવાને પછી વહાલું કોણ હોય અને અકારું કોણ હોય? જેની સમાન દૃષ્ટિ થઇ છે એ અનન્ય છે, અદ્વિતીય છે. માટીનું ઢેકું, પથ્થર અને સોનું એ બધાને સમાન દૃષ્ટિથી જુએ એવા શુદ્ધ આત્માવાળો જ યોગી શ્રેષ્ઠ છે. (૧૨-૧૪).

બ્રહ્મ સાથે જોડાઇ જવાથી જીવ શાશ્વત સ્થાનને પામે છે. પછી તેને જન્મ મરણ રહેતું નથી એ તું મનમાં નિશ્ચિતરૂપથી માની લે. (૧૫). નામબ્રાહ્મણ (બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મનાર)થી વેદનો પાઠ કરનાર શ્રેષ્ઠ છે અને વેદપાઠક કરતાં જપ કરનારો શ્રેષ્ઠ છે અને જપ કરનાર કરતાં યજ્ઞ કરાવનારો (યાજ્ઞિક) મોટો છે. (૧૬). યાજ્ઞિક કરતાં પરોક્ષ જ્ઞાન થયું હોય તે શ્રેષ્ઠ છે અને પરોક્ષ જ્ઞાન ધરાવનાર કરતાં ધ્યાનમાં ડૂબ્યો રહેનાર શ્રેષ્ઠ છે અને એના કરતાં અનુભવી શ્રેષ્ઠ છે. (૧૭). આ બધા કરતાં નિર્વિકલ્પ સમાધિમાં સુસ્થિર રહેનાર એવો ઇશ્વરનો ભકત સર્વ શ્રેષ્ઠ છે. (૧૮). ખરેખર ! એ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છે. એનાથી કોઇ મોટું નથી. શાસ્ત્રમાં ભક્તિને વિભક્તિ (ભગવાનનો વિયોગ) દૂર કરનારી કહી છે. (૧૯). ભલે એ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ હોય અને ચારે વેદોનો જાણકાર હોય પરંતુ જો એ સૂક્ષ્મ બ્રહ્મને જાણતો ના હોય તો એ બ્રાહ્મણના વેષમાં ગવેડો છે. (૨૦). બ્રહ્મ વિશેના અજ્ઞાનથી એ શોકવાળો થાય છે. અદ્વિતીય બ્રહ્મના જ્ઞાનથી એ શોકરૂપી કિલ્લો જીતી લે છે. (૨૧). હે રાજા ! આ વાત સમજીને તું પ્રયત્નપૂર્વક બહારના અને અંદરના વિષયોને છોડીને ધ્યાનમાં મગ્ન રહે. (૨૨).

તને જો આ સાધન અઘરું લાગે તો તું બીજું સાધન સાંભળ, જે અતિશય સરળ છે. એ સાધન સાધીને તું ધન્ય થા. (૨૩). કામ, ક્રોધ વગેરે (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર) અને વિષયાધ્યાસ છોડીને અસંગ અને ઉદાસ (ઉદાસીનવૃત્તિથી) થઇ આસન સાધીને બેસવું. (૨૪). અંગૂઠાથી યુક્તિપૂર્વક કાન બંધ કરીને અને તર્જનીથી આંખ બંધ કરીને, મધ્ય આંગળીથી નાક પકડીને તેમજ બાકીની આંગળીથી મોં બંધ કરીને વૃત્તિને એકાગ્ર કરવી. (૨૫-૨૬). જમણા કાનમાં મંદ અને ગંભીર જે અવાજ પ્રગટે છે તે હે ધીર ! રોજ નિયમસર સ્થિર ચિત્તે સાંભળવો. (૨૭). ગભરાટ થતાં ડાબું નસકોરું છોડીને એને પાછું બંધ કરીને જમણાં નસકોરાંથી ધીમે ધીમે શ્વાસ છોડવો. આવું સાવધાનીપૂર્વક યુક્તિથી વારેવારે કર્યા કરવું. સ્થૂળ અવાજને ભૂલીને સૂક્ષ્મમાં લક્ષ્ય રાખીને નાદ સાંભળવો. આ નાદમાં ચિત્ત તન્મય થવાથી એ બીજાં કામો ભૂલી જાય છે. (૨૮-૩૦). શરીરમાં જે દશ પ્રકારના નાદ પ્રગટે છે તેમાં જો ચિત્ત સ્થિર થાય તો બીજી વૃત્તિઓ ટળી જાય છે અને તરત જ ઉન્મની અવસ્થા પમાય છે. (દશ નાદો છે: ચિણી, ચિંચિણી, ઘંટનાદ, શંખનાદ, વીણાનાદ, કાંસીજોડા (ઝાંઝ)નાદ, વેણુ (બંસી)નાદ, ભેરીનાદ, મૃદંગનાદ અને મેઘનાદ.) (ઉન્મની એટલે મનથી પર થયાની અવસ્થા-ઉત્+મની) (૩૧). આનાથી મન ચાંચલ્યરહિત બને છે અને પરિણામે યોગી પ્રસન્ન ચિત્તવાળો રહે છે. જે ભકત હોય છે તે હંમેશાં નિર્ભય થઇને અને મુકત બનીને, નિશ્ચિંત બનીને રહે છે. (૩૨). બહારના અને અંદરના વિષયોને છોડીને જેનું મન એકદમ શાંત થતું હોય એનો ઘાત કરવા માટે કોઇ સમર્થ નથી. (૩૩). ગુરુની કૃપાથી જે મુકત થયાની સ્થિતિનો અનુભવ કરે છે તેને કોણ ચલાયમાન કરી શકે? એની આગળ કાળ અને કલિ પણ મગતરું બની જાય છે. (૩૪).

જો તારાથી આવું પણ ન બની શકે અને વિઘ્ન નડ્યા કરે અને તેથી પ્રારબ્ધવશ અભ્યાસમાં પ્રગતિ ના થાય અને વળી એનું પાપ પ્રબળ (ખૂબ બળવાન) હોય અને મન ચંચળ થઇ જતું હોય અને યોગી એને સ્થિર કરવા આકુળવ્યાકુળ થતો હોય તો એવી સ્થિતિમાં એણે રોજ-બ-રોજ વિશ્વંભર પ્રભુનું ધ્યાન કરવું. એનાથી પાપો ચોક્કસ દૂર થશે અને ચિત્ત સ્થિર થશે. (૩૫-૩૭).

જેના હજાર (હજારો) પગ છે, હજાર હાથ છે, હજાર આંખ છે, હજાર મસ્તક છે, જેના ઉદરમાં અનંત બ્રહ્માંડો રહેલાં છે, ત્રણે લોક એ જેનું પિંડ (શરીર)છે, જેનું મહાન તેજ છે, બધાં પ્રાણીઓના મસ્તકો એ એના જ મસ્તકો છે અને બધાં જ શરીરો એ એનાં જ શરીરો છે એમ જ્ઞાની પુરુષ જાણે છે. (૩૮-૪૦). અતલ એ એના પગનું તળિયું છે. વિતલ એ તળિયાંની ઉપરનો પગનો ભાગ છે. સુતલ એ એનું ઘૂંટણ છે અને મહાતલએ એની જાંઘ છે. તલાતલ જેના ઢીંચણ છે અને રસાતલ જેની સાથળ છે અને પાતાલ જેની કમર છે એ સાત શરીરના નીચેના ભાગો છે. (૪૧-૪૨). ભૂ (પૃથ્વી) લોક એની ડૂંટી છે, ભુવ:લોક (પૃથ્વી અને સૂર્યલોક વચ્ચેનો) તે પેટ છે અને સ્વર્લોક એ એનું હૃદય છે. મહર્લોક એ એનો કંઠ છે. જનલોક એ એનું મોઢું છે. તપોલોકએ એની ભ્રમર છે અને સત્યલોક એ એનું મસ્તક છે. આ સપ્તલોક એ શરીરનો ઉપરનો ભાગ છે. (૪૩-૪૪). હવા એ પ્રાણ છે, પૃથ્વી શરીર છે, આમ વ્યાપક એવા વિષ્ણુના શરીરમાં આ ચૌદે ભુવનો આવ્યાં છે તે તું જાણ. (૪૫). વિવિધ લોક એ એના અવયવો છે, નક્ષત્ર એ એના દાંત છે અને માયા એ એનું કેવળ મોહ ઉપજાવે એવું હાસ્ય છે. (૪૬). રાત અને દિવસ એની આંખના પલકારા છે. સૃષ્ટિ એ એની દૃષ્ટિ છે, સમુદ્ર એની કૂખ (કુક્ષી) છે. નદીઓ એની નાડી છે, વૃક્ષો અને ઔષધિઓ એના વાળ છે. વરસાદ એ એનું વીર્ય (રેત) છે, પર્વત એનાં હાડકાં છે, વજ્ર એ એનું બળ (શક્તિ છે), રુદ્ર એનો ક્રોધ છે, દિશાઓ એના કાન છે, વાયુ એની ત્વચા છે, સૂર્ય એની આંખ છે, વરુણ એની જીભ છે, અશ્વિનીકુમાર એનાં નાકનાં નસકોરાં છે. આ બધી જ્ઞાનેંદ્રિયો છે. હવે તું એની કર્મેન્દ્રિયો સાંભળ. (૪૭-૫૦). અગ્નિ એની વાણી છે. ઇંદ્ર એના હાથ છે, વિષ્ણુ (ઉપેન્દ્ર) એના પગ છે અને સાક્ષાત્ યમનૈર્ઋતી એની ગુદા છે. (૫૧). પ્રજાપતિ એ એનું લિંગ (શિશ્ન) છે. ચંદ્રમા એનું મન છે, નારાયણ એનું ચિત્ત છે અને બૃહસ્પતિ એ એની બુદ્ધિ છે. (૫૨). રુદ્ર જેનો અહંકાર છે. આવું જેનું રૂપ છે એવો વિશ્વંભર જગદીશ હે રાજા ! ચોક્કસ તારી દે છે. (૫૩). હે રાજન્ ! જેનું ચિત્તમાં ધ્યાન ધરવાથી મહા આનંદ (પરમાનંદ) પ્રગટે છે અને જેનો વાચક ૐકાર (પ્રણવ) છે તે અચળ છે, નિશ્ચલ (નિ:સ્પંદ) છે. (૫૪).

આ જ પ્રણવ (ૐકાર) તારનાર છે. ગુરુના મુખેથી એને જાણી, એનું એકાંતમાં સ્મરણ કરવાથી યોગીજનો તરી જાય છે. (૫૫). ઋષિ, દેવ વગેરે (ઋષિ, દેવ, છંદ, વર્ણ, બીજ, શક્તિ વગેરે) જાણીને એનું ધ્યાન કરવાથી જનમોજનમનાં પાપો બળી જાય છે અને મનનો લય (મનનો નાશ) થાય છે. માટે આસન ઉપર સારી રીતે સ્થિર બેસીને નિયમ પ્રમાણે અને ભાવપૂર્વક દીર્ઘ (લાંબો) ઉચ્ચાર કરીને પ્રણવ જપવો જોઇએ. (૫૬-૫૭). એની સાડા ત્રણ માત્રા કહી છે તે તું નિશ્ચિતરૂપથી જાણી લે. અકાર, ઉકાર અને મકાર એવી ત્રણ માત્રા છે. અડધી માત્રા જે રહી તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. જેનો મુખથી કદી પણ ઉચ્ચાર થતો નથી. (૫૮-૫૯). આ નિર્ગુણ માત્રાને એ યોગી ચોક્કસ જાણે છે જે બ્રહ્મરંધ્રમાં કીડીની જેમ ઘૂમે છે. (૬૦). ગાંધાર સ્વર યુકત એ પરમાનંદ આપે છે અને તેથી યોગનો આનંદ માણનારા એને ગાંધારી કહે છે. (૬૧). અડધી માત્રા નોળિયાની, એક માત્રા ચાષની (પક્ષીનું નામ) છે અને બે માત્રાથી કાગડો નિશ્ચિતરૂપથી બોલે છે. ત્રણ માત્રાથી મોર બોલે છે. આમ માત્રાની જાણકારી મેળવી સાડા ત્રણ માત્રાથી ૐ (પ્રણવ)નો ઉચ્ચાર કરવો. (૬૨-૬૩). પછી ધીરે ધીરે વધીને સાત અને છેવટે ચૌદ માત્રા મેળ બેસાડીને બોલતાં ઉન્મની સ્થિતિ થાય છે. (ઉન્મની એટલે મનની જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિથી પરની સ્થિતિ.) (૬૪). દીર્ઘ ઉચ્ચારથી ૐકારનો ધ્વનિ કરવાથી એ મનોહર નાદ સ્વયં મસ્તકમાં ઘૂમે છે. (ઘૂમરી લે છે.) (૬૫). રોજે રોજ એનો ભાવપૂર્વક ત્રણવાર (સવાર, બપોર અને સાંજ) જપ કરવાથી ધીરે ધીરે એ અતિશય મધુર લાગે છે. (૬૬). મનમાં ચાલતા વિચારો (મનોરાજ્ય) ધીરે ધીરે દૂર થતા જાય છે અને મન શાંત થાય છે. વૃત્તિનો નિરોધ થાય છે અને મનમાં ભયનું નામ નિશાન રહેતું નથી. (૬૭). યુક્તિપૂર્વક સાવધાનીથી પ્રણવનું ધનુષ્ય લઇને અભ્યાસથી એને બરાબર ખેંચીને સજ્જ (તૈયાર) કરવું. એના પર મનનું

બાણ લગાવીને બ્રહ્મનું નિશાન વીંધવાનું છે. જે આમ નિશાન વીંધે છે તે સ્વયં બ્રહ્મ છે અને તેના જન્મ મરણનો ફેરો ટળી જાય છે. (૬૮-૬૯). બંદૂકનું નિશાન તાકતી વખતે ચિત્ત લક્ષ્યમાં અને દૃષ્ટિ માખી પર રાખવામાં આવે છે એ જ રીત અહીં પણ અજમાવવાની છે. બેસાવધ થવાથી લક્ષ્ય ચૂકી જવાય છે અને બીજે જ 'મારો' વાગવાથી જેમ નિશાન પડતું નથી તે જ રીતે અહીં પણ પ્રમાદ કરવાથી ચિત્ત વિક્ષેપમાં પડે છે અને મહાન દુ:ખ આવી પડે છે. માટે જે સાવધાન ચિત્તથી અભ્યાસ કરે છે તે સમાધાન પામે છે અને એનો જન્મ સફળ થાય છે. (૭૦-૭૩). માત્રાનો ભેદ જાણીને અને દરેક માત્રાના ઋષિ, દેવતા, છંદ વગેરે જાણીને પછી એનો ઉચ્ચાર કરવો. (૭૪). **અ**કારનો ઋષિ અગ્નિ છે, છંદ ગાયત્રી છે, દેવતા બ્રહ્મ છે અને વર્ણ પીળો છે. બીજ કલીં છે, શક્તિ ક્રિયા છે, અવસ્થા જાગ્રત છે, સ્થાન ભૂ: છે અને સ્વર ઉદાત્ત છે. વેદ એનો ઋગ્વેદ છે, અગ્નિ ગાર્હપત્ય છે, આત્મા વિશ્વ છે, ગુણ રજસ્ છે અને તત્ત્વ ભૂ (પૃથ્વી) છે. સવન (હોમ) પ્રાત: છે, સ્થાન દૃગનો સ્થૂળ ભોગ છે, વાણી વૈખરી છે અને દેહ સ્થૂળ છે. (૭૫-૭૮). આવું મનમાં વિચારીને **અ**કારનું ધ્યાન કરવું. હે રાજન્ ! હવે **ઉ**કારનું ધ્યાન કેવી રીતે કરવું તે હું તને કહું છું તે તું સાંભળ. (૭૯). **ઉ**કારનો ઋષિ વાયુ છે. છંદ ત્રિષ્ટુપ્ છે. દેવતા વિષ્ણુ છે અને વર્ણ લાલ છે. બીજ શ્રીં છે, શક્તિ જ્ઞાન છે, અવસ્થા સ્વપ્ન છે અને સ્થાન ભુવ: છે એમ યોગી કહે છે. વેદ એનો યજુર્ (યજુર્વેદ) છે. સ્વર અનુદાત્ત છે. અગ્નિ દક્ષિણ છે, અને તત્ત્વ 'તેજ' છે. સવન માધ્યંદિન છે, આત્મા તૈજસ છે. ગુણ સત્ત્વ છે અને ભોગ પ્રવિવિકત(છૂટી ગયેલો) કંઠ સ્થાન છે. વાણી મધ્યમા છે અને દેહ સૂક્ષ્મદેહ છે. એવું મનમાં જાણીને **ઉ**કારનું ધ્યાન કરવું. (૮૦-૮૪). **મ**કારનો ઋષિ સૂર્ય છે, છંદ જગતી છે, દેવતા મૃત્યુંજય છે, વર્ણ શ્વેત છે, બીજ હ્રીં છે, શક્તિ દ્રવ્ય છે. અવસ્થા નિદ્રા છે અને સ્થાન સ્વ: છે. સ્વર એનો સ્વરિત છે. વેદ સામ છે, અગ્નિ આહવનીય (હોમનો અગ્નિ) છે. તત્ત્વ દ્યૌ: છે. સવન તૃતીય (સાંજ) છે, આત્મા પ્રાજ્ઞ છે, ગુણ તમસ્ છે. ભોગ આનંદ છે, એનું સ્થાન હૃદય છે. વાણી પશ્યંતી છે, દેહ કારણદેહ છે. આવું મનમાં જાણીને **મ**કારનું ધ્યાન કરવું. (૮૫-૮૯). અર્ધમાત્રા (ँ)નો ઋષિ વરુણ છે, છંદ વિરાટ છે. દેવતા પરમાત્મા છે, બીજ ક્રોં છે, શક્તિ વિજ્ઞાન છે, વર્ણ સર્વ છે અને તેનું સ્થાન ભુર્ભુવ: સ્વ: છે. અવસ્થા તુર્ય (ચોથી) છે. ગુણ સર્વ છે, સ્વર પણ સર્વ છે, અગ્નિ સાવંર્તક છે અને સવન પણ સર્વ છે. આત્મા પ્રત્યક્ છે, તત્ત્વ ત્રણ છે, વેદ નાદ છે, વાણી પરા છે. ભોગ નિરતિશય આનંદ છે જેનું મૂર્ધાસ્થાન છે. સુંદર દેહની અસ્મિતા (અહંકાર) મહાકારણ છે. આ કેવળ અનુભવથી જાણી શકાય છે અને હે રાજા ! અર્ધમાત્રાનું કેવી રીતે ધ્યાન કરવું એ મેં તને કહ્યું એનું શ્રદ્ધા અને ભાવથી યોગ્ય રીતે ધ્યાન કરવું. (૯૦-૯૫). ધ્વનિનો ઋષિ બ્રહ્મ છે, દેવતા પરમાત્મા છે. છંદ અવ્યકત ગાયત્રી છે. શક્તિ ચિત્ છે, અવસ્થા મનોન્મની છે જ્યાં સ્વાત્મા સાથે ઐકયની સ્થિતિ થાય છે એવું અનુભવી કહે છે. સ્થાન ચિદાકાશ છે. આવું જાણીને જે ધ્યાન કરે છે તેને જલદીથી જીવન્મુક્તિ વરે છે. અસ્મિતા (અહંતા)નો લય થાય છે. દ્વૈત નિર્મૂલ થાય છે અને સ્વાત્મ વૈભવમાં આત્મા એકલો પ્રકાશે છે, શોભે છે. (૯૬-૯૯). વ્યક્તિ એ પિંડ છે અને સમષ્ટિ બ્રહ્માંડ છે. બંનેનો લક્ષ્યાર્થ તો અભેદ જ છે. (૧૦૦). વ્યક્તિના દેહમાં 'વિશ્વ' અને સમષ્ટિમાં 'વિરાટ' તરીકે ઓળખાય છે. આ બંનેનો ચોક્કસ અભેદ જ છે અને યોગીજન હંમેશાં એનું ધ્યાન ધરે છે. (૧૦૧). તૈજસ (વ્યષ્ટિમાં) અને હિરણ્યગર્ભ (સમષ્ટિમાં) તેમજ પ્રાજ્ઞ (વ્યષ્ટિમાં) અને ઇશ્વર (સમષ્ટિમાં) વચ્ચેનો અભેદ અંતરમાં સમજે તો જ ભ્રાંતિ મટે છે. (૧૦૨). પ્રથમ માત્રા (અ) હ્સ્વ છે, બીજી માત્રા (ઉ) દીર્ઘ છે, ત્રીજી માત્રા (મ્) પ્લુત (દીર્ઘ સ્વરથી દોઢ ગણા લાંબા ઉચ્ચારનું) અને અર્ધમાત્રા (ँ) ઇંદ્રિયથી અગમ્ય છે. (ૐ= અ + ઉ + મ્ + ँ) (૧૦૩). પહેલી માત્રા વ્યકત છે, બીજી માત્રા અવ્યકત છે, ત્રીજી માત્રા ચિત્ શક્તિ છે અને અર્ધમાત્રા એ સ્વયં પરબ્રહ્મ છે. (૧૦૪). આજ ક્રમથી માત્રાનું હૃદયમાં ચિંતન કરીને, લક્ષ્યમાં ચિત્ત પરોવીને સાવધાનીપૂર્વક પ્રેમથી ધ્યાન કરવું. (૧૦૫). પ્રણવ એ આત્માનું નામ છે અને તેથી ૐકાર એ બ્રહ્મ છે. નામથી નામી જુદો નથી (અભિન્ન છે) એ ઉપાસનાનો શ્રેષ્ઠ સાર છે. (૧૦૬). મૃત્યુનાં લક્ષણો જાણીને

અંતરમાં સ્વસ્વરૂપનું ચિંતન કરીને જે ઉપાસના કરે છે તે બ્રહ્મમય થઇ જાય છે. (૧૦૭). કદાચ આથી ચિત્ત બ્રહ્મમાં લીન ન થઇ જાય તો પણ સ્વર સાધીને વૈખરી વાણીથી જપ કરતાં (ઉચ્ચાર કરીને જપ કરતાં) મુક્તિ મળે છે. (૧૦૮). ચિત્તનો લય ન થાય પણ વૈખરી જાપ થાય તો એ વૈખરી જાપથી પ્રાણનો લય થાય છે અને એનાથી તાપ ટળે છે અને એ સારી બુદ્ધિવાળો (સુધી) બ્રહ્મલોકમાં જાય છે અને બ્રહ્માની સાથે રહીને એની મુક્તિ થાય છે. આને ક્રમ મુક્તિ કહે છે. હે ભાઇ ! એ પણ પુનર્જન્મને ટાળે છે. (મોક્ષના બે પ્રકાર છે. સદ્યમોક્ષ અને ક્રમમોક્ષ. સદ્યમોક્ષમાં જ્ઞાનીને આ જન્મે જ મોક્ષ મળી જાય છે. ક્રમમોક્ષમાં અહંગ્રહ ઉપાસના વડે બ્રહ્મલોકમાં જઇ, ત્યાંના સુખ ભોગવી પછી મોક્ષ થાય છે.) (૧૦૯-૧૧૦). ગુરુની કૃપાને કારણે પ્રણવના ધ્યાનથી સાધક અહિંયાં જ મુક્તિ (સદ્યમુક્તિ) પામે છે. અથવા ક્રમમુક્તિ મેળવે છે. (૧૧૧). સાધકનો માત્રા અંગેનો જેવો અભ્યાસ હોય તેવો લોક તેને મળે છે. પ્રણવની ઉપાસનાથી એને કદીપણ શોક રહેતો નથી. (૧૧૨). અહીંયાં જ જ્ઞાનપ્રાપ્તિ થતાં એ જીવન્મુકત થઇ જાય તો શેષ પ્રારબ્ધ ભોગવીને બ્રહ્મમાં લીન થઇને એમાં ભળી જાય છે. (૧૧૩). એના પ્રાણ સ્વસ્વરૂપમાં લીન થાય છે અને એના પ્રાણનું ઉત્ક્રમણ થતું નથી. (૧૧૪). જેમ એકદમ તપી ગયેલા પથ્થર ઉપર પાણીનાં બિંદુઓ નાંખતાં એ તરત જ પથ્થરમાં સમાઇ જાય છે અને પથ્થર ઉપર એક પલ પણ ટકતાં નથી તેમ મુકતોના પ્રાણ સ્વરૂપમાં જ લીન થાય છે અને બીજે કયાંય જતા નથી. તેથી એનો ફરી જન્મ થતો નથી. (૧૧૫-૧૧૬). જે યોગીજન કાર્યબ્રહ્મની ઉપાસના કરે છે તે અંત સમયે સુષુમ્ણા માર્ગથી બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં (બ્રહ્મલોકમાં) બ્રહ્માની સાથે સુખો ભોગવીને પછી મુક્તિ પામે (ક્રમમુક્તિ પામે) છે. આમ પ્રણવની ઉપાસના નિષ્ફળ (ખાલી) જતી નથી. (૧૧૭-૧૧૮). સુજ્ઞપુરુષ (આત્મજ્ઞાની) મૃત્યુકાળ આવી પહોંચ્યો છે એમ જાણીને નવે દ્વારને જાતે રોકીને અને સ્વર સાધીને નિશ્ચિતરૂપથી બ્રહ્મરંધ્રને (દસમું દ્વાર) ભેદે છે. માત્રાને સમજીને જોરથી ૐકારનો ઉચ્ચાર કરે છે અને બ્રહ્મમાં ચિત્ત રાખીને એ સારી રીતે મુકત થાય છે. (૧૧૯-૧૨૦). જો એક માત્રાના (અકારના) ધ્યાનથી કદાચ પ્રાણ જાય તો પછી એ પાછો પૃથ્વી ઉપર ઋગ્વે મ જન્મે છે. બ્રાહ્મણકુળમાં જન્મીને ત્યાં બ્રહ્મચર્ય પાળીને તપશ્ચર્યા કરીને એ જ્ઞાનથી નિર્વાણ (મોક્ષ) પામે છે. (૧૨૧-૧૨૨). બે માત્રા (અ અને ઉ) નું ધ્યાન સિદ્ધ થતાં જો પ્રાણ જાય તો યોગી અંતરિક્ષ માર્ગે થઇને સોમલોકમાં જાય છે. ત્યાં એને યજુર્વેદ પહોંચાડે છે. ત્યાં દિવ્ય સુખો ભોગવીને પાછો પૃથ્વી પર જન્મે છે. મનુષ્યરૂપે જન્મીને એ જ્ઞાની થાય છે અને ત્યાં જલદીથી નિર્વાણ (મોક્ષ) પામે છે એમાં કોઇ શંકા નથી. (૧૨૩-૧૨૫). જો ત્રિમાત્રાનું ધ્યાન ધરતાં પ્રાણ જાય તો સામવેદ એને સૂર્યલોકમાં લઇ જાય છે એમ જાણ. પાપ મુકત થઇને પછી એ સામવેદથી બ્રહ્મલોકમાં જાય છે અને પછી ત્યાં ધ્યાનથી સારી રીતે મુકત થાય છે. (૧૨૬-૧૨૭). જે કાર્યથી અને પ્રકૃતિથી પર છે, નિર્વિકાર છે, અજ છે, અમર છે, તે કેવલ આત્મા છે એમ જાણ. જે અનામી પુરુષ આ રીતે સઘળે વ્યાપીને રહ્યો છે તે સાડાત્રણ માત્રાના ધ્યાનથી એમાં ભળી જાય છે. જેમ નદી સાગરમાં ભળીને સાગરરૂપ થઇ જાય છે તેમ ઉપાસક પણ નામ રૂપ છોડીને તે રૂપમાં એકરૂપ થઇ જાય છે. પછી એને નિરર્થક એવા શોક મોહ શાના થાય? એ પછી પોતે અપરિચ્છિન્ન (સર્વવ્યાપી) થઇ જાય છે. પછી એ કયાં જાય? આ પછી એને જવાનું-આવવાનું રહેતું નથી. એ જ્ઞાની મુકત થઇને બધે વ્યાપીને રહે છે. (૧૨૮-૧૩૨). દત્તપ્રભુએ અલર્કને કહ્યું કે હે રાજા ! આમ સમજીને પ્રણવની ઉપાસના કરવી જે ચોક્કસ તારનારી નીવડે છે. (૧૩૩). આ સાંભળીને રાજાએ ફરી પાછો પ્રશ્ન કર્યો જેની ચર્ચા આગળ ઉપર થશે એમ અલખે નિરંજનને કહ્યું. (૧૩૪). આ અધ્યાયમાં પ્રણવની ઉપાસના કેવી રીતે કરવી એનું વર્ણન કર્યું. શ્રદ્ધા ભક્તિથી એ ઉપાસના કરનાર **રંગ** કેમ ન તરે? (એટલે ચોક્કસ તરે જ.) (૧૩૫).


શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પ્રણવોપાસન'** નામનો **સાડત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●



૧૯

# પ્રણવ ઉપાસના




| | અ (૧ માત્રા) | ઉ (૧ માત્રા) | મ્ (૧ માત્રા) | ં (અડધી માત્રા) |
|---|---|---|---|---|
| ૧. ઋષિ | અગ્નિ | વાયુ | સૂર્ય | વરુણ |
| ૨. છંદ | ગાયત્રી | ત્રિષ્ટુપ્ | જગતી | વિરાટ |
| ૩. દેવતા | બ્રહ્મા | વિષ્ણુ | શંકર | પરમાત્મા |
| ૪. વર્ણ | પીળો | લાલ | શ્વેત | સર્વ |
| ૫. બીજ | ક્લીં | શ્રીં | હ્રીં | ક્રોં |
| ૬. શક્તિ | ક્રિયા | જ્ઞાન | દ્રવ્ય | વિજ્ઞાન |
| ૭. અવસ્થા | જાગૃતિ | સ્વપ્ન | સુષુપ્તિ | તુર્યાવસ્થા |
| ૮. સ્થાન | ભૂ | ભુવ: | સ્વ: | ભૂર્ભુવ:સ્વ: |
| ૯. સ્વર | ઉદાત્ત | અનુદાત્ત | સ્વરિત | સર્વ |
| ૧૦. વેદ | ઋગ્ | યજુર્ | સામ | નાદ |
| ૧૧. આત્મા | વિશ્વ | તેજસ | પ્રાજ્ઞ | પ્રત્યક્ |
| ૧૨. અગ્નિ | ગૃહપતિ | દક્ષિણ | આહવનીય | સાંવર્તક |
| ૧૩. ગુણ | રજસ્ | સત્ત્વ | તમસ્ | સર્વ |
| ૧૪. તત્ત્વ | ભૂ: | તેજ | ધ્યો: | ત્રણ |
| ૧૫. સવન | પ્રાત: | માધ્યંદિન | તૃતીય (સાંજ) | સર્વ |
| ૧૬. ભોગ | સ્થૂલ(દગ્સ્થાન) | પ્રવિવિક્ત(કંઠસ્થાન) | આનંદ (હૃદયસ્થાન) | નિરતિશય આનંદ (મૂર્ધાસ્થાન) |
| ૧૭. વાણી | વૈખરી | મધ્યમા | પશ્યંતિ | પરા |
| ૧૮. દેહ | સ્થૂલ | સૂક્ષ્મ | કારણ | મહાકારણ |

●

| સાત લોક | | | માનવ શરીર | |
|---|---|---|---|---|
| સત્યલોક | ૧૪ | | મસ્તક | ૧૪ |
| તપલોક | ૧૩ | | ભ્રમર | ૧૩ |
| જનલોક | ૧૨ | | મોઢું | ૧૨ |
| મહઃલોક | ૧૧ | સપ્તલોક | કંઠ | ૧૧ |
| ભૂર્ભુવઃસ્વઃ સ્વર્લોક | ૧૦ | | હૃદય | ૧૦ |
| ભુવર્લોક | ૯ | | પેટ | ૯ |
| ભૂલોક | ૮ | + | ડૂંટી | ૮ |
| પાતાલ | ૭ | | કમર | ૭ |
| રસાતલ | ૬ | | છાતી | ૬ |
| તલાતલ | ૫ | | ઢીંચણ | ૫ |
| મહાતલ | ૪ | સપ્તપાતાલ | જાંઘ | ૪ |
| સુતલ | ૩ | | ઘૂંટણ | ૩ |
| વિતલ | ૨ | | પગની ઉપરનો ભાગ | ૨ |
| અતલ | ૧ | | પગનું તળિયું | ૧ |
| સાત પાતાળ | | ૧૪ ભુવન | માનવ શરીર | |

## દોહરા ૧૦૧/૧૦૨ની સમજ :-

| અવસ્થા | વ્યક્તિ | સમષ્ટિ |
|---|---|---|
| જાગ્રત | વિશ્વ | વિરાટ |
| સ્વપ્ન | તૈજસ | હિરણ્યગર્ભ (સૂત્રાત્મા) |
| સુષુપ્તિ | પ્રાજ્ઞ | ઇશ્વર |

વિશ્વ અને વિરાટ, તૈજસ અને હિરણ્યગર્ભ તથા પ્રાજ્ઞ અને ઇશ્વર વચ્ચે અભેદનું દર્શન કરવાનું છે.

●

## અધ્યાય : ૩૮

આ અધ્યાયનું નામ '**સ્વરોદયવિવરણ**' છે. આ અધ્યાયમાં **૧૬૮** દોહરા છે.

રાજા અલર્કે દત્તપ્રભુને પૂછ્યું કે સ્વર કેવી રીતે સાધવો તે મને જણાવો તો હું તે રીતે વર્તી શકું. મૃત્યુ ક્યારે આવશે એ કેવી રીતે જાણી શકાય તે કહો. (૧-૩). આ સાંભળીને દત્તપ્રભુએ કહ્યું કે આ અતિશય ગૂઢ બાબત છે અને એ અનુભવથી જ ખ્યાલમાં આવે છે. એમ જણાવીને પછી સ્વરોદય વિશેની વાતો કરી. (૪-૧૬૮).

રાજા (પાર્થિવ) હાથ જોડીને બોલ્યો કે હે ગુરુરાય ! આ સ્વરને કેવી રીતે સાધવો તે મને કહો જેથી હું એ રીતે વર્તી શકું. (૧). હે નાથ ! મૃત્યુ તો એકાએક આવીને પ્રાણીનો કોળિયો કરી નાંખે છે. એ ક્યારે આવશે એ કેવી રીતે જાણવું? આ બાબતમાં હું તો તદ્દન અજાણ અને અબુધ (અનાથ) છું. (૨). હે દેવ ! કૃપા કરીને આપ મને સઘળું રહસ્ય કહો. શિષ્યનું આ વચન સાંભળીને દત્તપ્રભુ તરત જ બોલ્યા કે હે રાજા ! તું સાવધ થઇને સ્વરનું રહસ્ય સાંભળ. સિદ્ધ યોગીપુરુષો એને સ્વરોદય નામથી ઓળખે છે. (૩-૪). આ (સ્વરોદયનું જ્ઞાન) અતિશય ગૂઢ હોવાથી અનુભવ વિના ક્યારે પણ કામ લાગતું નથી. એ જાણ્યા પછી ધ્યાન ધરવું. (૫).

સ્વરને તું સાક્ષાત્ મૃત્યુંજય મહેશ્વર માન. વિરલ યોગીપુરુષ જ આ વાત જાણે છે. અજ્ઞ માણસને આની ખબર (ગતાગમ) નથી હોતી. (૬). જેણે જાતે અનુભવ કર્યો હોય એવા ગુરુના મુખેથી સ્વરજ્ઞાન જાણી લેવું. એનાથી સ્વાર્થ અને પરમાર્થ એમ બન્ને સાધી શકશે. (૭). આ (સ્વરોદય) જાણનારનો બધે જ જયજયકાર થાય છે અને એ કદી પાછો પડતો નથી. માટે જ પ્રયત્નપૂર્વક આ જ્ઞાન સાધ્ય કરી લેવું જોઇએ.(૮). જે વ્યક્તિ પોતાના અનુભવને આધારે સ્વરનું જ્ઞાન આપી શકે તે વ્યક્તિ નિશ્ચિતરૂપથી બ્રહ્મસ્વરૂપ જ છે એમાં કોઇ સંશય રાખવો નહિ. (૯). આવા મહાપુરુષની સેવામાં આ દેહને ક્ષીણ કરી નાંખવો. એણે આપેલાં જ્ઞાનનો બીજી કોઇ રીતે ઉપકાર વાળી શકાય એમ નથી એ વાતનો તું મનમાં નિશ્ચિતરૂપથી સ્વીકાર કર. (૧૦). ગુરુ પાસેથી જ્ઞાન મેળવીને જે દુષ્ટ એ જ ગુરુની નિંદા કરે છે અને પોતાના શરીરને પોષે છે તેનું તો મોં પણ જોવું નહિ. (૧૧). આવી વ્યક્તિ માટે નરક સિવાય બીજું કોઇ સ્થાન જ નથી. એ ખરેખર ચાંડાલ જ છે. એનો આલોક અને પરલોક બન્ને બગડે છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૨). જેના દ્વારા આત્મજ્ઞાનરૂપી ધનની પ્રાપ્તિ થાય તેનાં ચરણમાં તન, મન અને ધન બધું જ સમર્પણ કરી દેવાનું હોય તો જ જ્ઞાન મેળવનારનો ઉદ્ધાર થાય છે. (તરે છે.) (૧૩). જ્ઞાનયુક્ત હોય એવો ગુરુ શોધીને પછી જ સ્વાર્પણ કરવું. બીજા દાંભિકને તો મનમાં સમજીને (દૂરથી જ) છોડી દેવા. (૧૪).

તને આ જ્ઞાન પ્રાપ્તિનો વિવેક સમજાવ્યો. આત્મજ્ઞાન (સ્વરોદયનું જ્ઞાન) મેળવવું અતિ મુશ્કેલ છે. તું ધ્યાનથી આ સ્વરોદય વિશે સાંભળ. (૧૫).

આ શરીર એ નગર (શહેર) છે. પવનને આ શરીરનો રક્ષક કહ્યો છે. એ પ્રાણ-સ્વરની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. (૧૬). એ (પ્રાણ-સ્વર)નું જે ગુહ્ય જ્ઞાન છે તેને જ સ્વરોદય કહેવામાં આવે છે. આ જ્ઞાન સુપાત્રને બધી રીતે ફળે છે (ફળ આપનારું બને છે.) એમાં તું શંકા કરીશ નહિ. (૧૭).

ડાબી નાડીને ઇડા નામથી ઓળખવામાં આવે છે અને એ ચંદ્રનું સ્થાન છે. જ્યારે જમણી નાડીને પિંગલા કહેવામાં આવે છે અને એ સૂર્યનું સ્થાન છે. આ બન્નેની વચમાં જ શ્વાસ ચાલે છે તેને સુષુમ્ણા નાડી કહે છે અને એ ત્રિવેણીનું જે સંગમ સ્થાન છે તેનો અનુભવ યોગીપુરુષ કરી શકે છે. (યોગી પુરુષને આ સંગમ સ્થાન વિશેની જાણકારી હોય છે.) (૧૮-૧૯).

જે નાડીમાં ચંદ્ર વહે છે તે સ્ત્રી છે, સૂર્ય વહે છે તે નાડી પુરુષ છે અને વચ્ચે વહે છે તેમાં નર-નારી બન્ને (અર્ધનારી નટેશ્વર)ને મુનિવરો જુએ છે. (૨૦). જ્યારે ચંદ્ર વહેતો હોય (અનુકૂળ ચંદ્ર હોય) ત્યારે બધાં સ્થિર કાર્યો કરવાં જેવાં કે દેશમાં પર્યટને જવું, દેવાલય તથા ઘર બાંધવાં, વિવિધ વસ્તુનો સંગ્રહ કરવો, વાવ-તળાવ બાંધવાં, દેવપ્રતિષ્ઠા કરવી, વાસ્તુ કરવું, દરિયામાં નાવ છોડવી, રથ તથા હાથીનાં વાહનો ખરીદવાં, વિવાહ (લગ્ન) કરવો, દાનો આપવાં, અલંકાર અને વસ્ત્રો ખરીદીને સુખેથી પહેરવાં, આનંદ અને ભાવપૂર્વક યાત્રા કરવી, ઔષધનું સેવન કરવું (દવા લેવી), દેવતા-સદ્‌ગુરુનાં દર્શન કરવાં, મિત્રને મળવું વગેરે...(૨૧-૨૫).

જ્યારે ચંદ્ર અનુકૂળ હોય ત્યારે વર્ષ માટે ઘાસ-લાકડાં ભરી લેવાં, અનાજ ભરી લેવું, ઓરવું, રોપવું, વાવવું વગેરે કાર્યો કરવાં, રાજ્યાસન ઉપર અભિષેક કરવો, નવા ઘરમાં પ્રવેશ કરવો, નોકર રાખવો, મંત્રની ઉપાસના કરવી, લેવું-દેવું, ભણવાની શરૂઆત કરવી, વૈદ્યને નાડ બતાવવી, વાહન ઉપર બેસવું, ગીત વગેરે શીખવું વગેરે કાર્યો કરવાં. લઘુશંકા (પેશાબ) કરતી વખતે અને પાણી પીતી વખતે જો ઇડાને સાધવામાં આવે તો તે વ્યક્તિને રોગ થતો નથી અને તે સુખી થાય છે. (૨૬-૩૦).

સૂર્ય વહેતો હોય ત્યારે બધાં કઠણ અને ક્રૂર કાર્યો કરવાં જેવાં કે ધનુર્વિદ્યા શીખવી, ભણાવવું, સ્ત્રી સાથે રતિક્રીડા કરવી, વેશ્યાના ઘરે જવું, રાજાના મહેલમાં જવું, સાગરમાં નૌકામાં બેસીને જવું, દારૂ વગેરે પીવું, ક્રૂર મંત્રની સાધના કરવી, શિકારનો અભ્યાસ કરવો, શસ્ત્ર ચલાવવાનો અભ્યાસ કરવો, પશુ વેચવાં, લાકડાં ફોડવાં, પથ્થરો ઘડવા, હીરા-રત્નાદિ ઘસવા, પર્વત ઉપર કિલ્લો બાંધવો, રણમાં યુદ્ધ માટે જવું, અતિદુર્ગમ સ્થાનમાં જઇને રહેવું વગેરે. આ બધામાં સૂર્યને સાધવાથી વ્યક્તિ ચોક્કસ વિજયી બને છે. જુગાર, ચોરી, યુદ્ધ વગેરેમાં પિંગલા સાધવી. (૩૧-૩૭).

તોફાની હાથી અને ઘોડા પર બેસવું, રથમાં ચડવું, યુદ્ધમાં જવું વગેરેમાં પિંગલા સાધવી જેથી નિશ્ચિતરૂપથી વિજયી થવાય છે. (૩૮). ભૂત, યક્ષિણી, ડાકિની વગેરે સાધવામાં સૂર્યની અનુકૂળતા જોવી. ભસ્મ, રસાયણ, ઔષધો, પુસ્તક લેખન, શસ્ત્ર-અસ્ત્રની સાધના, જારણ-મારણ-આકર્ષણ વગેરે સૂર્યમાં સાધવાં. (૩૯-૪૦). જાજરૂ જવું, ભોજન કરવું, ઊંઘવું વગેરે સૂર્ય સાધીને કરવાથી કલ્યાણ થાય છે. હે શૂરવીર રાજા ! સૂર્ય સ્વરમાં જે તેજ તત્ત્વ રહેલું છે તે બધાં ક્રૂર કાર્યો કરે છે. એટલે સૂર્ય સાધતાં નિશ્ચિતરૂપથી કાર્ય સફળતાને વરે છે. એમાં શંકા કરીશ નહિ. (૪૧-૪૨).

ચંદ્ર અને સૂર્ય નાડી સાથે વહે તેને સુષુમ્ણા નાડી જાણવી. તે રોજ સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે દશપળ વહે છે. (૪૩). સુષુમ્ણા નાડી ચાલતી હોય ત્યારે બ્રાહ્મણો હંમેશાં સંધ્યા કરે છે અને શૂદ્રો વગેરે દેવ મંદિરે દર્શન માટે જાય છે. (૪૪). આ સમયે ધંધાનાં બીજાં કામકાજ-અન્ય પ્રવૃત્તિ બાજુએ મૂકીને ભજન-પૂજનમાં હંમેશ પ્રવૃત્ત રહેવું. (૪૫). સાધુ સંતો મૌનરૂપી પરબ્રહ્મ-પરાવાણી-માં ધ્યાન રાખીને મૌન રાખે છે. જેને ભજન ગમતું નથી તેવી વ્યક્તિ અજ્ઞાન સેવે છે. (અજ્ઞાનભરી માયિક પ્રવૃત્તિ કરે છે.) (૪૬). સુષુમ્ણા શુભ અને અશુભ બન્નેમાં નિષ્ફળ રહે છે. આ રહસ્ય સમજીને વર્તન કરવું અને બીજાં કાર્યો ત્યજી દેવાં. (૪૭). આ વ્યક્તિ જીવશે કે નહિ જીવે એવો જીવન-મૃત્યુનો પ્રશ્ન કરે અથવા આમાં લાભ થશે કે ગેરલાભ એવો પ્રશ્ન પૂછે તો જો સુષુમ્ણા નાડી વહેતી હોય તો પૂછનારનો હેતુ સફળ નહિ થાય એવો જવાબ આપવો (એટલે કે મૃત્યુ થશે અથવા નુકસાન થશે.) આ સમય દરમ્યાન કોઇ કાર્ય માટે ઘરની બહાર જવું નહિ. (૪૮-૪૯).

આ સમય દરમ્યાન વિવાદ-ઝઘડો કદી કરવો નહિ અને બધાની સાથે મીઠી વાણીથી બોલવું. (૫૦). સાંસારિક કાર્યો ભૂલી જઇને હરિગુણગાન ગાવા અને હંમેશ માટે આત્માના સ્વરૂપમાં (સ્વસ્વરૂપમાં) અનુસંધાન રાખવું. (૫૧).

સુષુમ્ણામાં વાયુ તત્ત્વ વહેતું હોય ત્યારે પણ બીજા કશાનો વિચાર કર્યા વગર પુણ્ય થાય એવાં કાર્યોમાં રચ્યાપચ્યા (રત) રહેવું. (૫૨). સુષુમ્ણામાં જો તેજ તત્ત્વ વહેતું હોય તો એને કાળ સમાન માનીને વર્તવું. ગુરુમુખથી આ બધું જાણી લઇને એને અનુરૂપ જીવન-વર્તન ગોઠવવું. (૫૩). આત્માના જ્ઞાન (આત્મવિદ્યા) વિનાની બીજી બધી જ બાબતો અર્થ વગરની છે. માનવી આત્મજ્ઞાનથી ચોક્કસ ધન્યતા પામે છે. (૫૪).

હવે હું તને તત્ત્વનો નિર્ણય કેવી રીતે કરવો તે કહું છું તે તું ધ્યાન દઇને સાંભળ કારણ કે આ બધું જ તત્ત્વને જ આધીન છે અને તત્ત્વ એ જ દેવ છે એમ તું સમજ. (૫૫). આ સૃષ્ટિ તત્ત્વમાંથી જ ઊપજી છે, તત્ત્વથી જ ટકી રહી છે (એમાં જ સ્થિત રહે છે.) અને તત્ત્વમાં જ લય પામે છે એવો અનુભવ અનુભવી કરે છે. (૫૬). પંચભૂત તત્ત્વોને અનુભવીને અને કર્મ-અકર્મને જાણીને એ તટસ્થ (નિર્લેપ) રહે છે એવો એ આત્મા કેવળ કલ્યાણરૂપ જ છે. (૫૭). પ્રાણીમાત્રના દેહમાં એક જ સરખાં તત્ત્વો વહે છે તેમ છતાં નાડીભેદને કારણે જુદાં જુદાં જણાય છે. (૫૮). શરીરમાં ચંદ્ર અને સૂર્ય વહે છે અને તેમાં (પાંચ) તત્ત્વો વહે છે એ જ્ઞાની પુરુષ આઠ પ્રકારની યુક્તિથી જાણે છે. (૫૯). તત્ત્વની સંખ્યા જાણીને પછી શ્વાસનું નિરીક્ષણ કરવું અને પરંપરાગત યુક્તિથી પછી નિર્ણય કરવો. (૬૦). જીભ દ્વારા સ્વાદથી, વાયુથી, વર્ણ (રંગ)થી, આકાર (આકૃતિ)થી, આંગળાના માપથી, સ્થાનથી, મુખથી અને આહારથી એમ આઠ પ્રકારે જાણીને મનથી તત્ત્વનો નિર્ણય કરવો અને એ રીતે વર્તીને જગતમાં ધન્ય થવું. (૬૧-૬૨).

પૃથ્વી, જળ (આપ), તેજ(અગ્નિ), વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો સૂર્યોદયથી શરૂ કરીને વારાફરતી પાંચ પાંચ ઘડી (બે કલાક. ઘડી = ૨૪ મિનિટ) વહે છે. એ સાવધાનીપૂર્વક જોવું. (૬૩-૬૪). સૂર્યોદયથી બે કલાક (પાંચ ઘડી) વાયુ તત્ત્વ વહે છે, પછી બે કલાક પૃથ્વી તત્ત્વ વહે છે. પછી જળ તત્ત્વ વહે છે અને જળ તત્ત્વ પછી છેલ્લે આકાશ તત્ત્વ વહે છે. (બંને મળીને ચાર કલાક એટલે કે દશ ઘડી) (૬૫-૬૬). આ ક્રમમાં આ તત્ત્વો રાત-દિવસ વહ્યા કરે છે. પૃથ્વી તત્ત્વ વચ્ચે વહે છે. એની નીચે જળ તત્ત્વ વહે છે. ઉપર જતું જણાય એ તેજતત્ત્વ જાણવું. પડખામાં આડું વહેતું જણાય તે વાયુ તત્ત્વ જાણવું અને ચારેબાજુ વ્યાપક રીતે વહેતું જણાય તેને આકાશ (વ્યોમ) તત્ત્વ જાણવું. ચોક્કસ દૃષ્ટિથી જાણીને નક્કી કરવું કે કયું તત્ત્વ વહે છે. (૬૭-૬૯).

હવે હું તને આ તત્ત્વોનો સ્વાદ કહું છું તે હે રાજા ! તું સાંભળ. જળ તત્ત્વનો સ્વાદ ખારો (ક્ષાર), પૃથ્વી તત્ત્વનો સ્વાદ મધુર (મીઠો), તેજ તત્ત્વનો સ્વાદ ભાંભરો (તૂરો), વાયુ તત્ત્વનો સ્વાદ ખાટો (અમ્લ) અને વ્યોમ તત્ત્વનો સ્વાદ કડવો જાણ. ડાહ્યા માણસે જીભના અગ્ર ભાગથી સ્વાદની પરીક્ષા કરી લેવી. (૭૦-૭૧).

હવે તું વર્ણ (રંગ)ની પરીક્ષા સાંભળ. શરીરનાં નેત્ર, કર્ણ, મોં વગેરે દ્વારો બંધ કરીને મંદ આત્મદૃષ્ટિથી રંગમાં દૃષ્ટિ રાખવી. (૭૨). તેજ તત્ત્વનો વર્ણ લાલ (રક્ત) જણાય, જળ તત્ત્વ સફેદ (શ્વેત) જણાય, વાયુ તત્ત્વ લીલો (નીલ) જણાય, પૃથ્વી તત્ત્વ પીળા (પીત) રંગનું જણાય અને આકાશ તત્ત્વ બધા રંગોવાળું જણાય. આ બધું મુદ્રામાં દેખાય છે. (ધેનુમુદ્રાની જેમ અન્ય મુદ્રા સમજવી.) હવે હું તને તત્ત્વની આકૃતિ કહું છું તે સાંભળ જેથી તને શંકા ન રહે. (૭૩-૭૪).

પૃથ્વી તત્ત્વની આકૃતિ ચતુષ્કોણ કહી છે, તેજ તત્ત્વની ત્રિકોણ આકૃતિ છે, જળની આકૃતિ અર્ધચંદ્રની છે, વાયુની આકૃતિ વર્તુળ છે અને આકાશની આકૃતિ બિંદુ (ટપકું) સમાન જાણવી. તને પરીક્ષા કરવાની બીજી રીત કહું. એ દ્વારા જાણીને વ્યક્તિ વર્તે તો જગતમાં ધન્ય ધન્ય થઇ જાય છે. (૭૫-૭૬).

લોખંડનું દર્પણ (અરીસો) કરવું અને એના પર શ્વાસ છોડવો. પરિણામે એના પર રંગ (વર્ણ) અને આકૃતિ પડશે જેનાથી તત્ત્વ જાણી શકાશે. (૭૭).

(હવે આંગળાનું માપ કહે છે.) પૃથ્વી બાર આંગળાના માપથી વહે છે, જળ તત્ત્વ સોળ આંગળાના માપથી, તેજ તત્ત્વ ચાર આંગળાથી અને વાયુ તત્ત્વ આઠ આંગળાના માપથી વહે છે. વ્યોમ તત્ત્વ તો નાકમાંથી શ્વાસરૂપે માંડ માંડ બહાર નીકળે છે. આ બધા માપો હઠયોગના આધારે કહ્યાં છે. (૭૮-૭૯). સંસારીમાં અને રાજયોગીમાં આ માપમાં વધ-ઘટ રહેવાની. એટલે ચોક્કસપણે જે તે તત્ત્વ જાણીને તે પ્રમાણે વર્તવું. (૮૦).

પૃથ્વીનું ઘર નાભિ (ડૂંટી) છે, એનું દ્વાર મોં છે અને છ રસ (ષડ્રસ)વાળાં પકવાનો એ એનો નિત્યનો આહાર છે. (૮૧). જળ તત્ત્વનું ઘર બે ભ્રમરની વચ્ચે છે. લિંગ એ એનું મુખ છે અને મૈથુન એ એનું ભોજન છે એમ યોગીજનો કહે છે. (૮૨). તેજનું ઘર નાભિ (ડૂંટી) નીચે છે. આંખ એનું દ્વાર છે અને જોવું (દેખવું) એ એનું ભોજન છે. (૮૩). ફેફસાં એ વાયુનું ઘર છે. નાક એ એનું (વાયુનું) મોઢું છે અને સુગંધી-દુર્ગંધી એ એનું ભોજન છે એમ જાણ. (૮૪). આકાશનું ઘર કાળજું (હૃદય) છે. કાન એનું મુખ છે અને શબ્દો (સાંભળવું) એ એનું ભોજન છે. આવું કોક વિરલ પુરુષ જ જાણે છે એમ તું માન. (૮૫).

પૃથ્વી તત્ત્વ વહેતું હોય ત્યારે સ્થિર કાર્યો કરવાં, જળતત્ત્વમાં જલદીથી કરવાનાં કાર્યો કરવાં, તેજ તત્ત્વમાં ક્રૂર કર્મો કરવાં, વાયુ તત્ત્વમાં મારણ વગેરે (જારણ-મારણ) કાર્યો કરવાં અને વ્યોમ તત્ત્વમાં કોઇ કાર્ય કરવું નહિ. એમાં કોઇ કાર્ય કરવાનો વિચાર કરવો જ નહિ. (૮૬-૮૭). વ્યોમ તત્ત્વ વહેતું હોય ત્યારે આત્મધ્યાન ધરવાથી એ જલદીથી સિદ્ધિ અપાવે છે અને આ જાણીને જ્ઞાનીઓ સાવધાનીપૂર્વક વર્તે છે. (૮૮).

પૃથ્વી અને જળ તત્ત્વ વહેતાં હોય ત્યારે વ્યક્તિ જે કાર્યમાં પ્રવૃત્ત થાય છે તેમાં ચોક્કસ સિદ્ધિ (સફળતા) પામે છે. તેજમાં પ્રવૃત્ત થાય તો પરિણામ મધ્યમ આવે. વાયુ તત્ત્વમાં ઘાત (મૃત્યુ) ચોક્કસ છે અને આકાશ તત્ત્વમાં નિષ્ફળતા નિશ્ચિત સમજવી. (૮૯-૯૦). વાયુ અને તેજમાં નુકસાની અને વ્યોમ તત્ત્વમાં પ્રયત્નો નિષ્ફળ નીવડે. હે રાજા ! મેં તને આ તત્ત્વનો નિર્ણય ટૂંકમાં કહી સંભળાવ્યો. (૯૧).

પૃથ્વી અને જળ બંને શુભકારક છે. તે જ મિશ્ર ફળ આપનાર નિશ્ચિતરૂપથી માન. વાયુ અશુભ કરનાર છે અને તે મૃત્યુ ઉપજાવી મહાન હાનિ કરે છે. આકાશ નિષ્ફળતા અપાવે છે. આવું જાણીને હંમેશાં કાર્યનો આરંભ કરવો. (૯૨-૯૩).

તેજની દિશા દક્ષિણ, જળની પૂર્વ, પૃથ્વીની પશ્ચિમ, વાયુની ઉત્તર અને આકાશ બધી જ દિશામાં વ્યાપક છે. (૯૪).

પૃથ્વીનો સ્વામી રવિ છે, જળનો સ્વામી શનિ છે, તેજનો સ્વામી મંગળ છે, વાયુનો સ્વામી રાહુ છે અને આકાશનો સ્વામી કેતુ છે. આ બધું દક્ષિણ (પિંગલા) નાડીમાં જાણીને વર્તનાર ચોક્કસ વિજયી થાય છે. (૯૫-૯૬).

જળતત્ત્વનો સ્વામી ચંદ્ર છે, તેજ તત્ત્વનો સ્વામી શુક્ર છે, વાયુ તત્ત્વનો સ્વામી ગુરુ છે, પૃથ્વી તત્ત્વનો બુધ છે. આ બધા ગ્રહો ડાબી નાડીમાં (ઇડામાં) બળવાન જાણવા. દિશાનું જ્ઞાન રાખીને જવાથી ત્યાં કાર્યને સફળતા મળે છે. (૯૭-૯૮).

આ દેહરૂપી શહેરમાં આ પ્રાણ સતત (રાત-દિવસ) વહ્યા કરે છે. આ પ્રાણ (પવન-વાયુ) સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપીને રહ્યો છે એની સ્વાભાવિક ગતિનું માપ તું બાર આંગળ જાણ અને માણસના શરીરમાં નાક દ્વારા બહાર નીકળે છે. (સામાન્ય શ્વાસોચ્છવાસનું માપ બાર આંગળ છે.) (૯૯-૧૦૦). વ્યક્તિ ભોજન કરે ત્યારે અને બોલે ત્યારે એ વાયુનું માપ

અઢાર આંગળનું છે અને જ્યારે એ ચાલે છે ત્યારે એનું માપ ચોવીસ આંગળનું હોય છે એવું યોગીપુરુષ કહે છે. (૧૦૧). માણસ દોડે ત્યારે એનું માપ ચુંવાળીસ આંગળ હોય છે, મૈથુનમાં પાંસઠ આંગળનું માપ હોય છે અને ઊંઘમાં સો આંગળનું હોય છે. (૧૦૨).

આ શરીરમાં બોંતેર હજાર નાડીઓ છે. એમાં પ્રાણને (વાયુને) જવા માટેની ત્રણ મુખ્ય નાડીઓ કહી છે.(૧૦૩). યોગાભ્યાસથી પ્રાણ વશ (અંકિત) કરવાથી ધીમે ધીમે પ્રાણની ગતિ ઓછી થાય છે અને શકિત પણ વધે છે. (૧૦૪).

આ રીતે નાડી વહેતાં જે તે દિવસનું ફળ હું તને કહું છું તે સાંભળ અને એ જાણીને સાવધાનીપૂર્વક વર્તવાથી એ અધવચમાં દગો દેશે નહિ. (૧૦૫).

ફાગણ માસની અમાસે પવિત્ર થઇને ડાબે પડખે (વામાંગે) ભૂમિશયન કરે અને શુભતત્ત્વવાળી ચંદ્રનાડીમાં યોગીપુરુષ ઊંઘી જાય અને સવારના ઊઠીને સાવધ થઇને નિરીક્ષણ કરે. જો સવારમાં ચાર ઘડી (એક કલાક છત્રીસ મિનિટ) ચંદ્ર વહેતો હોય અને તેમાં પૃથ્વી તત્ત્વ હોય તો એ શુભ સૂચવે છે. ધન ધાન્ય વગેરેથી બધા સુખમાં રહે અને રાજા-પ્રજા બધા આનંદ-કલ્લોલ કરશે એમ કહી શકાય. (૧૦૬-૧૦૯).

જો ચંદ્રમાં જળતત્ત્વ વહેતું હોય તો બધાં જ કાર્યો સફળ થાય અને યુદ્ધમાં વિજયી બને તથા શત્રુ પણ વશ થઇ જાય. જોઇએ તેટલો જ વરસાદ વરસે અને લીલા લહેર થઇ જાય. ઘરે ઘરે મંગલકાર્યો થાય અને ઉત્સવો ઊજવાય. (૧૧૦-૧૧૧).

જો બીજે દિવસે પ્રાતઃકાલે સૂર્ય નાડી વહે અને તેમાં પૃથ્વી કે જળ તત્ત્વ વહેતું હોય તો જ્ઞાની પુરુષો કહે છે કે જગતને મધ્યમસરનું ફળ મળે. જો સૂર્યમાં તેજ તત્ત્વ વહેતું હોય તો દુષ્કાળ પડવાથી અને રોગાદિની પીડાથી લોકો દુઃખી થઇ જાય. રાજાની ચિંતા ખરેખર ખૂબ જ વધી જાય. જો પિંગલા નાડીમાં તેજ તત્ત્વ વહેતું હોય તો એ મનોભંગકર (નિરાશાજનક) થાય. જો સૂર્યમાં વાયુ તત્ત્વ વહેતું હોય તો પ્રજાને શરીરમાં ભય, કલેશ અને દુઃખ થાય અને લોકો સુખી નહિ થાય. ઝઘડા, કજીયા (કલહ-કંકાસ) અને ચોરીઓ ચોક્કસપણે વધી જાય. વીજળી ત્રાટકે અને ધરતીકંપ પણ થાય. (૧૧૨-૧૧૬).

જો પડવાથી શરૂ કરીને ત્રણ દિવસ સુધી ચંદ્ર વહે તો એક વરસ સુધી લાભ થયા કરે છે. (૧૧૭). જો ત્રણ દિવસ સુધી સૂર્ય વહે તો એનું મધ્યમ ફળ મળે પણ જો ત્રણ દિવસ સુષુમ્ણા વહે તો ચોક્કસ અનિષ્ટ થાય જ. (૧૧૮). એવા સમયમાં આત્મચિંતન કરવું, ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવો (અને એનો જાપ કરવો), અને બીજાં કોઇ દુન્યવી કાર્યનો વિચાર સરખો ના કરવો. (૧૧૯). જો પડવાના દિવસે ચંદ્ર વહે અને પછીના બે દિવસ (બીજ અને ત્રીજ) સૂર્ય વહે તો ચાર મહિના ઉત્તમ સુખમાં વહી જાય. જે તિથિએ ચંદ્ર ના વહેતો હોય તે તિથિથી ચાર માસ નુકસાન અને દુઃખમાં જાય અને મન ઉદાસીન રહે. (૧૨૦-૧૨૧).

જે કોઇ રોજ પ્રાતઃકાળમાં આ પ્રમાણે શ્વાસનું નિરીક્ષણ કરે અને સ્વર જાણીને એ મુજબ સાવધાનીપૂર્વક વર્તે તો એનાં કામ પાર પડે. (૧૨૨).

હવે હું તને મેષ-સંક્રાંતિનું ફળ કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. જો તે જ ક્ષણે ચંદ્ર વહેતો હોય તો એ સારું ફળ આપનાર માનવું. (૧૨૩). જો ચંદ્રમાં પૃથ્વી તત્ત્વ વહેતું હોય તો અનાજ, ઘાસ વગેરે આખું વરસ ભરપૂર રહે અને લોકો સુખી થઇ જાય. (૧૨૪). અમૃત સમાન વરસાદ વરસે અને (અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ નહિ) સુકાળ પડે અને પ્રજા તેમજ રાજા સહુ આનંદમાં રહે. (૧૨૫). શરીર સ્વાસ્થ્ય પણ સારું રહે અને ઘેર ઘેર લોકો આનંદ ઉત્સવ મનાવે અને સુખ-સંતોષનો અનુભવ કરે. (૧૨૬). જો કદાચ ચંદ્રમાં જળ તત્ત્વ વહેતું હોય તો રાજા વિજયી બને અને સૂક્ષ્મ દૃષ્ટિથી

જોતાં પૃથ્વી જળથી ઘેરાયેલી (ભરાયેલી) જણાય. (૧૨૭).

જો ચંદ્રમાં જળ તત્ત્વ વહેતું હોય તો એમાં બહાર જનારો સંપત્તિને પામે છે અને એનાં કાર્યો સત્ત્વરે સિદ્ધ થાય છે. (૧૨૮).

જો સવારના પહોરમાં (પ્રાત:કાલે) સૂર્ય નાડી વહેતી હોય તો રોગ વગેરેથી બાર માસ લોકોને દુ:ખી કરે એમ જાણ. (૧૨૯). જો સૂર્યમાં પૃથ્વી કે જળ તત્ત્વ વહેતું હોય તો એનું મધ્યમ ફળ મળે એમ કહેવાય. જો તેજ તત્ત્વ વહેતું હોય તો પ્રજા દુ:ખમાં અતિશય પીડા અનુભવે. બધા ચિંતામાં ડૂબ્યા રહે, રોગો પીડા આપે, દુકાળ પડે, ધરતીકંપ થાય અને લૂંટફાટ પણ થાય. (૧૩૦-૧૩૧).

જો સૂર્યમાં વાયુ તત્ત્વ વહેતું હોય તો ખાસ કરીને લોહિયાળ રાજક્રાંતિ થાય અને બધાને ખૂબ ત્રાસ પડે.(૧૩૨). વરસાદની ખેંચ રહે અને અડધો સમય દુકાળ જેવો જાય, અનાજમાં જીવાત પડી ઊઠે અને કાંઇ મઝા ના રહે. (૧૩૩).

જો પિંગલા નાડી (સૂર્ય)માં વ્યોમ તત્ત્વ વહેતું હોય તો બધા જ પ્રયત્નો નિષ્ફળ નીવડે. એટલે એવા સમયમાં કેવળ આત્માનું ધ્યાન ધરવું જ યોગ્ય ગણાય. આમ મેષ સંક્રાંતિના દિવસે સવારે સાવધાનીપૂર્વક નિરીક્ષણ કરવું. (૧૩૪-૧૩૫).

હે રાજા ! તું ચૈત્ર મહિનાની અમાસનું ફળ સાંભળ. જો પ્રાત:કાળે ચંદ્ર હોય તો આખું વરસ શાંતિમાં જાય. (૧૩૬). જો સવારે સૂર્ય હોય તો રોગની પીડા થાય. પ્રથમ પ્રહરનું આ ફળ છે (પ્રહર=ત્રણ કલાક). એ રીતે જો બીજા પ્રહરમાં (સૂર્યોદયથી ચોથો, પાંચમો અને છઠ્ઠો કલાક) સૂર્ય હોય તો ધનનું નુકસાન નિશ્ચિતરૂપે થાય એમ ડાહ્યા માણસે સમજી લેવું. જો ત્રીજા પ્રહરમાં (સાતમો, આઠમો અને નવમો કલાક) સૂર્ય વહેતો હોય તો લડાઇ (વિગ્રહ) થાય એમ માનવું અને જો ચોથા પ્રહરમાં સૂર્ય વહેતો હોય તો એનું પરિણામ મૃત્યુ જાણવું. (૧૩૭-૧૩૮).

સ્વરમાં લક્ષ્ય રાખીને હંમેશાં સાવધ રહેવું અને મનને મનાવીને જે કંઇ પ્રારબ્ધવશ બને તે આનંદથી સ્વીકારી લેવું. (૧૩૯).

હવે હું તને દક્ષિણાયન ફળ કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. જો કર્ક સંક્રાંતિમાં ચંદ્ર હોય તો એ વાત નિશ્ચિત છે કે છ મહિના આનંદમાં જશે. આ રીતે ત્રણ દિવસ જોવું. જો ચંદ્ર વહેતો ન હોય તો (જે દિવસે ચંદ્ર ન વહેતો હોય) તે દિવસથી બે માસ સુધી કોઇ કાર્યમાં યશ ન મળે એમ અનુભવી કહે છે. (૧૪૦-૧૪૨).

જે દિવસથી સૂર્ય વહેવા લાગે તે દિવસથી બે માસ સુધી કરેલાં બધાં કાર્યો નિષ્ફળ જાય. (૧૪૩).

મકર સંક્રાંતિ થાય અને ત્યાં જો સૂર્ય વહેતો હોય તો છ માસ પૂરા સુખ શાંતિમાં પસાર થાય. શરીર નીરોગી રહે, ધન ધાન્યાદિ પણ સારા થાય. ભાઇભાંડુ અને મિત્રો મળે અને પ્રયત્નો (ઉદ્યોગ) સફળ થાય. ત્યાંથી ત્રણ દિવસ જોવું. જો આ ત્રણ દિવસ સૂર્ય અખંડપણે પૃથ્વી અને જળમાં વહેતો હોય તો તે સર્વ સિદ્ધિપ્રદ નીવડે છે. (૧૪૪-૧૪૬).

જે દિવસે ચંદ્ર વહે તે દિવસથી બે માસ દુ:ખ (કષ્ટ)માં પસાર થાય અને તેથી સાવધાનીપૂર્વક વર્તવું. (૧૪૭). જો અજવાળિયામાં (શુકલ પક્ષ-સુદમાં) ત્રણ દિવસ સવારમાં ચંદ્ર વહેતો હોય તો આખો મહિનો સુખકારક રહેશે એમ જાણવું. (૧૪૮). જો પડવા (પ્રતિપદા)થી ત્રણ દિવસ સુધી સૂર્ય વહે તો સાચે જ કાર્યમાં કોઇ ભલીવાર નહિ આવે એટલે ઘરે રહીને ધીરજ રાખીને ભગવાનનું ચિંતન (સ્મરણ) કરવું. હે રાજા ! હવે હું તને પક્ષ ફળ કહું છું તે તું ધ્યાનથી સાંભળ. (૧૪૯-૧૫૦).

પૂનમના રોજ શમ દમ સાધીને, પવિત્ર થઇને આનંદથી ભૂમિ શયન કરવું. સવારના ઊઠતાં, પડવાના દિવસે ત્યાં જો સૂર્ય વહેતો હોય તો ઉત્તમ સિદ્ધિ થાય એમ માનજે. (૧૫૧-૧૫૨). આ સમય દરમ્યાન વ્યક્તિ ક્રૂર કાર્યમાં ચોક્કસ સિદ્ધિને વરે છે એમ યોગીજન કહે છે માટે સાવધાનીથી વર્તવું. (૧૫૩).

પડવો, બીજ અને ત્રીજ એમ ત્રણ દિવસ જો શુભ તત્ત્વમાં સૂર્ય વહેતો હોય તો આખું પખવાડિયું જયજયકાર થઇ જશે. (૧૫૪).

જો આ ત્રણે તિથિમાં (પડવો, બીજ ને ત્રીજ) ચંદ્ર હોય તો એનાથી વિપરીત થાય. બધાં કાર્યો નિષ્ફળ નીવડે અને મન ઉદ્વિગ્ન રહે. (૧૫૫).

શુકલપક્ષ (સુદ-અજવાળિયા)માં જો સવારે ચંદ્ર વહેતો હોય તો આખું પખવાડિયું સત્ફળ દેનારું નીવડે છે એ નિશ્ચિત છે. (૧૫૬).

શુકલપક્ષ (સુદ)ની એકમ, બીજ, ત્રીજ, સાતમ, આઠમ, નોમ, તેરસ, ચૌદસ અને પૂનમ ચંદ્રની મનાય છે અને બાકીની તિથિ (ચોથ, પાંચમ, છઠ્ઠ, દસમ, અગિયારસ અને બારસ) સૂર્યની ગણાય છે. તે ઉત્તમ ફળ આપનાર છે. કૃષ્ણ (વદ) પક્ષમાં આનાથી ઊલટો ક્રમ કહ્યો છે તે તું સાંભળ. જો સુદની બીજે ગુરુવાર હોય અને ચંદ્ર વહેતો હોય તો તે સર્વ પ્રકારે લાભ અપાવે છે એમાં તું શંકા કરીશ નહિ. (૧૫૭-૧૫૯). જો બીજને દિવસે સોમવાર હોય અને ચંદ્ર વહેતો હોય તો હરેક પ્રકારનું સુખ મળે અને બધા મનોરથો ફળે છે. (૧૬૦). રવિવાર, મંગળવાર, શનિવાર અને અડધો ગુરુવાર એ સૂર્યના વાર માન અને શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ત્યાં ઉગ્ર કાર્યો કરવાં. (૧૬૧).

જો પ્રાત:કાળે શરીર (દેહ)માં સૂર્ય વહેતો હોય તો પૂર્વ-ઉત્તરમાં પાંચ ડગલાં પહેલાં ચાલવું. (૧૬૨). આ રીતે ચાલવું શુભકારક છે એ નક્કી વાત છે એમાં તું શંકા કરીશ નહિ. બાકીના વાર ચંદ્રના વાર છે જે ફળ આપનાર છે. (૧૬૩). એવામાં દક્ષિણ-પશ્ચિમ દિશામાં ચાર ડગલાં ચાલવું. જો ચંદ્ર વહેતો હોય તો પહેલા ડાબો (વામ) પગ ઉપાડવો. (૧૬૪). જે દિવસે ચંદ્ર અને સૂર્ય શુભ તત્ત્વમાં વહેતા હોય તે દિવસ એ ધન્ય-સારો દિવસ છે. એના જેવા લાભ અને જય અપાવનાર અન્ય દિવસ નથી. (૧૬૫).

જેના દેહ (શરીર)માં સૂર્ય-ચંદ્રનો પૂર્ણ પ્રકાશ હોય તે ત્રણે કાળમાં કાળથી પણ બિલકુલ ડરતો નથી.(૧૬૬).

જે પૂર્ણપણે શ્રેષ્ઠ સાધુ છે તે દેહમાં રહેવા છતાં વિદેહી છે. એના શરણમાં જતાં કાળનો સંદેહ પણ ટળી જાય છે. (૧૬૭).

એક પ્રશ્નને કારણે આ જ્ઞાનનો સાગર વિસ્તર્યો. અલખ નિરંજનને કહે છે અને 'રંગ' ગુરુ નિર્માન થઇ ડોલે છે. (૧૬૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સ્વરોદયવિવરણ'** નામનો **આડત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## અધ્યાય : ૩૯

આ અધ્યાયનું નામ પણ '**સ્વરોદયવિવરણ**' જ છે. આ અધ્યાયમાં **૯૨** દોહરા છે.

દત્તભગવાન અલર્કને કહે છે કે આ સ્વરમહિમાનું અતિશય ગૂઢ જ્ઞાન ભગવાન શંકરે માતા પાર્વતીને કહ્યું હતું. ગુરુની કૃપા થાય તો કોક વીરલો આ જ્ઞાન પામે છે. આ સ્વરમહિમાના જ્ઞાનથી બધું જ સુલભ થાય છે. એનાથી કશું દુર્લભ નથી. એ ગર્ભનું પણ નિયંત્રણ કરે છે. પછી એનાથી બીજું શું મુશ્કેલ હોય? આ સ્વરમહિમાનું વિગતે જ્ઞાન ભગવાન અલર્કને આપે છે. (૧-૯૨).

દત્ત ભગવાને અલર્કને કહ્યું કે આ સ્વરનો મહિમા ભગવાન શંકરે માતા પાર્વતીને કહી સંભળાવ્યો હતો. એને બીજું કોણ સંપૂર્ણપણે જાણી શકે? (૧). આ જ્ઞાન અતિશય ગૂઢ છે અને એને દુર્જન કેવી રીતે જાણી શકે? ગુરુ ના કર્યા હોય (નગુરો) તેવો શંકા કરી મરી જાય અને પંડિત શબ્દજ્ઞાન (પોથાં વાંચવા)માં મરે. (૨). જો ગુરુદેવની કૃપા થાય તો કોઇ વીરલો આ જ્ઞાન પામે છે અને પુણ્ય જાગે ત્યારે એવાના સન્મુખથી સાંભળવાનું મળે છે. (૩). એ જ્ઞાન પ્રાપ્ત થતાં પછી કશી વસ્તુ દુર્લભ રહેતી નથી. આ જ્ઞાન તો અણમોલ જ્ઞાન છે. એ ગર્ભનું નિયંત્રણ પણ કરી શકે છે. પછી બીજું તો શું દુષ્કર હોય? (એટલે કે આ જ્ઞાનની મદદથી બધા પ્રશ્નો હલ થઇ શકે.) (૪).

હે રાજા ! બધા લોકો મૈથુન (રતિક્રીડા)માં પ્રવૃત્ત થઇને પોતાના વીર્યને નાહકનું વેડફી મારે છે કારણ કે હરેક મૈથુન દ્વારા સંતતિ તો જન્મતી નથી. (૫). એ લોકો ગર્ભનું રહસ્ય અને તત્ત્વ વિચાર જાણતા નથી અને પરિણામે એની સંતતિ રોગી અથવા વિકલાંગ ચોક્કસપણે જન્મે છે. (૬). સુપુત્ર પામવા માટે બીજાં સાધનો છોડીને એ સ્વરજ્ઞાનીની સેવા કરીને તરત જ જોઇતું ફળ મેળવે છે. (૭).

પુરુષના શરીરમાં સૂર્ય વહેતો હોય અને સ્ત્રીને ચંદ્ર વહેતો હાય ત્યારે પુત્ર ગર્ભ રહે છે એ નિશ્ચિત વાત છે એમાં શંકા કરીશ નહિ. (૮). આ પુત્ર દીર્ઘ આયુષ્યવાળો, ગુણવાન અને સુખી થાય છે. આનાથી વિપરીત સ્થિતિમાં (પુરુષને ચંદ્ર વહેતો હોય અને સ્ત્રીને સૂર્ય વહેતો હોય ત્યારે) સુલક્ષણા કન્યા જન્મે છે. (૯). પુરુષના દેહમાં સુષુમ્ણા વહેતી હોય અને સ્ત્રીમાં સૂર્ય વહેતો હોય તો ગર્ભ પડી જાય અને ગર્ભનો વિસ્તાર ના થાય. આનાથી વિરુદ્ધ સ્થિતિમાં (એટલે કે પુરુષમાં સૂર્ય અને સ્ત્રીમાં સુષુમ્ણા વહેતી હોય ત્યારે) ચોક્કસપણે નપુંસક (ષંઢ) બાળક જન્મે છે. જો પુરુષ અને સ્ત્રી બન્નેને સુષુમ્ણા વહેતી હોય તો પણ એ જ ફળ (નપુંસક પુત્ર) મળે છે. (૧૦-૧૧). જો બન્નેની સૂર્ય કે ચંદ્ર એવી સમાન નાડી વહેતી હોય તો વિકલાંગ સંતતિ જન્મે છે. આવી સંતતિ રોગગ્રસ્ત, દરિદ્રી અથવા ઓછા આયુષ્યવાળી હોય છે. માટે વિચારપૂર્વક મૈથુનમાં પ્રવૃત્ત થવું જોઇએ. (૧૨-૧૩).

જેમ કારીગર (શિલ્પી) મૂર્તિ ઘડે તે રીતે જે વ્યક્તિ પોતે સંતતિને મેળવે છે તે પુરુષને ધન્ય છે. એ વિનાના બીજા તો કૂતરાંની જેમ નકામો બાળકોનો વિસ્તાર કરે છે. માટે ગુરુ મુખથી જાણીને તત્ત્વનો વિચાર કરવો. (૧૪-૧૫).

કોઇ વ્યક્તિ ગર્ભવતી સ્ત્રી વિશે પ્રશ્ન કરે (આને પુત્ર થશે કે પુત્રી એવો પ્રશ્ન) ત્યારે જો ચંદ્રસ્વર હોય તો ચોક્કસ કન્યા જન્મે પણ સૂર્યસ્વર હોય તો પુત્ર જન્મે. (૧૬). જો આવો પ્રશ્ન પૂર્ણ સ્થાનમાં (શૂન્ય) પૂછે અને એનો જવાબ શૂન્ય સ્થાનમાં અપાય તો માતા ગર્ભને કારણે ચોક્કસ મૃત્યુ પામે અથવા સુવા રોગ થવાથી મૃત્યુ પામે. (૧૭). જો શૂન્ય

સ્થાનમાં પ્રશ્ન પૂછે તો ગર્ભને તકલીફ (વિઘ્ન) પડે અને માતા તેમજ બાળકનો વિયોગ થાય એવું જાણીને જવાબ આપવો. (માતા જીવે પણ બાળક મૃત્યુ પામે) (૧૮).

પ્રશ્ન ભલે શૂન્ય સ્થાનમાં પુછાયો હોય પણ જો જવાબ પૂર્ણ સ્થાનમાં અપાતો હોય તો બાળક (ગર્ભ) ચોક્કસપણે જીવતું રહે, ફક્ત પ્રસૂતિ કષ્ટદાયક થાય. (૧૯).

ગર્ભને લગતા પ્રશ્નો વિષે વિચારતાં જો જળ તત્ત્વ વહેતું હોય તો ચોક્કસ પુત્ર જન્મે પણ જો પૃથ્વી તત્ત્વ વહેતું હોય તો કન્યા જન્મે. જો તેજ તત્ત્વ વહેતું હોય તો ગર્ભપાત થાય. જો વાયુ કે આકાશ તત્ત્વ વહેતું હોય તો નપુંસક (પંઢ) બાળક જન્મે. આમ પૃથ્વી અને જળ (આપે) થી સંતતિ થાય. બાકી બીજામાં તો ફોગટની સજા-શિક્ષા જ છે. (૨૦-૨૧).

ચંદ્રનાડી અને પૃથ્વી તત્ત્વમાં જે જન્મે તે દીર્ઘાયુ થાય અને હરેક પ્રકારની સંપત્તિને ભોગવે એમાં બે મત નથી. (૨૨). હે રાજા ! જો ચંદ્રનાડી અને જળ તત્ત્વ વહેતું હોય તો સંતતિ અલ્પ આયુષ્યની જન્મે. ચંદ્રમાં પૂર્ણ સંપત્તિ અને સૂર્યમાં એકદમ નજીવી સંપત્તિ મળે એવું માન. (૨૩). જો તેજ તત્ત્વમાં જન્મે તો જન્મતાંની સાથે જ મૃત્યુ પામે અને કદાચ જીવે તો જન્મે તો બહુ લાંબો સમય ના જીવે. (૨૪). જો વાયુ તત્ત્વમાં જન્મે તો ચંચલ પ્રકૃતિનો થાય. ચોથા ભાગનું (પા ૧/૪) આયુષ્ય ભોગવે અને ભાગ્યહીન નીવડે. (૨૫). જો એ વ્યોમ (આકાશ) તત્ત્વમાં જન્મે તો એ ચોક્કસપણે મૃત્યુ પામે અને જો કદાચ જીવી જાય તો એ ઘાતકી થાય એમાં કોઇ શંકા રાખવી નહિ. (૨૬).

હવે હું તને પ્રશ્નના પ્રકાર વિશે કહું છું તે તું ધ્યાન આપીને સાંભળ. જો પ્રશ્ન પૂછનાર જે નાડી વહેતી હોય તે બાજુ હોય તો એણે પૂછેલા કાર્યમાં સફળતા મળશે. (૨૭). જો પ્રશ્ન પ્રછનાર ડાબી બાજુ રહીને પૂછે અથવા સામે મોંએ ઊભો રહે અને પ્રશ્ન પૂછે અને ચંદ્ર નાડી વહેતી હોય તો ચોક્કસ સફળતા મળે છે. (૨૮). જો પ્રશ્ન પૂછનાર પીઠ પાછળ ઊભો હોય કે જમણી બાજુ ઊભો હોય અને એ પ્રશ્ન પૂછે ત્યારે જો શરીરમાં સૂર્ય નાડી વહેતી હોય તો ત્યાં કાર્ય સિદ્ધ થશે એમ જાણ. (૨૯).

પ્રશ્ન થતાંની સાથમાં જ જોવું અને જો ચંદ્ર ઉપર જતો હોય અથવા જો સૂર્ય નીચે ઊતરતો હોય તો કાર્યમાં સફળતા મળે છે. (૩૦). આનાથી વિરુદ્ધ સ્થિતિમાં કાર્ય ચોક્કસ નિષ્ફળ થાય આ રીતે સૂક્ષ્મ સ્વરને પ્રમાણ ગણીને જવાબ આપવો. (૩૧).

જો ચંદ્ર નાડી વહેતી હોય અને પૃથ્વી તેમજ જળ તત્ત્વ વહેતું હોય અને જો પ્રશ્ન પૂછનાર પૂર્ણાંગે (સર્વ અંગ દેખાતાં હોય તે રીતે) ઊભો હોય તો સુખ શાંતિ થાય એમ જવાબ આપવો. (૩૨). ઉગ્ર કર્મ કરવામાં જો સૂર્ય નાડી વહેતી હોય અને તેમાં તેજ તત્ત્વ વહેતું હોય તો કાર્ય સિદ્ધિ મળે પરંતુ વ્યોમ તત્ત્વ વહેતું હોય તો કાર્યમાં સરિયામ નિષ્ફળતા મળે. (૩૩).

જો સુષુમ્ણા નાડી વહેતી હોય તો એ કાર્ય ઘાતક નીવડે અને સંકટ તેમજ આફત ચોક્કસ વેઠવી પડે એવું કહેવું. (૩૪). જો એકાએક કાર્ય આવી પડે અને ત્યારે સુષુમ્ણા નાડી વહેતી હોય તો બન્ને પગ સાથે રાખીને ઉંબરાથી ત્રણ ડગલાં ભરવાં. (૩૫). જો કોઇ રોગી રોગ વિશે પ્રશ્ન પૂછે અને જો ચંદ્ર સ્વર વહેતો હોય તો રોગ અલ્પ પ્રમાણમાં રહેશે (એટલે જલદી સારો થઇ જશે), સૂર્ય સ્વર હોય તો લાંબો સમય ચાલશે અને શૂન્ય હોય તો મૃત્યુ થશે એમ કહેવાય. (૩૬). ચંદ્ર સ્વર વહેતો હોય તો રોગ સારો થઇ જશે, સૂર્ય સ્વર હોય તો ખૂબ પ્રયત્નો કરવાથી સારો થાય અને સંક્રમણ (શૂન્ય-સુષુમ્ણા)માં જો પ્રશ્ન થાય તો ચોક્કસ મૃત્યુ થાય. (૩૭).

પૃથ્વી તત્ત્વ વહેતું હોય તો રોગ ખૂબ લાંબો સમય ચાલે અને ઘણા દિવસે મટે અને જો જલ તત્ત્વ વહેતું હોય તો રોગ જલદીથી મટી જાય. (૩૮). પૃથ્વી તત્ત્વમાં દેહ નિમિત્તરૂપ છે અને જલતત્ત્વમાં દેવ નિમિત્તરૂપ છે. એમાં ઉપાય

કરવાથી રોગ ચોક્કસ નાબૂદ થઇ જાય. એટલે એમાં ચિંતા કરવી નહિ. (૩૯). તેજ તત્ત્વથી ગ્રહબાધા અથવા પિતૃ પીડા ચોક્કસ થાય પરંતુ ગ્રહનું દાન વગેરે અને જપાદિથી શાંતિ થાય છે. (૪૦).

જો પ્રશ્ન પૂછે ત્યારે વાયુતત્ત્વ વહેતું હોય તો ભૂત, ડાકણ, બાધા વગેરે ઉપદ્રવો મહાન દુ:ખ આપે છે. (૪૧).

હવે હું તને ચિંતાપ્રશ્ન કહું છું તે તું સાવધાનીથી સાંભળ. જીવ, મૂળ, ધાતુ અને શૂન્ય આ ચાર સ્વરજ્ઞાનથી જાણીને પછી જવાબ આપવો. જીવો વિશેની ચિંતા તે જીવચિંતા, ધાન્યાદિની ચિંતા તે મૂળ ચિંતા, લોખંડ વગેરે વિશેની ચિંતા તે ધાતુ ચિંતા અને પોતાની પાસે કોઇ ન હોવું એવી ચિંતાને શૂન્ય ચિંતા કહેવામાં આવે છે. (૪૨-૪૪).

મૂળચિંતા પૃથ્વીમાં, જીવચિંતા જળમાં, ધાતુચિંતા તેજમાં અને શૂન્ય ચિંતા વાયુ અને આકાશમાં માનજે.(૪૫). જળતત્ત્વમાં બે પગવાળા (માણસ કે પક્ષી)ની ચિંતા, પૃથ્વીમાં બહુ પગવાળાની ચિંતા, જલ અને તેજમાં ચાર પગવાળાની ચિંતા અને શૂન્યમાં અન્યની ચિંતા થાય. (૪૬). નિર્જીવ અને સજીવ મૂળમાં જાણીને જવાબ આપવો. પૃથ્વી અને જળમાં સજીવતા શાસ્ત્રમાં કહી છે. (૪૭).

જો ક્ષણમાં સૂર્ય અને ક્ષણમાં ચંદ્ર નાડી વહેતી હોય તો એને ચોક્કસ વિપરીત કહી છે. એના ફળ વિશે તું ધ્યાન આપ. (૪૮). રોજ સવારના પહોરમાં એક પ્રહર (ત્રણ કલાક) સુધી જોવું. જો પડવાને દિવસે વિપરીત હોય તો કાંઇ કરવું નહિ. (૪૯). જો બીજને દિવસે વિપરીત હોય એક મહિનો નુકસાનીવાળો જાણવો. ત્રીજ વિપરીત હોય તો મનમાં શોક અને મિત્ર વિષે દુ:ખ થાય એવું બને. (૫૦). ચોથને દિવસે વિપરીત હોય તો મનમાં ઊંડો (ગહન) શોક થાય એવું બને. ભાઇ વગેરેની પીડા અને ખૂબ આક્રોશ થાય. (૫૧). જો પાંચમ વિપરીત હોય તો પત્ની, માતા કે સંતાનનું મૃત્યુ થાય અને તેથી ઘરમાં રડારોળ થઇ જાય એ નિશ્ચિત સમજ. (૫૨). છઠ્ઠ વિપરીત હોય તો રાજાને પીડા થાય. રાજમાં દુકાળ પડે, ધરતીકંપ થાય, વિનાશ થાય અને પરિણામે શોક કરાવે. (૫૩). જો સાતમ વિપરીત હોય તો રાજપુરુષની હત્યા થાય અને લોકો દુ:ખી દુ:ખી થઇ જાય એવું યોગીપુરુષો કહે છે. (૫૪). આઠમ વિપરીત હોય તો અપમૃત્યુ થાય. કદાચ સાધુ સંતની કૃપાથી મૃત્યુ ટળી જાય તો પણ એ દુ:ખકારક તો બને જ. (૫૫).

શુકલ (સુદ) પક્ષની આ તિથિ હંમેશાં જોવી. હરિપદ તારક હોવાથી હરિ સ્મરણ કરવાનું ચૂકવું નહિ. (૫૬). ભજનથી ન મટે એવું કાંઇ દુષ્કર નથી. એ વિધાતાના લેખમાં પણ મેખ (ખીલી) મારી શકે છે. આ સિવાયનું બધું છેતરપિંડી છે એમ વીરલો યોગી જાણે છે. (૫૭).

બે સૈન્યો લડવા માટે સામ સામે ઊભાં થયાં હોય ત્યારે જેની પીઠે વાયુ તત્ત્વ વહેતું હોય તેનો જય થાય છે. (૫૮). જો યુદ્ધ માટે દૂરનાં સ્થળે જવાનું હોય તો અનુકૂળ ચંદ્ર ઉત્તમ ગણાય પરંતુ યુદ્ધ માટે નજીકનાં સ્થળે જવાનું હોય તો સૂર્ય અનુકૂળ હોય તે જોવું અને એ રીતે વર્તવું. (૫૯). જળ તત્ત્વ આમાં ઉત્તમોત્તમ (સર્વોત્તમ) માનવું કારણ કે એ વેરીનું બળ હણી નાંખે છે. સર્વ પ્રથમ જમણો પગ ઉપાડીને મૂકતાં સિદ્ધિ મળે છે. (૬૦). જો પૃથ્વી તત્ત્વ હોય તો બન્ને સૈન્યો સરખાં ઊતરે અને વાયુ તત્ત્વમાં રાજાની પોતાના પક્ષે હાર થાય. (૬૧). જો તેજ તત્ત્વ ચાલતું હોય તો લડવા જવું નહિ. અને તેમ છતાં જો જાય તો નુકસાન જ થાય એ વચનને તું સાચું માન. (૬૨). જો ચંદ્ર નાડી અને પૃથ્વી તત્ત્વમાં શત્રુ ચઢી આવે તો પોતે લડવા ન જતાં સૈન્યને લડવા માટે મોકલે. (૬૩).

સ્વરજ્ઞાનીને પૂછીને, લાભ-ગેરલાભ જાણીને હિંમત રાખીને સુખપૂર્વક તમામ કામો કરવાં. (૬૪).

બે યોદ્ધાઓ લડતા હોય ત્યારે કદાચ કોઇ પૂછે કે આ બેમાં કોણ જીતશે? તો એ જેનું નામ પહેલાં બોલે એના વિશે સ્વરજ્ઞાનથી જોઇને અનુભવના આધારે જવાબ આપવો ત્યાં પંડિતાઇ કામ લાગતી નથી. કેવળ અનુભવ જ કામ આવે છે. (૬૫-૬૬). જો પૂર્ણાંગે સૂર્ય હોય તો એકી અક્ષરવાળો (વિષમ અક્ષરવાળો) જીતે. ચંદ્ર હોય તો બેકી અક્ષરવાળો

(સમ અક્ષરી) જીતે. હે રાજા ! મેં તને આ નિર્ણય કહ્યો તે તું જાણ. (૬૭).

હવે હું તને કાળના જ્ઞાન વિષે કહું છું તે તું સાંભળ. તે જાણીને તેને સાધવો અને હે રાજા ! સ્વરૂપના અનુસંધાનથી વિદેહી થઇ જવું. (૬૮).

દિવસ દરમ્યાન જેનો નિત્ય નિયમિત ચંદ્ર વહેતો હોય અને રાત્રે રવિ વહેતો હોય તે ચોક્કસ સો વરસ જીવે. (૬૯).

જે સ્વરમાં ઊંઘી ગયો હોય એ જ સ્વરમાં માણસ ઊઠે એટલે કે અસ્ત અને ઉદય બન્નેમાં સૂર્ય હોય તો એનું ફળ અશુભ છે એમ જાણ. (૭૦).

સૂર્ય સ્વરમાં ઊંઘી જાય અને જો ચંદ્રમાં ઊઠે અથવા ચંદ્ર સ્વરમાં સૂઇ જાય અને સૂર્ય સ્વરમાં ઊઠે તો એનું શુભ ફળ મળે એમ જાણવું. (૭૧).

જો ત્રણ દિવસ સુધી લાગલગાટ રવિ (સૂર્ય) વહે તો ત્રણ વર્ષમાં તેનું મૃત્યુ થશે એમ સમજવું અને જો બે દિવસ સુધી સૂર્ય વહે તો બે વર્ષમાં મૃત્યુ સમજવું. (૭૨). જો એક દિવસ સૂર્ય વહે તો એક વર્ષમાં એનું મૃત્યુ જાણવું. જો સોળ દિવસ સુધી રાત દિવસ સૂર્ય વહે તો એક મહિનાનું આયુષ્ય જાણવું. (૭૩). જો સાત દિવસ સુધી સૂર્ય વહે તો છ માસે મૃત્યુ થશે એમ સમજવું. અને ત્યાં આવીને કાળ ભક્ષણ કરી જશે એમ માની સાવધ રહેવું. (૭૪).

જો અગિયાર દિવસ સુધી ચંદ્ર વહે તો એકવીસ દિવસનું આયુષ્ય બચ્યું છે એમ માનવું એવું સ્વરજ્ઞાન ધરાવનારનું કહેવું છે. (૭૫).

કાનમાં આંગળાં ઘાલીને અવાજ સાંભળવાનો પ્રયત્ન કરવો. જો અવાજ ના સંભળાય તો સાત દિવસનું આયુષ્ય ગણાય. (૭૬). જો નાકનું ટેરવું ના દેખાય તો ત્રણ દિવસનું આયુષ્ય જાણવું અને જો જીભનું ટેરવું ના દેખાય તો તે જ દિવસે મૃત્યુ છે એમ માનવું. (૭૭).

સૂર્ય-ચંદ્ર નાડી વહેતી બંધ થઇ જાય અને માત્ર સુષુમ્ણા નાડી જ (સુખમણ નાડી) ચાલતી હોય તો મોત સામે જ ઊભું છે અને તે જ ક્ષણે મૃત્યુ છે એમ તું માન. (૭૮). એ સમયે આતમરામને યાદ કરવા અને સાવધ થઇ જવું. ૐકારનું રટણ કરતાં કરતાં પ્રાણને સારી રીતે લીન કરી દેવો. (૭૯).

જેનું જેવું આચરણ હોય તેવું તેને અંતકાળે સ્મરણ થાય માટે પહેલેથી જ વેળાસર ચેતી જઇને ભજન કરવું. (૮૦).

જીવનભર કદીપણ સત્સંગતિ કરી ના હોય તો પછી યમની છાયા જોતાં જ ગાભરો થઇને રડવા લાગે છે. (૮૧). માનવીની જન્મ મરણની ઘટમાળ જ્ઞાન વિના બંધ થતી નથી. આખર વેળાએ યમરાજ (કાળ) આવીને કારમો દંડ કરે છે. (૮૨).

માટે મૃત્યુનાં ચિન્હો જાણીને સાવધાન થઇને રહેવું અને ગુરુમુખથી સાધન જાણી લઇને તે પ્રમાણે આચરણ કરવું. (૮૩).

સંસારમાં રહીને પણ જે ભજન ભૂલી જતો નથી એ કદી પણ પસ્તાતો નથી એમાં શંકાને સ્થાન નથી. (૮૪).

જ્ઞાન વગરની વાચાળતા એ કેવળ મૂર્ખામી છે. માટે આવી વાચાળતા-બકબક કરવાનું-મૂકીને સાધન કરવા માંડવું. (૮૫).

આવાં વચનો સાંભળીને લાંબો થઇને પગે પડીને અલર્ક બોલ્યો કે હે દયાઘન ! આપનો જય હો ! આપનો જય હો ! હું આપને વંદન કરું છું અને ક્ષેમ વિના બીજું કશું માગતો નથી. (૮૬). મારા મનને એકદમ સંતોષ થઇ ગયો છે

અને હવે મનમાં કોઇ આશા રહી નથી. આ દાસને બોધામૃત પાઇને આપે કૃતકૃત્ય કરી નાંખ્યો છે. (૮૭).

ૐકારનું રટણ કરીને પ્રાણ ત્યજવાનું આપે કહ્યું અને હે ધીર પુરુષ ! આપે સ્વરને આધારે મૃત્યુનાં ચિન્હો પણ કહ્યાં. પરંતુ જેને આ સ્વરોદયનું ગહન જ્ઞાન ન હોય તેને મૃત્યુની ખબર કેવી રીતે પડે? માટે તમે કૃપા કરીને વિસ્તારપૂર્વક એ બધાં ચિહ્ન કહો. (૮૮-૮૯).

શિષ્યની વિનંતી સાંભળીને દયાળુ દત્તપ્રભુ કેવળ અમૃતસમાન જે વાણી બોલ્યા તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે. (૯૦).

આ અધ્યાયમાં સ્વરોદય વિષેની બાકી રહેલી વાતોનું નિરૂપણ કર્યું એ જાણીને તે પ્રમાણે વર્તતાં કોનું કલ્યાણ ના થાય? (૯૧).

અલખ બોલ્યા કે હે સમજુ નિરંજન ! આગળ ઉપર શ્રી ગુરુકૃપાથી અપૂર્વ **રંગ** જામશે અને તે લક્ષ્ય (અવધાન) ચૂકશે નહિ. (૯૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સ્વરોદયવિવરણ'** નામનો **ઓગણચાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## અધ્યાય : ૪૦

આ અધ્યાયનું નામ '**મૃત્યુચિહ્નવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૦૨** દોહરા છે.

દત્ત ભગવાને રાજા અલર્કની વિનંતી સ્વીકારીને એને સામાન્ય માણસ જાણી શકે એવાં મૃત્યુનાં ચિહ્નો કહેવાના શરૂ કર્યા. (૧-૨).

પહેલાં જ્યોતિષ શાસ્ત્રના આધારે મૃત્યુચિહ્નો કહ્યાં અને પછી સામાન્ય વ્યવહારમાં જણાતાં ચિહ્નોના આધારે મૃત્યુની વાત સમજાવી. (૩-૫૨).

મૃત્યુનાં લક્ષણો જણાય ત્યારે ભીતિ (બીક) છોડીને ભગવાનનું ધ્યાન ધરવું અને ભજન કરવું. આવો અભ્યાસ નિષ્ફળ જતો નથી. એટલે આ જન્મે નહિ તો પછીના જન્મે પણ એની સદ્‌ગતિ થાય જ છે. (૫૩-૮૭).

મૂળે જીવ બ્રહ્મસ્વરૂપ જ છે તેથી ધ્યાનથી બ્રહ્મસ્વરૂપ થઇને મુક્તિ પામે એમાં શી નવાઇ? મનને ભગવાનની મૂર્તિમાં લીન કરવાનો અભ્યાસ જ કલ્યાણ કરનાર છે. (૮૮-૧૦૨).

દયાના ભંડાર એવા દત્ત ભગવાન બોલ્યા કે હે રાજા ! તું ભાગ્યશાળી છે. હવે હું તને મૃત્યુનાં ચિહ્નો (લક્ષણો) કહું છું તે તું ધ્યાનથી સાંભળ. (૧). મૃત્યુનો ભય જાણીને મુમક્ષુએ સદ્‌ગુરુનાં ચરણ ગ્રહીને ખરેખર સાધન કરવું જોઇએ.(૨). પોતાનાં લગ્નનું બીજું, ત્રીજું, સાતમું અને આઠમું સ્થાન એ મારક સ્થાન છે. (૩). જે તે સ્થાનના જે તે અધિપતિ તે તે સ્થાનમાં રહે છે. એમાં જે સૌથી વધુ બળવાન હોય તે દશાના અંતે (ગ્રહોની દશા પૂરી થાય ત્યારે) મોત લાવે છે. (૪). અથવા જો અરિષ્ટ કર્તા ક્રૂર અને ઘાતક ગ્રહ મારક સાથે રહે તો એ પ્રાણ હરે છે. (૫). હે રાજા ! મેં તને પહેલાં સ્વર શાસ્ત્રના આધારે મૃત્યુનાં લક્ષણો તો કહ્યાં હતાં અને આ બધાં જ્યોતિષ શાસ્ત્રના આધારે લક્ષણો કહ્યાં. (૬). અથવા કાળનું ધ્યાન ધરીને પણ જ્ઞાન-જાણકારી પામી શકાય. અનુભવી અને યોગશાસ્ત્રનો જાણકાર મૃત્યુને જાણી શકે છે. (૭).

પરંતુ જે યોગાભ્યાસ જાણતો નથી, જે ને સ્વરોદયનું જ્ઞાન નથી કે જે જ્યોતિષશાસ્ત્ર પણ જાણતો નથી તેણે આ રીતે જોવું. (હવે પછી કહ્યું છે તે રીતે જોવું.) (૮).

જો માણસને આકાશગંગા (દેવમાર્ગ), ધ્રુવનો, શુક્રનો કે અરુંધતિનો તારો અથવા ચંદ્રની છાયા ન દેખાય તો એ માણસ એક વર્ષથી વધુ ના જીવે. જો વ્યક્તિ આંખની ભ્રમરનો વચ્ચેનો ભાગ પણ ન જોઇ શકે તો એનું આયુષ્ય પણ એક વરસનું જાણવું. (૯-૧૦).

જો સૂર્ય કિરણ વગરનો દેખાય અને અગ્નિ કિરણવાળો દેખાય તો એનું આયુષ્ય અગિયાર મહિનાનું માનવું. (૧૧).

જો સ્વપ્નમાં સોનું, ચાંદી, મળ કે મૂત્રની ઊલટી કરે તો તે માનવી દશ મહિનાથી વધુ નહિ જીવે. (૧૨).

જો માણસ જાગૃત અવસ્થામાં ભૂત, પ્રેત વગેરે, સોનેરી રંગનાં ઝાડો અને ગંધર્વની નગરી જુએ તો તે માણસ નવ મહિનાથી વધારે નહિ જીવે એવું અનુભવીઓ કહે છે. એ પછી ખોટું ક્યાંથી પડે? (૧૩-૧૪).

જેનો એકાએક સ્વભાવ બદલાઇ જાય, કૃશ શરીર સ્થૂલ થઇ જાય કે સ્થૂલ શરીર કૃશ થઇ જાય તો એ માણસ આઠ મહિનામાં ચોક્કસ મરી જાય. આ જાણીને સાવધાનીથી વર્તવું જેથી શોક કરવાનો ના રહે. (૧૫-૧૬).

ભસ્મ, ધૂળ કે કાદવમાં ચાલતાં જેનું આખું પગલું ન પડે અને ખંડિત થયેલું પગલું દેખાય અને એડી અથવા આંગળાં સ્પષ્ટ ના દેખાય તેનું જીવવાનું સાત મહિના જાણવું. (૧૭-૧૮).

જો કાગડો, કબૂતર (કપોત), ગીધ, કોઇ માસાંહારી પક્ષી અથવા કાળા રંગનું કોઇ પક્ષી માથાને સ્પર્શે અને માથા ઉપર ચાંચો મારે (એક ચાંચ નહિ, એકથી વધારે વાર ચાંચ મારે), તો એ વ્યક્તિ છ માસથી વધારે નહિ જીવે એવું શાસ્ત્રમાં કહ્યું છે. (૧૯-૨૦).

વસ્ત્ર વિનાનાં શરીર પર (નગ્ન દશામાં) જો કાગડો ચાંચ મારે કે પગ મારે તો એ વ્યક્તિના પ્રાણ પાંચ મહિનામાં ચોક્કસ જાય છે અને જેને પોતાનો પડછાયો કદરૂપો (વિકૃત) દેખાય તે માણસ ચાર મહિનામાં જ મૃત્યુ પામે છે. (૨૧-૨૨).

સ્વચ્છ (વાદળાં વિનાના-નિરભ્ર) આકાશમાં જો વ્યક્તિ દક્ષિણ દિશામાં વીજળીને ચમકતાં જુએ તો એ વ્યક્તિ ત્રણ માસમાં અચૂકપણે મરે અને કોઇ કાળે એ ના જીવે. (૨૩). જો પાણીમાં મેઘધનુષ્ય દેખાય તો તે પણ ત્રણ માસમાં મૃત્યુ પામે. એનાથી વધુ એના પ્રાણ ના ટકે. (૨૪).

પાણી, અરીસો (દર્પણ) કે તેલ વગેરેમાં જો માથા વિનાનું શરીર દેખાય તો તે વ્યક્તિ બે માસમાં અચૂક મૃત્યુ પામે. (૨૫).

જેના શરીરમાંથી મડદાના જેવી દુર્ગંધ આવતી હોય અથવા પાણી પીધા પછી તરત જ જળનો શોષ પડે અથવા કંઠને શોષ પડે તો તે માણસ પછી પંદર દિવસ જ જીવે એ નિશ્ચિત સમજવું. જો સ્નાન કરતાં કરતાં હૃદય સુકાય તો તે દશ દિવસમાં જ મૃત્યુ પામે. તદુપરાંત જો પવન મર્મ સ્થાન (હૃદય)ને પીડાકારક બને અને ચંદ્રની ચાંદનીનો સ્પર્શ ગરમ જણાય તો તે પણ દશ દિવસથી વધારે દિવસ ના જીવે. (૨૬-૨૮).

કાળું અથવા રાતું લૂગડું પહેરેલી સ્ત્રી હસતી હસતી અથવા ગાતી ગાતી હાથ પકડીને દક્ષિણ દિશામાં ઝડપથી લઇ જાય તો તેનું મૃત્યુ એકદમ પાસે છે એ તું નિશ્ચિતરૂપથી માન. (૨૯-૩૦).

જો સ્વપ્નમાં જૈન કે બૌદ્ધ ધર્મનો સાધુ નગ્ન અવસ્થામાં હસતો દેખાય અથવા તેલ ચોળેલો સાધુ દેખાય તો મૃત્યુ પાસે ઊભું છે એમ માનવું. (૩૧).

જો વ્યક્તિ સ્વપ્નની અંદર પોતાને કાદવમાં અથવા ગાયના છાણમાં પોતાને માથા સુધી દટાયેલો જુએ તો એ જલદીથી મૃત્યુને વશ થાય છે. (૩૨).

જેને સ્વપ્નમાં હાડકાં, વાળ, દેવતા (અંગારા), ભસ્મ કે ક્રોધે ભરાયેલો સાપ દેખાય તે દશ દિવસમાં મૃત્યુ પામે છે. (૩૩). એ જ રીતે જો સ્વપ્નમાં પૃથ્વી જળ વિનાની, શુષ્ક અને વિષમ દેખાય તો મૃત્યુ પાસે છે એમ સમજવું. (૩૪).

જો સ્વપ્નમાં કોઇ વિકરાળ અને બિહામણો પુરુષ દાંત અને હોઠ ચાવતો, ક્રોધથી મારી નાંખવા હાથમાં શસ્ત્ર કે પથ્થર લઇને દોડી આવતો દેખાય અને આવીને મારે તો તે વ્યક્તિની પાસે મૃત્યુ મુખ ફાડીને ઊભું છે એવું ચોકકસ માનવું. (૩૫-૩૬).

જો સવારના પહોરમાં શિયાળ સામે આવીને રડે અને ડાબી બાજુએ દોડી જાય તો મૃત્યુ પાસે છે એમ સમજવું. (૩૭).

જમીને ઊઠતાંની સાથે તરત જ કકડીને ભયંકર ભૂખ લાગે અને દાંતમાં સડો થાય તો કષ્ટ આપનારું દુઃખ પાસે જ ઊભું છે એમ સમજવું. (૩૮).

જેને સૂંઘવા છતાં પણ (રાંધેલા) અન્નની ગંધ ન આવે કે અગ્નિના ધુમાડાની ગંધ ન આવે તો માથા ઉપર મોત ભમે છે એમ જાણવું. (૩૯).

જો બીજાની આંખમાં પોતાની છાયા ના દેખાય તો સાચે જ મોત આવીજે ઊભું છે એમ સમજવું. (૪૦).

રાત્રે મેઘધનુષ્ય દેખાય અને દિવસે તારા દેખાય તો હે રાજા ! મૃત્યુ હવે દૂર નથી એમ સમજવું. (૪૧).

રોગ વિનાની વ્યક્તિમાં પણ આવાં ચિન્હો દેખાય તો પણ એને ઝડપથી મૃત્યુ ગ્રસી લેવાનું છે એમ જાણવું. તો પછી જે વ્યક્તિ રોગી હોય (અને આવાં ચિન્હો દેખાય) તેનું તો કહેવું જ શું? અને એ કેવી રીતે બચે? માટે આ મૃત્યુનાં લક્ષણો જાણીને સાવધાન થઇ જવું. (૪૨-૪૩).

જો ડાબી આંખમાંથી પાણી પડ્યા કરે, નાક વાંકુ થઇ જાય અને કાનની બૂટ ઠંડી પડી જાય તો એને તરત જ મૃત્યુ ઝડપી લે છે. (૪૪).

જીભ કાળી પડી જાય, મોં લાલ થઇ જાય અને બધી ઇંદ્રિયો ખેંચાવા માંડે તો તે જ ક્ષણે મૃત્યુ છે એમ માનવું. (૪૫).

જો રોગી સ્વપ્નમાં ગધેડા ઉપર કે ઊંટ ઉપર બેસીને દક્ષિણ દિશામાં જાય તો મૃત્યુ નજીક છે એમ માનવું અથવા બીજા લોકો એને બાંધીને ખેંચી જાય છે એવું સ્વપ્નમાં દેખાય તો તરત મૃત્યુ થાય એ નિશ્ચિત વાત છે. (૪૬-૪૭).

કાનમાં બૂમ પાડવા છતાં ન સાંભળી શકે અને નેત્રની જ્યોતિ ભ્રાંત દૃષ્ટિવાળી થઇને બધું ઊંધુ જુએ અથવા જેની ડૂંટી છિદ્રવાળી બનીને પેટમાં ઊંડી ઉતરી જાય તો એ પછી ફરીથી જીવતો જોવા મળતો નથી એ વાત નિશ્ચિત છે. (૪૮-૪૯).

પોતાને ભૂતો ક્રોધથી મારે છે એવું રોગી સ્વપ્નમાં જુએ તો એ પછી જીવે નહિ અથવા સ્વપ્નની અંદર જે પોતાને કાદવમાં, પાણીમાં અથવા અગ્નિમાં પડેલો જુએ અને ત્યાંથી બહાર નીકળ્યા પહેલાં જાગી જાય તો એની આવરદા ખૂટી ગઇ ગણાય એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૫૦-૫૨).

મૃત્યુનાં આ લક્ષણો જાણીને, મૃત્યુની બીક કાઢી નાંખીને વિચક્ષણ માનવીએ ધ્યાન ધરવું અને એ દ્વારા સારી રીતે સહેલાઇથી મુક્ત થવું. (૫૩).

આ દુનિયામાં કોણ અમરપટો લખાવીને આવ્યું છે? મૃત્યુ બધાનો કોળિયો કરે છે. માટે ડાહ્યા માણસે બીક કાઢી નાંખીને નિષ્કામભાવથી ધ્યાન ધરવું. (૫૪).

જેવી રીતે પૃથ્વી રાજાની અને કુલટા (ખરાબ ચારિત્રવાળી) સ્ત્રી પતિની મશ્કરી કરતી હોય છે તેવી રીતે હે અલર્ક ! જે શરીરને બહુ સાચવ સાચવ કરતો હોય (શરીરને પંપાળ્યા કરતો હોય) તેની મૃત્યુ મશ્કરી કરતું હોય છે (૫૫).

જે જન્મ્યું છે તેનો નાશ નિશ્ચિત છે એમ માનીને એકાગ્ર ચિત્તથી હંમેશાં પોતાના આત્માનું ધ્યાન કરવું જોઇએ અને આત્મધ્યાન કરવાનું મરણપર્યંત ચાલુ રાખવું જોઇએ જેથી ધ્યાન ધરતાં ધરતાં ધ્યેયરૂપ થઇ જવાય અને જન્મમરણનો ફેરો ટળી જાય. (૫૬-૫૭).

જે ભગવાનની સાથે સતત જોડાયેલો રહે છે તેના પ્રતિબંધો (વિઘ્નો- અવરોધો) જો નષ્ટ થઇ જાય તો આ જન્મે જ મુક્ત થઇ જાય છે. નહિતર ત્યાર પછીના જન્મે મુક્ત થાય છે. (૫૮). કરેલો અભ્યાસ (કરેલી સાધના) નકામો જતો નથી એવું વેદો પોકારી પોકારીને કહે છે. માટે ખેદ વગર રાત દિવસ (સતત) યોગાભ્યાસ કર્યા કરવો જોઇએ. (૫૯). જો કદાચ પ્રારબ્ધવશાત્ જ્ઞાન થયા વિના વ્યક્તિ મૃત્યુ પામે તો પણ પછીના જન્મમાં એ યોગભ્રષ્ટ થઇને જન્મીને મુક્તિ પામે છે. (૬૦). પૂર્વજન્મના સંસ્કારોથી જ્યાંથી અધૂરો રહ્યો હોય ત્યાંથી ફરી પાછો અભ્યાસ શરૂ કરે છે અને ત્યાંથી

આગળ વધે છે. (૬૧). અભ્યાસને અંતે જ્ઞાન પામીને એ મુક્તિને વરે છે. અનુભવ અને શાસ્ત્ર એમ કહે છે કે એની કદી દુર્ગતિ થતી નથી. (૬૨).

માટે અંતકાળમાં સ્થિર આસન પર સ્થિર શરીર રાખીને એકાગ્ર ચિત્તે બેસવું. પોતાના ડાબા પગની એડી ગુદા નીચે અને જમણા પગની એડી જનનેંદ્રિય (મેંઢ્ર) પર રાખીને યુક્તિપૂર્વક ફરી ફરીને અપાન વાયુને ઉપર ખેંચવો. હડપચી (હનુ)ને હૃદય-છાતી સાથે દબાવીને તથા સપ્તરંધ્ર (સાત છિદ્રો : બે આંખ, બે કાન, બે નસકોરાં, એક મોં ) પર આંગળી રાખીને મનને અંતરમાં વશ કરવું. પછી ધ્યાન દ્વારા ઇંદ્રિયોને મનમાં લીન કરવી અને સારી રીતે સાવધાન થઇ જઇને મનને પ્રાણમાં લીન કરવું. પાંચે પ્રાણોને સુષુમ્ણામાં એકઠા કરી તાળવાને (મૂર્ધસ્થાનને) ભેદીને નિર્ભય થઇને ત્યાં પહોંચવું. (૬૩-૬૭).

હૃદયમાં પરમાત્માનું ચિંતન કરીને, ૐકારનો ઉચ્ચાર કરીને આત્મધ્યાન દ્વારા જ્ઞાનથી મુક્તિ પામવી. (૬૮). જેમ વ્યક્તિ ભૂલ્યા વિના પોતાના ઘરનું બારણું રાત્રે કે દિવસે અચૂકપણે ખોલે છે તેમ આ પણ શક્ય બને છે. (૬૯).

યોગાભ્યાસને કારણે શરીરનાં બધાં દ્વારો પ્રકાશિત થવાને લીધે યોગીઓ મધ્યમમાર્ગથી (સુષુમ્ણાના માર્ગથી) અચૂકપણે બ્રહ્મમાં લીન થાય છે. માટે આળસ ખંખેરીને જે રોજ અભ્યાસ કર્યા કરે છે તેને ચોક્કસ મોક્ષની પ્રાપ્તિ થાય છે અને ખાસ તો એ ધ્યેયથી ભ્રષ્ટ થતો નથી. (૭૦-૭૧).

જ્યાં સુધી ઘર (મકાન) વ્યવસ્થિત રીતે ઊભું હોય ત્યાં સુધી માંકડ, ચાંચડ, ઉંદરો વગેરે એમાં આનંદથી રહે છે પરંતુ મકાન પડતાં જ નાસભાગ કરી મૂકે છે. એ જ રીતે સ્ત્રી, પુત્ર વગેરે પણ આશાને લીધે પાસે રહે છે પરંતુ મરતાંની સાથે જ ક્ષણની પણ વાર કર્યા વિના ઘાસને ફૂંકી દે તેમ આ શરીરને ફૂંકી મારે છે. (૭૨-૭૩). અંત સમયે જે છોડીને નાસી જાય છે, એક ક્ષણ પણ સાથે રહેતા નથી અને જે આત્મારૂપી ધનને લૂંટી લે છે એવા (સ્ત્રી, પુત્ર)ની સોબત શા માટે કરવાની? (૭૪). જ્યાં સુધી મોજ મઝા કરવાની મળે ત્યાં સુધી જ બધા પ્રેમ રાખે છે. શરીર થાકી જતાં પછી કોઇ પાસે ઊભું રહેતું નથી. (૭૫).

રોગને કારણે પરાધીન થાય ત્યારે કંટાળીને હવે આ મરે તો સારું એવું બોલે છે અને બોલાવ્યા છતાં પણ બોલતાં નથી. આવી દુનિયાની પ્રીતને ધિક્કાર હો. (૭૬).

જેમ કૂતરાને ટુકડો ફેંકે તેમ ખાવા માટે ટુકડો આપે અને ન સંભળાય તેવાં વચનનાં બાણોથી કાળજું વીંધી નાંખે છે. (૭૭).

જેમને આપણા માટે કરુણા ના હોય, જે અંત સમયે દુશ્મન થઇને ઊભા રહેવાના હોય તેની સોબત શાને માટે કરવાની? માણસે પોતાના આત્મકલ્યાણનો વિચાર કરવો જોઇએ. (૭૮).

જો વધુ અભ્યાસ કરી શકવાનું કદાચ શક્ય ન હોય તો, થોડો થોડો આત્મ-અભ્યાસ પણ હંમેશાં ઉત્સાહપૂર્વક કરવો. (૭૯). જેમ ઉધઇ પોતાના મુખથી ધીમે ધીમે માટીનો ઢગલો કરે છે તેમ ધીમે ધીમે આ અભ્યાસ વધે છે. (૮૦).

મોંમાં અનાજનો દાણો લઇને કીડી ચઢતી હોય ત્યારે એ દાણો પડી જાય તો પણ વારંવાર દાણો પાછો લઇને એ પ્રયત્નપૂર્વક ચઢે છે એ જ રીતે માણસે પણ અંતરમાં હંમેશાં અભિલાષા અને હોંશ રાખીને ધ્યાન કરવું જોઇએ. આવું કરનાર જરૂર સિદ્ધિ મેળવે છે. (ગાયના) વાછરડાના શીંગડાની જેમ યોગ પણ ધીમે ધીમે વધે છે. (૮૧-૮૨).

કીડાએ ખોતરી ખાધું હોવા છતાં પણ વૃક્ષ જેમ મોટું થાય છે તેમ વિઘ્નો આવવા છતાં પણ સારી રીતે ધ્યાન સિદ્ધ થાય છે. (૮૩). માટે ધીરજ ગુમાવ્યા વગર અંતરમાં શ્રદ્ધા રાખીને અને ખાસ આળસ છોડીને સતત અભ્યાસ કરતાં રહેવું. (૮૪). જાગૃત તથા સ્વપ્ન અવસ્થાનો પ્રકાશક અને ઇંદ્રિયોનો ચાલક એવા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું ધ્યાન કરવું. (૮૫).

જેમ કીડો ભમરીનું ધ્યાન કરવાથી અંતે એ જ દેહમાં નિશ્ચિતરૂપથી ભમરતા પામે છે (પોતે જ ભમરી થઇ જાય છે) તેમ યોગીપુરુષ પણ ધ્યાન દ્વારા ધ્યેય સ્વરૂપ થઇ જાય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. હે રાજા ! તું એમાં શંકા કરીશ નહિ. (૮૬-૮૭). આમ પણ જીવ મૂળે તો બ્રહ્મ જ છે એટલે બ્રહ્મનું ધ્યાન કરતાં આત્મનું બ્રહ્મત્વ જાણીને તે નિશ્ચિતરૂપથી નિર્વાણ પામે છે. (૮૮).

માટે ત્રણે કાળ (સવાર, બપોર, સાંજ)ને સાધીને જે હંમેશાં અભ્યાસ કરે છે તે કાળનો પણ કાળ બને છે અને એ જીવન્મુક્ત બની તટસ્થભાવે જીવે છે. (૮૯). અભ્યાસની સિદ્ધિ માટે ઇશ્વરનું ભજન કરવું અને ઇશ્વર તેમજ સદ્ગુરુ પ્રસન્ન થતાં કોઇ કષ્ટ (મુશ્કેલી) પડતું નથી. (૯૦). જેમ શેઠ પોતે સાક્ષી બનીને, મજૂરોને એકઠા કરીને કામ કરાવે છે તેમ અહીં પણ ઇંદ્રિયોને મજૂર માનીને અખંડ એવા આત્મારામે સાવધાનીપૂર્વક એની પાસે કામ કરાવવું. (૯૧-૯૨). જેમ પૈસાદાર માણસ મજૂરો પર ધ્યાન રાખવા મુકાદમ રાખે છે તેમ આ ઇંદ્રિયોરૂપી મજૂર પર મનરૂપી મુકાદમ રાખવો. (૯૩). મજૂરરૂપી ઇંદ્રિયો ઉદ્ધત ન બને અને આળસ કર્યા વિના બતાવેલું કામ કર્યા કરે એ માટે મુકાદમને અન્ય મજૂરોથી વધુ વેતન (ધન) આપીને ડાહ્યો માણસ જેમ એને ખુશ રાખે છે તેમ અહીં પણ મનને વિષયોની ગંધ છોડીને મારા રૂપમાં જોડાઇને ઉચ્ચાનંદમાં પ્રસન્ન રહે એવું કરવું. (૯૪-૯૬).

મન અતિ સુંદર વસ્તુ માગે છે અને ત્રિભુવનમાં મારી મૂર્તિથી વધારે સુંદર કશું જ નથી. એટલે વારેવારે મારા મોહક રૂપમાં એને જોડે તો જ એ મન ઠરે એમ માન. (૯૭-૯૮).

આ બધું કરવાથી યોગ સિદ્ધ થાય છે અને સગુણનું ધ્યાન કરતાં પછી નિર્ગુણમાં મનનો લય થતાં માનવી મુક્ત બને છે. (૯૯). અલખે નિરંજનને કહ્યું કે આ વચનો સાંભળીને આનંદથી ઊભરાતાં ચિત્તે અલર્કે દત્તપ્રભુને વંદન કરીને સદ્ભાવપૂર્વક જે કહ્યું એનો વિસ્તાર હવે પછીના અધ્યાયમાં થશે. આ અધ્યાયમાં મૃત્યુનાં લક્ષણોનો સાર વર્ણવ્યો છે. (૧૦૦-૧૦૧).

લોખંડના ચણા ચાવવા (જેવી આ વાત છે.) એ નાના બાળકનો ખેલ નથી. રંગ કહે છે કે ગુરુ કૃપા કરે તો જ મોત સાથે ગેલ ગમ્મત થઇ શકે. (૧૦૨).


શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મૃત્યુચિહ્નવર્ણન'** નામનો **ચાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૪૦

(૧)




પહેલું સ્થાન જન્મ લગ્ન સ્થાન ગણાય. પછી એ લગ્ન સ્થાનથી બીજું, ત્રીજું, સાતમું અને આઠમું સ્થાન એ મારક સ્થાન (મૃત્યુ લાવનાર સ્થાન) ગણાય છે. એ સ્થાનના જે તે અધિપતિ જે તે સ્થાને રહેલા હોય તે પૈકી જે સૌથી વધુ બળવાન હોય તેની દશાને અંતે મૃત્યુ આવે અથવા આ અધિપતિ મારક સ્થાન સાથે વસતા હોય તો તે પાપકર્તા જાણવા. આ ગ્રહ સાચે જ ક્રૂર અને ઘાતક હોય છે. જે વ્યક્તિનું મોત લાવે છે.

જ્યોતિષિની દૃષ્ટિથી થતી આ ચર્ચા ઘણી ગહન છે જેની ચર્ચા અહીં શક્ય નથી. પરંતુ વ્યક્તિના પોતાના ગ્રહ ઉપરાંત એના મા-બાપ, પત્ની અને બાળકોના ગ્રહો પણ એના આયુષ્યને અસર કરે છે એ યાદ રાખવું. તેથી આને વધુ પડતું મહત્ત્વ આપવું નહિ કારણ કે પૂ. બાપજીના જણાવ્યા પ્રમાણે આ બધા ગ્રહો તો ગુરુમહારાજના-ભગવાનના પટાવાળા જેવા છે. એટલે ભજન કરી ગુરુમહારાજને પ્રસન્ન કરવા એ જ મૃત્યુ સામેનું સાચું રક્ષણ ગણાય.

(૨) મૃત્યુના ચિહ્નો જણાવ્યા પછી મૃત્યુથી ડરવાને બદલે જન્મ મરણના ફેરાને ટાળવાનો ઉપાય પૂ.શ્રી જણાવે છે. દોહરા ૫૬ થી ૬૨ સુધી આત્મ ધ્યાન કરવાની વાત છે અને સાથે સાથે શંકાનું નિવારણ પણ છે. જો આ જન્મે મુક્તિ ના મળે તો? આ શંકાના જવાબ એ છે કે સત્કાર્યનું ફળ આ જન્મે નહિ મળે તો પછીના જન્મે મળશે. એ વ્યક્તિ યોગભ્રષ્ટ થઇને ક્યાં તો પવિત્ર (શુચિ) શ્રીમંતના ઘરે જન્મીને અધૂરી સાધના શરૂ કરશે અથવા તો બુદ્ધિશાળી (યોગી)ના ઘરે જન્મીને અધૂરો યોગ પૂરો કરશે. ટૂંકમાં કરેલું નકામું જતું નથી.

ગીતાની બે વાતો યાદ રાખીએ :

(૧) પાર્થ નૈવેહં નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે |
નહિ કલ્યાણ કૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ||
(અ.૬/શ્લોક ૪૦.)

હે પાર્થ ! આ લોકમાં કે પરલોકમાં પણ કલ્યાણકારી કામ કરનારનો વિનાશ નથી જ. કેમકે હે તાત ! **કલ્યાણકારી કર્મ કરનાર કદી દુર્ગતિને પામતો નથી.**

(૨) પ્રાપ્ય પુણ્યકૃતાંલ્લોકાનુષિત્વા શાશ્વતિ: સમા: |
શુચિનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ||
અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ |
એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદીદૃશમ્ ||
(અ.૬/શ્લોક ૪૧-૪૨.)

આવો યોગથી ચલિત થયેલો મનુષ્ય પુણ્યકર્મ કરનારાઓના લોકને પામીને ત્યાં ઘણા વર્ષો સુધી રહી પછી પવિત્ર શ્રીમંતોના કુટુંબમાં ફરી જન્મ લે છે. (શ્રીમંતના ઘરમાં નહિ, પવિત્ર શ્રીમંતના ઘરમાં એ યાદ રાખવું.) અથવા બુદ્ધિમાન યોગીઓના જ કુળમાં જન્મે છે. ખરેખર આ લોકમાં આવો જન્મ મળવો અતિ દુર્લભ છે. આવા પવિત્ર શ્રીમંતના ઘરે કે બુદ્ધિશાળી યોગીના ઘરે જન્મી એ યોગભ્રષ્ટ આત્મા પોતાની અધૂરી સાધના આગળ ચલાવે છે.

(૩) મૃત્યુની જાણકારી મળે એટલે શું કરવાનું? એક તો સંસારની આસક્તિ ઓછી કરતા જવાનું અને ધ્યાનમાં પ્રેમ વધારતા જવાનું. દોહરા ૭૨ થી ૭૮ સંસારની આસક્તિ દૂર કરવામાં મદદરૂપ બને છે. કોઈ કોઈનું નથી, કોઈ કોઈને ચાહતું નથી પણ કેવળ સ્વાર્થને જ ચાહે છે એવી સમજ આવે તો સંસાર તરફની આસક્તિ જરૂર ઘટે. પછી આ સમજને દઢ કરવાની રહે છે. આસક્તિને હટાવવાનું કાર્ય અઘરું છે. આસક્તિનો અર્થ જ છે કે "આ સકતી પણ જા નહિ સકતી." ઈશ્વર અને ગુરુ કૃપા કરે તો સંસાર છૂટે.

હરિકૃપા તબ જાનિયો જબ દે મનુજ અવતાર,
ગુરુકૃપા તબ જાનિયો જબ છોડાવે સંસાર.

(૪) સંસારની આસક્તિ ઓછી કરતા જવું અને પ્રભુ પ્રેમ વધરતા જવું. આ કેવી રીતે થાય? ગુરુ મહારાજ દોહરા ૯૧ થી ૯૯ માં રસ્તો બતાવે છે. 'મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ' એ યાદ રાખીને મનને પ્રભુમાં લગાવવું. મનને વિષયમાંથી મળતા આનંદ કરતાં પણ વધારે સારો આનંદ આપવાની જગા શોધી કાઢએ તો મન ત્યાં લાગી જશે અને મન સમજે એટલે ઇંદ્રિયો તો આપોઆપ સમજી જશે. ઇંદ્રિય મજૂર છે અને મન એ મુકાદમ છે. મનને પ્રભુના ધ્યાનનો ઊંચો આનંદ આપી દેવો.

●


## વ્યવહારમાં જણાતા ચિહ્નોને આધારે મૃત્યુની જાણકારી.

| **આયુષ્યનો સમય** | **ચિન્હો** |
|---|---|
| (૧) બાર મહિના | • આકાશગંગા (દેવમાર્ગ), ધ્રુવનો તારો, શુક્રનો તારો કે અરુંધતિનો તારો ન દેખાય.<br>• ચંદ્રની છાયા ન દેખાય.<br>• આંખની ભ્રમરનો વચ્ચેનો ભાગ ન જોઈ શકે. |

| | |
|---|---|
| (૨) અગિયાર મહિના | • સૂર્ય કિરણ વગરનો દેખાય. |
| | • અગ્નિ કિરણવાળો દેખાય. |
| (૩) દશ મહિના | • જો સ્વપ્નમાં સોનું, ચાંદી, મળ કે મૂત્રની ઉલટી કરે. |
| (૪) નવ મહિના | • જાગ્રત અવસ્થામાં ભૂત, પ્રેત જુએ. |
| | • જાગ્રત અવસ્થામાં સોનેરી રંગના ઝાડો જુએ. |
| | • જાગ્રત અવસ્થામાં ગંધર્વનગરી જુએ. |
| (૫) આઠ મહિના | • એકાએક સ્વભાવ બદલાઇ જાય. (પ્રયત્નથી ધીરે ધીરે સ્વભાવ બદલાય તો તે જુદી વસ્તુ છે.) |
| | • શરીર એકાએક કૃશ સ્થૂળ થાય કે સ્થૂળ શરીર કૃશ થાય. |
| (૬) સાત મહિના | • ભસ્મ, ધૂળ કે કાદવમાં ચાલતાં આખું પગલું ન પડે અને ખંડિત થયેલું પગલું દેખાય. |
| | • એડી અથવા આંગળા સ્પષ્ટ ના દેખાય. |
| (૭) છ મહિના | • કાગડો, કબૂતર, ગીધ કે માંસાહારી પક્ષી કે કાળા રંગનું પક્ષી માથાને સ્પર્શે અને ચાંચો મારે. |
| (૮) પાંચ મહિના | • નગ્ન અવસ્થામાં કાગડો ચાંચ મારે કે પગ મારે. |
| (૯) ચાર મહિના | • પોતાનો પડછાયો કદરૂપો (વિકૃત) દેખાય. |
| (૧૦) ત્રણ મહિના | • સ્વચ્છ આકાશમાં દક્ષિણ દિશામાં વીજળી ચમકતાં જુએ. |
| | • પાણીમાં મેઘધનુષ્ય દેખાય. |
| (૧૧) બે મહિના | • પાણી, અરીસો (દર્પણ) કે તેલમાં માથા વિનાનું શરીર દેખાય. |
| (૧૨) પંદર દિવસ | • શરીરમાંથી મડદાના જેવી દુર્ગંધ આવે. |
| | • પાણી પીધા પછી તરત જ જળનો શોષ પડે. (તરસ લાગે.) |
| | • પાણી પીધા પછી કંઠને શોષ પડે. |
| (૧૩) દશ દિવસ | • સ્નાન કરતાં કરતાં હૃદય સુકાય. |
| | • પવન મર્મસ્થાનને (હૃદયને) પીડાકારક જણાય. |
| | • ચંદ્રની ચાંદનીનો સ્પર્શ ગરમ જણાય. |
| | • સ્વપ્નમાં હાડકાં, વાળ, દેવતા (અંગારા), ભસ્મ કે ક્રોધે ભરાયેલો સાપ દેખાય. |
| (૧૪) મૃત્યુ પાસે જ છે | • કાળું અથવા રાતું લુગડું પહેરેલી સ્ત્રી હસતી હસતી અથવા ગાતી ગાતી હાથ પકડીને દક્ષિણ દિશામાં ઝડપથી લઇ જાય. |
| | • સ્વપ્નમાં જૈન કે બૌદ્ધ ધર્મનો સાધુ નગ્ન અવસ્થામાં હસતો દેખાય. |
| | • તેલ ચોળેલો સાધુ દેખાય. |

- સ્વપ્નમાં વ્યક્તિ પોતાને કાદવમાં અથવા ગાયના છાણમાં માથા સુધી દટાયેલો જુએ.
- સ્વપ્નમાં પૃથ્વી જળ વિનાની, શુષ્ક અને વિષમ દેખાય.
- સ્વપ્નમાં કોઇ વિકરાળ અને બિહામણો પુરુષ દાંત અને હોઠ ચાવતો, ક્રોધથી મારી નાંખવા હાથમાં શસ્ત્ર કે પથ્થર લઇને દોડી આવતો અને આવીને શસ્ત્ર કે પથ્થર મારતો દેખાય.
- સવારના પહોરમાં શિયાળ સ્હામે આવીને રડે અને ડાબી બાજુએ દોડી જાય.
- જમીને ઊઠતાંની સાથે તરત જ કકડીને ભયંકર ભૂખ લાગે.
- દાંતમાં સડો થાય.
- સૂંઘવા છતાં રાંધેલા અન્નની ગંધ ન આવે.
- અગ્નિના ધૂમાડાની ગંધ ન આવે.
- પોતાનું પ્રતિબિંબ બીજાની આંખમાં ન દેખાય.
- રાત્રે મેઘધનુષ્ય દેખાય.
- દિવસે તારા દેખાય.
- ડાબી આંખમાંથી પાણી પડ્યા કરે, નાક વાંકુ થઇ જાય અને કાનની બૂટ ઠંડી પડી જાય.
- જીભ કાળી પડી જાય.
- મોં લાલ થઇ જાય.
- બધી ઇંદ્રિયો ખેંચાવા માંડે.
- રોગી સ્વપ્નમાં ગધેડા પર કે ઊંટ પર બેસી દક્ષિણ દિશામાં જાય.
- બીજા લોકો પોતાને બાંધીને લઇ જાય છે એવું રોગીને દેખાય.
- કાનમાં બૂમ પાડવા છતાં ન સાંભળી શકે.
- નેત્રની જ્યોતિ ભ્રાંત દષ્ટિવાળી થઇને બધું ઊંધુ જુએ.
- ડૂંટી છિદ્રવાળી બનીને પેટમાં ઊંડી ઉતરી જાય.
- રોગી સ્વપ્નમાં જુએ કે પોતાને ભૂતો ક્રોધથી મારે છે.
- સ્વપ્નની અંદર જે પોતાને કાદવમાં, પાણીમાં અથવા અગ્નિમાં પડેલો જુએ અને તેમાંથી બહાર નીકળ્યા પહેલા જાગી જાય.

●

# શ્રીગુરુલીલામૃત સ્વર્ણ જયંતી

જય પાંડુરંગ જય જય શ્રીરંગ,
જય બોલો નારેશ્વર સંતની,
સ્વર્ણજયંતી[1] ઊજવે ભક્તો ગુરુલીલામૃતગ્રંથની.

લખાવનારો દત્તગુરુ ને રંગગુરુ જ્યાં લખનારો,
રેવાતટ નારેશ્વર ધામે ગ્રંથ રચાયો આ ન્યારો,
આ બ્રહ્મરસાસ્વાદે જ ભર્યો જુઓ રચના આદિથી અંતની...સ્વર્ણ.

જ્ઞાનકાંડમાં દત્તગુરુની દિવ્યલીલાનાં દર્શન છે,
કર્મકાંડમાં નૃસિંહસરસ્વતી, શ્રીપાદ્‌લીલા વર્ણન છે,
આ ઉપાસનાકાંડે જ કથા શ્રીવાસુદેવાનંદની...સ્વર્ણ.

ચરિતામૃત ઘટ લે સુખે તું કરી પાન પીવાડજે,
હોય તૃષાતુર તેહને તો મોત પાડશે રાડ રે,
ના દૈન્ય રહે, જા મોજ કરે, મૂકે સ્વપ્ને હાથ શિર રંગની...સ્વર્ણ.

જ્ઞાન, કર્મ ને ઉપાસનાનો આ ત્રિવેણી સંગમ છે,
ગુરુલીલામૃત પાને પાને જ્ઞાન તો નિગમાગમનું છે,
આ પારાયણના સ્નાન થકી તૂટે બેડી આ ભવબંધની...સ્વર્ણ.

પાપીગણુનો અમૃત ઉત્સવ, સ્વર્ણ મહોત્સવ ગ્રંથ તણો,
એક જ વર્ષે આવ્યા દેખી કુલીનગણુ, હરખાય ઘણો,
આ પાપીગણુની રંગપ્રપા[2] એ પ્રપા મુક્તિના પંથની...સ્વર્ણ.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

---

૧. શ્રીગુરુલીલામૃત સુવર્ણજયંતિ, સને ૧૯૮૧-૮૨    ૨. ભજન સંગ્રહનું નામ

સદા હેતકારી ભાઈશ્રી જગન્નાથ, ભાનુપ્રસાદ જોશી વગેરેની સેવામાં,

પૂજ્ય બાપજી પાસેજ આખોય પત્ર વાંચી સંભળાવ્યો અને પોતે જે કંઇ કહ્યું તે નીચે મુજબ છે. પ્રશ્નકારનું સમાધાન થાય તો સારી વાત છે.

સહસ્રાર્જુનને સમાધિ પ્રાપ્ત થયાની જે વખતની વાત છે તે સંબંધમાં અર્જુનને સગુણ-નિર્ગુણ કે જીવ-શિવની એકતાનો અનુભવ થયો હતો એ વાત સાચી પણ એ જ્ઞાન કે સાક્ષાત્કાર દઢતમ થયું ન હતું. દઢતમ થવા માટે એને વારંવાર અભ્યાસની જરુર હતી.

જ્યાં સુધી જ્ઞાન દઢતમ થતું નથી ત્યાં સુધી એને સાધનાની જરુર રહે છે. વળી એ દઢતાને અભાવે સગુણમાં અપૂર્ણત્વ કે સ્થૂળ મનુષ્યત્વની બુદ્ધિ થવાનો સંભવ રહે છે. એ ન થાય તે માટે પણ જ્ઞાનોત્તર ભક્તિની જરુર રહે છે.

વળી અર્જુનની સમાધિની શરૂઆત હઠસમાધિથી થાય છે. એનું સગુણ એને માટે સર્વવ્યાપી ન હતું એટલે આમાં વિનંતી કરે એ સ્વાભાવિક છે. વળી જે સગુણ અને નિર્ગુણનો અનુભવ કરાવ્યો તેને માટે એને માટે સાચી કૃતજ્ઞતાને લીધે પણ એવા ઉદ્‌ગાર નીકળે એ તદ્દન સ્વાભાવિક છે. કેવળ શુષ્ક જ્ઞાનીઓની વાત તો એ જાણે ! બાકી સાચો અનુભવ તો -

'દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ,
આત્મભાવે તું જ હું, થયો દ્વૈતનો ભ્રંશ.'

XXXXXXXX

અર્જુનને જે સમાધિ લાગી તે હઠ સમાધિ હતી તે ઉપર લખ્યું જ છે. દેહ છે ત્યાં સુધી દેહની નબળાઈઓ દેખા દે એ સ્વાભાવિક છે. સુવર્ણપાત્રને ભલે કાટ ન ચઢે પણ એ એમનાં એમ વણવપરાએલ પડી રહે તો એના પર રજોટી ચઢી જાય એટલે એને રોજેરોજ ખંખેરવાની જરૂર રહે છે. તેવી રીતે મન પર સત્ત્વ, રજસ અને તમસના પટ ન જામી જાય એ માટે રોજેરોજ અભ્યાસની જરુર રહે છે જ. સાક્ષાત્ ભગવાન પાસે હોવા છતાં એના ચરણ હૃદયસ્થિત થઈ રહે એવી અપેક્ષા રહે છે. ઉદ્ધવજી શ્રીકૃષ્ણના સખા હતા. પારમાર્થિક જ્ઞાનથી તરબતર કર્યા હતા છતાં સંતોષ ન થયો, શાંતિનો અનુભવ ન આવ્યો. છેવટે ભગવાને પાદુકા આપી ને તેનું સેવન કરવાથી શાંતિ અનુભવી.

XXXXXXXX

પણ બધું યથાસ્થિત સમજવા લેખકનો ભાવ પચાવવાનો પણ પૂરેપૂરો પ્રયત્ન થાય એ જરુરનું છે. અસ્તુ. નીરક્ષીર ન્યાયે યોગ્ય લાગે તે લેવું. અયોગ્યને ફેંકી દેવું.

સ્નેહાધીન

**અમુભાઈ મોદી**ના વંદન

(શ્રીરંગપત્રમંજૂષામાંથી)